એકમ 1

# આવકવેરા અધિનિયમ 1961 અને મૂળભૂત તત્ત્વો

## : રૂપરેખા :

1.1 પ્રસ્તાવના

  1.1.1 પ્રત્યક્ષ કરવેરા (Direct Tax)

  1.1.2 પરોક્ષ કરવેરા (Indirect Tax)

1.2 આવકવેરા કાયદા-1961નો પરિચય

1.3 આવકવેરાનો મૂળભૂત ખ્યાલ

1.4 આવકવેરો ગણવાની રીતો (Methods)

1.5 આવકવેરો ગણવાની પદ્ધતિઓ (Regimes)

1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

1.7 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)

1.8 ટૂંકા પ્રશ્નો

1.9 વિસ્તારપૂર્વકના પ્રશ્નો

## 1.1 પ્રસ્તાવના

આવક પર કરવેરા લાદવાની રીત પ્રાચીન કાળથી અમલમાં છે અને તેના પુરતા પુરાવા પ્રાપ્ત પણ છે. ભારતના ખૂબ જ પ્રખ્યાત ગ્રંથો 'મનુસ્મૃતિ' અને 'અર્થશાસ્ત્ર'માં કરવેરાનો ઉલ્લેખ પ્રાચીન સમયથી જ કરવામાં આવેલો જોવા મળે છે. 3000 વર્ષ અગાઉ પણ ઈજિપ્ત અને ગ્રીસ જેવા દેશોમાં વપરાશકારો એ વિવિધ સ્વરૂપે કરની ચુકવણી કરવી પડતી હતી. આજે પણ આવકવેરો એ દરેક દેશની સરકારની આવકનું એક મહત્ત્વનું સાધન ગણવામાં આવે છે કારણ કે તેના દ્વારા જ રાષ્ટ્રના વિકાસની અને સંરક્ષણની જરૂરિયાતોને નિવારી શકાય છે.

સામાન્ય શબ્દોમાં કહીએ તો, કર એટલે કોઈ પણ જાતના બદલાના ભાવ વિના સરકારને ભરવી પડતી દંડ સિવાયની રકમ.

ડૉ. ડાલ્ટનના શબ્દોમાં કહીએ તો, *"કર એટલે જેમાં વિનિમયનો અભાવ હોય એવી એક અનિવાર્ય રીતે વ્યક્તિએ આપવાની થતી રકમ"*

કરવેરાના માધ્યમથી સરકારને ખૂબ મોટા પ્રમાણમાં આવક પ્રાપ્ત કરવાની તક મળે છે અને તે માટે સરકાર મુખ્યત્વે બે રીતનો ઉપયોગ કરે છે.

(1) પ્રત્યક્ષ કરવેરા

(2) પરોક્ષ કરવેરા

કરવેરા અને ખર્ચ અંગે વિશદ ચર્ચા કરતી વખતે કૌટિલ્ય દ્વારા ભારત માટે ત્રણ મૂળભૂત સિદ્ધાંતો પર ભાર મૂકાયો છે.

(અ) કરવેરા મર્યાદિત લાદવા જોઈએ.

(બ) કરવેરા ખૂબ વધુ પડતા છે તેવી લાગણી દેશના નાગરિકને થવી જોઇએ નહિ અને

(ક) કરવેરામાં ક્રમશઃ વધારો કરવો જઈએ.

કૌટિલ્યના મત મુજબ આવકની વસૂલાત અને ખર્ચનું માળખું એવી રીતે તૈયાર કરવું જોઇએ કે જેથી અર્થતંત્રની આવક પ્રાપ્તિની ક્ષમતામાં કાયમી વધારો શક્ય બને. કૌટિલ્યના આ સિદ્ધાંતને આધુનિક વિચારધારામાં Dupiet Laffer Curveનું નામ અપાયું છે. જે કરવેરાના દર અને એકત્રિત થનાર કરવેરાની આવક વચ્ચેના સંબંધનું નિરુપણ છે.

### 1.1.1 પ્રત્યક્ષ કરવેરા :

વ્યક્તિની આવક પર, વ્યક્તિ એ જે સીધો જ કરવેરા સરકારને ભરવો પડે છે તેને પ્રત્યક્ષ કરવેરા કહે છે. એટલે કે જે વ્યક્તિની આવક હોય તે જ વ્યક્તિના શિરે સરકાર દ્વારા નિશ્ચિત દરે અને નિશ્ચિત સમયે કરવેરા ભરવાની જવાબદારી હોય છે તેને પ્રત્યક્ષ કરવેરા કહે છે.

દા.ત. પગારની આવક, મકાન-મિલકતની સંપત્તિમાંથી થતી આવક, મૂડી નફો, ધંધા કે વ્યવસાયમાંથી ઉદ્દભવતો લાભ અને નફો, અન્ય સ્ત્રોતમાંથી થતી આવક પર ભરવાનો થતો કરવેરા.

પ્રત્યક્ષ કરવેરાનો મોટો ભાર ગરીબ વર્ગ પર બહુ જ ઓછો અને ધનિક લોકો કે જે તે વહન કરવા માટે સક્ષમ છે, તેમના પર વધુ આવે છે. આ પ્રકારના કરવેરા સરકારનું એક એવું મહત્ત્વ સાધન છે કે જેની મદદથી આવક અને સંપતિની અસમાનતા ઘટાડી શકાય છે, જ્યારે પરોક્ષ કરવેરા દરેક ચોક્કસ સરખી વસ્તુ ખરીદનાર વ્યક્તિ માટે સમાન હોય છે. જો પ્રત્યક્ષ કરવેરાનું માળખું વિકાસલક્ષી હોય તો તેને પરિણામે આવકની પરિવર્તનશીલતાનો લાભ મળે છે તેમજ રાષ્ટ્રીય આવકમાં પણ સારો એવો વધારો કરી શકાય છે.

### 1.1.2 પરોક્ષ કરવેરા :

જે કરવેરા વ્યક્તિની આવક પર નહીં પરંતુ વસ્તુના ઉત્પાદનકાર કે વપરાશકાર પાસેથી અથવા તો સેવાના વપરાશકાર પાસેથી ઉઘરાવવામાં આવે છે, તેવા કરવેરા પરોક્ષ કરવેરા ગણવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો, જે કરવેરા જેના પર નાખવામાં આવ્યા હોય તેનો ભાર બીજી વ્યક્તિ પર પસાર થઈ શકે તેને પરોક્ષ કરવેરા તરીકે ઓળખવામાં આવે છે.

હાલમાં, પરોક્ષ કરવેરાના સૌથી મોટા સ્ત્રોત તરીકે ભારતમાં વસ્તુ અને સેવા કર (051) અમલમાં છે. આ ઉપરાંત, આબકારી જકાત, સીમા શુલ્ક, સ્ટેમ્પ ડ્યૂટી કર વગેરે જેવા કરવેરાનો પણ પરોક્ષ કરવેરામાં સમાવેશ થાય છે.

જે વસ્તુઓ અને સેવાઓનો વ્યવહાર થાય છે, તેમાં પરોક્ષ કરવેરાની રકમ સામેલ હોવાથી તેના ભારનો બહુ ખ્યાલ આવતો નથી. જો પરોક્ષ કરવેરાનો વહીવટ અને નિયમન યોગ્ય રીતે કરવામાં આવે તો કરચોરી ઘટવાની વધુ તકો રહેલી છે. પરોક્ષ કરવેરા સરકારનું એક એવું સાધન છે જેને પરિણામે અર્થતંત્રની ઉત્પાદન અને રોકાણની પ્રવૃત્તિને દેશ હિતમાં ઉપયોગમાં લઈ શકાય છે.

## 1.2 આવકવેરા કાયદાનો પરિચય

ભારતમાં 19 મી સદીમાં જયારે બ્રિટિશ હકુમત હતી ત્યારથી જ બ્રિટિશ સરકારની આવક માટે રાજા-રજવાડાથી લઈ ખેડતો પાસેથી વિવિધ સ્વરૂપે કર (લગાન)ની ઉઘરાણી કરવામાં આવતી હતી. એક મત અનુસાર, 1860માં સૌ પ્રથમ વાર આધુનિક ભારતમાં કરવેરા લાગુ કરવામાં

આવ્યા હતા. ખરેખર 1918માં પહેલો આવકવેરા કાયદો પસાર થયો હતો અને 1922માં તેને બીજા સુધારા સાથે બદલવામાં આવ્યો હતો. હાલમાં જે આવકવેરા કાયદો-1961 અમલ છે તેના અમલીકરણ સુધી જૂનો આવકવેરા કાયદો લાગુ રહ્યો હતો.

સ્વતંત્રતા બાદ કાયદા મંત્રાલયની સલાહ-સહમતિથી આવકવેરા કાયદો-1961 પસાર કરવામાં આવ્યો, જે 1લી એપ્રિલ, 1962થી અમલમાં આવેલ છે.

આવકવેરા કાયદો-1961 એ એક વ્યાપક કાયદો છે, જે દેશમાં કરવેરાને સંચાલિત કરતા વિવિધ નિયમો અને નિયંત્રણો પર કેન્દ્રિત છે. તેમાં ભારત સરકાર માટે આવકવેરો વસૂલવા, વહીવટ કરવા, એકત્રિત કરવા અને વસૂલ કરવા અંગેની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

ભારત સરકારના આવકવેરા વિભાગની સત્તાવાર વેબસાઈટ અનુસાર આવકવેરા કાયદા-1961માં કુલ 23 પ્રકરણો, 298 કલમો અને 14 પરિશિષ્ટો (જે પૈકી પરિશિષ્ટ 6, 9, અને 10 રદ કરેલ છે) સામેલ છે. આ વિવિધ કલમોમાં ભારતીય કરવેરાના માળખાના વિવિધ પાસાઓની જોગવાઈઓ રજૂ કરવામાં આવેલી છે. ભારતીય આવકવેરા કાયદા-1961 અનુસાર દરેક શખ્સે નીચેના પાંચ શીર્ષક પૈકી તેમને લાગુ પડતાં એક કે વધુ શીર્ષક હેઠળ કરવેરા ભરવો જરૂરી છે.

(1) પગાર

(2) મકાન-મિલકતની સંપત્તિમાંથી થતી આવક

(3) મૂડી નફો

(4) ધંધા કે વ્યવસાયમાંથી ઉદ્દભવતો લાભ અને નફો

(5) અન્ય સ્ત્રોતમાંથી થતી આવક

ભારતના બંધારણમાં પણ પરિશિષ્ટ 7ની કલમ 246 માં કરવેરા ઉઘરાવવાનો અધિકાર કોને-કોને મળેલ છે તેની વિગત આપેલ છે. જેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારનો ઉલ્લેખ કરાયેલ છે.

આવકવેરામાં ફક્ત પ્રત્યક્ષ કરવેરાનો જ સમાવેશ થાય છે. જેનો વહીવટ મધ્યસ્થ સરકાર દ્વારા કરવામાં આવે છે. તેનું સંચાલન "CBDT - સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ" દ્વારા કરવામાં આવે છે. આવકવેરાના કાયદા સાથે નીચે આપેલ ત્રણ માર્ગદર્શક આધારોનું પણ ધ્યાન રાખવું અતિ મહત્ત્વનું છે :

### (અ) વાર્ષિક નાણાં ધારો :

આવકવેરા કાયદા 1961 ઉપરાંત ભારત સરકાર દ્વારા દર વર્ષે ફેબ્રુઆરીમાં નાણાકીય બજેટ બહાર પાડવામાં આવે છે. હાલમાં તા. 1-4-2021 થી શરૂ થયેલ નાણાકીય વર્ષ 2021-22 ચાલે છે. જે માટે દરેક શખ્સએ નાણાં ધારા 2021ના અમલ અનુસાર આકારણી કરવાની રહેશે. ભારત સરકાર દર વર્ષે દેશના આર્થિક વિકાસ તેમજ સામાજિક કલ્યાણને અનુરૂપ નાણાકીય બજેટમાં આવકવેરાના સ્લેબમાં વખતો-વખત ફેરફાર કરે છે.

### (બ) આવકવેરા નિયમો, 1962:

આવકવેરાના કાયદા હેઠળ મળેલ સત્તા અન્વયે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા કેન્દ્ર સરકારના અંકુશ હેઠળ 1962માં આવકવેરાની અસરકારતા વધારવા માટેના નિયમો ઘડવામાં આવેલ છે. જેમાં હાલમાં કુલ 129 નિયમો છે. આ નિયમોમાં પણ વખતો-વખત

સુધારો કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા દેશની આર્થિક પરિસ્થિતિને અનુકૂળ આવકવેરા કાયદા 1961ને અનુલક્ષીનેને તેના અસરકારક પાલન માટે નિયમો ઘડવાની તેમજ માર્ગદર્શક સૂચનો તૈયાર કરવાની સત્તા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીસને આપવામાં આવેલ છે. જો કે, આ નિયમો અને સૂચનો કરદાતા અને અદાલતો માટે અનુસરવા બંધનકર્તા નથી. જો કરદાતાને જરૂર જણાય તો તે ટ્રિબ્યુનલ કે અદાલતમાં અરજી કરી શકે છે.

**(ક) અદાલતી ચુકાદાઓ :**

ઘણા કરદાતા આવકવેરાના કાયદા 1961, વાર્ષિક નાણાં ધારો કે આવકવેરાના નિયમો 1962માં રજૂ કરવામાં આવેલ જોગવાઈઓનું ઘણી વાર કાયદાકિય રીતે કરવેરામાંથી મુક્તિ મેળવવા કે લાભ ઉઠાવવાના હેતુસર કાયદાકિય ખામીઓ કે છટકબારીઓ કે ખોટું અર્થઘટન કરવામાં આવે છે. કાયદાના ઉદ્દેશને અનુલક્ષીનેને તેના અસરકારક અર્થઘટનના પ્રશ્નો માટે કરદાતા કે આવકવેરા સત્તાધીશો અદાલત કે ટ્રિબુનલમાં આવે છે. આવા અદાલતી ચુકાદાને આધાર ગણીને પણ આવકવેરા નિયમોમાં વખતો વખત ફેરફાર થતાં રહે છે. મોટા ભાગે, દેશની સર્વોચ્ચ કોર્ટ - સુપ્રિમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ ચુકાદાઓ દેશ તેમજ સમાજ બન્ને માટે ખૂબ જ મહત્ત્વના હોય, તેવા કેસનો અભ્યાસ નિયમોની ફેરબદલી માટે વધુ કરવામાં આવે છે.

## 1.3 ભારતમાં આવકવેરા અંગેનો મૂળભૂત ખ્યાલ

ભારતમાં બ્રિટિશ હૂકુમતને 1857ના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના કારણે નાણાકીય રીતે ખૂબ જ મોટી ખોટ પડેલી. આ ખોટને સરભર કરવા માટે તેમજ બ્રિટિશ હકુમતના સૈન્ય બળને વેગ આપવા માટે સર જેમ્સ વિલ્સને 1860માં સૌ પ્રથમ વાર કરવેરા લાગુ કરવામાં આવ્યા હતા. ત્યારથી લઈ વર્તમાન સમયમાં આવકવેરાનું સ્વરૂપ ચાર મુદ્દતમાં બદલવામાં આવ્યું.

**(1) પ્રથમ મુદ્દત : 1860 થી 1885**

અંગ્રેજ શાસક દ્વારા દાખલ કરવામાં આવેલ વેરાની આ મુદ્દત પ્રયોગાત્મક હતી. સાર જેમ્સ વિલ્સને પણ એ વખતે કાયદો પસાર કરતી વખતે ભારતીય પ્રાચીન ગ્રંથ ‘મનુસ્મૃર્તિ’ને આધાર તરીકે રજૂ કર્યો હતો જેથી ભારતીય લોકો પાસેથી વેરો વસૂલવામાં અનુકૂળતા રહે. 1860ની 24 મી જુલાઇના રોજ ગવર્નર જનરલ દ્વારા તે કાયદાને મંજૂરી આપવામાં આવી હતી અને તેનો અમલ શરૂ થયો હતો. તે કાયદો કુલ 21 ભાગમાં વહેંચાયેલો હતો અને તેમાં 259 કલમો હતી. આ કાયદામાં અંગ્રેજ સરકાર દ્વારા પાંચ વર્ષ માટે કામચલાઉ મહેસૂલ કર ભારત પર લાગુ કરવામાં આવ્યો હતો. જેને વર્ષ 1865માં નાબૂદ કરી 1867માં લાઇસન્સ વેરા તરીકે ફરીથી ચાલુ કરવામાં આવ્યો. આ રીતે થતી આવક, બ્રિટિશ સરકાર માટે મોટી કમાણી પુરવાર થતાં 1885 સુધી અલગ-અલગ અખતરા કરી ચાલુ રાખવામાં આવ્યો હતો.

**(2) દ્વિતીય મુદ્દત : 1886 થી 1914**

પ્રથમ મુદ્દત દરમિયાન કામચલાઉ સ્વરૂપે લાદવામાં આવેલ કરવેરો વર્ષ 1886 થી કાયમી કરવામાં આવ્યો જે વર્ષે 1914 સુધી સ્થિરતા સાથે ઉઘરાવવામાં આવ્યો. જોકે વર્ષો-વર્ષ તે વધુને વધુ વિસ્તૃત કરાતો રહ્યો હતો.

**(3) તૃતીય મુદ્દત : 1914 થી 1960**

1918માં પ્રથમ વાર બધી આવક ભેગી કરીને કુલ આવક પર આવકવેરો લેવાની પદ્ધતિ દાખલ કરવામાં આવી. આ મુદ્દત દરમિયાન પ્રથમ વાર આવકવેરાને કાયદાકિય સ્વરૂપ મળ્યું

હતું. પ્રથમ વિશ્વયુદ્ધની આર્થિક અસરોને ધ્યાનમાં રાખીને વર્ષ 1922માં આવકવેરાનો કાયદો પસાર કરવામાં આવ્યો. આ ઉપરાંત વાર્ષિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરી અગાઉથી જ પ્રત્યેક વર્ષે નાણાં ધારો પસાર કરવાનું સૂચવવામાં આવ્યું. જેનો અમલ વર્તમાન સમયમાં પણ ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે. જો કે આ કાયદામાં દર વર્ષે થતાં વારંવાર સુધારાઓના કારણે તેનું મૂળ સ્વરૂપ બદલાતા તે અત્યંત ગૂંચવણ ભરેલો બની ગયો હતો.

### (4) ચોથી મુદ્દત : 1961 થી આજ સુધી

હાલમાં જે આવકવેરાનો કાયદો અમલમાં છે તે વર્ષ 1961માં બ્રિટિશ આવકવેરા કાયદાની ગુંચવણ દૂર કરવા ભારત સરકારના કાયદા મંત્રાલય તેમજ આવકવેરા વહીવટી પૂછપરછ વિભાગ (Direct Taxes Administration Inquiry Committee) ના સલાહ-સૂચનો અંતર્ગત ભારતીય વ્યવસ્થાને સુસંગત બનાવવામાં આવ્યો. જેનો અમલ વર્ષ 1962ની 1લી એપ્રિલથી કરવામાં આવ્યો. જો કે આ કાયદામાં પણ ઉપર્યુક્ત રજૂ કરેલ ત્રણ માર્ગદર્શક આધારો - (અ) વાર્ષિક નાણાં ધારો, (બ) આવકવેરા નિયમો, 1962 અને (ક) અદાલતી ચુકાદાઓને ધ્યાનમાં રાખીને તેને અસરકારક બનાવવાના આશયથી અનેક સુધારા કરવામાં આવ્યા છે.

## 1.4 આવકકવેરા ગણવાની રીતો

આવકવેરા ગણવા માટેની કુલ બે રીતો છે.

### (1) સ્ટેપ પદ્ધતિ :

સ્ટેપ પદ્ધતિમાં એસેસીએ પોતાની કુલ કરપાત્ર આવક પર એક જ દરે વેરો ભરવો પડે છે. આ પદ્ધતિમાં સ્ટેપ હોવા છતાં એસેસીને ઘણીવાર કરવેરામાં મોટું નુકસાન જાય છે કારણ કે તેમાં આવકવેરાના સ્ટેપ મુજબ જ કરવેરો ઉઘરાવવામાં આવે છે નહીં કે દરેક સ્ટેપની તફાવતની રકમ પર.

દા.ત. જો એસેસીની કુલ આવક ₹ 5,20,000 હોય અને આવકવેરાનો દર 5,00,000 થી વધુની આવક પર 20% હોય અને ₹ 2,50,000 થી 5,00,000ની આવક પર 5% હોય તો તે એસેસીને ફક્ત 20,000 વધારાની આવકના કારણે સીધો જ 5,20,000 પર 20% એટલે કે ₹ 1,04,000 જેટલો અધધ કરવેરા ચૂકવવો પડે છે. જ્યારે નીચે આપેલ સ્લેબ પદ્ધતિમાં તે (પ્રથમ સ્ટેપની તફાવતની રકમ ₹ 2,50,000 પર 5%) ₹ 12,500 તેમજ (બીજા સ્ટેપની વધારાની આવક ₹ 20,000 પર 20%) ₹ 4,000 ગણી ફક્ત ₹ 16,500નો જ કરવેરો ભરવો પડશે.

### (2) આવકવેરા સ્લેબ પદ્ધતિ :

શખ્સની આવકની આકારણી માટે આવકવેરા ધારા 1961 પ્રમાણે, દર વર્ષે ફેબ્રુઆરીમાં સરકારશ્રી દ્વારા જે નાણાં બિલ બહાર પાડવામાં આવે છે તેમાં આવકવેરાની ગણતરી કરવા માટે શખ્સની કુલ કરપાત્ર આવક નક્કી કરવાની રહે છે. આ માટે હાલમાં આવકવેરા સ્લેબની પદ્ધતિ અમલમાં છે. આ પદ્ધતિ મુજબ દરેક કરદાતા (એસેસી) શખ્સએ પોતે કમાયેલી આવકના કદ અનુસાર અને નાણાં બિલમાં નક્કી કરાયેલ સ્લેબ દર મુજબ આવકવેરાની ચુકવણી કરવાની રહે છે. આ માટેનો કોઠો નીચે આવકવેરા પદ્ધતિની સમજ સાથે રજૂ કરવામાં આવેલ છે. તેમજ અન્ય વિશિષ્ટ હેતુ માટે જરૂરી વેરા ભરવા જરૂરી છે. જેથી કહી શકાય કે આવકવેરામાં કુલ બે પ્રકારના કરવેરા સમાવિષ્ટ છે. (1) મૂળભૂત આવકવેરા (2) વિશિષ્ટ આવકવેરા. વિશિષ્ટ

આવકવેરામાં હાલમાં કુલ બે પ્રકારના કર ઉઘરાવવામાં આવે છે (i) સરચાર્જ (ii) આરોગ્ય અને શિક્ષણ ઉપકર. જો કે આ વિશિષ્ટ આવકવેરા સ્ટેપ પદ્ધતિમાં પણ લાગુ પડે છે.

## 1.5 આવકવેરો ગણવાની પદ્ધતિઓ

આવકવેરા ગણવાની ઉપર્યુક્ત જણાવેલ બે રીતો ઉપરાંત કરદાતા માટે અતિ મહત્ત્વની નોંધનીય બાબત એ છે કે નાણાં બિલ 2020 રજૂ કરતી વખતે દેશના નાણાકીય મંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને દેશના કરદાતા ઓને વધુ પડતી કપાતોની માયાજાળથી બચાવવા માટે પ્રત્યક્ષ કરવેરા માટે નવી કરવેરા પદ્ધતિ (Regime) અમલમાં લાવ્યા છે. જો કે એક મત અનુસાર નવી કરવેરા રેજિમ નાના અને મધ્યમ રોકાણકારો માટે લાભદાયી પુરવાર થશે કેમ કે તેમાં આવકવેરાના સાત સ્લેબ આપેલા છે અને દરમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, નવી કરવેરા પદ્ધતિ અનુસરવી જરૂરી નથી. કરદાતા ઓને નાણાં બિલ 2019 સુધીના કરવેરાની જૂની જોગવાઈઓ અનુસરવાની છૂટ આપવામાં આવેલી છે. એટલે કે કરદાતા નાણાં બિલ 2020 અથવા નાણાં બિલ 2019 મુજબની કોઈ પણ કરવેરા રેજિમનો આવકવેરા રિટર્ન ભરતી વખતે વિકલ્પ પસંદ કરી શકે છે.

આકારણી વર્ષ 2021-22 અને પાછલા વર્ષ 2020-21 માટે જૂના તેમજ નવા કરવેરા રેજિમ (પદ્ધતિ) માટે આવક અને તેના પર ભરવાનો જરૂરી કરવેરાનો દર માટેનો કોઠો:

| **આવકનો ગાળો** | **આવકવેરાનો દર** | | | |
|---|---|---|---|---|
| **સામાન્ય** | **વરિષ્ઠ નાગરિક કરદાતા (ઉંમર 60 વર્ષ કરતા ઓછી)** | **વિશિષ્ટ વરિષ્ઠ (ઉંમર 60 વર્ષ કરતા વધુ પરંતુ 80 વર્ષ કરતાં ઓછી)** | **નવા કરવેરા નાગરિક (ઉંમર 80 વર્ષ કરતાં વધુ)** | **સ્લેબ રેજિમ પ્રમાણે** |
| ₹ 2,50,000 સુધી | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ₹ 2,50,000 થી ₹ 3,00,000 | 5% (કલમ 87/એ હેઠળ રિબેટ ઉપલબ્ધ) | શૂન્ય | શૂન્ય | 5% (કલમ 87/એ હેઠળ રિબેટ ઉપલબ્ધ) |
| ₹ 3,00,000 થી ₹ 5,00,000 થી | 5% (કલમ 87/એ હેઠળ રિબેટ ઉપલબ્ધ) | 5% (કલમ 87/એ હેઠળ રિબેટ ઉપલબ્ધ) | શૂન્ય | 5% (કલમ 87/એ હેઠળ રિબેટ ઉપલબ્ધ) |
| ₹ 5,00,000 થી ₹ 7,50,000 | 20% | 20% | 20% | 10% |
| ₹ 7,50,000 થી ₹ 10,00,000 | 20% | 20% | 20% | 15% |
| ₹ 10,00,000 થી ₹ 12,50,000 | 30% | 30% | 30% | 20% |

| | | | | |
|---|---|---|---|---|
| ₹ 12,50,000 થી ₹ 15,00,000 | 30% | 30% | 30% | 25% |
| ₹ 15,00,000 થી વધુ | 30% | 30% | 30% | 30% |

નોંધઃ નવા કરવેરા રેજિમમાં નોંધવા લાયક બાબત એ છે કે કરવેરા સ્લેબ દરેક પ્રકારના નાગરિક - સામાન્ય, વરિષ્ઠ કે વિશિષ્ટ વરિષ્ઠ માટે સમાન છે એટલે કે આ રેજિમ મુજબ કરમુક્તિની મર્યાદા જૂના કરવેરા રેજિમમાં આપેલ ત્રણે પ્રકારના કરદાતા માટે સમાન છે.

આ ઉપરાંત, કુલ આવક જો 50 લાખથી વધુ હોય તો 10% થી લઈ આવકના અલગ-અલગ સ્લેબ મુજબ 37% સુધી સરચાર્જ તેમજ આવકવેરાની કુલ રકમ ક સરચાર્જ (જો હોય તો)ની કુલ રકમના 4% આરોગ્ય અને શિક્ષણ ઉપકર ઉમેરવામાં આવે છે.

નવા કરવેરા રેજિમમાં રાહત દરોની પસંદગી કરદાતાએ હાલની જૂની કર પદ્ધતિમાં ઉપલબ્ધ કેટલીક છૂટ અને કપાત વિશે વિચારવાની જરૂર રહેશે નહીં અથવા તો એવું કહી શકાય કે તેને કરદાતા એ છોડી દેવી પડશે. જૂની કર પદ્ધતિમાં ઉપલબ્ધ લગભગ 70 જેટલી કપાતો અને છૂટ-છાટો એવી છે કે જેની મંજૂરી નવા કરવેરા રેજિમમાં કરદાતા મેળવી શકશે નહીં. તેમાંથી સૌથી સામાન્ય રીતે વધુ ઉપયોગમાં લેવાતી સૂચિ નીચે મુજબ છે :

**<u>નવા કર રેજિમ (પદ્ધતિ) હેઠળ નીચે આપેલ સામાન્ય છૂટ અને કપાતની ''મંજૂરી નથી''</u>**

- મુસાફરી ભથ્થું (Leave Travel Allowance)
- મકાન ભાડું ભથ્થું (House Rent Allowance)
- વાહન ભથ્થું (Conveyance Allowance)
- રોજગાર દરમિયાન રોજનો ખર્ચ
- મકાન-ફેરબદલી ભથ્થું (Relocation Allowance)
- મદદનીશ/સહાયક ભથ્થું (Helper Allowance)
- બાળકો શિક્ષણ ભથ્થું
- અન્ય વિશેષ ભથ્થાં (કલમ 10 (14) મુજબ)
- પગાર પર વિશિષ્ટ/પ્રમાણ/માનક કપાત (Standard Deduction)
- વ્યવસાયિક કર (Professional Tax)
- હાઉસિંગ લોન પર વ્યાજ (કલમ 24)
- આવડવેરાના પ્રકરણ VI-A હેઠળ મળતી (80C, 80D, 80E અને તેથી વધુ) કપાત (વિભાગ 80 સીસીડી (2) સિવાય)

**<u>નવા કર રેજિમ (પદ્ધતિ) હેઠળ નીચે આપેલ સામાન્ય છૂટ અને કપાતની ''મંજૂરી છે''</u>**

- વિશેષ સક્ષમ લોકો માટે પરિવહન ભથ્થું
- કામ પર મુસાફરી કરવા પાછળ થતા ખર્ચ માટે કન્વેન્સ ભથ્થું
- કલમ 80 CCD (2) હેઠળ સૂચિત પેન્શન યોજનામાં રોકાણ

- કલમ 80 JJAA હેઠળ નવા કર્મચારીઓની રોજગાર માટે કપાત
- આવકવેરા ધારાની કલમ 32 હેઠળ મળતી રાહત (વધારાના ઘસારા સિવાય)
- રોજગાર માટે અથવા ટ્રાન્સફર પર મુસાફરી કરવા માટે કોઈપણ ભથ્થું

ઉપર્યુક્ત બન્ને કર પદ્ધતિનો અભ્યાસ કર્યા બાદ જ એ નક્કી કરવું કરદાતા માટે સલાહ ભર્યું રહેશે કે કઈ જૂની કર પદ્ધતિ તેમના માટે ફાયદા કારક રહેશે કે નવી કર પદ્ધતિ. પરંતુ આ માટે વ્યક્તિ એ કરવેરાનું આયોજન આકારણી વર્ષ શરૂ થતાંની સાથે જ કરવું જરૂરી છે.

**નવી-જૂની કરવેરા રેજિમને એક ઉદાહરણ દ્વારા સમજીએ :**

ઉદાહરણ : જો કોઈ રહીશ સામાન્ય કરદાતાની કુલ કરપાત્ર આવક ₹ 12,00,000 હોય તો તે એસેસીની આવકવેરા (વિશિષ્ટ કરવેરા - સરચાર્જ તેમજ આરોગ્ય અને શિક્ષણ ઉપકરની ગણતરી સિવાય)ની નવી તથા જૂની કરવેરા રેજિમ પ્રમાણે આકારણી વર્ષ 2021-22 માટે ગણતરી કરો.

આ ઉપરાંત જો તે કરદાતા વરિષ્ઠ હોય તો અને જો તે કરદાતા વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક હોય તો આવકવેરાની રકમમાં શું ફેર પડશે તે જણાવો.

**ઉકેલ :**

**(1) જૂના કરવેરા રેજિમ પ્રમાણે કરવેરાની ગણતરી :**

| **આવકનો ગાળો** | **સામાન્ય કરદાતા** | **વરિષ્ઠ નાગરિક** | **વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક** |
|---|---|---|---|
| ₹ 2,50,000 સુધી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ₹ 2,50,000 થી ₹ 3,00,000 | 5% = ₹ 12,500 | શૂન્ય | શૂન્ય |
| ₹ 3,00,000 થી ₹ 5,00,000 | | 5% = ₹ 10,000 | શૂન્ય |
| ₹ 5,00,000 થી ₹ 10,00,000 | 20% = ₹ 50,000 | 20% = ₹ 50,000 | 20% = ₹ 50,000 |
| ₹ 10,00,000 થી ₹ 12,00,000 | 30% = ₹ 60,000 | 30% = ₹ 60,000 | 30% = ₹ 60,000 |
| **કુલ કરવેરા** | **₹ 1,22,500** | **₹ 1,20,000** | **₹ 1,10,000** |

**(2) નવા કરવેરા રેજિમ પ્રમાણે કરવેરાની ગણતરી :**

| **આવકનો ગાળો** | **સામાન્ય કરદાતા, વરિષ્ઠ નાગરિક કે વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક** |
|---|---|
| ₹ 2,50,000 સુધી | શૂન્ય |
| ₹ 2,50,000 થી ₹ 5,00,000 | 5% = ₹ 12,500 |
| ₹ 5,00,000 થી ₹ 7,50,000 | 10% = ₹ 25,000 |
| ₹ 7,50,000 થી ₹ 10,00,000 | 15% = ₹ 37,500 |
| ₹ 10,00,000 થી ₹ 12,00,000 | 20% = ₹ 40,000 |
| **કુલ કરવેરા** | **₹ 1,15,000** |

**સમજૂતી :**

એટલે કે જો એસેસી સામાન્ય કરદાતા હોય કે વરિષ્ઠ નાગરિક હોય તેમજ કપાત પ્રમાણે રોકાણો ન કરેલ હોય તો તેણે નવી કરવેરા રેજિમ પસંદ કરવી જોઈએ.

**સ્વાધ્યાય :**

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **કરવેરા :**

કર એટલે દંડ સિવાયની વ્યક્તિ એ સરકારને નિશ્ચિત સમયે અને નિશ્ચિત દરે કરવી પડતી ચુકવણી, જેમાં પ્રત્યક્ષ બદલાની અપેક્ષા હોય શકે નહીં. ડૉ. ડાલ્ટનના શબ્દોમાં કહીએ તો, *"કર એટલે જેમાં વિનિમયનો અભાવ હોય એવી એક અનિવાર્ય રીતે વ્યક્તિએ આપવાની થતી રકમ".*

- **પ્રત્યક્ષ કરવેરા :**

વ્યક્તિની આવક પર, વ્યક્તિ એ જે સીધો જ કરવેરા સરકારને ભરવો પડે છે તેને પ્રત્યક્ષ કરવેરા કહે છે. એટલે કે જે વ્યક્તિની આવક હોય તે જ વ્યક્તિના શિરે સરકાર દ્વારા નિશ્ચિત દરે અને સમયે કરવેરા ભરવાની જવાબદારી હોય છે તેને પ્રત્યક્ષ કરવેરા કહે છે. દા.ત. પગારની આવક, મકાન-મિલકતની સંપત્તિમાંથી થતી આવક, મૂડી નફો, ધંધા કે વ્યવસાયમાંથી ઉદ્દભવતો લાભ અને નફો, અન્ય સ્ત્રોતમાંથી થતી આવક પર ભરવાનો થતો કરવેરા.

- **પરોક્ષ કરવેરા :**

જે કરવેરા વ્યક્તિની આવક પર નહીં પરંતુ વસ્તુના ઉત્પાદનકાર કે વપરાશકાર પાસેથી અથવા તો સેવાના વપરાશકાર પાસેથી ઉઘરાવવામાં આવે છે તેવા કરવેરા પરોક્ષ કરવેરા ગણવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો જે કરવેરા જેના પર નાખવામાં આવ્યા હોય તેનો ભાર બીજી વ્યક્તિ પર પસાર કરી શકે તેને પરોક્ષ કરવેરા કહેવાય. હાલમાં, પરોક્ષ કરવેરાનો મોટા સ્ત્રોત તરીકે ભારતમાં વસ્તુ અને સેવા કર અમલમાં છે આ ઉપરાંત, આબકારી જકાત, સીમા શુલ્ક, મનોરંજન કર, સ્ટેમ્પ ડ્યૂટી કર વગેરે જેવા કરવેરાનો પણ પરોક્ષ કરવેરામાં સમાવેશ થાય છે.

- **Dupuit Laffer Curve :**

કરવેરાના દર અને સરકાર દ્વારા એકત્રિત કરવામાં આવતા કરવેરાની આવક વચ્ચેના સંબંધ દર્શાવવા માટે અર્થશાસ્ત્રી આર્થર લાફર દ્વારા એક વક્ર-સિદ્ધાંત વિકસિત કરવામાં આવ્યો છે. કૌટિલ્ય દ્વારા પણ આ સિદ્ધાંતને અર્થશાસ્ત્રમાં રજૂ કરવામાં આવેલ જે આધુનિક વિચારધારામાં Dupuit Laffer Curve તરીકે ઓળખાય છે.

- **CBDT - સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીસ :**

આવકવેરામાં પ્રત્યક્ષ કરવેરા વહીવટ મધ્યસ્થ સરકાર દ્વારા કરવામાં આવે છે. અને તેનું સંચાલન કરવા માટે "CBDT - સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીસ"ની રચના કરવામાં આવી છે. જે ભારતીય નાણાં મંત્રાલયના મહેસૂલ વિભાગનો એક ભાગ છે. આ બોર્ડનું મુખ્ય કાર્ય પ્રત્યક્ષ

કરવેરા આયોજન અને નીતિ ઘડતરનું છે.

- **નાણાંધારો :**

આવકવેરા કાયદા 1961 ઉપરાંત ભારત સરકાર દ્વારા દર વર્ષે ફેબ્રુઆરીમાં નાણાકીય બજેટ બહાર પાડવામાં આવે છે. તે દર વર્ષે બહાર પાડવામાં આવતું આ નાણાકીય બજેટ જે-તે નાણાંકીય વર્ષ માટે નાણાં બિલનું સ્વરૂપ ધારણ કરે છે. જે મુજબ કરદાતા એ પોતાના કરવેરાની આકારણી કરવાની રહે છે.

- **અદાલતી ચુકાદાઓ :**

આવકવેરાના કાયદા 1961માં રજૂ કરવામાં આવેલ જોગવાઈઓનું ઘણી વાર કાયદાકિય રીતે કરવેરામાંથી લાભ ઉઠાવવાના હેતુસર ઘણા કરદાતા દ્વારા કાયદાકિય છટકબારીઓ કે ખોટું અર્થઘટન કરવામાં આવે છે. જેના પ્રશ્નોના નિરાકરણ માટે કરદાતા કે આવકવેરા સત્તાધીશો અદાલત કે ટ્રીબુનલ દ્વારા જે ચુકાદા આપવામાં આવે છે તેને અદાલતી ચુકાદાઓ કહે છે.

- **કાયદાકિય છટક બારીઓ :**

કરદાતા દ્વારા બદ-ઈરાદાથી જ્યારે આવકવેરા કાયદાની જોગવાઈઓમાં રહેલી ખામીઓનો ઉપયોગ કરીને જે કર બચાવવાની યુક્તિ કરવામાં આવે છે. ત્યારે તે કરદાતા કાયદાકિય છટકબારીનો ઉપયોગ કરે છે તેમ કહેવાય.

- **ટ્રિબ્યુનલ :**

ટ્રીબ્યુનલ એ ભારતીય કાયદા વ્યવસ્થાને સાચવવા માટે બનાવવામાં આવેલી એક અર્ધ- ન્યાયિક કોર્ટ છે. જે વહીવટી કે કરવેરા સંબધિત વિવાદોને ઉકેલવા માટે સ્થાપિત કરવામાં આવી છે. ભારતીય અદાલતોમાં કેસોની સંખ્યાને ધ્યાનમાં રાખીને વિવાદિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવેલી છે. આ મંચનો ઉપયોગ કરી ઝડપી નિર્ણયો લઈ મુખ્ય ન્યાયાલયોનો કાર્યભાર ઘટાડી શકાય છે.

- **ભારતીય આવકવેરા કાયદા 1961 :**

સ્વતંત્રતા બાદ કાયદા મંત્રાલય તેમજ આવકવેરા વહીવટી પૂછપરછ વિભાગની સલાહ-સહમતીથી આવકવેરા કાયદો-1961 પસાર કરવામાં આવ્યો જે 1લી એપ્રિલ, 1962 થી અમલ આવેલ છે. તેમાં ભારત સરકાર માટે આવકવેરો વસૂલવા, વહીવટ કરવા, એકત્રિત કરવા અને વસૂલ કરવા અંગેની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

## 1.7 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)

(1) નીચેનામાંથી ભારતના કયા પ્રાચીન ગ્રંથમાં આવક વેરાનો ઉલ્લેખ જોવા મળે છે ?

(a) મનુસ્મૃતિ (b) અર્થશાસ્ત્ર

(c) ઉપર્યુક્ત બંને (d) ઉલ્લેખ જોવા મળતો નથી.

(2) ઈજિપ્ત અને ગ્રીસ જેવા દેશોમાં કરની ચુકવણીનો ઇતિહાસ આશરે કેટલા વર્ષ જૂનો છે ?

(a) 1000 વર્ષે (b) 5000 વર્ષે (c) 3000 વર્ષે (d) 7000 વર્ષ

(3) ભારત સરકાર દ્વારા મુખ્યત્વે કુલ કેટલા પ્રકારના કરવેરા ઉઘરાવવામાં આવે છે ?

(a) બે (b) પાંચ (c) ચાર (d) સાત

(4) કરવેરા અને ખર્ચ અંગેની વિશદ ચર્ચા કરતી વખતે ત્રણ મૂળભૂત સિદ્ધાંતો નીચેનામાંથી કોને ભાર મૂક્યો છે ?

(a) કપિ મનુ એ (b) કપિ ભૃગુ એ
(c) કૌટિલ્યએ (d) ઉપર્યુક્ત એક પણ નહીં

(5) આધુનિક વિચારધારા ***Original Script*** નીચેનામાંથી કોના સિદ્ધાંત સાથે મેળ ખાય છે ?

(a) કપિ મનુના (b) કપિ ભૃગુના
(c) કૌટિલ્યના (d) ઉપર્યુક્ત એક પણ નહીં

(6) ભારતમાં સૌપ્રથમ વાર બ્રિટિશ સરકાર દ્વારા ક્યારે લાગુ કરવામાં આવ્યા હતા ?

(a) 1822 (b) 1857 (c) 1860 (d) 1890

(7) ખરેખર પહેલો આવકવેરા કાયદો કયા વર્ષમાં પસાર કરવામાં આવ્યો હતો ?

(a) 1860 (b) 1918 (c) 1961 (d) 1962

(8) ભારતના આવકવેરા કાયદા 1961માં કુલ કેટલા પ્રકરણો આપેલા છે ?

(a) 10 (b) 20 (c) 13 (d) 23

(9) ભારતના આવકવેરા કાયદા 1961માં કુલ કેટલી કલમ આપેલી છે ?

(a) 200 (b) 298 (c) 258 (d) 300

(10) ભારતીય આવકવેરા કાયદા 1961 અનુસાર દરેક કેટલા શીર્ષક હેઠળ કરવેરા ભરવા જરૂરી છે ?

(a) 2 (b) 5 (c) 7 (b) 8

(11) આવકવેરાના કાયદા 1961 સિવાય નીચેનામાંથી કયું/કયાં માર્ગદર્શક આધાર/આધારો ધ્યાનમાં રાખવું/રખવા મહત્ત્વનું/ના ગણાય છે ?

(a) વાર્ષિક નાણાં ધારો (b) આવકવેરા નિયમો, 1962
(c) અદાલતી ચુકાદાઓ (d) ઉપર્યુક્ત દરેક

(12) ભારતમાં સૌપ્રથમ કરવેરા લાગુ કરનાર બ્રિટિશ વ્યક્તિ કોણ હતું ?

(a) સર જેમ્સ વિલ્સન (b) સર જોન કેનિંગ
(c) વિલિયમ બેંટિક (d) ગવર્નર વિલિયંસન

(13) સૌપ્રથમ વાર બધી આવક ભેગી કરી કુલ આવક પર આવકવેરો લેવાની પદ્ધતિ કયા વર્ષે દાખલ કરવામાં આવી ?

(a) 18600 (b) 1918 (c) 1961 (d) 1962

(14) ભારત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ આવકવેરા કાયદો-1961, નીચેનામાંથી કોના સલાહ-સૂચન અંતર્ગત બનાવવામાં આવ્યો ?

(a) ભારત સરકારના કાયદા મંત્રાલય
(b) આવકવેરા વહીવટી પૂછપરછ વિભાગ
(c) ઉપર્યુક્ત બન્ને
(d) બ્રિટિશ સરકારના

(15) ભારતમાં આવકવેરો ગણવાની કુલ કેટલી રીત છે ?

(a) એક જ (b) બે (c) પાંચ (d) સાત

(16) મૂળભૂત આવકવેરા ઉપરાંત નીચેનામાંથી કયો વિશિષ્ટ કર પણ ભારત સરકાર દ્વારા દરેક શખ્સ પાસેથી ઉઘરાવવામાં આવે છે ?

(a) આરોગ્ય ઉપકર
(b) શિક્ષણ ઉપકર
(c) ઉપર્યુક્ત બંને
(d) કોઈ પણ વિશિષ્ટ કર ઉઘરાવવામાં આવતો નથી.

(17) આકારણી વર્ષ 2021-22 માટે જૂના કરવેરા રેજિમ પ્રમાણે વરિષ્ઠ નાગરિક માટે કેટલી આવક કરમુક્ત છે ?

(a) ₹ 2,50,000 (b) ₹ 3,00,000
(c) ₹ 5,00,000 (d) ₹ 7,50,000

(18) આકારણી વર્ષ 2021-22 માટે જૂના કરવેરા રેજિમ પ્રમાણે વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક માટે કેટલી આવક કરમુક્ત છે ?

(a) ₹ 2,50,000 (b) ₹ 3,00,000
(c) ₹ 5,00,000 (d) ₹ 7,50,000

(19) નાણાં બિલ 2020માં રજૂ કરેલ નવા કરવેરા રેજિમ (પદ્ધતિ)માં આવકવેરાના કૂલ કેટલા સ્લેબ આપેલા છે ?

(a) એક જ (b) બે (c) પાંચ (d) સાત

(20) આકારણી વર્ષ 2021-22 માટે દરેક શખ્સ એ જો આવકવેરા ચૂકવવાનો થાય તો તેની સાથે આરોગ્ય અને શિક્ષણ ઉપકર કેટલા ટકા ચૂકવવાનો રહે છે.

(a) 1% (b) 3% (c) 2% (d) 4%

**ઉપર્યુક્ત આપેલ વૈકલ્પિક પ્રશ્નોના ઉકેલ :**

| **વૈકલ્પિક પ્રશ્નોના નં.** | **સાચો વિકલ્પ નં.** | **વૈકલ્પિક પ્રશ્નોના ઉકેલ** |
|---|---|---|
| (1) | C | ઉપર્યુક્ત બંને |
| (2) | C | 3000 વર્ષ |
| (3) | A | બે |
| (4) | A | કૌટિલ્ય એ |
| (5) | C | કૌટિલ્યના |
| (6) | C | 1860 |
| (7) | B | 1918 |
| (8) | D | 23 |

એકમ 2

# વ્યાખ્યાઓ

: રૂપરેખા :

2.1 પ્રસ્તાવના

2.2 આવકવેરાનો અર્થ

2.3 આવક (Income)

2.3.1 કુલ આવક

2.3.2 કુલ ગ્રોસ આવક

2.4 ખેતીની આવક

2.5 આકસ્મિક આવક (Casual Income)

2.6 આકારણી વર્ષ (Assessment Year)

2.7 પાછલું વર્ષ (Previous Year)

2.8 શખ્સ (Person)

2.9 કરદાતા (Assessee)

2.10 ડિવિડન્ડ

2.11 કંપની

2.12 કરચોરી (Tax Evasion)

2.13 કર પરિવર્જન (Tax Avoidance)

2.14 કર આયોજન (Tax Planning)

2.15 ચાવીરૂપ શબ્દો (Key Words)

2.16 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)

2.17 ટૂંકા પ્રશ્નો

2.18 વિસ્તારપૂર્વકના પ્રશ્નો

## 2.1 પ્રસ્તાવના

કરવેરાનો મૂળભૂત હેતુ સામાજિક અને આર્થિક વિકાસ તેમજ વૃદ્ધિ પાછળના સરકારી ખર્ચ માટે જરૂરી ભંડોળ ઊભું કરવાનો છે. આ માટે ભારતીય આવકવેરા કાયદા, 1961 પ્રમાણે કરદાતા પાસેથી તેમણે પાછલા વર્ષ દરમ્યાન કમાયેલી કે મેળવેલી પોતાની કુલ આવકની જુદા-જુદા પાંચ શીર્ષકો હેઠળ ગણતરી કરી આવકવેરો ઉઘરાવવામાં આવે છે. કુલ આવકની ગણતરી માટે પહેલા કુલ ગ્રોસ આવકની ગણતરી કરી તેમાંથી કાયદા હેઠળ મળતી કપાતો બાદ કરવામાં આવે છે.

આ પ્રક્રિયા દેખાય છે એટલી સામાન્ય વ્યક્તિ માટે સરળ નથી. કારણ કે તેની સમજ વિના, વ્યક્તિને ખ્યાલ આવશે નહીં કે તે કાયદા મુજબ કયા પ્રકારનો શખ્સ છે. પાછલું વર્ષ એટલે શું ? વ્યક્તિ કુદરતી છે કે કૃત્રિમ ? પેઢી છે કે કંપની ? તે શખ્સની કઈ પરિભાષામાં તે બંધ બેસે છે કે કેમ ? તેમજ તેણે કાયદા મુજબ કેટલા દર પ્રમાણે કરવેરાની ચુકવણી કરવી પડશે ? આ માટે વ્યક્તિ એ કાયદા મુજબની વિવિધ પરિભાષાઓનું જ્ઞાન મેળવવું જરૂરી બને છે. આ પ્રકરણમાં આવકવેરા કાયદામાં આપેલ આવી જ અગત્યની કાયદાકિય પરિભાષાઓને સામાન્ય ભાષામાં રૂપાંતરિત કરી તેમની સમજ કેળવીશું.

## 2.2 આવકવેરો (Income Tax)નો અર્થ

સામાન્ય અર્થમાં કહીએ તો, "જે વેરો વ્યક્તિ કે શખ્સની પાછલા વર્ષની આવક પર દર નાણાકીય વર્ષે દેશની કેન્દ્ર સરકાર દ્વારા વસૂલ કરવામાં આવે છે, તેને આવક વેરો કહે છે."

દેશના આર્થિક વિકાસ માટે કરવેરાનો એક મહત્ત્વના સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. એક પ્રગતિશીલ રાષ્ટ્રની સ્થાપના કરવા માટે આવક વેરો અતિ અગત્યનું સાધન પુરવાર થાય છે. તેથી આવકવેરાનો અર્થ સમજવા માટે આવકનો સંપૂર્ણ ખ્યાલ સમજવો જરૂરી બને છે. પરંતુ ફક્ત આવકના ખ્યાલથી જ આવકવેરાનો અર્થ સમજવો એ પણ અધૂરું જ ગણાશે. આ માટે નીચે આવકવેરાના કાયદામાં આપેલ અગત્યના પદો કે વ્યાખ્યાઓની સમજણ લેવી જરૂરી બને છે.

## 2.3 આવક (Income)

આવકવેરાના કાયદા 1961ની કલમ 2 (24) મુજબ, આવક ઉપરાંત અન્ય કઈ-કઈ રકમોને આવક તરીકે ગણવી તેની માહિતી આપેલ છે. આવી વાસ્તવિક ગણાતી આવકોમાં નિયમિત રીતે મળતી રકમ, અનિયમિત રીતે મળતી રકમોનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે

(i) પગારના શીર્ષક હેઠળની આવક

(ii) પગારના બદલામાં મળતું મહેનતાણું, લાભ કે કોઈ પણ સવલતો

(iii) ધંધા કે વ્યવસાયમાંથી થતો લાભ કે નફો

(iv) મકાન-મિલકતની આવકમાંથી થતો નફો

(v) ડિવિડન્ડની આવક

(vi) આકસ્મિક આવકો જેવી કે જુગાર, લોટરી, હરીફાઈ, ઈનામ વગેરેમાંથી થતી આવકો

(vii) કંપની ડિરેક્ટર, સંચાલક કે કંપનીમાં નોંધપાત્ર રસ ધરાવનારને મળતો લાભ અથવા સવલત

(viii) મૂડી-નફાની આવક

(ix) કોઈ સહકારી મંડળી કે વીમા કંપની દ્વારા કરવામાં આવતા વ્યવસાયમાંથી ઉદ્દભવતો લાભ કે નફો

(x) કર્મચારી રાજી વીમા અધિનિયમ 1948 હેઠળ સ્થાપિત પ્રોવિડન્ડ ફંડ, સુપર વાર્ષિક ફંડ કે અન્ય કોઈ પણ ફંડ તરીકે પ્રાપ્ત થતી રકમ વગેરે.

(xi) વીમાનો ધંધો કરતી મ્યુચ્યુઅલ વીમા કંપની કે સહકારી મંડળી એ પ્રાપ્ત કરેલ નફો (કલમ 144 હેઠળ)

(xii) અન્ય આવકો જે આવકવેરાના કાયદાની કોઈ પણ કલમ પ્રમાણે કરપાત્ર હોય - જેમ કે કલમ 28, 41 કે 59 મુજબ કરપાત્ર આવક, કલમ 56 (2) (7), (9), (10) મુજબની કરપાત્ર આવક વગેરે.

**જો કે કરપાત્ર આવકની ગણતરી માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે :**

(1) ફક્ત નિયમિત જ નહીં પરંતુ અનિયમિત મળતી આવકો પણ કરપાત્ર છે.

(2) ગેરકાયદેસર કમાયેલી આવકો પણ કરપાત્ર છે.

(3) જો કરદાતાને ₹ 50,000 થી વધુની રકમની બક્ષિસ મળે તો સંપૂર્ણ મળેલી રકમની બક્ષિસ કરપાત્ર ગણાશે.

(4) ઘસારાયુક્ત મિલકતોમાંથી મળતી રૉયલ્ટીની આવક કરપાત્ર છે.

(5) નાણાંમાં ફેરવી શકાય તેવા લાભને પણ આવક ગણવામાં આવે છે.

(6) એક જ આવક પર બે વખત આવકવેરો વસૂલ કરી શકાય નહીં.

(7) અગાઉના વર્ષોની એક સામટી મળેલી આવક કરપાત્ર ગણાય.

### 2.3.1 કુલ ગ્રોસ આવક :

આવકવેરા કાયદા હેઠળ, આવકનાં જે મુખ્ય પાંચ શીર્ષકો (પગારની આવક, મકાન-મિલકતની સંપત્તિમાંથી થતી આવક, મૂડી નફો, ધંધા કે વ્યવસાયમાંથી ઉદ્દભવતો લાભ અને નફો, અન્ય સ્ત્રોતમાંથી થતી આવક)નાં સરવાળામાંથી ચાલુ વર્ષ કે આગળ ખેંચેલ નુકસાનની રકમ બાદ કર્યા પછીની બાકી રહેતી આવકને કુલ ગ્રોસ આવક તરીકે ઓળખવામાં આવે છે.

આવી કુલ ગ્રોસ આવકની ગણતરી આવકવેરા કાયદા હેઠળ મળતી કોઈ પણ કપાત બાદ કર્યા પહેલાની આવક તરીકે જ કરવાની રહે છે. જેથી આવી આવકની રકમ માટે કપાત માટેની કલમ 80 (C) થી લઈને 80 (U) સુધીની ગણતરી જરૂરી બનશે નહીં.

### 2.3.2 કુલ આવક :

આવકવેરા કાયદા પ્રમાણે કુલ આવક એટલે કુલ કરપાત્ર આવક. જે આવક, કુલ ગ્રોસ આવકમાંથી આવકવેરા કાયદા હેઠળ મળવાપાત્ર કપાત બાદ કર્યા પછી બચે છે, તેને કુલ આવક કહે છે. આ રકમ પર આવકવેરો વસૂલ કરવામાં આવે છે.

આવકની કરપાત્રતા નક્કી કરવા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

(i) સૌપ્રથમ કરદાતાનો રહેઠાણનો દરજ્જો નક્કી કરવો. દા.ત. રહીશ, સામાન્ય રહીશ અથવા બિનરહીશ.

(ii) કરદાતાનું પાછલું વર્ષ નક્કી કરવું.

(iii) કરદાતાની દરેક શીર્ષક હેઠળની કેટલી આવકો કરપાત્ર બને છે તે ગણી તમામ આવકનો સરવાળો કરવો. આવી ગણતરી વખતે અન્ય વ્યક્તિની જે આવકો અંગે એસેસીએ કર ચૂકવવો પડે છે તેનો પણ સમાવેશ (Clubbing of Income) કરવો.

(iv) કુલ ગ્રોસ આવક નક્કી કરવા માટે આવકનાં સરવાળામાંથી ચાલુ વર્ષ અને અગાઉનાં આઠ વર્ષની આગળ ખેંચી લાવેલ ખોટ/નુકસાન બાદ કરવું.

(v) કુલ આવક નક્કી કરવા માટે ઉપરોક્ત રકમમાંથી આવક વેરાની કપાતની કલમ 80(c) થી 80(c) બાદ કરવી જેથી કરપાત્ર આવક મળે. આ રીતે મળેલ રકમને નજીકના ₹ 10માં ફેરવવી.

(vi) હવે આ રકમ પર સંબંધિત આકારણી વર્ષના આવકવેરાના સ્લેબ પ્રમાણે આવકવેરાની રકમ શોધવી.

(vii) આવક વેરાની રકમમાંથી રાહતો (Relief) કે વળતર (Rebate)ને પાત્ર રકમ બાદ કરવી.

(viii) બાકી વધેલ ચૂકવવા પાત્ર આવક વેરા પર પ્રવર્તમાન લાગુ પડતો સરચાર્જ કે 4% સ્વાસ્થ્ય અને શિક્ષણ ઉપકર - Cess સેસ ઉમેરાશે ઉપરાંત કલમ 234A, 234B, અને 234C હેઠળ ચૂકવવા પાત્ર વ્યાજ પણ ઉમેરાશે.

(ix) ઉપરોક્ત છેલ્લી રકમ ભરવાપાત્ર આવક વેરો ગણાશે.

જો કરદાતા એ કોઈ એડવાન્સ ટેક્સ કે મૂળ સ્થાનેથી કર કપાત કરાવેલ હોય તો તે બાદ કરવામાં આવશે.

જો તફાવતની રકમ ધન (+)માં આવે તો તે રકમ ચૂકવવા પાત્ર આવક વેરો ગણાશે અને ત્રણ (-)માં આવે તો તે રકમ પરત (રિફંડ) મેળવવાપાત્ર ગણાશે.

## 2.4 ખેતીની આવક

આવકવેરા કાયદાની કલમ 10 (1) મુજબ ખેતીની આવક સંપૂર્ણ કર મુક્ત છે. ખેતીની આવક પર કેન્દ્ર સરકાર કરવેરા વસૂલી શકે નહીં. ખેતીની આવક પર કરવેરા નાખવાનો અધિકાર માત્ર રાજ્ય સરકારનો છે. તે દ્રષ્ટિ એ ખેતીની આવકની વ્યાખ્યા સમજવી અગત્યની છે. આવકવેરા કાયદાની કલમ 2 (1)માં ખેતીની આવકની વ્યાખ્યા આપવામાં આવી છે. જે મુજબ નીચેની બે શરતોનું પાલન થવું જરૂરી છે.

(1) આવી આવક, ભારતમાં સ્થિત જમીનમાંથી મળેલી હોવી જરૂરી છે. તેમજ

(2) તે જમીનનો ખેતીના હેતુ માટે જ ઉપયોગ થયો હોવી જોઈએ.

આવકવેરા કાયદાની કલમ 2 (1) મુજબ,

(i) ભારતમાં આવેલી જમીન, જે ખેતીના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતી હોય તેમાંથી પ્રાપ્ત થતી આવક, મળતું ભાડું કે મહેસૂલની રકમજ

(ii) ખેતીની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતી આવક કે જેમાં (અ) ખેતી દ્વારા ઉદ્‌ભવતી પેદાશ (અથવા વસ્તુના રૂપમાં ભાડું મેળવનાર મેળવેલ ખેતીની પેદાશ ને) બજારમાં વેચાણ યોગ્ય બનાવવા માટે પ્રોસેસિંગ કરવાનો સમાવેશ થાય છે. તેમજ (બ) ખેત પેદાશના વેચાણમાંથી મળેલ આવકનો સમાવેશ થાય છે.

(iii) ખેતી વિષયક મકાનમાંથી મળતી આવક -

(અ) આવું મકાન ખેડૂતના કબજામાં હોય, કે ખેતીની જમીનમાં અથવા તો ખેતીની જમીનની તદ્દન નજીક હોય અથવા તે મકાનનો ઉપયોગ રહેવા માટે કરવામાં આવતો હોય અથવા તો ગોડાઉન તરીકે કરવામાં આવતો હોય.

(બ) એ શરતે કે તે મકાન પર જમીન મહેસૂલ કે સ્થાનિક કરવેરાની આકારણી થતી હોવી જોઈએ.

જો આકારણી થતી ન હોય તો -

(1) તે જમીન પાછલા વર્ષની શરૂઆતની તારીખે છેલ્લામાં છેલ્લી વસતી-ગણતરી મુજબ 10,000 કે તેથી વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારની કે નોટિફાઈડ કૅન્ટોન્મેન્ટ બોર્ડની હદ બહાર આવેલી હોવી જોઈએ અથવા;

(2) તે જમીન નીચે જણાવ્યા મુજબ હવાઈ દૂરીની મર્યાદામાં સ્થિત ન હોવી જોઈએ

I) મ્યુનિસિપલ કે કૅન્ટોન્મેન્ટ વિસ્તારની (કે જેની વસ્તી 10,000 થી વધુ હોય પરંતુ 1,00,000 થી વધુ ન હોય) હદથી 2 કિલોમીટરમાં સ્થિત ન હોય અથવા;

II) મ્યુનિસિપલ કે કૅન્ટોન્મેન્ટ વિસ્તારની (કે જેની વસ્તી 1,00,000 થી વધુ હોય પરંતુ 10,00,000 થી વધુ ન હોય) હદથી 6 કિલોમીટરમાં સ્થિત ન હોય અથવા;

III) મ્યુનિસિપલ કે કૅન્ટોન્મેન્ટ વિસ્તારની (કે જેની વસ્તી 10,00,000 થી વધુ હોય) હદથી 8 કિલોમીટરમાં સ્થિત ન હોય.

ઉપર્યુક્ત વ્યાખ્યાને વધુ સારી રીતે સમજવા માટે નીચે આપેલ અમુક પદની માહિતી હોવી જરૂરી છે. જેમ કે

(1) જમીનનું ભાડું કે મહેસૂલઃ

(અ) ભાડું કે મહેસૂલની આવક રોકડમાં જ મળે તે જરૂરી નથી, પરંતુ રોકડમાં રૂપાંતર થઈ શકે તેવી વસ્તુમાં મળે તો એવી આવક

(બ) જમીનનો માલિક જો પોતાની જમીન અન્ય વ્યક્તિને ખેતી કરવા માટે આપે તો તેમાંથી મળતી આવક કે ભાડું

(ક) જો જમીનના બે ભાડુઆત હોય મુખ્ય ભાડુઆત અને પેટા ભાડુઆત (ગણોતિયા) તો પેટા ભાડુઆતે તેના મુખ્ય ભાડુઆતને આપેલ રકમ.

(2) ખેતીવાડી પ્રક્રિયાઃ

ખેતીવાડીની પ્રક્રિયા એટલે જે પ્રક્રિયા દ્વારા જમીનમાં ખેતી કરવાના કારણે કોઈ પણ છોડ કે ઝાડના અંકુર ફૂટે છે. જેમાં ખેતરનું ખેડાણ કરવું, બિયારણની વાવણી કરવી, ક્યારા બનાવવા, વાડ બનાવવી, જરૂરી તડકા-પાણીની વ્યવસ્થા કરવી વગેરે કાર્યોમાં કરેલ શારીરિક તેમજ બૌદ્ધિક શ્રમનો સમાવેશ થાય છે.

આવી પ્રક્રિયામાં વધારાના બિન જરૂરી છોડ કે આપમેળે ઊગી નીકળેલા વૃક્ષોને કાપીને વેચવાથી પણ જે આવક થાય છે તેને ખેતીની આવક ગણી શકાય નહીં.

આવકવેરા કાયદામાં ખેતીવાડીની પ્રક્રિયા વિષે કોઈ વધુ માહિતી આપેલ નથી પરંતુ ઉપર્યુક્ત મુદ્દા દ્વારા તેને સ્પષ્ટ કરી શકાય છે.

(3) અંશતઃ ખેતીઃ

ઘણા પ્રકારની ખેતી એવી હોય છે કે જેને સંપૂર્ણ ખેતીની આવક ગણી શકાય નહીં, કારણ કે તેમાં ખેતીની પ્રક્રિયા ઉપરાંત મશીન કે હાથ પ્રક્રિયા સામેલ હોય છે. જેમ કે રબરના પ્લાન્ટ માટેની આવક પૈકી 65% ખેતીની અને 35% ધંધાની આવક ગણાય છે. તેવી જ રીતે ચા, કોફી, ખાંડ, તમાકુ જેવી ઘણા પ્રકારની ખેતી એવી છે, જેની આવક

પૈકી અમુક ભાગને જ ખેતીની આવક ગણવામાં આવે છે. બાકીની આવક બિન ખેતીની આવક ગણીને કરપાત્ર આવક ગણવામાં આવે છે.

**અપવાદ:**

નીચે આપેલ આવકને ખેતીની આવક ગણી શકાય નહીં:

(i) ડેરી ફાર્મ, ચીઝ કે માખણમાંથી બનાવેલ વસ્તુનાં વેચાણની આવક, પોલ્ટ્રી ફાર્મ, પશુપાલન, માછલા પકડવામાંથી થતી આવક

(ii) પથ્થરની ખાણમાંથી થતી આવક

(iii) ઊભો પાક ખરીદવાથી થતી વેચાણની આવક

(iv) લોનનાં વ્યાજને બદલે ખેત-પેદાશ મળે તેના વેચાણની આવક

(v) દરિયાનાં પાણીમાંથી બનાવેલ મીઠાની આવક

(vi) આપમેળે ઊગી ગયેલા વૃક્ષો વેચાણની આવક

(vii) ઈંટો બનાવવાની માટીનાં વેચાણની આવક

(viii) ખેતરમાં ફિલ્મ કે ટીવી સિરિયલનાં શૂટિંગમાંથી મળતી આવક

(ix) વિદેશમાંથી મળતી ખેતીની આવક

(x) ખેતીવાડીની કંપનીનાં શૅરહોલ્ડરને મળતી ડિવિડન્ડની આવક

(xi) સિંચાઇ માટે આપવામાં આવેલ પાણીની આવક

## 2.5 આકસ્મિક આવક (Casual Income)

જે આવક નિયમિત સ્વરૂપે મળતી ન હોય, જેનું પુનરાવર્તન થતું ન હોય કે તેવું થવાની શક્યતા ન હોય તેવી આવકને આકસ્મિક આવક કહે છે. આવી આવક ચોક્કસ કે નિયમિત હોતી નથી.

આકારણી વર્ષ 1972-73 સુધી આકસ્મિક આવકને સંપૂર્ણ કર મુક્ત ગણવામાં આવતી હતી.

આકસ્મિક આવકમાં ઘોડાદોડ કે એવી કોઈ પણ હરીફાઈની આવક, લોટરીની આવક, જુગારની આવક, વગેરેનો સમાવેશ થાય છે.

જો લોટરીની આવક ₹ 5,000 થી વધુ અને ઘોડાદોડની આવક ₹ 2500 થી વધુ હોય તો આવી આવક પર મૂળ સ્થાનેથી કર-કપાત (TDS) ફરજિયાત છે. આકસ્મિક આવકો ₹ 10,000 કે તેથી વધુ હોય તો તેના પર 30% લેખે આવક વેરો વસૂલ કરવામાં આવે છે. આવી આવકમાંથી કોઈ પણ કલમ હેઠળ કોઈ પણ કપાત બાદ લઈ શકાતી નથી.

**અપવાદ:**

(1) અનિયમિત આવક કે જે કર્મચારીને પોતાના પગાર ઉપરાંત મળતી હોય છે.

(2) અનિયમિત આવક કે જે ધંધા કે વ્યવસાયના સ્વરૂપે મળતી હોય

(3) અનિયમિત મૂડી- નફામાંથી મળતી આવક

(4) બાકીની અનિયમિત આવક જેવી કે વેઇટરને કે ટેક્સી ડ્રાઈવરને મળતી ટીપ, આકસ્મિક આવક હોવા છતાં તે ધંધા કે વ્યવસાયની આવક ગણાશે.

## 2.6 આકારણી વર્ષ (Assessment Year)

આવકવેરા કાયદા 1961ની કલમ 2 (9)માં આકારણી વર્ષ વ્યાખ્યાયિત કરવામાં આવેલું છે. "જે વર્ષ દરમિયાન કરદાતાની પાછલા વર્ષની આવકની આકારણી કરવામાં આવે છે, તેને આકારણી વર્ષ કહે છે."

આકારણી વર્ષને મહેસૂલી વર્ષ કે કરવેરાનાં વર્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. દર વર્ષે તારીખ 1લી એપ્રિલથી શરૂ થતો બાર માસનો સમય આકારણી વર્ષ તરીકે ઓળખાય છે. આકારણી વર્ષ 1લી એપ્રિલે શરૂ થાય છે અને ત્યાર પછીના વર્ષની 31મી માર્ચના રોજ પુરું થાય છે. આકારણી વર્ષ દરમિયાન અમલમાં આવેલ આવકવેરાના દર મુજબ આવકવેરાની આકારણી કરવામાં આવે છે. દા.ત. 2020-21ના પાછલા વર્ષે (આકારણી વર્ષ 2021-22)ની આવકના Finance Act 2021માં કરેલી જોગવાઈ મુજબ આકારણી કરવામાં આવશે.

## 2.7 પાછલું વર્ષ (Previous Year)

આવકવેરા કાયદા 1961ની કલમ 3માં પાછલું વર્ષ વ્યાખ્યાયિત કરવામાં આવેલું છે. જે મુજબ, "પાછલું વર્ષ એટલે એ વર્ષ કે જે વર્ષે આકારણી કરવાની હોય તેની તરત અગાઉનું તા. 31મી માર્ચના રોજ પુરું થતું વર્ષ."

દા.ત. 2021-22ના આકારણી વર્ષ માટે પાછલું વર્ષ 2020-21નું ગણાય.

જો કે જો ધંધા કે વ્યવસાય નવો સ્થાપવામાં આવેલ હોય કે આવકનો સ્ત્રોત નવો અસ્તિત્વમાં આવેલ હોય તેવા કિસ્સામાં પાછલું વર્ષ તે ધંધા કે વ્યવસાયની સ્થાપના તારીખથી શરૂ કરીને કે તે આવકના અસ્તિત્વની તારીખથી શરૂ કરી ને, તે નાણાકીય વર્ષની સમાપ્તિ સુધીનું ગણવામાં આવે છે.

કેટલીક આવકો માટે પાછલું વર્ષ ત્યારે ગણવામાં આવે છે જ્યારે તે આવકોને શોધી કાઢવામાં આવે છે. જેમ કે ખુલાસા વગરના ખર્ચા, રોકડ, રોકાણો વગેરે.

## 2.8 શખ્સ (Person)

સામાન્ય અર્થમાં "શખ્સ એટલે આવકવેરો ભરવા માટે જવાબદાર દરેક વ્યક્તિ."

આવકવેરા કાયદા 1961ની કલમ 2 (31) મુજબ, આવકવેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિઓની યાદી તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કૃત્રિમ રીતે અસ્તિત્વમાં આવેલ વ્યક્તિઓનો પણ શખ્સની પરિભાષામાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યાદી નીચે મુજબ છેઃ

(i) કોઈ પણ વ્યક્તિ (Individual: કુદરતી વ્યક્તિ)

(ii) હિન્દુ અવિભક્ત કુટુંબ

(iii) કંપની

(iv) પેઢી

(v) શખ્સોનું મંડળ અથવા વ્યક્તિઓનો સમૂહ (સ્થાપિત ન હોય તો પણ) જેમ કે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ.

(vi) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (એટલે કે નગરપાલિકા, ગ્રામપંચાયત, મ્યુનિસિપાલિટી વગેરે)

(vii) ઉપરની યાદીમાં નહીં આવતા દરેક કૃત્રિમ રીતે કાયદેસર ગણાતા શખ્સો - જેમ કે યુનિવર્સિટી, 'નફો કે આવક નહિ મેળવવાના હેતુથી' સ્થપાયેલ શખ્સોના મંડળ,

વ્યક્તિઓના સમૂહ, સ્થાનિક સ્વરાજયની સંસ્થા કે કૃત્રિમ રીતે કાયદેસર ગણાતા શખ્સો જેવા કે કાનૂની કોર્પોરેશન, હિન્દુ દેવી-દેવતાના મંદિરો વગેરેનો પણ શખ્સની પરિભાષામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યાદીમાં સમાવિષ્ટ દરેક પ્રકારના શખ્સ (પુખ્તવયના હોય કે સગીરવય ના) એ તેમની આવક જો નાણાંધારાની જોગવાઈ અનુસાર કરપાત્ર ઠરતી હોય તો તેઓ કર ભરવાને જવાબદાર છે.

આવકવેરા કાયદો શખ્સોનું મંડળ અને વ્યક્તિઓનો સમૂહ બન્ને માટે સમાન રીતે કરવેરાની જોગવાઈઓનું સૂચન કરે છે તેમ છતાં બન્ને વચ્ચે નીચે મુજબનો તફાવત હોય શકે.

| ક્રમ અને મુદ્દા | શખ્સોનું મંડળ | વ્યક્તિઓનો સમૂહ |
|---|---|---|
| (1) કારણ | શખ્સોનું મંડળને એક કાનૂની દરજ્જો મળે છે કે જેને કાયદા મુજબના હક અને ફરજોનું પાલન જરૂરી છે. | વ્યક્તિઓનો સમૂહ મોટાભાગે મજબૂરી ના કારણે ઉદ્‌ભવે છે. |
| (2) જોડાણ | તેમાં વ્યક્તિ તેમ જ બિનવ્યક્તિ જેવા કે પેઢી, કંપની, HUF સભ્ય સ્વૈછિક રીતે જોડાઈ શકે છે. | કૃત્રિમ રીતે કાયદા હેઠળ અસ્તિત્વમાં આવેલા વ્યક્તિ જેવા કે પેઢી, કંપની, HUF વ્યક્તિઓના સમૂહ તરીકે જોડાઈ શકે નહીં. |
| (3) હેતુ | બે કે વધુ શખ્સો કોઈ સમાન હેતુ અને આવક માટે જોડાય છે. | બે કે વધુ વ્યક્તિઓ આવકની કમાણી વધારવાના હેતુથી જોડાય છે. |
| (4) ઈરાદો | જ્યારે કોઈપણ બે શખ્સો ભાગીદારી ડીડ હેઠળ નોંધણી કર્યા વિના કાર્ય કરે છે તે શખ્સોનું મંડળ કહેવાય છે. | જ્યારે બે કે વધુ વ્યક્તિઓ સંયુક્ત રીતે વહીવટ કરવાના ઈરાદાથી કાર્ય કરતાં હોય છે તેને વ્યક્તિઓના સમૂહ કહે છે. |
| (5) ઉદાહરણ | દા.ત. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, કો.ઓ.હા.સોસાયટી, વગેરે. | દા.ત. પિતાના મૃત્યુ પછી બે કે તેથી વધુ પુત્રો દ્વારા સંભાળવામાં આવતો ધંધો ATIRA વગેરે. |

## 2.9 કરદાતા (Assessee)

આવકવેરા કાયદા 1961ની કલમ 2 (7) મુજબ, કરદાતા કરદાતા કે એસેસી એટલે આવકવેરાના કાયદા હેઠળ કોઈ કાર અથવા નાણાંની બીજી કોઈ રકમ (દા.ત. વ્યાજ કે દંડ) ભરવા માટે જવાબદાર દરેક શખ્સ. (કાયદાકિય કાર્યવાહી ન થયેલ હોય તો પણ).

(i) આવકવેરાના કાયદાના આધારે જે કોઈ શખ્સ સામે તેની આવકની આકારણી અંગે; અથવા અન્ય શખ્સની આવકની - જો તે અંગે કર ભરવા માટે તે જવાબદાર ગણાતા હોય; અથવા તેને સહન કરેલ નુકસાન અંગે; અથવા તેને આપવાના નાણાંના રિફંડ અંગે કોઈ પગલાં લેવામાં આવ્યા હોય તે એસેસી ગણાય છે.

(ii) આ ઉપરાંત, આવકવેરાના કાયદાની કોઈ જોગવાઈઓના આધારે જે કોઈ શખ્સને એસેસી તરીકે માની લેવામાં આવે તે શખ્સ (Deemed to be an Assessee) પણ કાયદાના આધારે એસેસી બની જાય છે. માની લેવામાં આવે તે શખ્સ (Deemed to be an Assessee)માં નીચેનાનો સમાવેશ થશે :

(અ) કોઈ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

(બ) મરહૂમ શખ્સના કાયદેસરના પ્રતિનિધિ (કલમ 159 હેઠળ)

(ક) બિન-રહીશના પ્રતિનિધિ એસેસી (જે બિન-રહીશના એજન્ટ ગણાય) કલમ 160 (2) હેઠળ)

(ડ) બિન-રહીશના પ્રતિનિધિ એસેસી (બિન-રહીશના એજન્ટ) (કલમ 160 (2) હેઠળ)

(ઇ) કોર્ટ ઓફ વોર્ડ્સ અથવા ઓફિસિયલ ટ્રસ્ટી / રિસીવર તરીકે અન્ય વ્યક્તિ વતી આવક મેળવનાર શખ્સ

## 2.10 ડિવિડન્ડ

આવકવેરા ધારાની કલમ 2 (22)માં ડિવિડન્ડની વ્યાખ્યા આપેલી છે. પરંતુ આ વ્યાખ્યા સંપૂર્ણ નથી. કેટલીક વહેંચણીઓ જે સામાન્ય રીતે ડિવિડન્ડ નથી તેનો આવકવેરાના હેતુ માટે ડિવિડન્ડની વ્યાખ્યામાં સમાવેશ કરેલ છે. તેથી આ વ્યાખ્યા એક સમાવેશી વ્યાખ્યા છે. જે મુજબ ડિવિડન્ડમાં નીચે જણાવેલ માની લીધેલ ડિવિડન્ડનો પણ સમાવેશ કરવામાં આવે છે :

એવી કોઈ પણ વહેંચણી કે જે,

(i) કંપની એ એકત્રિત કરેલ નફામાંથી કરેલ હોય, પછી ભલે તે મૂડીકૃત હોય કે ન હોય; જે કંપનીની મિલકત અથવા તો તેનો કોઈ ભાગ દ્વારા શૅરહોલ્ડરને મળતો હોય. (જેમાં બોનસ શેરનો સમાવેશ થતો નથી)

(ii) કંપની દ્વારા શૅરહોલ્ડરને વ્યાજ સહિત કે વ્યાજ વગર વહેંચેલ ડિબેન્ચર્સ, ડિબેન્ચર સ્ટૉક કે ડિપોઝિટ સર્ટિફિકેટ;

(iii) કંપની દ્વારા પ્રૅફરન્સ શૅરહોલ્ડરને એકત્રિત કરેલ નફામાંથી વહેંચેલ બોનસ શેર.

(iv) ફડચામાં ગયેલ કંપની દ્વારા ફડચાની તારીખ પહેલાંના ભેગા થયેલ નફામાંથી શૅરહોલ્ડરને કરેલ વહેચણી;

(v) કંપની દ્વારા એકત્રિત કરેલ નફામાંથી મૂડી ઘટાડો કરવાના આશયથી મૂડી પરત કરવામાં આવેલ રકમ;

<u>અપવાદ:</u>

(i) જે શૅરહોલ્ડરે પૂરેપૂરો અવેજ આપીને શેર મેળવ્યા હોય, તે શૅરહોલ્ડર એ પૂરેપૂરો રોકડ અવેજ આપીને શેર મેળવ્યા હોય અને તે શૅરહોલ્ડરને વિસર્જન વખતે વધારાની મિલકતોમાં ભાગ લેવાનો હક ન હોય તો તેમને કરેલ વહેંચણીને ડિવિડન્ડ ગણી શકાશે નહી.

(ii) જાહેર જનતાને જેમાં સંગીન હિત ન હોય તેવી કંપનીઓ ઓછામાં ઓછા 10% મતાધિકાર ધરાવતા શૅરહોલ્ડરને કોઈ પણ રકમ લોન અથવા અગાઉથી નાણાં ધીરેલ હોય અથવા તો શૅરહોલ્ડરને અંગત કાર્ય માટે તેમના વતી બીજાને નાણાં આપેલ હોય તો તેવી કંપનીઓના એકત્રિત કરેલ નફાની મર્યાદા સુધી ઉપર જણાવ્યા મુજબની કોઈ પણ પ્રકારે વહેંચાયેલ રકમ માની લીધેલ 'ડિવિડન્ડ' ગણવામાં આવે છે. પરંતુ નાણાં ધીરવાનું કામ કરતી કંપની દ્વારા આવા શૅરહોલ્ડરને અપાયેલ લોન કે એડવાન્સ ડિવિડન્ડ ગણી શકાશે નહીં.

આવકવેરા ધારા 1961ની કલમ 10 (33) પ્રમાણે રહીશ શેરહોલ્ડર્સની દૃષ્ટિએ ભારતીય કંપની પાસેથી મળતી ડિવિડન્ડની આવકથી કરમુક્ત ગણાય છે. વિદેશી કંપની પાસેથી મળેલ ડિવિડન્ડ 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે. આવી ડિવિડન્ડની આવક, આકારણી વર્ષે 2003-04માં કરપાત્ર બનાવવામાં આવી હતી પરંતુ ફરીથી આકારણી વર્ષે 2004-05 થી કરમુક્ત જાહેર કરવામાં આવી છે.

હાલમાં આપણે આકારણી વર્ષ 2021-22ને લગતી જોગવાઈઓનો અભ્યાસ કરવાનો છે, તેથી પાછલું વર્ષ 2020-21 દરમિયાન ભારતીય કંપની પાસેથી રહીશને મળેલ ડિવિડન્ડની આવક કરમુક્ત છે.

## 2.11 કંપની

કંપનીધારા 2013 હેઠળ નોંધાયેલી અને ભારતના કોઈ પણ સ્થળે જેની રજેસ્ટર્ડ ઓફિસ આવેલી હોય તેને ભારતીય કંપની કહે છે.

જો કે આવકવેરા ધારાની કલમ 2(17) પ્રમાણે "કંપની" શબ્દમાં નીચેનાનો સમાવેશ થાય છે -

(i) ભારતીય કંપની;

(ii) વિદેશી કંપની ધારા હેઠળ સ્થપાયેલી કોઈ પણ કંપની;

(iii) એવું મંડળ કે સંસ્થા કે જેની ભારતીય આવકવેરા ધારા 1922 હેઠળ કંપની તરીકે આકારણી થઈ હોય કે આકારણી થવાને પાત્ર હોય.

ભારતમાં સ્થપાયેલ કે બિન ભારતીય સંસ્થા કે મંડળ, જેને CBDT એ સામાન્ય કે ખાસ આદેશ દ્વારા કંપની જાહેર કરેલ હોય.

## 2.12 કરચોરી (Tax Evasion)

દુનિયામાં કોઈ પણ એવો શખ્સ હોતો નથી કે જેને કરવેરા ભરવાનું પસંદ હોય કેમ કે દરેક વ્યક્તિને એવું લાગે છે કે પોતાની મહેનતના ફળનો ઘણો હિસ્સો સરકાર લઈ જાય છે. વિશેષ એવી પરિસ્થિતિમાં જ્યારે કરદાતાને પોતે ભરેલ કરવેરા પ્રમાણે દેશમાં સગવડો મળતી નથી તેમ લાગ્યા કરતું હોય. તેથી કરવેરા બચાવવા માટે કરદાતા કરચોરીનો રસ્તો અપનાવે છે. મોટા ધંધાર્થીઓ કે મોટા વ્યવસાયિકો પણ કરચોરી કરવામાં પાછળ નથી, તો પછી એક સામાન્ય વ્યક્તિ કે જે પગારદાર હોય કે નાનો ધંધો કરતો હોય તેની પાસેથી સંપૂર્ણ પ્રમાણિક રીતે કરવેરા મળી રહે છે તે કેવી રીતે કહી શકાય. દરેક શખ્સ પોતાને ચૂકવવો પડતો કરવેરા ઓછામાં ઓછો કે નહિવત રહે તેવું જ ઇચ્છે છે. પરંતુ જ્યારે કોઈ શખ્સ પોતાને ભરવાનો થતો કરવેરા પ્રમાણિક રીતે આવકો છૂપાવીને કે ખોટા ખર્ચા બતાવીને કે જાણી જોઈને આવકવેરા કાયદાના નિયમોનો ભંગ કરવો કે પછી કપાત મળવા યોગ્ય ખોટા રોકાણો બતાવીને કરવેરાની ચુકવણી કરતો નથી ત્યારે તેને કરવેરાની ચોરી માનવામાં આવે છે.

*"કર ઓછો કે નહીં ભરવાની દાનતથી ગેરકાયદેસર રીતે કરદાતા દ્વારા કરવામાં આવતા યુક્તિ - પ્રયુક્તિને કરચોરી કહે છે."*

કરચોરીની પ્રવૃત્તિ એ ફક્ત ગેરકાયદેસર જ નહિ, પરંતુ અનૈતિક, અસામાજિક અને રાષ્ટ્ર વિરોધી પણ છે. જ્યારે આવકવેરા સત્તાધીશો આવી કરચોરી શોધી કાઢવા માટે તપાસ હાથ ધરે છે, તે પ્રવૃત્તિને છાપો મારવો કે દરોડો પાડવો કે Income Tax Raid કહેવાય છે. અને

આવી તપાસના અંતે જો કરદાતા કસૂરવાર ઠરે તો તે શિક્ષાને પાત્ર બને છે. આ માટે આવકવેરાના કાયદામાં અલગ-અલગ 40 કલમો - પેટાકલમો હેઠળ દંડથી લઈ 7 વર્ષની કેદ સુધીની જોગવાઈઓ આપેલી છે. જેથી દરેક કરદાતાએ કરચોરીની પ્રવૃત્તિથી દૂર રહેવું ખૂબ જ જરૂરી છે.

કરચોરી વધવા માટે નીચેના કારણો મુખ્ય માનવામાં આવે છે :

(1) કરવેરાના વધુ પડતાં ઊંચા દર

(2) કરવેરાના કાયદાની જોગવાઈઓની સરળ સમજણમાં પડતી મુશ્કેલી

(3) ચોક્કસ સજાની જોગવાઈનો અભાવ

(4) પૂરતી માર્ગદર્શિકા કે વિજ્ઞાપનનો અભાવ

(5) નાગરિકોમાં જોવા મળતી અનૈતિકતા તેમજ મનોવૈજ્ઞાનિક પરિબળો

(6) રાજકીય પાર્ટીઓનાં લાભ માટે કાયદામાં કરવામાં આવતા ફેરફારો

(7) ભ્રષ્ટાચાર તેમજ લાંચ જેવી પ્રવૃત્તિની આવકવેરા સત્તાધીશોમાં હાજરી

## 2.13 કર પરિવર્જન (Tax Avoidance)

જ્યારે કરદાતા કરવેરામાં રહેલી ખામીઓ કે છટકબારીઓનો લાભ ઉઠાવી ઓછામાં ઓછો કરવેરો ભરે પડે ત્યારે તેવી પ્રયુક્તિને કર પરિવર્જન કહેવામાં આવે છે.

ટૂંકમાં કહીએ તો, *“કાયદાની જોગવાઈઓનો ભંગ કર્યા વિના કર ઓછો ભરવાની પ્રયુક્તિ એટલે કર પરિવર્જન.”*

જ્યારે કરદાતા પોતાના પરનાં કરવેરાનો બોજો ઘટાડવા માટે કાયદામાં રહેલી જોગવાઈઓનો કાયદાની મર્યાદામાં રહીને ઉપયોગ કરે છે તેને કર પરિવર્જન કહેવામાં આવે છે. અહીં કરદાતા કાયદાનો ચુસ્તપણે અમલ તો કરે છે. પરંતુ તેનો ઉદ્દેશ કાયદાના હેતુથી વિરુદ્ધનો હોય છે. આ માટે નીચે જણાવેલ પ્રયુક્તિઓનો કરદાતા વધુ પ્રમાણમાં ઉપયોગ કરતાં જોવા મળે છે.

(1) એવી યુક્તિઓ કે જેમાં કાયદાનો મૂળભૂત હેતુ જ સિદ્ધ ન થતો હોય.

(2) હકીકતની ગેરરજૂઆત કરી હોય.

(3) દંભી કે આભાસી યુક્તિઓનો પ્રયોગ

**<u>અસર:</u>**

(1) કર પરિવર્જનનાં ઉપયોગથી દેશમાં આવકની અસમાનતા વધે છે.

(2) કાળા નાણાંનું પ્રમાણ વધે છે.

(3) ફુગાવાનો દર વધે છે.

(4) દેશના અર્થતંત્રને નુકસાન થાય છે.

(5) બુદ્ધિશાળી વ્યવસાયિકો પોતાની બુદ્ધિ દેશહિતમાં નહીં પરંતુ અસીલ કરદાતાનાં હિતમાં વાપરે છે.

(6) સમાજના નૈતિક મૂલ્યોને ખૂબ જ મોટી હાનિ થાય છે.

## 2.14 કર આયોજન (Tax Planning)

*"જ્યારે કરદાતા દ્વારા આવકવેરા કાયદાના હાર્દને અનુસરીને, કાયદાની જોગવાઈમાં રહીને કાયદા મુજબ મળવાપાત્ર કપાતો, રાહતો, છૂટ-છાટો કે કરમુક્તિનો લાભ લેવાના હેતુથી આગોતરું આયોજન કરવામાં આવે છે તેને કરવેરા આયોજન કહે છે."*

કરવેરાનું આયોજન એ કાયદાના હાર્દ મુજબ કાયદેસર રીતે કરદાતા દ્વારા નૈતિકતા પૂર્વક કરપાત્ર આવક ઓછી કરવાના ઈરાદાથી કરવામાં આવતી પ્રયુક્તિ હોવાથી તે સંપૂર્ણ પણે કાયદેસર છે. કરવેરાનું આયોજન કરી સાચી અને વાજબી રીતે કરબોજ ઘટાડવાનો અધિકાર દરેક કરદાતાને છે કારણ કે અહિ કરદાતા કોઈ પણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ વિના પોતાના નાણાકીય વ્યવહારોની એવી રીતે ગોઠવણી કરે છે કે જેથી તેને ઓછામાં ઓછો કર ચૂકવવો પડે. કરવેરા આયોજનને કાયદાની ચાર દીવાલોની અંદર કરવામાં આવતું નૈતિકતા પૂર્વકનું કાર્ય ગણવામાં આવે છે તેથી જ તેને કર પરિવર્જન તરીકે ઓળખી શકાય નહીં.

**<u>કરવેરા આયોજન કુલ ચાર પ્રકારે કરવામાં આવે છે :</u>**

(1) લાંબા-ગાળાનું કરવેરા આયોજન

(2) ટૂંકા-ગાળાનું કરવેરા આયોજન

(3) કાયદા દ્વારા પરવાનગી હોય તેવું કર આયોજન

(4) હેતુલક્ષી કરવેરા આયોજન

**<u>કરવેરા આયોજનની અસર/મહત્ત્વ :</u>**

(1) કાયદામાં રહીને કર ઓછો કરવાની કાયદેસરની પ્રયુક્તિ

(2) કરબોજ મા ઘટાડો કરી શકાય છે.

(3) રાષ્ટ્ર મા કાળા નાણાંનું અસ્તિત્વ નાશ પામે છે.

(4) ફુગાવાનો દર જળવાય છે.

(5) દેશમાં આર્થિક સ્થિરતા જળવાય છે.

(6) કાનૂની વાદ-વિવાદ ઘટવાથી, ટ્રિબ્યુનલ કે અદાલતી કેસ ઘટે છે.

(7) ભ્રષ્ટાચાર તેમજ લાંચ જેવા દૂષણોને સમાજમાંથી દૂર કરી શકાય છે.

**<u>કરવેરા આયોજનમાં કરદાતા સામાનય રીતે નીચે પૂર્વકનું આયોજન વધુ કરતાં જોવા મળે છે :</u>**

(1) રહેઠાણના દરજ્જો નક્કી થાય તેના માટે આયોજન

(2) આવકવેરા કાયદાની કલમ 80 હેઠળ મળતી કપાતો વિશે જાણીને તેમાં લાભ લેવાનાં હેતુથી અગાઉથી કરેલ રોકાણ જેમ કે જીવન વીમા પ્રીમિયમ, મેડિક્લેઈમ, ઘરભાડા ભથ્થું, બાળકોની ટ્યૂશન ફી, 5 વર્ષથી વધુ મુદત માટે બાંધી મુદતની થાપણ, પબ્લિક પ્રોવિડન્ડ ફંડ મા રોકાણ વગેરે.

(3) આ ઉપરાંત પગારદાર વ્યક્તિને ₹ 25,000 સુધીના સામાન્ય મેડિકલ ખર્ચા કરવેરા, ₹ 9,600 સુધીનું વાહન ભાડામાંથી બાદ મળે છે.

(4) આવકવેરા કાયદા હેઠળની કરમુક્ત આવકો તપાસીને તેમાં કરવામાં આવતું રોકાણ જેમ કે શેર પર મળતું ડિવિડન્ડ.

(5) મૂડી નફામાં સગીરના નામે થતાં મૂડી નફામાં અમુક છૂટ-છાટો મળી શકે છે.

(6) Special Economic Zone કે Trade Zone મા ઘણીવાર સરકાર દ્વારા ખાસ કપાતો અને રાહતો આપવામાં આવતી હોય છે.

**<u>કરચોરી, કર પરિવર્જન અને કર આયોજન વચ્ચેનો તફાવત :</u>**

| ક્રમ અને મુદ્દા | કરચોરી | કર પરિવર્જન | કર આયોજન |
|---|---|---|---|
| (1) અર્થ | કર ઓછો કે નહીં ભરવાની દાનતથી ગેરકાયદેસર રીતે કરદાતા દ્વારા કરવામાં આવતા યુક્તિ-પ્રયુક્તિને કરચોરી કહે છે. | કાયદાની જોગવાઈઓનો ભંગ કર્યા વિના કર ઓછો ભરવાની પ્રયુક્તિ એટલે કર પરિવર્જન. | જ્યારે કરદાતા દ્વારા આવકવેરા કાયદાના હાર્દને અનુસરીને, કાયદાની જોગવાઈમાં રહીને કાયદા મુજબ મળવાપાત્ર કપાતો, રાહતો, છૂટ-છાટો કે કરમુક્તિનો લાભ લેવાના હેતુથી આગોતરું આયોજન કરવામાં આવે છે તેને કરવેરા આયોજન કહે છે. |
| (2) હેતુ | કાયદાની ગેરરીતિઓને આદરીની કર ઘટાડવાનો હેતુ છે. | કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને કર ઘટાડવાનો હેતુ છે. | કાયદાની ચાર દીવાલોમાં રહી કર ઘટાડવાનો હેતુ છે. |
| (3) ફાયદો | સામાન્ય રીતે ફાયદારૂપ નથી પણ તે દંડ તેમજ ગુનાહિત પ્રવૃત્તિ છે. | ટૂંકા ગાળા માટે ફાયદા રૂપ છે. | લાંબા ગાળા માટે ફાયદારૂપ છે. |
| (4) કાયદામાં જોગવાઈ | કાયદા ને તોડવા-મરોડવા માટે આ પ્રયુક્તિનો ઉપયોગ કરવેરામાં આવે છે. | કાયદાની ખામીઓ, ત્રુટિઓ તેમજ છટક બારીઓનો ઉપયોગ થાય છે. | કાયદામાં કર આયોજનની સંપૂર્ણ જોગવાઈ કરવામાં આવેલી છે. |
| (5) પ્રવૃત્તિ | ચોરીની પ્રવૃત્તિ | સટ્ટાખોરીની પ્રવૃત્તિ | કર બચાવનારી પ્રવૃત્તિ |
| (6) જરૂરિયાત | પ્રતિબંધિત | પરિવર્જનની જરૂરિયાત | ઈચ્છિત જરૂરિયાત |
| (7) કાયદેસર | બિલકુલ અનૈતિક અને કાયદેસર છે | કાયદેસર છે પરંતુ અનૈતિક છે. | કાયદેસર તેમજ નૈતિક છે. |

## 2.15 ચાવીરૂપ શબ્દો (Key Words)

**• મહેસૂલ :**

મહેસૂલ એ પણ કરનો જ એક પ્રકાર છે જે જમીન સાથે સંકળાયેલ છે. જ્યારે કોઈ વ્યક્તિ પાસેથી રાજ્ય કે રાષ્ટ્રની જમીનનો ઉપયોગ કરવા બદલ કરવેરા ઉઘરાવવામાં આવે છે તેને મહેસૂલ કર તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન દરમ્યાનથી જ 'જે. ટોડરમલ' દ્વારા ઈ.સ.1582માં મહેસૂલ નીતિ તૈયાર કરવામાં આવી હતી.

**• ખેતીવાડી પ્રક્રિયા :**

ખેતીવાડીની પ્રક્રિયા એટલે જે પ્રક્રિયા દ્વારા જમીનમાં ખેતી કરવાના કારણે કોઈ પણ છોડ કે ઝાડના અંકુર ફૂટે છે. જેમાં ખેતરનું ખેડાણ કરવું, બિયારણની વાવણી કરવી, ક્યારા બનાવવા, વાડ બનાવવી, જરૂરી તડકા-પાણીની વ્યવસ્થા કરવી વગેરે કાર્યોમાં કરેલ શારીરિક તેમજ બૌદ્ધિક શ્રમનો સમાવેશ થાય છે.

**• અંશતઃ ખેતી :**

ઘણા પ્રકારની ખેતી એવી હોય છે કે જેને સંપૂર્ણ ખેતીની આવક ગણી શકાય નહીં કારણ કે તેમાં ખેતીની પ્રક્રિયા ઉપરાંત મશીન કે હાથ પ્રક્રિયા સામેલ હોય છે. આવી ખેતી અંશતઃ ખેતી તરીકે ઓળખાય છે.

**• મૂળ સ્થાનેથી કર કપાત (Tax Deduction at Source) :**

આવકવેરા વિભાગ દ્વારા કરવેરાના અસરકારક પાલન માટે મૂળ સ્થાનેથી કર કપાતને લાગુ કરવામાં આવેલ છે. જ્યારે પણ કોઈ શખ્સ દ્વારા ભાડા, કમિશન, વ્યાવસાયિક ફી, પગાર, વ્યાજ વગેરેની ચુકવણી વખતે જે અગાઉથી જે કુલ ચૂકવવા પાત્ર રકમમાંથી કર કાપી લેવામાં આવે છે તેને મૂળ સ્થાનેથી કર કપાત (TDS - Tax Deduction at Source) કહે છે.

દા.ત. જો કોઈ કરદાતાની વ્યાવસાયિક આવક પાછલા વર્ષમાં ₹ 30,000 થી વધુ હોય તેના પર 7.5%ના દરે TDS કાપી લેવામાં આવે છે.

**• હિન્દુ અવિભક્ત કુટુંબ :**

એક હિન્દુ, બૌદ્ધ, જૈન કે શીખ પરિવારના સભ્યો એકઠા થઈને HUFની રચના કરી શકે છે. HUF એ સભ્યોથી અલગ પ્રકારનો કાયદા હેઠળનો શખ્સ છે. તેનું પોતાનું અલગ PAN પણ હોય છે અને તેની કુલ આવક પર સભ્યોની આવક કરતાં અલગથી કરવેરા ભરવો જરૂરી બને છે.

**• શખ્સોનું મંડળ (Association of Persons) :**

જ્યારે બે કે વધુ શખ્સો કોઈ સમાન હેતુ માટે અને આવક મેળવવા માટે જોડાય છે. આ માટે કુદરતી વ્યક્તિઓનું જ હોવું જરૂરી નથી કોઈ પણ કંપની કે કૃત્રિમ વ્યક્તિ પણ વ્યક્તિઓના સમૂહમાં જોડાઈ શકે છે. પરંતુ તેનો ઈરાદો કોઈ ભાગીદારી કરી ભાગીદારી પેઢીની સ્થાપનાનો હોતો નથી.

**• વ્યક્તિઓનો સમૂહ (Body of Individuals) :**

જ્યારે ફક્ત કુદરતી વ્યક્તિઓ જ કાયદા હેઠળ સંયુક્ત રીતે વહીવટ કરવાના ઈરાદાથી જોડાય છે. દા.ત. કોઈ વિધવા દ્વારા પોતાન માટે કે સંતાનો વતી ધંધો ચલાવવામાં આવે તો તેની આકારણી વ્યક્તિઓના સમૂહ તરીકે થઈ શકે છે.

**● આકારણી વર્ષ :**

"જે વર્ષ દરમિયાન કરદાતાની પાછલા વર્ષની આવકની આકારણી કરવામાં આવે છે, તેને આકારણી વર્ષ કહે છે." આકારણી વર્ષને 'મહેસૂલી વર્ષ' કે 'કરવેરાનું વર્ષ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**● પાછલું વર્ષ :**

"પાછલું વર્ષ એટલે એ વર્ષે કે જે વર્ષે આકારણી કરવાની હોય તેની તરત અગાઉનું તા. 31મી માર્ચના રોજ પૂરું થતું વર્ષે."

**● શખ્સ :**

*શખ્સ એટલે આવકવેરો ભરવા માટે જવાબદાર દરેક વ્યક્તિ.* જેની યાદી આવકવેરા વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. આ પરિભાષામાં કુદરતી વ્યક્તિ ઉપરાંત કાયદાદ્વારા અસ્તિત્વમાં આવેલા અન્ય પ્રકારના વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

**● કર પરિવર્જન :**

*"કાયદાની જોગવાઈઓનો ભંગ કર્યા વિના કર ઓછો ભરવાની પ્રયુક્તિ એટલે કર પરિવર્જન."* જ્યારે કરદાતા કરવેરામાં રહેલી ખામીઓ કે છટકબારીઓનો લાભ ઉઠાવી ઓછામાં ઓછો કરવેરો ભરવો પડે ત્યારે તેવી પ્રયુક્તિને કર પરિવર્જન કહેવામાં આવે છે.

## 2.16 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)

(1) નીચેનામાંથી કઈ કલમ હેઠળ આવકની વ્યાખ્યા આપવામાં આવેલ છે ?

(a) કલમ 2 (9) (b) કલમ 2 (24) (c) કલમ 2 (d) કલમ 3

(2) નીચેનામાંથી કઈ કલમ હેઠળ આકારણી વર્ષની વ્યાખ્યા આપવામાં આવેલ છે ?

(a) કલમ 2 (9) (b) કલમ 2 (24) (c) કલમ 2 (31) (d) કલમ 3

(3) નીચેનામાંથી કઈ કલમ હેઠળ પાછલા વર્ષની વ્યાખ્યા આપવામાં આવેલ છે ?

(a) કલમ 2 (9) (b) કલમ 2 (24) (c) કલમ 2 (31) (d) કલમ 3

(4) નીચેનામાંથી કઈ કલમ હેઠળ શખ્સની યાદી આપવામાં આવેલ છે ?

(a) કલમ 2 (9) (b) કલમ 2 (24) (c) કલમ 2 (31) (d) કલમ 3

(5) નીચેનામાંથી શેનો સમાવેશ શખ્સની યાદીમાં કરવામાં આવેલ છે ?

(a) કુદરતી વ્યક્તિ (b) હિન્દુ અવિભક્ત કુટુંબ

(c) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (d) ઉપર્યુક્ત બધા જ

(6) નીચેનામાંથી કઈ આવક એ આકસ્મિક આવકનું ઉદાહરણ નથી ?

(a) હરીફાઈની આવક (b) લોટરીની આવક

(c) વેઇટરને મળતી ટીપ (d) જુગાર કે સટ્ટાની આવક

(7) પાછલા વર્ષ 2020-21 માટે આકારણી વર્ષ કયું ગણાશે ?

(a) 2021-22 (b) 2019-20

(c) 2020નું સંપૂર્ણ વર્ષ (d) 2020-21 જ ગણાય

(8) નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(a) ગુજરાત ચૅમ્બર ઓફ કોમર્સ એ શખ્સોનું મંડળ છે.

(b) વડોદરા સ્પોર્ટ્સ ક્લબ એ શખ્સોનું મંડળ છે.

(c) શાહ બ્રધર્સ એ HUFનું ઉદાહરણ છે.

(d) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એક કૃત્રિમ રીતે સ્થાપયેલ કાયદેસરની સંસ્થા છે.

(9) નીચે આપેલ આવકો પૈકી કઈ આવક ખેતીની આવક નથી ?

(a) ખેતી માટે ઉપયોગમાં લેવાતી જમીનનું ભાડું

(b) ખેતીના પાકમાંથી મળેલ બિયારણના વેચાણની આવક

(c) ખેતીવાડીની પ્રક્રિયા દ્વારા મળેલ આવક

(d) વિદેશમાંથી મળતી ખેતીની આવક

(10) કલમ 2 (22) હેઠળ નીચેનામાંથી કઈ વ્યાખ્યા આપેલ છે ?

(a) ડિવિડન્ડની આવક (b) આકસ્મિક આવક

(c) શખ્સ (d) ખેતીની આવક

(11) નીચેનામાંથી કયા આકારણી વર્ષ માટે ડિવિડન્ડની આવક કરપાત્ર બનાવવામાં આવી હતી.

(a) કંપની એ એકત્રિત કરેલ નફામાંથી કરેલ કોઈ ભાગ

(b) ઈક્વિટી શૅરહોલ્ડરને વહેંચેલ બોનસ શેર

(c) કંપની દ્વારા પ્રેફરન્સ શૅરહોલ્ડરને એકત્રિત કરેલ નફામાંથી વહેચેલ બોનસ શેર

(d) કંપની દ્વારા શૅરહોલ્ડરને વહેંચેલ ડિબેન્ચર્સ

(12) નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ ફક્ત અનૈતિક જ નહીં પરંતુ ગેરકાયદેસર પણ છે ?

(a) કર આયોજન (b) કર પરિવર્જન (c) કરચોરી (d) કર સંચાલન

(13) નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ ફક્ત અનૈતિક છે પરંતુ કાયદેસર કરવામાં આવે છે ?

(a) કર આયોજન (b) કર પરિવર્જન (c) કરચોરી (d) કર સંચાલન

(14) નીચેનામાંથી કયું કારણ કરચોરીનું ઉદાહરણ નથી ?

(a) માહિતી છુપાવવી

(b) ખોટા ખર્ચા બતાવવા

(c) જાણી જોઈને કાયદાના નિયમોનો

(d) દંભી કે આભાસી યુક્તિઓનો પ્રયોગ ભંગ કરવો કરવો.

(15) કરવેરા આયોજન કુલ કેટલા પ્રકારે કરવામાં આવે છે ?

(a) એક જ (b) બે (c) ત્રણ (d) ચાર

# એકમ 3 કરમુક્ત આવકો

: રૂપરેખા :

3.1 પ્રસ્તાવના
3.2 કરમુક્તિ, કપાતો, રાહતો
3.3 સંપૂર્ણ કરમુક્ત આવકો (કલમ-10)
3.4 અંશતઃ કરમુક્ત આવકો
3.5 ચાવીરૂપ શબ્દો (Key Words)
3.6 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)
3.7 ટૂંકા પ્રશ્નો
3.8 વિસ્તારપૂર્વકના પ્રશ્નો

## 3.1 પ્રસ્તાવના :

પ્રત્યક્ષ કરવેરાએ કોઈપણ દેશના અર્થતંત્રની આવકનું મહત્ત્વનું સાધન માનવામાં આવે છે પરંતુ સાથે-સાથે દેશમાં નાણાંનો પ્રવાહ જળવાય તેપણ જોવું જરૂરી છે. અર્થતંત્રને ધબકતું રાખવા માટે નાણાંનો પ્રવાહ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. નાણાંનો પ્રવાહ જાળવવા ફક્ત આવક જ નહીં પરંતુ બચતો અને રોકાણો પણ જરૂરી છે. આ માટે સરકાર દ્વારા એવા પ્રયત્નો કરવામાં આવે છે કે કરદાતા દર વર્ષે પોતાનું કરભારણ ઓછું કરવા માટે પોતાની આવકમાંથી અમુક રકમ રોકાણમાં ખર્ચે. જો કરદાતા તેમ કરશે તો તે પોતાની કુલ ચોખ્ખી કરપાત્ર આવકમાં ઘટાડો કરી શકશે. આવકવેરાના કાયદા હેઠળ કરદાતાને પ્રોત્સાહન પૂરું પાડવા હેતુસર કપાતો, રાહતો અને કરમુક્તિ અંગેની જોગવાઈઓ આપવામાં આવેલ છે.

જોકે, હાલમાં જ નાણાં બિલ 2020 માં, નાણામંત્રીએ નવા કરવેરા રેજિમની દરખાસ્ત કરી છે જેમાં કરદાતાને કપાતોની માયાજાળમાંથી મુક્તિ આપાઈ છે. દરેક કરદાતા જો તે પોતાની આવક પર કરવેરો ભરવા માટે જવાબદાર થાય તો સ્વાભાવિક રીતે જ એવી રીતે કરવેરાનું આયોજન કરવાની ઈચ્છા રાખશે કે જેથી તેને ઓછામાં ઓછો કરવેરા ચૂકવવો પડે. જો કરદાતાને જૂની કરવેરા રેજિમ પ્રમાણે કરવેરા ઓછો ભરવાનો થતો હોય તો તેણે આ પ્રકરણમાં આપેલ કપાતો (Deductions), રાહતો અને કરમુક્તિ વિશેની સમજણ કેળવવી જરૂરી છે જેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

❖ **આવકવેરાના કાયદામાં જણાવ્યા મુજબ કરમુક્તિ બે પ્રકારની હોય છે.**

(1) સંપૂર્ણ કરમુક્તિ

(2) અંશતઃ કરમુક્તિ

આવકવેરાના કાયદામાં અમુક આવકોને સંપૂર્ણ કરમુક્ત જાહેર કરવામાં આવેલી છે જેની મોટા ભાગની માહિતી આવકવેરા કાયદાના પ્રકરણ 3 ની કલમ (10) માં આપેલી છે. કરદાતાએ આવકવેરા રિટર્ન ભરતી વખતે આવી કરમુક્ત આવકોનો કુલ ગ્રોસ આવક દર્શાવતી વખતે સમાવેશ કરવાનો રહેતો નથી.

કેટલીક આવકો, આવકવેરા કાયદાની મર્યાદામાં રહીને કરમુક્ત છે તેથી તેનો સમાવેશ અંશતઃ કરમુક્ત આવકોમાં કરવામાં આવે છે. કરદાતાની કુલ ગ્રોસ આવકમાંથી કાયદેસર રીતે મળી શકતી કેટલીક કપાતો અને રાહતો કરદાતાએ આવડવેરા રિટર્ન ભરતી વખતે અલગથી દર્શાવવી જરૂરી છે. એટલે કે કરદાતાએ કુલ ગ્રોસ આવક નક્કી કર્યા બાદ આવી કપાતોને અલગથી દર્શાવવી પડે છે. જો તે આવકવેરા કાયદા મુજબની મર્યાદામાં હશે તોજ કુલ કરપાત્ર આવકની ગણતરીમાં ધ્યાન લેવાશે નહીં તો તે કુલ ગ્રોસ આવકમાંથી બાદ મળશે નથી.

## 3.2 કરમુક્તિ, (Exemptions) કપાતો, (Deduction) રાહતો : (Reliefs)




## 3.3 સંપૂર્ણ કરમુક્ત આવકો (Fully Exempted Incomes) (કલમ-10)

આવકવેરા કાયદા હેઠળ સંપૂર્ણ કરમુક્ત આવકોએ કુલ આવકનો ભાગ ગણવામાં આવતી નથી (Incomes which do not form a part of total income). આવકવેરાના કાયદામાં નીચે જણાવેલી આવકો કરમુક્ત આવકોમાંની એવી જ આવકો ગણવામાં આવે છે.

**(1) ખેતીની આવક (કલમ-10) :-**

ખેતીની આવકની વ્યાખ્યા આગળના પ્રકરણ-૨ ''વ્યાખ્યાઓ''માં આપણે વિગતવાર જોઈ ચૂક્યા છીએ જે મુજબ,

(i) ભારતમાં આવેલી જમીન, જે ખેતીના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતી હોય તેમાંથી પ્રાપ્ત થતી આવક, મળતું ભાડું કે મહેસૂલની રકમ -

(ii) ખેતીની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતી આવક -

(iii) ખેતી વિષયક મકાનમાંથી મળતી આવક -

આ વ્યાખ્યામાં બંધ બેસતી દરેક આવકો સંપૂર્ણપણે કરમુક્ત ગણવામાં આવે છે.

**(2) HUF, ભાગીદારો, કંપની ની અમુક આવક :-**

- **(કલમ-10 (2)) : HUF** ના કોઈ સભ્ય તરીકે કોઈ વ્યક્તિને મળેલી રકમ અવિભક્ત કુટુંબની આવકમાંથી આપેલી હોવી જોઈએ.
- **(કલમ-10 (2A)) :** પેઢીની કુલ આવકમાંથી ભાગીદારના ભાગે આવતી આવક કે નફો સંપૂર્ણપણે કરમુક્ત છે. કારણ કે ભાગીદારી પેઢીએ આવકવેરાના કાયદા મુજબની અલગ અસ્તિત્વ ધરાવતી વ્યક્તિ છે તેથી તે અલગ કરદાતા તરીકે ગણાય છે.

**(3) બિન રહીશ અને વિદેશી નાગરિકની આવક (કલમ-10 (4) & (5)) :-**

**(i) બિન રહીશને મળતી વ્યાજ કે પ્રીમિયમની આવક (કલમ-(2)) :-**

ભારતીય નાગરિક અથવા મૂળ ભારતીય વંશજ હોય તેવી વ્યક્તિએ જો વિદેશી હૂંડિયામણ સંચાલન દ્વારા (FEMA - Foreign Exchange Management Act) હેઠળ પરદેશમાં વિદેશી હૂંડિયામણ મોકલીને જો બિન રહીશ તરીકે કેન્દ્ર સરકારે જાહેર કરેલ બચત પ્રમાણપત્ર પર મળતી વ્યાજની આવક અને બચત મુદ્દત પૂર્ણ થયે મળતી પ્રીમિયમની રકમ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય છે.

**(ii) વિદેશી નાગરિકને મળતી અમુક આવકો (કલમ-(6)) :-**

- **(કલમ-(6) (ii)) :-** વિદેશ રાજદ્વારી કે દૂતાવાસો કે જે કે વિદેશી સરકારી એમ્બેસી કે કોન્સોલ કચેરીના ઉચ્ચ અધિકારી કે કર્મચારી તરીકે દેશમાં કાર્ય કરે છે તેઓને મળતું વેતન.
- **(કલમ-(6) (vi)) :-** વિદેશી સાહસમાં કાર્ય કરનાર કર્મચારીને મળતું વેતન (જો તે ભારતમાં ધંધો કે વેપાર કરતું ન હોય અને તે ભારતમાં પાછલા વર્ષ દરમિયાન 90 કે તેથી વધુ દિવસ માટે રહ્યા ન હોય).
- **(કલમ-(6) (viii)) :-** વિદેશી વહાણ પર કાર્ય કરવા બદલ ભારતીય બિનરહીશને મળતો પગાર (ભારતમાં પાછલા વર્ષ દરમિયાન 90 કે તેથી વધુ દિવસ માટે રહ્યા ન હોય),
- **(કલમ-(6) (xi)) :-** વિદેશી સરકારના તાલીમાર્થી વ્યક્તિને ભારત સરકાર તરફથી કે સરકારી કોઈપણ સંસ્થા અથવા કંપની તરફથી મળેલ મહેનતાણું.

**(4) ભારતીય નાગરિક ની આવક (કલમ-10 (7), (8) & (9)) :-**

- **(કલમ-(10) (5)) :-** રજા મુસાફરી રાહત (LTC - Leave Travel Concession) જેઓ કોઈપણ ભારતીય નાગરિક વ્યક્તિ પોતે કે પોતાના કુટુંબ (વ્યક્તિની પત્ની/પતિ,

બાળકો, આશ્રિત, માતા-પિતા કે ભાઈ-બહેન) સાથે ભારતના કોઈપણ સ્થળે રજાઓ ગાળવા માટે જાય, અને તેના માલિક દ્વારા તે વ્યક્તિ એ કરેલ મુસાફરી ખર્ચ પેટે ભાડું કે અમુક રકમ ચુકવવામાં આવે તો આવું મળે ભાડું કે ભાડામાં મળેલ રાહત.

- **(કલમ-(10) (7))** :- વિદેશ ભથ્થું કે વિદેશમાં મળતી સવલતો :- જો કોઈ ભારતીય નાગરિક વ્યક્તિને વિદેશમાં સેવા પૂરી પાડવા બદલ ભારતીય સરકાર દ્વારા કોઈ ભથ્થું ચૂકવવામાં આવતું હોય કે કોઈ સવલત પૂરી પાડવામાં આવતી તો તેવું મળેલ ભથ્થું કે સવલત.
- **(કલમ-(10) (8))** :- વિદેશી સરકાર અને ભારત સરકાર વચ્ચેના સહકારી ટેકનિકલ મદદના કાર્યક્રમ હેઠળ ભારતમાં નોકરી કરનાર વ્યક્તિને વિદેશી સરકાર તરફથી મળતું મહેનતાણું, તેમજ ભારત બહાર લેણી થતી અને ઉપજતી આવક જેના પર તેણે વિદેશી સરકારને આવકવેરો કે સામાજિક સલામતી વેરો.
- ભારતીય બિન-રહીશ વ્યક્તિને માન્ય આંતરરાષ્ટ્રીય એજન્સી સાથે ભારત સરકારે કરેલ સમજૂતી હેઠળ સલાહકાર તરીકે મળતું મહેનતાણું તેમજ અન્ય આવકો.
- **(કલમ-(10) (9))** :- ઉપર્યું ક્ત શરત હેઠળ સલાહકાર વ્યક્તિ સાથે આવેલ અન્ય કર્મચારી તથા કુટુંબના સભ્યની આવક.

**(5) પગારની આવકમાં સમાવિષ્ટ કર્મચારીને મળતી અમુક આવક :-**

- **(કલમ-(10) (10))** :- ગ્રેચ્યુઈટી - સરકારી કર્મચારીને તેમની નિવૃત્તિ સમયે કે તેના કારયદેસરના વારસદારોને તેમના મૃત્યુ પછી મળતી ગ્રેચ્યુઈટીની રકમ સંપૂર્ણપણે કરમુક્ત છે. જો કે આમાં કાનૂની કોર્પોરેશનના કર્મચારી નો સમાવેશ થતોં નથી.
- **(કલમ-(10) (10 AA))** :- હકની રજાઓની અવેજમાં મળતો પગાર :- સરકારી કર્મચારીને એકઠી થયેલી રજાઓના અવેજમાં રોકડમાં મળતો પગાર કરમુક્ત ગણાય છે.
- **(કલમ-(10) (10 BB))** :- 1947ના ઔદ્યોગિક ઝઘડાના કાયદા હેઠળ, ભોપાલ ગેસ દુર્ઘટનાના પીડિત કામદાર વ્યક્તિને મળેલ રકમ.
- **(કલમ-(10) (10 BC))** :- કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા કુદરતી કે માનવસર્જિત કારણોસર ઉદ્ભવેલ હોનારત કે દુર્ઘટના માટે મળેલ વળતરની રકમ.
- **(કલમ-(10) (10 CC))** :- પગારદાર વ્યક્તિને મળતી રોકડ સિવાયની સવલતોનો લાભ કે જેના પર તેના માલિક દ્વારા કરવેરો ચૂકવી દેવામાં આવ્યો હોય તો માલિકે ચુકવેલ આવો કરવેરો સંપૂર્ણપણે કરમુક્ત ગણવામાં આવશે.
- **(કલમ-(10) (10 D))** :- LIC - જીવન વીમા પૉલિસીના અંતે મળતી બોનસ તેમજ વધારાની રકમ.
- **(કલમ-(10) (11))** :- 1925 ના પ્રોવિડન્ડ ફંડના કાયદા હેઠળ લાગુ પડતાં ફંડમાંથી કે કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત અન્ય કોઈ પણ પ્રોવિડન્ડ ફંડમાંથી મળેલ રકમ.
- **(કલમ-(10) (11 A))** :- 1873ના સરકારી બચતો બેન્ક કાયદા હેઠળ સુકન્યા સમૃદ્ધિ ખાતા યોજનાના નિયમો, 2014 પ્રમાણે જો કોઈ વ્યક્તિએ ખાતામાંથી કોઈપણ

ચુકવણી કરી હોય તો તેવી રકમ અને તેમાંથી મળતું વ્યાજ તેમજ ઉપાડની કોઈપણ રકમ.

- **(કલમ-(10) (13))** :- માન્ય સુપરએન્યુએશન ફંડમાંથી મળતી રકમ
- **(કલમ-(10) (14))** :- કર્મચારીને નોકરીની ફરજો નિભાવવા બદલ આવશ્યક અન્ય કોઈ ખાસ પ્રકારના ભથ્થા કે લાભો કે જેનો સમાવેશ કલમ ૧૭માં થતોં ન હોય અને જે અંગે કેન્દ્ર સરકારે કરમુક્તિ જાહેર કરી હોય એવા લાભો કે ભથ્થા.

**(6) અમુક જામીનગીરીઓ પરનું વ્યાજ :-**

- **(કલમ-(10) (15))** :- આ કલમ હેઠળ કેન્દ્ર સરકાર કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ બહાર પડેલ બોન્ડ કે અધિસુચિત કરેલી નીચે જણાવેલી અન્ય જામીનગીરીઓ પરનું વ્યાજ સંપૂર્ણપણે કરમુક્ત છેઃ
- ટ્રેઝરી બચત થાપણોના સર્ટિફિકેટ્સ
- 1980ના રાષ્ટ્રીય સંરક્ષણ ગોલ્ડ બૉન્ડ્સ
- 1981ના ખાસ થાપણ યોજના
- 1991ના ખાસ બેરર બોન્ડ્સ
- પાંચ-વર્ષીય પોસ્ટઓફિસ રોકડ સર્ટિફિકેટ્સ
- દસ-વર્ષીય રાષ્ટ્રીય આયોજિત સર્ટિફિકેટ્સ
- બાર-વર્ષીય રાષ્ટ્રીય આયોજિત બચત સર્ટિફિકેટ્સ
- બાર-વર્ષીય રાષ્ટ્રીય બચત એન્યુઈટી સર્ટિફિકેટ્સ
- બાર / સાત-વર્ષીય પોસ્ટઓફિસ રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ્સ
- 7%ના મૂડી રોકાણ બોન્ડ્સ પરનું વ્યાજ
- 9%ના રાહત બોન્ડ્સનું વ્યાજ
- જાહેર કંપની દ્વારા બહાર પડેલ અધિસુચિત ડિબેન્ચર પરનું વ્યાજ
- સરકારી તેમજ જાહેર કંપનીના કર્મચારી દ્વારા નિવૃત્તિ સમય મળવાપાત્ર થતી રકમમાંથી જો કોઈ રકમ અધિસુચિત યોજના હેઠળ રોકવામાં આવે તો તેવી થાપણો પરનું વ્યાજ
- ભારતમાં વ્યવસાય નહીં કરતી વિદેશી બેન્ક દ્વારા ભારતની સૂચિત બેન્કમાં રોકવામાં આવેલ થાપણો પરનું વ્યાજ

**(7) શૈક્ષણિક સ્કોલરશીપ (કલમ-10 (16)) :-**

સરકાર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણના ખર્ચને પહોંચી વળવા માટે આપવામાં આવતી સ્કોલરશીપ કે ફ્રી-શિપ ની રકમ.

**(8) MP, MLA ને કરવામાં આવતી અમુક ચુકવણી (કલમ-10 (17)) :-**

લોકસભાના સભ્યો કે રાજ્યની ધારાસભાના સભ્યોને અથવા સંસદીય સમિતિના સભ્યોને મળતું દૈનિક ભથ્થું તેમજ રાજ્યો ની ધારાસભાના સભ્યોને મળતું મતવિસ્તાર માટેનું ભથ્થું સંપૂર્ણપણે કરમુક્ત છે.

**(9) પુરસ્કાર કે ઈનામો (કલમ-10 (17 A)) :-**

કેન્દ્ર કે રાજ્ય સરકારે સાહિત્ય, કળા, વિજ્ઞાન કે રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ એનાયત કરેલ પુરસ્કારની રોકડ રકમ કે વસ્તુ. આ ઉપરાતં કેન્દ્ર સરકારે માન્ય કરેલા વીરતા પુરસ્કાર કે રાજ્ય સરકાર દ્વારા વીરતા માટે એનાયત કરેલ રોકડ રકમ કે વસ્તુ.

- **(કલમ-(10) (18))** :- સૈનિકોને તેમની બહાદુરી માટે મળતો પુરસ્કાર કે પેન્શનની રકમ.
- **(કલમ-(10) (19))** :- સૈનિક કે અર્ધ-સૈનિકના ફરજ દરમિયાન થયેલ મૃત્યુ પછી તેમના બાળકો કે વારસદારોને સરકાર તરફથી મળતું કુટુંબ પેન્શન.

**(10) સ્થાનિક સત્તાવાળાઓ આવક : (કલમ-10 (20)) :-**

સ્થાનિક સત્તાવાળાઓ એટલે કે પંચાયત, મ્યુનિસિપાલિટી, જિલ્લા સમિતિ, કેન્ટોન્મેન્ટ બોર્ડ વગેરેની મકાન-મિલકત આવક, મૂડીનફાની આવક, અન્ય સાધનોની આવક તેમજ વેપાર કે ધંધાના પરિણામે ઉદ્ભવતી આવકો કરમુક્ત છે.

**(11) મૂડી નફાની અમુક રકમ (કલમ-10 (33)) :-**

યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના US-64 યોજના હેઠળના યુનિટોની તા.01-04-2002 પછી ફેરબદલીને પરિણામે થતોં મૂડીનફો કરમુક્ત ગણાય.

- **(કલમ-(10) (33))** :- યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના US-64 યોજના હેઠળના યુનિટોની તા.01-04-2002 પછી ફેરબદલીને પરિણામે થતોં મૂડીનફો કરમુક્ત ગણાય.
- **(કલમ-(10) (34A))** :- સ્થાનિક કંપની દ્વારા પુનઃખરીદી હેઠળ ખરીદી કરવામાં આવેલ શૅરના પરિણામે શૅરહોલ્ડર્સને મળતી આવક
- **(કલમ-(10) (37))** :- શહેરી વિસ્તારમાં આવેલી ખેતીની જમીન કે જે સરકાર કે સરકારની માન્ય કોઈપણ એજન્સી દ્વારા ફરજિયાત રીતે અધિગ્રહણ કરવામાં આવી હોય, તો તેવી જમીનમાંથી ઉપજતો લાંબા કે ટૂંકા ગાળાનો મૂડી નફો.
- **(કલમ-(10) (37 A))** :- જમીન એકત્રીકરણ યોજના હેઠળ નક્કી થયેલી ખાસ મૂડી-મિલકતોની ફેરબદલી કરવાથી ઉપજતી આવક.
- **(કલમ-(10) (43))** :- રિવર્સ ગીરો યોજના વ્યવહારના પરિણામે વ્યક્તિ મેળવેલ લોન કે હપ્તાની રકમ કે એકસામટી મળેલ રકમ.

**(12) અન્ય પરચુરણ આવકો (કલમ-(10) (26)) :-**

અનુસુચિત જનજાતિ (ST) ના કોઈપણ સભ્ય જે સરકારી નોકરીમાં ન હોય અને મણિપુર, ત્રિપુરા, નાગાલેન્ડ, અરુણાચલ, મિઝોરમ અને લદ્દાક કે ભારતીય સંવિધાન દ્વારા નક્કી થયેલી એવો કોઈપણ ખાસ પ્રદેશ કે વિસ્તારમાંથી મળતી આવક અને જામીનગીરી પર મળતું વ્યાજ કે ડિવિડન્ડની આવક.

- ભારતના સિક્કિમ રાજ્યમાં સ્થિતિ રહીશ વ્યક્તિને કોઈપણ સ્રોતમાંથી મળેલ કે મળવાપાત્ર આવક કે જામીનગીરી પર મળતું વ્યાજ કે ડિવિડન્ડ.
- **(કલમ-(10) (30))** :- 1953ના ચા કાયદા હેઠળ સ્થપાયેલી ટી બોર્ડ તરફથી ચા ના છોડની ફરીથી વાવણી કે હેરફેર કરવાના કાર્ય બદલ વ્યક્તિને મળેલ અનુદાનની રકમ.

- **(કલમ-(10) (31))** :- ચા ના ધંધા ઉપરાંત, કૉફી કે એલચી ની ફરીથી વાવણી કે રબરના ઉત્પાદનમાં કાર્ય કરતાં શખ્સને કાયદા હેઠળ સ્થપાયેલ જે-તે બોર્ડ તરફથી મળતી અનુદાનની રકમ.
- **(કલમ-(10) (35))** :- માન્ય મ્યુચ્યુઅલ ફંડના યુનિટની આવક
- **(કલમ-(10) (36))** :- શૅર-બજારમાં નોંધાયેલા કંપનીના ઈક્વિટી શૅરના વેચાણથી થતોં લાંબાગાળાનો નફો.
- **(કલમ-(10) (38))** :- આકારણી વર્ષ 2019-20 થી અમલમાં આવેલ કલમ 112Aમાં જણાવેલ નિયમો મુજબ, શૅર કે યુનિટના વેચાણથી ઉદ્ભવતો લાંબાગાળાનો મૂડી નફો.
- **(કલમ-(10) (39))** :- રમત-ગમત ક્ષેત્રે કેન્દ્ર સરકારની મંજૂરી લઈ ને ભાગ લેવા ગયેલ વ્યક્તિને કોઈપણ આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતા કે જે બે કે તેથી વધુ દેશો વચ્ચે યોજાયેલ હોય અથવા તો આ પ્રકારની તાલીમ કે મુલાકાત માટે આયોજન કરવામાં આવેલ હોય તો તેમાંથી મળતી આવક.
- **(કલમ-(10) (40))** :- ઊર્જા ક્ષેત્રે સંકળાયેલ ભારતીય કંપનીઓ તરફથી ઊર્જાના ઉત્પાદન માટે, તેના પ્રવાહન કે તેના વિતરણ સમયે મળતી ગ્રાન્ટ કે સબસિડી.
- **(કલમ-(10) (42))** :- કેન્દ્ર સરકાર દ્વારા સંધિ કરારથી અસ્તિત્વમાં આવેલી કે બનાવેલી કે નિમણૂક પામેલી કોઈપણ સંસ્થા, મંડળ કે તેના સત્તાધીશોની નક્કી થયેલી ખાસ પ્રકારની આવકો.
- **(કલમ-(10) (44))** :- ભારતીય ટ્રસ્ટ કાયદા 1882 અંતર્ગત આવેલ NPS ટ્રસ્ટને બદલામાં મળતી આવક.
- **(કલમ-(10) (45))** :- UPSC - Union Public Service Commission ના ચેરમેન કે સભ્યોને મળતી સવલતો કે ભથ્થાં સંપૂર્ણપણે કરમુક્ત ગણવા.
- **(કલમ-(10) (46))** :- કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી પામેલી કોઈપણ સંસ્થા, મંડળ કે તેના સત્તાધીશો કે જે વાણિજ્યક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ન હોય તેમની નક્કી થયેલી ખાસ પ્રકારની આવકો.
- **(કલમ-(10) (47))** :- ભારતીય માળખાગત વિકાસ માટે સૂચિત માળખાકીય (infrastructure) દેવા બોન્ડ પર મળતી આવક
- **(કલમ-(10) (47C))** :- ભારતીય વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ લિ. ને મળતી અમુક આવકો.

**(11) મૂડી નફાની અમુક રકમ (કલમ-10 (33))** :-

યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના US-64 યોજના હેઠળના યુનિટોની તા.01-04-2002 પછી ફેરબદલીને પરિણામે થતોં મૂડીનફો કરમુક્ત ગણાય.

- **(કલમ-(10) (34A))** :- સ્થાનિક કંપની દ્વારા પુનઃખરીદી હેઠળ ખરીદી કરવામાં આવેલ શૅરના પરિણામે શૅરહોલ્ડર્સને મળતી આવક
- **(કલમ-(10) (37))** :- શહેરી વિસ્તારમાં આવેલી ખેતીની જમીન કે જે સરકાર કે સરકારની માન્ય કોઈપણ એજન્સી દ્વારા ફરજિયાત રીતે અધિગ્રહણ કરવામાં આવી હોય, તો તેવી જમીનમાંથી ઉપજતો લાંબા કે ટૂંકા ગાળાનો મૂડી નફો.

- **(કલમ-(10) (37A))** :- જમીન એકત્રીકરણ યોજના હેઠળ નક્કી થયેલી ખાસ મૂડી-મિલકતોની ફેરબદલી કરવાથી ઉપજતી આવક.
- **(કલમ-(10) (43))** :- રિવર્સ ગીરો યોજના વ્યવહારના પરિણામે વ્યક્તિ મેળવેલ લોન કેપ્ટાની રકમ કે એકસામટી મળેલ રકમ.

**(12) અન્ય પરચુરણ આવકો (કલમ-10 (26))** :-

અનુસુચિત જનજાતિ (ST)ના કોઈપણ સભ્ય કે સરકારી નોકરીમાં ન હોય અને મણિપુર, ત્રિપુરા, નાગાલેન્ડ, અરુણાચલ, મિઝોરમ અને લદ્દાક કે ભારતીય સંવિધાન દ્વારા નક્કી થયેલ એવો કોઈપણ ખાસ પ્રદેશ કે વિસ્તારમાંથી મળતી આવક અને જામીનગીરી પર મળતું વ્યાજ કે ડિવિડન્ડની આવક.

- **(કલમ-(10) (30))** :- 1953ના ચા કાયદા હેઠળ સ્થાપેયલ ટી બોર્ડ તરફથી ચાના છોડની ફરીથી વાવણી કે હેરફેર કરવાના કાર્ય બદલ વ્યક્તિ મળેલ અનુદાનની રકમ.
- **(કલમ-(10) (31))** :- ચા ના ધંધા ઉપરાંત, કૉફી કે એલટી ની ફરીથી વાવણી કે રબરના ઉત્પાદનમાં કાર્ય કરતાં શખ્સને કાયદા હેઠળ સ્થપાયેલ જે-તે બોર્ડ તરફથી મળતી અનુદાન ની રકમ.
- **(કલમ-(10) (35))** :- માન્ય મ્યુચ્યુઅલ ફંડના યુનિટની આવક
- **(કલમ-(10) (36))** :- શૅર-બજારમાં નોંધાયેલા કંપનીના ઇક્વિટી શૅરના વેચાણથી થતોં લાંબાગાળાનો નફો.
- **(કલમ-(10) (38))** :- આકારણી વર્ષ 2019-20 થી અમલમાં આવેલ કલમ 112Aમાં જણાવેલ નિયમો મુજબ, શૅર કે યુનિટના વેચાણથી ઉદ્ભવતો લાંબાગાળાનો મૂડીનફો.
- **(કલમ-(10) (39))** :- રમત-ગમત ક્ષેત્રે કેન્દ્ર સરકારની મંજૂરી લઈ ને ભાગ લેવા ગયેલ વ્યક્તિને કોઈપણ આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતા કે જે બે કે તેથી વધુ દેશો વચ્ચે યોજાયેલ હોય અથવા તો આ પ્રકારની તાલીમ કે મુલાકાત માટે આયોજન કરવામાં આવેલ હોય તો તેમાંથી મળતી આવક.
- **(કલમ-(10) (40))** :- ઊર્જા ક્ષેત્રે સંકળાયેલ ભારતીય કંપનીઓ તરફથી ઊર્જાના ઉત્પાદન માટે, તેના પ્રવાહન કે તેના વિતરણ સમયે મળતી ગ્રાન્ટ કે સબસિડી.
- **(કલમ-(10) (42))** :- કેન્દ્ર સરકાર દ્વારા સંધિ કરારથી અસ્તિત્વમાં આવેલી કે બનાવેલી કે નિમણૂંક પામેલી કોઈપણ સંસ્થા, મંડળ કે તેના સત્તાધીશોની નક્કી થયેલી ખાસ પ્રકારની આવકો.
- **(કલમ-(10) (44))** :- ભારતીય ટ્રસ્ટ કાયદા 1882 અંતર્ગત આવેલ NPS ટ્રસ્ટને બદલામાં મળતી આવક.
- **(કલમ-(10) (45))** :- UPSC - Union Pblic Service Commission ના ચેરમેન કે સભ્યોને મળતી સવલતો કે ભથ્થાં સંપૂર્ણપણે કરમુક્ત ગણવા.
- **(કલમ-(10) (46))** :- કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી પામેલી કોઈપણ સંસ્થા, મંડળ કે તેના સત્તાધીશો કે જે વાણિજ્યક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ન હોય તેમની નક્કી થયેલી ખાસ પ્રકારની આવકો.

- **(કલમ-(10) (47))** :- ભારતીય માળખાગત વિકાસ માટે સૂચિત માળખાકીય (infrastructure) દેવા બૉન્ડ પર મળતી આવક.
- **(કલમ-(10) (48C))** :- ભારતીય વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ લિ. ને મળતી અમુક આવકો.

## 3.4 અંશતઃ કરમુક્ત આવકો :

**(1) ગ્રેચ્યુઈટી :-** બિનસરકારી કર્મચારીઓને મળેલ ગ્રેચ્યુઈટી વધુમાં વધુ ₹.20,00,000 સુધી કરમુક્ત છે.

**(2) રજા મુસાફરી ભથ્થું :-** બિનસરકારી કર્મચારીઓને મળેલ રજાઓની અવેજમાં રોકડમાં મળતો પગાર વધુમાં વધુ ₹.3,00,000 સુધી કરમુક્ત છે.

**(3) પેન્શન :-** બિનસરકારી ખાનગી કે ધંધાદારી પેઢીના કર્મચારીને મળતી એકસામટી પેન્શનની રકમ જો કર્મચારીને માલિક તરફથી સાથે ગ્રેચ્યુઈટી પણ મળી હોય તો પેન્શનની 1/3 રકમ જ કરમુક્ત ગણાશે અને જો કર્મચારીને માલિક તરફથી સાથે ગ્રેચ્યુઈટી મળી ન હોય તો પેન્શનની રકમ નો 1/2 ભાગ કરમુક્ત ગણાશે.

**(4) VRS ની રકમ :-** કેન્દ્ર કે રાજયના કાયદા હેઠળ સ્થપાયેલ કોઈપણ સત્તામંડળો, સંસ્થા કે કંપનીની નોકરીમાંથી જો કોઈપણ કર્મચારી સ્વૈચ્છિક નિવૃત્તિનો વિકલ્પ પસંદ કરે તો તે સમયે મળેલ કે મળવાપાત્ર થતી રકમ વધુમાં વધુ ₹.5,00,000 સુધી કરમુક્ત ગણવામાં આવે છે.

**(5) ઘરભાડા ભથ્થું :-** ખરેખર મળતું ઘરભાડું કે ખરેખર ચૂકવેલ ભાડામાંથી પગારના 10% કાપ્યા બાદ વધતું ભાડું અથવા તો પગારની 40% રકમ (ભાડે રાખેલ મકાન જો મુંબઈ, ચેન્નઈ, કોલકાતા કે દિલ્લીમાં હોય તો પગારની 50% રકમ)માંથી જે રકમ ઓછી હશે તેટલી જ કરમુક્ત ગણવામાં આવશે.

**(6) LIC તરફથી મળતી આવક :-** જો પોલિસીની અવધિ દરમિયાન કોઈપણ વર્ષ માટે ચૂકવવાપાત્ર પ્રીમિયમ વાસ્તવિક મૂડી રકમના 10%, 15% કે 20% કરતાં વધુ હોય તો અમુક શરતોને અધીન રહીને જ કરમુક્તિ મળી શકશે.

**(7) ખાસ ભથ્થા અથવા લાભ :-** 1947ના ઔદ્યોગિક ઝઘડાના કાયદા હેઠળ આવરી લેવાના કોઈપણ કાયદા મુજબ કામદારને મળતી વળતરની રકમ ₹.5,00,000ની મર્યાદામાં રહીને કરમુક્ત ગણાશે.

- લોકસભાના સભ્યો કે રાજયની ધારાસભાના સભ્યોને અથવા સંસદીય સમિતિના સભ્યોને મળતા અન્ય ભથ્થા (દૈનિક ભથ્થા સિવાયના)ની રકમ અમુક શરતોને અધીન કરમુક્ત છે.
- સરકારી કર્મચારીને તેના માલિક તરફથી મળતું મનોરંજન ભથ્થું વધુમાં વધુ ₹.5,000 સુધી કરમુક્ત છે. જો કે મનોરંજન ભથ્થું એક ખાસ કપાત ગણવામાં આવે છે. તેથી તેની રકમ ગ્રોસ પગારમાં સૌ પ્રથમ ઉમેરવામાં આવે છે અને ત્યારબાદ આ ભથ્થું ખાસ કપાસ તરીકે બાદ મળે છે. જયારે અન્ય ભથ્થાઓની ફક્ત કરપાત્ર રકમ જ ગ્રોસ પગારમાં ઉમેરવામાં આવે છે.

**(8) સગીર બાળકની આવકના જોડાણ વખતે મળતી કરમુક્તિ :-** જો સગીર બાળકની આવક માતપિતાની આવક સાથે જોડાયેલી હોય અને સગીરની આવક બાદ કરતાં જો તેમની કુલ આવક વધારે હોય તો સગીર બાળક દીઠ ₹.1500ની મર્યાદામાં કરમુક્ત છે.

**(9) NPS ટ્રસ્ટ તરફથી મળતી અમુક રકમ :-** NPS - National Pension Scheme હેઠળ જો કોઈ કર્મચારી પોતાના ખાતામાંથી આંશિક રકમ નો ઉપાડ કરે તો તેના પોતાના કુલ ફાળાના 25% રકમ સુધીનો ઉપાડ કરમુક્ત ગણાય.

**(10) ભેગી કરેલી રજાઓ પેટે મળેલ રકમ :-** બિનસરકારી કર્મચારીઓ ને ભેગી કરેલી રજાઓ પેટે મળેલી રકમ વધુમાં વધુ ₹.3,00,000 સુધી કરમુક્ત છે.

**(11) કેટલાંક વ્યક્તિને મળતું વ્યાજ (કલમ-10 (15)) :-** હેઠળ આવરી લેતી જામીનગીરીઓમાં પોસ્ટઓફિસ બચત ખાતામાં મળેલ વ્યાજ ₹.3,500 સુધી જો એકાકી વ્યક્તિ હોય તો અને જો જોઈન્ટ ખાતું હોય તો ₹.7,000 સુધીની મર્યાદામાં જ કરમુક્ત છે.

## 3.5 ચાવીરૂપ શબ્દો (Key Words) :

❖ **કપાતો (Deductions) :-**

સરકાર દ્વારા કરદાતા ને દર વર્ષે પોતાનું કરભારણ ઓછું કરવા માટે જે નક્કી કરેલા રોકાણ વિકલ્પોમાં, નક્કી કરેલી અવધિમાં રોકાણ કરવા બદલ નક્કી કરેલી રકમ તરીકે જે રાહત આપવામાં આવે છે. તેને આવકવેરા કાયદામાં કપાતો કહેવામાં આવે છે.

❖ **રાહતો (Reliefs) :-**

આવકવેરા કાયદામાં કરદાતા ને કરવેરા ભરવામાં અમુક સંજોગોમાં જે ફાયદો કરાવવાના હેતુથી જે સહાય કરવામાં આવે છે તેને રાહત કહે છે. દા.ત. જ્યારે કોઈ કરદાતાને તેના માલિક દ્વારા અગાઉથી કે બાકીનો પગાર ચુકવવામાં આવે તો તેવો પગાર વધારાનો ભરવાપાત્ર કરવેરામાંથી રાહત તરીકે બાદ મળે છે.

❖ **સંપૂર્ણ કરમુક્ત આવકો :-**

કરદાતાએ આવકવેરા રિટર્ન ભરતી વખતે આવી કરમુક્ત આવકોનો કુલ ગ્રોસ આવક દર્શાવતી વખતે સમાવેશ કરવો જરૂરી ન હોય તેવી આવકો એ સંપૂર્ણ કરમુક્ત આવકો તરીકે ઓળખવામાં આવે છે.

❖ **અંશતઃ કરમુક્ત આવકો :-**

કરદાતાની કુલ ગ્રોસ આવકમાંથી કાયદેસર રીતે મળી શકતી કેટલીક કપાતો અને રાહતો કરદાતાએ આવકવેરા રિટર્ન ભરતી વખતે અલગથી દર્શાવવી જરૂરી હોય છે. તેવી આવકો આવકવેરા કાયદાની મર્યાદામાં રહીને કરમુક્ત છે તેથી તેનો સમાવેશ અંશતઃ કરમુક્ત આવકોમાં કરવામાં આવે છે.

❖ **વળતર (Rebates) :-**

આવકવેરા કાયદા 1961 ના અનુસંધાને દર વર્ષે નાણાં બિલ પસાર કરવામાં આવે છે જેમાં આવકવેરા નો સ્લેબ નક્કી થાય છે. આ સ્લેબ મુજબ દરેક કરદાતા ને કરવેરો ભરવો પડે છે. જેમાં વ્યક્તિ શખ્સ ને કલમ 87/ હેઠળ જો તે વ્યક્તિ ની કુલ આવક 5,00,000થી વધુ ન હોય તો તેવી

વ્યક્તિ ને કરવેરામાંથી 100% મુક્તિ આપવા માટે વળતર ની જોગવાઈ કરવામાં આવી છે.

❖ **ગ્રેચ્યુઈટી (Gratuity) :-**

ગ્રેચ્યુઈટી એટલે અમુક વર્ષની નોકરી પછી કર્મચારી નોકરી છોડી જાય કે નિવૃત્ત થાય ત્યારે તેને માલિક તરફ થી આપવામાં આવતી એકસામટી રકમ.

❖ **ભથ્થા (Allowances) :-**

કર્મચારી ને તેના માલિક તરફથી મૂળ પગાર ઉપરાંત મળતી વધારા ની રકમ ને ભથ્થાં કહેવામાં આવે છે. જેમાં મોંઘવારી ભથ્થું, શહેરી રહેણાંક ભથ્થું, મેડિકલ ભથ્થું, ઘરભાડાં ભથ્થું જેવા ભથ્થાંઓનો સમાવેશ થાય છે.

❖ **અનુદાન (Subsidy) :-**

રાજ્ય અથવા જાહેર સંસ્થા દ્વારા વ્યક્તિ, ધંધા, વ્યવસાય કે ઉદ્યોગ ને કોઈ ચીજવસ્તુ અથવા સેવાની કિંમત ઓછી રાખવામાં મદદ કરવા માટે આપવામાં આવતી કુલ રકમને સબસિડી તરીકે ઓળખવામાં આવે છે.

## 3.6 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્ન ના એક કરતાં વધુ જવાબો આપેલ છે. પરંતુ તે પૈકી ફક્ત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ નક્કી કરવાનો છે. તેમ જ તેના સમર્થન માં જ્યાં જરૂર જણાય ત્યાં સમજૂતી રજૂ કરશો :

(1) જો કરદાતાએ સુકન્યા સમૃદ્ધિ યોજના માં રોકાણ કરેલ હોય, તો તેમાંથી મળતી રકમ__________ગણાશે.

(a) સંપૂર્ણ કરમુક્ત (b) અંશતઃ કરમુક્ત

(c) કપાત ને પાત્ર (d) કરપાત્ર

(2) ગોલ્ડ મુદ્રિકરણ યોજના, 2015 હેઠળ કરેલ રોકાણ પર નું વ્યાજ__________ ગણાશે.

(a) સંપૂર્ણ કરમુક્ત (b) અંશતઃ કરમુક્ત

(c) કપાત ને પાત્ર (d) કરપાત્ર

(3) સાહિત્ય એકેડેમી તરફથી કોઈ લેખકને મળેલ ઈનામ__________ગણાશે.

(a) સંપૂર્ણ કરમુક્ત (b) અંશતઃ કરમુક્ત

(c) કપાત ને પાત્ર (d) કરપાત્ર

(4) ખાનગી નોકરીમાં કાર્ય કરતાં કર્મચારીને મળતી ગ્રેચ્યુઈટીની રકમ કેટલી મર્યાદા સુધી જ કરમુક્ત હોય છે ?

(a) ₹. 2,00,000 સુધી (b) ₹. 5,00,000 સુધી

(c) ₹. 20,00,000 સુધી (d) ₹. 15,00,000 સુધી

(5) સરકારી કર્મચારીને એકસામટું મળેલ પેન્શનની કેટલી રકમ વધુમાં વધુ કરમુક્ત ગણાય છે ?

(a) 1/3 રકમ (b) 1/10 રકમ

(c) 1/2 રકમ (a) સંપૂર્ણ રકમ

(6) જો કોઈ કર્મચારી NPS હેઠળ તેના ખાતામાંથી આંશિક ઉપાડ કરવા ઈચ્છતો હોય, તો તે કેટલી રકમ નો ઉપાડ કરે તો કરમુક્ત ગણાશે ?

(a) 10% (b) 25% લાખ

(c) 20% (d) 50% લાખ

(7) બિનસરકારી કર્મચારીને ચઢેલ હક રજાઓની અવેજમાં રોકડમાં મળતો પગાર વધુમાં વધુ કેટલા સુધી કરમુક્ત ગણાય છે.

(a) ₹. 1,00,000 (b) ₹. 2,00,000

(c) ₹. 3,00,000 (d) સંપૂર્ણ

(8) સાંસદ સભ્યના દૈનિક ભથ્થાંના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) તેને આવક તરીકે ગણવામાં આવતી નથી.

(b) તેને કુલ આવકમાં ફક્ત દર નક્કો કરવાના હેતુથી ઉમેરવામાં આવે છે.

(c) તે સંપૂર્ણપણે કરપાત્ર ગણાશે.

(d) તે સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે.

(9) કરમુક્ત આવકો કુલ કેટલા પ્રકારની હોય છે ?

(a) એક (b) બે

(c) ત્રણ (d) ચાર

(10) કપાતો આવકવેરાની કઈ કલમ હેઠળ આપવામાં આવે છે.

(a) કલમ 10 (b) કલમ 80

(c) કલમ 89 (d) કલમ 89 A

(11) Union Public Service Commission ના ચેરમેન કે સભ્યોને મળતી સવલતો કે ભથ્થાં

(a) તે સંપૂર્ણપણે કરપાત્ર ગણાશે.

(b) ₹. 1,00,000 સુધી કરમુક્ત ગણાશે.

(c) તે સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે.

(d) ₹. 2,00,000 સુધી કરમુક્ત ગણાશે.

(12) રાહતો આવકવેરાની કઈ કલમ હેઠળ આપવામાં આવે છે.

(a) કલમ 10

(b) કલમ 80

(c) વિકલ્પ (a) અને (b) બંને

(d) કલમ 89 હેઠળ

(13) ભારતમાં ચા, કોફી, એલચી ઉગાડવા ના ધંધામાં રોકાયેલ કંપનીને જે-તે બોર્ડ તરફ થી છોડની પુનઃ સ્થાપના માટે અપાતી સબસિડી ની રકમ -

(a) ₹. 10,000 સુધી કરમુક્ત ગણાશે.

(b) ₹. 20,000 સુધી કરમુક્ત ગણાશે

(c) તે સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે.

(d) સંપૂર્ણપણે કરપાત્ર ગણાશે.

(14) નીચેના માંથી કયું વિધાન સાચું નથી ?

(a) ખેતીની આવક સંપૂર્ણપણે કરમુક્ત છે. અને કુલ આવકમાં ઉમેરતી નથી.

(b) કરવેરા સલાહકારની તમામ પ્રકારની આવક કરપાત્ર છે.

(c) સાંસદ સભ્યને મળતું દૈનિક ભથ્થું અન્ય સાધનો ની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર છે.

(d) વકીલની તમામ પ્રકારની આવક

(15) નીચેના માંથી કયું વિધાન સાચું છે ?

(a) સરકારી કર્મચારીને મળેલ એકઠું થયેલું પેન્શન અંશતઃ કરપાત્ર છે.

(b) કાયદેસરના પ્રોવિડન્ટ ફંડના ભાગરૂપે મળેલ કુલ વ્યાજ કરપાત્ર છે.

(c) પોસ્ટઓફિસ રોકડ સર્ટિફિકેટ્સ ના વ્યાજ ની આવક કરપાત્ર હોય છે.

(d) સગીરપુત્રની આવક ₹. 1500 સુધીની રકમ કરમુક્ત ગણી બાકી ની રકમ એસેસીની આવકમાં ઉમેરાશે.

## 3.7 ટૂંકા પ્રશ્નો :

(1) આવકવેરાના કાયદામાં મુજબ પગારદાર કર્મચારી ને લાગુ પડતી કરમુક્ત આવકો જણાવો.

(2) અંશતઃ કરમુક્ત આવકો ના પાંચ ઉદાહરણ આપો.

(3) સંપૂર્ણ કરમુક્ત આવક તરીકે ખેતીની આવક સમજાવો.

(4) કપાતો પર ટૂંકનોંધ લખો

| MCQ નં. | સાચો વિકલ્પ નં. | MCQ નો સાચો જવાબ |
|---|---|---|
| (1) | A | સંપૂર્ણ કરમુક્ત |
| (2) | A | સંપૂર્ણ કરમુક્ત |
| (3) | A | સંપૂર્ણ કરમુક્ત |
| (4) | C | ₹. 20,00,000 સુધી |
| (5) | D | સંપૂર્ણ રકમ |
| (6) | B | 25% લાખ |
| (7) | C | ₹.3,00,000 |
| (8) | D | તે સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે. |
| (9) | B | બે |
| (10) | B | કલમ 80 |

# એકમ 4 રહેઠાણનો દરજ્જો

**: રૂપરેખા :**

**4.1 પ્રસ્તાવના**

**4.2 અર્થ**

**4.3 રહેઠાણને આધારે કર ભરનારનું વર્ગીકરણ**

**4.4 વ્યક્તિ સિવાય અન્ય એસેસી અંગે જોગવાઈ**

**4.5 કર ભરવાની જવાબદારી**

**4.6 આવકની પ્રાપ્તિનો સમય અને સ્થળ**

**4.7 ઉદાહરણો**

**4.8 ચાવીરૂપ શબ્દો (Key Words)**

**4.9 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)**

**4.10 ટૂંકા પ્રશ્નો**

**4.11 વિસ્તારપૂર્વકના પ્રશ્નો**

## 4.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિ ભારતનો નાગરિક હોય એ ભારતનો રહેવાસી છે. પરંતુ આવકવેરા કાયદા મુજબ વ્યક્તિના રહેઠાણનો દરજ્જો તે પ્રમાણે નક્કી કરી શકાય નહીં. આ માટે કાયદામાં આપેલ જોગવાઈઓનો અભ્યાસ જરૂરી છે કેમ કે પાછલા વર્ષેની કુલ આવક નક્કી કરવા માટે કરદાતાએ પોતાના પાછલા વર્ષનો રહેઠાણનો દરજ્જો પણ નક્કી કરવો જરૂરી છે કેમ કે કરદાતા પાસેથી તે મુજબ જ તેની કુલ આવક પર આવકવેરો વસૂલ કરવામાં આવે છે. આ માટે ત્રણ બાબતો મહત્ત્વની છે.

(1) આવકનું પ્રાપ્તિ સ્થાન (તે દેશમાંથી મળેલ છે કે વિદેશમાંથી)

(2) મળેલ આવકનો સમયગાળો (પાછલું વર્ષ)

(3) કરદાતાનો રહેઠાણનો દરજ્જો

વ્યક્તિની આવકનું પ્રાપ્તિસ્થાન અને મળેલ આવકનો સમયગાળો તેની પાસેથી જાણવો સરળ છે પરંતુ કરદાતાનો રહેઠાણના દરજ્જા માટે તે વ્યક્તિ તે સમયગાળા માટે ભારતની રહીશ હતી કે બિન-રહીશ તે માટે આવકવેરાના કાયદામાં આપેલી શરતોનું પાલન કરવું જરૂરી છે. આ માટે એ પણ સમજવું જરૂરી છે કે એક વાર એક સમયગાળા માટે ગણતરી કરીને નક્કી કરેલ રહેઠાણનો દરજ્જો દરવર્ષે ચાલી શકે નહીં. કેમ કે હમેંશા એ યાદ રાખવું જરૂરી છે કે ભારતીય નાગરિકતા અને રહેઠાણનો દરજ્જો એ બે અલગ બાબત છે. મોટાભાગે જે વ્યક્તિની વિદેશમાં અવર-જવર વધુ હોય તેમણે પોતાનો રહેઠાણનો દરજ્જો દર પાછલા વર્ષની આવક પર કરવેરા ભરતી વખતે ગણવો જરૂરી છે અને કર ભરનારની જવાબદારી પણ પાછલા વર્ષની આવક માટે જ ઉદ્દભવે છે.

## 4.2 રહેઠાણના દરજ્જાનો અર્થ


આવકવેરા કાયદામાં રહેઠાણનો દરજ્જાનો કોઈ અર્થ આપવામાં આવેલ નથી. કારણ કે રહેઠાણનો દરજ્જો એ કોઈ પદ નથી કે જે વ્યાખ્યાયિત થઈ શકે. તે એક હોદ્દો છે જે પ્રાપ્ત કરવા માટે કરદાતા એ અમુક શરતોનું પાલન કરવું જરૂરી છે.

જ્યારે કરદાતા, પાછલાં વર્ષની કુલ કરપાત્ર આવક નક્કી કર્યા બાદ કર ભરવાની જવાબદારી અદા કરવાની જરૂર પડે છે. ત્યારે તે શખ્સ એ સૌપ્રથમ આવકવેરાની કલમ 6 (1)માં આપેલ શરતો મુજબ ભારતના રહીશ કે બિન-રહીશ વિશેનો દરજ્જો નક્કી કરવાનો રહે છે. આ શરતોની ચકાસણી કરવાની પ્રક્રિયાને રહેઠાણનો દરજ્જો નક્કી કરવાની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.

## 4.3 રહેઠાણને આધારે કર ભરનારનું વર્ગીકરણ

આવકવેરાની કલમ 6 (1) મુજબ શખ્સ માટેની રહેઠાણના દરજ્જાની શરતો મુજબ કુદરતી વ્યક્તિ કરદાતાને ફક્ત રહીશ અને બિન-રહીશ એમ બે જ દરજ્જો નહીં પરંતુ ત્રણ પ્રકારે દરજ્જો નક્કી થાય છે. રહીશ અને બિન-રહીશ ઉપરાંત વ્યક્તિ સામાન્ય રીતે રહીશ છે કે નહીં તેવું પણ નક્કી કરવામાં આવે છે કારણ કે આ ત્રણ પ્રકારના દરજ્જા અનુસાર કર ભરવાની જવાબદારી પણ નક્કી થાય છે.

આથી રહેઠાણના દરજ્જાના આધારે કર ભરનાર એસેસીનું વર્ગીકરણ સમજવું જરૂરી છે જે નીચે મુજબ વર્ણવી શકાયઃ




ઉપર જણાવ્યા મુજબ રહેઠાણના મુખ્ય બે દરજ્જા છે રહીશ અને બિન-રહીશ. પરંતુ જો વ્યક્તિ રહીશ હોય તો તેણે પોતે સમાન્ય રહીશ છે કે રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં તે પણ નક્કી કરવું જરૂરી બને છે.

**નોંધ :** રહીશ અને બિન-રહીશ સિવાય પણ એક નવો દરજ્જો નાણાં બિલ 2020માં રજૂ કરવામાં આવ્યો છે તે છે 'માની લીધેલ રહીશ'. અહીં એ યાદ રાખવું અગત્યનું છે કે માની લીધેલ રહીશ એ રહીશ તેમજ સામાન્ય રહીશ હોય શકે નહીં એટલે કે 'માની લીધેલ રહીશ' ફક્ત 'રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં'નો જ રહેઠાણ માટેનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે.

આ માટે વધુ માહિતી આ જ પ્રકરણમાં 'માની લીધેલ રહીશ'ની શરતોની રજૂઆત સમયે આપેલ છે.

સૌપ્રથમ **કુદરતી વ્યક્તિ કે જીવંત વ્યક્તિ** શખ્સનો રહેઠાણનો દરજ્જો નક્કી કરવા માટે આવકવેરાની કલમ 6માં આપેલ અમુક શરતોને ચકાસીએ :

**4.3.1 રહીશ માટેની શરતો :**

સૌ પ્રથમ વ્યક્તિ રહીશ છે કે કેમ તે નક્કી કરવા માટે નીચેની શરતોનું પાલન થવું જરૂરી છે. જો રહીશ માટે આપેલ નીચેની શરતોનું શખ્સ પાલન કરતો નથી તો વ્યક્તિ બિન-રહીશ છે તેમ માનવામાં આવશે.

- **મૂળભૂત શરતો :**

**મૂળભૂત શરત - 'અ'**

**''જો કોઈ શખ્સ સંબંધિત પાછલા વર્ષ દરમિયાન 182 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય.''**

*(જો 'હા' હોય તો - તે શખ્સ ભારતીય રહીશ ગણાશે અને તે 'સામાન્ય રહીશ' છે કે કેમ તેની શરતોની ચકાસણી કરવાની રહેશે)*

*(જો 'ના' હોય તો - નીચે આપેલ અથવાની શરત નં. (બ) ચકાસવી.)*

અથવા

**મૂળભૂત શરત - 'બ'**

**(1) ''જો કોઈ શખ્સ સંબંધિત પાછલા વર્ષ દરમિયાન 60 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય''**

**અને**

**(2) ''તે જ પાછલા વર્ષની તરત અગાઉના 4 વર્ષ દરમિયાન કુલ 365 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય.''**

*(જો 'હા' હોય તો - તે શખ્સ ભારતીય રહીશ ગણાશે અને તે 'સામાન્ય રહીશ' છે કે કેમ તેની શરતોની ચકાસણી કરવાની રહેશે)*

*(જો 'ના' હોય તો - બિન રહીશ ગણાશે)*

- **ઉપર્યુક્ત મૂળભૂત (શરત - 'બ') અંગેના અપવાદ :**

| અપવાદ | શરતની વિગત | શરત |
|---|---|---|
| (1) | જો કોઈ વ્યક્તિ 'ભારતીય નાગરિક' (Indian Citizen)*[1], પાછલા વર્ષ દરમિયાન વિદેશમાં નોકરી, ધંધા કે વ્યવસાય (for employment purpose) કરવા જાય અથવા ભારતીય વહાણ પર કાર્ય કરનાર વ્યક્તિ (Crew Member) પાછલા વર્ષ દરમિયાન ભારત છોડીને (Leaves) જાય. | ફક્ત શરત - 'અ' જ લાગુ પડશે. |

| | | |
|---|---|---|
| (2) | જો કોઈ વ્યક્તિ 'ભારતીય નાગરિક' (Indian Citizen) કે કોઈ મૂળ ભારતીય વંશજ (A person of Indian origin), પાછલા વર્ષ દરમિયાન ભારતની મૂલાકાતે (Coming for visit purpose) આવે<br>અને<br>તેની પાછલાં વર્ષની આવક (વિદેશી સ્ત્રોતમાંથી મળેલ આવક સિવાયની) ₹ 15,00,000 થી વધુ થતી નથી. | ફક્ત શરત - 'અ' જ અને લાગુ પડશે. |
| (3) | જો કોઈ વ્યક્તિ 'ભારતીય નાગરિક' કે કોઈ મૂળ ભારતીય વંશજ, પાછલા વર્ષ દરમિયાન ભારતની મૂલાકાતે (Coming for visit purpose) આવે<br>અને<br>તેની પાછલાં વર્ષની આવક (વિદેશી સ્ત્રોતમાંથી મળેલ આવક સિવાયની) ₹ 15,00,000 થી વધુ છે. | ઉપર્યુક્ત શરત - 'બ' (1) માં જણાવેલ 60 દિવસ બદલે 120 દિવસ ગણવામાં આવશે |

- **સમજૂતી :**

  *1: <u>'ભારતીય નાગરિક' (Indian Citizen)</u> - *જેનો પોતાનો જન્મ અને માતા-પિતામાંથી કોઈપણ એકનો જન્મ ભારતમાં થયો હોય અથવા તો કોઈ વિદેશી વ્યક્તિએ ભારતીય નાગરિક સાથે લગ્નની નોંધણી કરેલ હોય)*

  *2: કોઈ મૂળ ભારતીય વંશજ (A person of Indian Origin) - ભારતીય વંશજ એટલે એવી વ્યક્તિ કે જેનો, જેના માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની પૈકી કોઈનો જન્મ વિભાજન પહેલાના ભારતમાં થયો હોય.

  *3: ''વિદેશી સ્ત્રોતોથી થતી આવક''નો અર્થ એ આવક છે - જે ભારતની બહાર કમાયેલી કે ઉદ્દભવેલી હોય પરંતુ જે ભારતમાં સ્થાપિત કે નિયંત્રિત ધંધા કે વ્યવસાયની ન હોય અને જે ભારતમાં કમાયેલ કે ઉપજેલ છે તેમ માનવામાં પણ આવતી ન હોય.

  *4: નાણાં બિલ 2020ની જોગવાઈ અનુસાર આકારણી વર્ષ 2021-22 થી ઉપર્યુક્ત શરત - 'બ' (1) ના અપવાદ નંબર (2) અને (3)માં જણાવેલ ₹ 15,00,000ની (વિદેશ સ્ત્રોતમાંથી મળેલ સિવાય ની) આવકની મર્યાદા રજૂ કરવામાં આવેલ છે.

  *5: ઉપર્યુક્ત આપેલ શરત - 'બ' (1)માં જણાવેલ 60 દિવસ બદલે 182 દિવસ ગણવામાં આવતા હોવાથી શરત - 'બ' (1) અને (2)માંથી કોઈનું પણ મહત્ત્વ રહેતું નથી. તેથી તે સંજોગોમાં ફક્ત શરત - 'અ' જ લાગુ પડશે.

  *6: જો કોઈ વ્યક્તિ 'ભારતીય નાગરિક' કે કોઈ મૂળ ભારતીય વંશજ, પાછલા વર્ષ દરમિયાન તે 120 કે તેથી વધુ પરંતુ 182 કે તેથી ઓછા સમય માટે ભારતની મૂલાકાતે (Coming for Visit Purpose) આવે છે તેમજ તેની પાછલાં વર્ષની આવક (વિદેશી સ્ત્રોતમાંથી મળેલ આવક સિવાય ની) ₹ 15,00,000 થી વધુ હોય ત્યારે, તેણે ઉપર્યુક્ત આપેલ મૂળભૂત શરત 'અ' પૂર્ણ ન કરી શકવાના કારણે શરત - 'બ' (1)ની ચકાસણી 60 દિવસના બદલે લઘુતમ 120ની હાજરીની

- **ખાસ નોંધ :**

(i) ઉપર્યુક્ત શરતોમાં દિવસો ગણવા માટે ભારતમાં હાજરી સતત હોવી જરૂરી નથી.

(ii) આ ઉપરાંત એસેસીના ભારતમાં આવવાનો દિવસ અને ભારત છોડવાનો દિવસ એમ બંને દિવસનો સમાવેશ ભારતીય વસવાટમાં કરવામાં આવશે.

(iii) જો કોઈ શખ્સ દ્વારા ભારતમાં અમુક કલાક માટે જ વસવાટ કરવામાં આવ્યો હોય તો તેવા આંશિક કલાકોનો સરવાળો કરી 24 કલાક થતાં તેને એક દિવસ ગણવામાં આવશે.

(iv) ભારતીય વસવાટનો અર્થ ભારતીય સરહદમાં ગમે તે સ્થળે કરવામાં આવેલું રોકાણ પછી તે દરીયાઈ સરહદ હોય કે જમીની સરહદ; તે એક શહેર હોય કે બીજું કોઈ ગામ.

(v) જો કોઈ 'ભારતીય નાગરિક' વ્યક્તિ, ભારતીય વહાણ પર કાર્ય કરતો હોય તો પાછલા વર્ષ દરમિયાન લાંબી દરિયાઈ મુસાફરી (Voyage) માટે ભારત છોડીને જાય ત્યારે, જે દિવસથી તેની મુસાફરી માટેની નોંધણી સર્ટિફિકેટ મળે તે દિવસથી લઈ મુસાફરી પૂરી કરવાની નોંધણી સર્ટિફિકેટની અંતમાં લખેલી તારીખ સુધીના દિવસ ભારતમાં રહેલી ગણાશે નહીં. (પછી ભલે તે વહાણ આ તારીખો વચ્ચે ભારતમાં અમુક દિવસ રહેલું હોય)

### 4.3.2 'માની લેવામાં આવેલ રહીશ' (Deemed Resident) :

નાણાં બિલ 2020માં આકરણી વર્ષ 2021-22 માટે આવકવેરાની કલમ 6માં એક નવો સુધારો કરીને નવી પેટાકલમ 1(0) ઉમેરવામાં આવી છે. જે મુજબ રહીશ અને બિન-રહીશ ઉપરાંત કુદરતી વ્યક્તિ માટે 'માની લેવામાં આવેલ રહીશ' નવો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે જેની ત્રણ શરતો નીચે મુજબ છે.

(i) જો વ્યક્તિ કુદરતી વ્યક્તિ હોય અને ભારતીય નાગરિક હોય

(ii) જો તે વ્યક્તિની કુલ આવક (વિદેશી સ્ત્રોત સિવાય ની) ₹ 15,00,000 થી વધુ છે.

(iii) જો તે વ્યક્તિ પોતાના રહેઠાણ અથવા કાયમી નિવાસ અથવા પ્રાદેશિક ક્ષેત્રના કારણે અથવા અન્ય કોઈ દેશમાં કરવેરા ભરવા માટે જવાબદાર ઠરતો ન હોય.

જો વ્યક્તિ ઉપર્યુક્ત જણાવેલ ત્રણ શરતોમાં ખરો ઉતરશે તો તેને ભારતીય આવકવેરા કાયદા અનુસાર 'માની લીધેલ રહીશ' ગણવામાં આવશે.

**નોંધ :**

(i) આવકવેરા કાયદાની કલમ 6(6)(d) મુજબ, ઉપર્યુક્ત ત્રણ શરતોની પાલન દ્વારા જો વ્યક્તિ 'માની લીધેલ રહીશ' સાબિત થાય તો તે વ્યક્તિ એ વધારાની શરતો દ્વારા તે સામાન્ય રહીશ છે કે કેમ તે સાબિત કરવાની જરૂર રહેતી નથી કારણ કે તે વ્યક્તિ ફક્ત 'RNOR - રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં' છે તેમ ગણાશે.


(ii) કલમ 6 (16) - 'માની લીધેલ રહીશ' ભારતીય વંશજને લાગુ પડતી નથી.

(iii) કલમ 6 (1A) - 'માની લીધેલ રહીશ' કલમ 6 (1)નો ઉલટ હુકમ છે. એટલે કે 'માની લીધેલ રહીશ'નો દરજ્જો જ્યારે કોઈ વ્યક્તિને લાગુ પડે છે ત્યારે તે વ્યક્તિ માટે ભારતની હાજરીના દિવસો મહત્ત્વના રહેતા નથી. માટે એવું કહી શકાય કે જે વ્યક્તિ પા.વ.માં ભારતમાં એક પણ દિવસ હાજર રહી ન હોય પરંતુ ઉપર્યુક્ત ત્રણે શરતોનું પાલન થતું હોય તો તેવી વ્યક્તિ 'માની લીધેલ રહીશ' છે તેમ ગણાશે.

(iv) પરંતુ, 'માની લીધેલ રહીશ'ની કલમ 6 (1A), તેવી વ્યક્તિને લાગુ પડતી નથી કે જે કલમ 6 (1)ની મૂળભૂત શરત 'અ' અથવા 'બ' પૈકી એક પણ પ્રમાણે રહીશ બનતો હોય.

(v) 'માની લીધેલ રહીશ'ની કલમ 6 (1A), તેવી વ્યક્તિને પણ લાગુ પડતી નથી કે જે કલમ 6 (1)ની મૂળભૂત શરત (બ) ના અપવાદ (3) પ્રમાણે રહીશ બનતો હોય. (એટલે કે પા.વ.માં $\geq$ 120 દિવસ <u>અને</u> તેની અગાઉના ચાર પા.વ.માં કુલ $\geq$ 365 ભારતમાં હાજર રહી હોય)

**<u>નાણાં બિલ 2020માં આકારણી વર્ષ 2021-22 થી અમલમાં આવેલી આ વિશિષ્ટ જોગવાઈ 'માની લેવામાં આવેલ રહીશ' (Deemed Resident) :</u>**




### 4.3.3 'રહીશ તેમજ સામાન્ય રહીશ' (Resident and Ordinary Resident) માટેની શરતોઃ

જો કુદરતી વ્યક્તિ શખ્સ ઉપર્યુક્ત પ્રથમ રહેઠાણના દરજ્જાનો મૂળભૂત શરતો 'અ' કે 'બ' પૈકીની કોઈ એક પણ શરતનું પાલન કરતાં જણાશે તો તે શખ્સ આવકવેરા કાયદા હેઠળ

ભારતીય રહીશ છે તેમ ગણાય છે અને વધુમાં તેણે પોતે 'સામાન્ય રહીશ' છે કે કેમ તેની શરતોની ચકાસણી કરવાની રહે છે.

(i) જે આવકવેરા કાયદાની કલમ 6(6)(a)માં આપેલ છે. તેને નીચે મુજબ યાદ રાખવી.

**વધારાની શરત નં.-1**

જો કોઈ શખ્સ સંબંધિત પાછલા વર્ષની તરત અગાઉના 10 વર્ષમાંથી કોઈ પણ 2 વર્ષ માટે ભારતીય 'રહીશ' રહી હોય.

અને

(યાદ રાખો : કે મૂળભૂત શરતો 'અ' અથવા 'બ' છે જ્યારે વધારાની શરતો (1) અને (2) છે. એટલે કે વ્યક્તિ એ સામાન્ય રહીશ બનવા બંને શરતોનું પાલન કરવું જરૂરી છે.

**વધારાની શરત નં.-2**

જો કોઈ શખ્સ સંબંધિત પાછલા વર્ષની તરત અગાઉના 7 વર્ષ દરમિયાન 730 દિવસ કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય.


*(જો 'હા' હોય તો - તે શખ્સ ભારતીય ROR રહીશ તેમજ સામાન્ય રહીશ' ગણાશે)*

*(અને જો 'ના' હોય તો - ભારતીય RNOR રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં' તેમ ગણાશે)*

**અપવાદ :** આ ઉપરાંત નાણાં બિલ 2020ના નવા સુધારામાં આકરણી વર્ષ 2021-22 થી નીચેના બે કેસમાં ઉપર્યુક્ત વધારાની શરતોનો ચકાસણી કરવી જરૂરી નથી.

(i) આવકવેરા કાયદાની કલમ 6(6)(c), ઉપર્યુક્ત મુદ્દા નંબર 4.3.1માં જણાવેલ મુજબ જ્યારે એસેસી શરત 'બ'ના અપવાદ (3) મુજબ 120થી વધુ પરંતુ 182 થી ઓછા દિવસની શરત પૂરી કરી રહીશ બને છે ત્યારે પણ તે *'RNOR - રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં'* ગણાશે.

(ii) આવકવેરા કાયદાની કલમ 6(6)(d) : ઉપર્યુક્ત મુદ્દા નંબર 4.3.2માં જણાવેલ મુજબ જ્યારે એસેસી 'માની લીધેલ રહીશ સાબિત થાય છે ત્યારે પણ તે *'RNOR રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં'* ગણાશે.




4.3.4 બિન-રહીશ (Non-Resident of India) :

જો કોઈ વ્યક્તિ મૂળભૂત શરતો 'અ' કે 'બ'માંથી એક પણનું પાલન કરવામાં અસફળ રહે તેમજ નાણાં 2020 થી હવે એ પણ યાદ રાખવું જરૂરી છે કે જે વ્યક્તિ "માની લીધેલ રહીશ" મુજબની શરતોમાં પણ બંધ બેસવામાં નિષ્ફળ જાય છે તો તેવી જ વ્યક્તિ બનવાને પાત્ર થશે.

## 4.4 વ્યક્તિ સિવાય અન્ય એસેસી અંગે જોગવાઈ

વ્યક્તિના રહેઠાણનો દરજ્જો નક્કી કરવાની શરતોને ઉપર મુજબ જાણ્યા બાદ અન્ય કર ભરનાર શખ્સો માટે પણ રહેઠાણનો દરજ્જો કઈ રીતે નક્કી થશે તે નીચે મુજબ ચકાસી શકાયઃ

**(અ) હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) માટે :**

(i) જેના કામકાજના નિયંત્રણ અને વહીવટનો સંપૂર્ણ કે અમુક ભાગ ભારતમાં હોય તો તે કુટુંબ ભારતનું ‘રહીશ’ ગણાય.

(ii) જો તેનો કર્તા (તેના અનુગામી કર્તાઓ સહિત) પાછલા વર્ષથી તરત અગાઉના 10 વર્ષમાંથી ઓછામાં ઓછાં ૨ વર્ષ માટે ‘રહીશ’ હોય અને પાછલા વર્ષથી તરત અગાઉના 7 વર્ષમાં એકંદરે 730 દિવસ માટે ભારતમાં રહ્યા હોય તો હિન્દુ અવિભક્ત કુટુંબ ‘સામાન્ય રહીશ’ ગણાય.

(iii) જે સયુંકત કુટુંબના કામકાજના નિયંત્રણ અને તેનો વહીવટ સંપૂર્ણ રીતે ભારતની બહાર હોય તો તે કુટુંબ બિનરહીશ ગણાય.

**(બ) પેઢી (Partnership Firm) કે શખસોના અન્ય મંડળ (AOP અને BOI) માટે :**

(i) જેના કામકાજનાં નિયંત્રણ અને વહીવટનો કોઈ પણ ભાગ ભારતમાં હોય તે પેઢી કે મંડળ રહીશ ગણાય છે અને તે સામાન્ય રહીશ પણ ગણાય છે.

(ii) પરંતુ જેના કામકાજનું નિયંત્રણ અને વહીવટ સંપૂર્ણપણે ભારતની બહાર હોય તે પેઢી કે મંડળ બિનરહીશ ગણાય છે.

**(ક) કંપની શખ્સ માટે :**

(i) જે કંપની નીચેની એક પણ શરતનું પાલન કરે તો તે ભારતની રહીશ ગણાયઃ

i) તે ભારતીય કંપની હોય.

ii) તે કંપનીના કામકાજનું અસરકારક નિયંત્રણ ભારતમાં હોય.

(ii) જે કંપની ભારતની રહીશ છે તે ‘સામાન્ય રહીશ’ પણ છે.

**(ડ) કર ભરનાર અન્ય શખ્સ (એટલે કે કાયદા મુજબની કૃત્રિમ વ્યક્તિ) માટે :**

(i) જેના કામકાજના નિયંત્રણ અને વહીવટનો સંપૂર્ણ કે અમુક ભાગ ભારતમાં હોય તો તે શખ્સ ભારતનો ‘રહીશ’ ગણાય.

(ii) પરંતુ જેના કામકાજનું નિયંત્રણ અને વહીવટ સંપૂર્ણપણે ભારતની બહાર હોય તે શખ્સ બિનરહીશ ગણાય છે.

**રહેઠાણના ધોરણે કુદરતી વ્યક્તિ શખ્સ સિવાય અન્ય શખ્સનું વર્ગીકરણ :**

| **રહેઠાણનો દરજ્જો** | **હિન્દુ અવિભક્ત કુટુંબ માટે** | **ભાગીદારી પેઢી કે મંડળો માટે** | **કંપની માટે** |
|---|---|---|---|
| રહીશ | તેના કામકાજનું થોડું ઘણું નિયંત્રણ પણ ભારતમાં હોય, | તેના કામકાજનું થોડું નિયંત્રણ પણ ભારતમાં હોય. | ભારતીય કંપની હોય અથવા તેના કામકાજનું અસરકારક નિયંત્રણ ભારતમાં હોય. |

| | | | |
|---|---|---|---|
| સામાન્ય રહીશ | જો તેના કર્તા સામાન્ય રહીશ માટેની બંને વધારાની શરતોનું પણ પાલન કરે. | તે રહીશ હોય તો સામાન્ય રહીશ પણ ગણાય. | તે રહીશ હોય તો સામાન્ય રહીશ પણ ગણાય. |
| બિનરહીશ | તેના કામકાજનું સંપૂર્ણ નિયંત્રણ ભારત બહાર હોય તો | તેના કામકાજનું સંપૂર્ણ નિયંત્રણ ભારત બહાર હોય તો | તેના કામકાજનું અસરકારક નિયંત્રણ ભારતની બહાર હોય તો |

## 4.5 રહેઠાણના દરજ્જાને આધારે કર ભરનારની જવાબદારી

આવકવેરા કાયદા પ્રમાણે કરદાતાની આવક પર આવક વેરો મેળવવા માટે તેના રહેઠાણનો દરજ્જો નક્કી કરવામાં આવે છે. કરદાતાના રહેઠાણનો દરજ્જો નક્કી થયા બાદ તેની આવકોની કરપાત્રતા નક્કી કરવામાં આવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે કરદાતાના રહેઠાણના દરજ્જાને ત્રણ રીતે વર્ગીકરણ કરવામાં આવે છે.

(i) ROR - રહીશ અને સામાન્ય રહીશ.

(ii) RNOR - રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં.

(iii) NR - બિનરહીશ.

આ ત્રણ રહેઠાણના દરજ્જાને આધારે આવકોની કરપાત્રતા નક્કી કરવા માટે આવકોના પ્રકાર વિશે જાણવું પણ આવશ્યક છે કારણ કે કરદાતા એ પોતાના રહેઠાણના દરજ્જા ઉપરાંત આવકનો પ્રકાર પણ જાણવો જરૂરી છે. કરદાતાની આવક, વિસ્તારની દ્રષ્ટિ એ બે પ્રકારની હોય છે.

(અ) ભારતની આવક, અને

(બ) વિદેશની આવક.

આ આવકોમાં કઈ કઈ આવકોનો સમાવેશ થાય છે તેનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

### (અ) ભારતની આવક

(i) પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ મનાતી બધી આવક

(ii) પાછલા વર્ષમાં ભારતમાં લેણી થયેલી કે ઉપજેલી બધી આવક

(iii) પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ મનાતી બધી આવક પણ જે ભારત બહાર લેણી થયેલી કે ઉપજેલી હોય અને તેના ધંધા કે વ્યવસાયનું નિયંત્રણ ભારતમાંથી થતું હોય.


(iv) પાછલા વર્ષમાં ભારત બહાર મળેલી આવક કે જે ભારતમાં મળેલી કે મળી છે તેમ મનાતી હોય અથવા તો તે ભારતમાં લેણી થયેલી કે ઉપજેલી હોય.

### (બ) વિદેશની આવક

(v) એવી આવક કે જે પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ માનવામાં પણ આવતી ન હોય;

(vi) એવી આવક કે જે પાછલા વર્ષમાં ભારતમાં લેણી થયેલી કે ઉપજેલી ન હોય કે લેણી અથવા ઉપજેલી છે તેમ માનવામાં પણ આવતી ન હોય આવક;

(vii) પાછલા વર્ષની અગાઉના વર્ષોમાં ભારત બહાર મળેલ કે લેણી આવક પાછલા વર્ષમાં ભારતમાં લાવવામાં આવે છે.




ઉપર્યુક્ત જણાવ્યા મુજબની બે પ્રકારની પાંચ આવકોના વર્ગીકરણને કરદાતાના રહેઠાણના દરજ્જા પ્રમાણે કરપાત્ર ગણવા નીચે આપેલ કોઠો મદદરૂપ થશે.

| **આવકનું વર્ગીકરણ** | **રહેઠાણનો દરજ્જો** | | |
|---|---|---|---|
| | **સામાન્ય રહીશ** | **રહીશ** | **બિનરહીશ** |
| (i) પાછલા વર્ષમાં ભારતમાં મળેલી બધી જ આવક | કરપાત્ર | કરપાત્ર | કરપાત્ર |
| (ii) પાછલા વર્ષમાં ભારતમાં લેણી થયેલી કે ઉપજેલી આવક | કરપાત્ર | કરપાત્ર | કરપાત્ર |
| (iii) પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ મનાતી બધી આવક પણ જે ભારત બહાર લેણી થયેલી કે કરપાત્ર કરપાત્ર કરમુક્ત ઉપજેલી હોય અને તેના ધંધા કે વ્યવસાયનું નિયંત્રણ ભારતમાંથી થતું હોય. | કરપાત્ર | કરપાત્ર | કરમુક્ત |
| (iv) પાછલા વર્ષમાં ભારત બહાર મળેલી આવક કે જે ભારતમાં મળેલી કે મળી છે તેમ મનાતી હોય અથવા તો તે ભારતમાં લેણી થયેલી કે ઉપજેલી હોય. | કરપાત્ર | કરમુક્ત | કરમુક્ત |
| **પરદેશની આવક** | | | |
| (v) એવી આવક કે જે પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ માનવામાં પણ આવતી ન હોય, અને | કરપાત્ર | કરમુક્ત | કરમુક્ત |
| (vi) ભારતમાં લેણી થયેલી કે ઉપજેલી ન હોય કે લેણી અથવા ઉપજેલી છે તેમ માનવામાં પણ આવતી ન હોય આવક | કરપાત્ર | કરમુક્ત | કરમુક્ત |
| (vii) પાછલા વર્ષની અગાઉના વર્ષોમાં ભારત બહાર મળેલ કે લેણી આવક પાછલા વર્ષમાં ભારતમાં લાવવામાં આવે છે. | કરમુક્ત | કરમુક્ત | કરમુક્ત |

## 4.6 આવકની પ્રાપ્તિનો સમય અને સ્થળ

પાછલા વર્ષ દરમિયાન આવકની પ્રાપ્તિ ક્યાં અને ક્યારે થઈ તે મુદ્દો કુલ કરપાત્ર આવકની ગણતરી માટે ખૂબ જ જરૂરી જણાય છે. આ અંગે આગળ જણાવેલ પદોની સમજૂતી ઉપયોગી થઈ પડશે.

**(1) ઉપજેલી કે લેણી થયેલી આવક :**

જે આવક મેળવવાનો હક્ક પ્રાપ્ત થઈ ગયો હોય તે આવક ઉપજેલી કે લેણી થઈ ગયેલી ગણાય.

**(2) ઉપજેલી કે લેણી થઈ ગયેલી એવી આવક :**

નીચે જણાવેલી આવકો ભારતમાં ઉપજેલી કે લેણી થઈ ગયેલી ગણાય :

(i) ભારતમાં વેપારી સંબંધોને પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપજેલ આવક.

(ii) ભારતમાં નોકરી કરવાને પરિણામે કે ભારતીય નાગરિકને પરદેશમાં ભારત સરકારની નોકરી કરવાને પરિણામે ઉપજેલી આવક.

(iii) ભારતમાં નોકરીમાંથી નિવૃત્તિ પછી ભારત બહાર મળતું પેન્શન પણ ભારતમાં ઉપજેલી આવક ગણાશે.

(iv) ભારતીય કંપની દ્વારા પરદેશમાં ચૂકવાયેલા ડિવિડંડ

(v) ભારત સરકાર દ્વારા અથવા રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવતું વ્યાજ.

(vi) ભારત સરકાર દ્વારા અથવા રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાપાત્ર રૉયલ્ટીની આવક.

(vii) ટેકનિકલ સેવાઓ માટે ભારત સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાપાત્ર ફી વગેરે.

(viii) બિનરહીશ દ્વારા ભારતમાં સ્થિત મૂડી-મિલકતોની ફેરબદલીને પરિણામે થતી આવક.

(ix) ભારતમાં સ્થિત કોઈ પણ મિલકત કે આવકના સાધનની મદદથી ઉપજાવેલ આવક.

(x) ભારતમાં સ્થિત કોઈ પણ મૂડી-મિલકતોની ફેરબદલીથી ઉદભવતો નફો.

**(3) મળેલી આવક :**

પાછલા વર્ષ દરમિયાન સૌપ્રથમ વાર જે આવક ભારતમાં મળી હોય તે દરેક પ્રકારના એસેસી (રહીશ, બિનરહીશ વગેરે) માટે કરપાત્ર ગણાય. જો કોઈ બિનરહીશ કોઈ આવક પાછલા વર્ષ દરમિયાન પહેલી જ વાર ભારતમાં પ્રાપ્ત કરે તો તે અંગે તેણે આવકવેરો ચૂકવવો પડે.

જો કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને આવક પ્રાપ્ત કરવાનો હક લખી આપે તો તે મુજબ આવક પ્રાપ્ત કરનારે તે અંગે આવકવેરો ભરવો પડે નહી, કારણ કે તેણે આવકનું ઉપાર્જન કર્યું નહી.

**(4) મળેલી ગણાતી આવક :**

નીચે જણાવેલી કેટલીક આવકો પાછલા વર્ષ દરમિયાન ખરેખર મળી નથી તેમ છતાં કાયદા મુજબ એમ માની લેવામાં આવે છે કે એસેસી તે મેળવી છે.

(i) માન્ય પ્રોવિડંડ ફંડમાં માલિકનો વાર્ષિક ફાળો (જેટલે અંશે મૂળ પગારના 12%થી વધુ હોય) અને વાર્ષિક 9.5% થી વધુ દરે જમા થયેલું વ્યાજ.

(ii) અમાન્ય પ્રોવિડંડ ફંડની એકત્ર થયેલ રકમ માન્ય પ્રોવિડંડ ફંડ ખાતે ફેરવવામાં આવે ત્યારે તે રકમમાંથી કર્મચારીના પોતાના ફાળા સિવાયની રકમ.

(iii) કંપનીએ જાહેર કરેલ ડિવિડંડ (ભલે તે મળવાનું બાકી હોય).

(iv) વચગાળાનું ડિવિડંડ જ્યારે પણ ચૂકવવાપાત્ર થાય.

(vi) મૂળ સ્થાને કપાયેલ આવકવેરો.

(vii) ખુલાસા વગરની રોકડ, જમા બાકીઓ અને ખુલાસા વગરના રોકાણો.

**(5) માની લેવામાં આવે તેવી ભારતીય આવક :**

ભારત બહાર લેણી થયેલી તેમજ મળેલી પરંતુ ભારત સરકાર દ્વારા ચુકવેલી આવક દા.ત. ભારત બહાર કાર્ય કરતાં ભારતીય એમ્બેસીના કર્મચારી કે જેનો પગાર ભારત સરકાર ચુકવતી હોય છે.

## 4.7 ઉદાહરણો

Ex. 4.7.1 : નીચેની માહિતી પરથી વ્યક્તિ 'ક્ષ' કે જે ભારતીય નાગરિક કે ભારતીય મૂળ વંશજ નથી. તે પાછલા ક વર્ષ દરમિયાન જો દરેક વર્ષે ભારતમાં 60 દિવસ આવેલ હોય. તો આકારણી વર્ષ 2021-22 માટે તે શખ્સનો રહેઠાણનો દરજ્જો રહીશ છે કે બિન-રહીશ તે નક્કી કરો.

**ઉકેલ :**

કુદરતી વ્યક્તિ 'ક્ષ' શખ્સનો રહેઠાણનો દરજ્જો નક્કી કરવામાં માટેની નીચેની મૂળભૂત 2 શરતોમાંથી એકનું પાલન થાય તો તે રહીશ ગણાશે.

| **શરત નં.** | **શરત** | | **પ્રશ્ન મુજબની ગણતરી** | | **શરતની મંજૂરી** |
|---|---|---|---|---|---|
| 'અ' | પા.વ. 2020-21માં ભારતમાં 182 કે તેથી વધુ દિવસ હાજર રહી હોય. | = | 100 દિવસ | | ના |
| 'બ' (1) | પા.વ.માં 60 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય | | પા.વ. 2020-21 | = 60 | હા |
| | | | જે 60 થી વધુ છે. | | |
| 'બ' (2) | <u>અને</u> તેની અગાઉના ચાર પા.વ. માં કુલ 365 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય | | પા.વ. 2019-20<br>પા.વ. 2018-19<br>પા.વ. 2017-18<br>પા.વ. 2016-17<br>કુલ દિવસ | = 60<br>= 60<br>= 60<br>= 60<br>= 240 | ના |
| | | | જે 365 થી વધુ નથી. | | |
| શરત 'અ' અને 'બ' એમ બંને શરતો નામંજૂર થઈ છે તેમ ગણાશે. | | | | | |
| ઉકેલ : | **શ્રી 'ક્ષ'નો રહેઠાણનો દરજ્જો** | | **'બિનરહીશ'** | | |

Ex. 4.7.2 : નીચેની માહિતી પરથી વ્યક્તિ 'ય' કે જે ભારતીય નાગરિક કે ભારતીય મૂળ વંશજ નથી. પરંતુ તે પાછલા 7 વર્ષથી દરેક વર્ષે ભારતમાં 100 દિવસ આવેલ હોય. તો આકારણી વર્ષ 2021-22 માટે તે શખ્સનો રહેઠાણનો દરજ્જો રહીશ છે કે બિન-રહીશ તે નક્કી કરો

**ઉકેલ :**

કુદરતી વ્યક્તિ 'ય' શખ્સનો રહેઠાણનો દરજ્જો નક્કી કરવામાં માટેની નીચેની મૂળભૂત 2 શરતોમાંથી એકનું પાલન થાય તો તે રહીશ ગણાશે.

<table>
<tr><th>શરત નં.</th><th>શરત</th><th></th><th colspan="2">પ્રશ્ન મુજબની ગણતરી</th><th>શરતની મંજૂરી</th></tr>
<tr><td>'અ'</td><td>પા.વ. 2020-21માં ભારતમાં 182 કે તેથી વધુ દિવસ હાજર રહી હોય.</td><td>=</td><td colspan="2">100 દિવસ</td><td>ના</td></tr>
<tr><td>'બ' (1)</td><td>પા.વ.માં 60 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય</td><td></td><td>પા.વ. 2020-21</td><td>= 100</td><td>હા</td></tr>
<tr><td></td><td></td><td></td><td colspan="2">જે 60 થી વધુ છે.</td><td></td></tr>
<tr><td>'બ' (2)</td><td><u>અને</u> તેની અગાઉના ચાર પા.વ. માં કુલ 365 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય</td><td></td><td>પા.વ. 2019-20<br>પા.વ. 2018-19<br>પા.વ. 2017-18<br><u>પા.વ. 2016-17</u><br>કુલ દિવસ</td><td>= 100<br>= 100<br>= 100<br><u>= 100</u><br>= 400</td><td>હા</td></tr>
<tr><td></td><td></td><td></td><td colspan="2">જે 365 થી વધુ નથી.</td><td></td></tr>
<tr><td colspan="6">શરત 'બ'ની બંને શરતો મંજૂર થતાં તે વ્યક્તિ 'ય' 'રહીશ' છે તેમ ગણાશે. અને તે વ્યક્તિ એ હવે તે સામાન્ય રહીશ છે કે કેમ તે ચકાસવાનું રહેશે.</td></tr>
<tr><td>ઉકેલ :</td><td colspan="2">શ્રી 'ય'નો રહેઠાણનો દરજ્જો</td><td colspan="3">'રહીશ'</td></tr>
<tr><td>વધારાની શરત (1)</td><td>પા.વ.ની તરત અગાઉના 10 વર્ષમાંથી કોઈપણ 2 વર્ષ માટે ભારતીય 'રહીશ' હોય. રહી હોય.</td><td></td><td colspan="2">પા.વ. 20-21ની જેમ તે તેની અગાઉના પા.વ. 19-20માં પણ તે રહીશ બનશે. કેમ કે તે 15-16ના વર્ષમાં પણ 100 દિવસ હાજર રહ્યો હતો.</td><td>ના</td></tr>
<tr><td>વધારાની શરત (1)</td><td>પા.વ.ની તરત અગાઉના 7 વર્ષમાં 730 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય.</td><td></td><td colspan="2">શ્રી 'ય' પા.વ.ની તરત અગાઉના 7 વર્ષમાં ફક્ત 600 દિવસ જ હાજર રહેલ છે.<br>દિવસ હાજર રહ્યો હતો.</td><td>ના</td></tr>
<tr><td colspan="6">શ્રી 'ય' મૂળભૂત શરતનું પાલન તો કરે છે પરંતુ વધારાની ફક્ત એક જ શરતનું પાલન કરતો હોવાથી…</td></tr>
<tr><td>ઉકેલ :</td><td colspan="2">શ્રી 'ય'નો રહેઠાણનો દરજ્જો</td><td colspan="3">'રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં.'</td></tr>
</table>

Ex. 4.7.3 : શ્રીમાન 'જય' કે જે ભારતીય નાગરિક છે કે જે પ્રથમ વાર તા. 22-09-2020ના રોજ રોજગારના હેતુસર ઓસ્ટ્રેલિયા જવા રવાના થાય છે. તે તા. 05-05-2021ના રોજ 150 દિવસ માટે ભારતમાં પરત આવે છે. તો આકારણી વર્ષ 2021-22 માટે શ્રીમાન 'જય'નો રહેઠાણનો દરજ્જો નક્કી કરો.

**ઉકેલ :**

| **શરત નં.** | **શરત** | | **પ્રશ્ન મુજબની ગણતરી** | **શરતની મંજૂરી** |
|---|---|---|---|---|
| 'અ' | પા.વ. 2020-21માં ભારતમાં 182 કે તેથી વધુ દિવસ હાજર રહી હોય. | = | (એપ્રિલ-30 + મે-31 + જૂન-30 + જુલાઈ-31 + ઓગ.-31 + સપ્ટે.-22) = 175 દિવસ | ના |
| શ્રીમાન 'જય', ભારતીય નાગરિક છે અને પ્રથમ વાર રોજગારના હેતુસર વિદેશ જતાં હોવાથી, મૂળભૂત શરત 'બ' લાગુ થતી નથી. જેથી શરત 'અ' પૂરી થતાં જ તેમનો રહેઠાણનો દરજ્જો નક્કી કરી શકાય છે. જે ઉપર્યુક્ત ગણતરી 182 દિવસથી ઓછા હોવાથી. | | | | |
| ઉકેલ : | **શ્રીમાન 'જય'નો રહેઠાણનો દરજ્જો** | | **'બિનરહીશ'** | |

Ex. 4.7.4 : નીચેની માહિતી પરથી વ્યક્તિ 'જ' કે જે ભારતીય મૂળ વંશજ છે. તે પાછલા વર્ષ 2020-21 દરમિયાન ભારતમાં 170 દિવસ આવેલ હોય. તો આકારણી વર્ષ 2021-22 માટે તે શખ્સનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો.

**ઉકેલ :**

અહી, ભારતીય મૂળ વંશજ વ્યક્તિ 'જ' અપવાદ 2 મુજબની વ્યક્તિ છે જો કે તેની કુલ આવક (વિદેશના સ્ત્રોત સિવાય ની) ₹ 15,00,000 થી વધુ છે કે નહીં તેની વિગત (નાણાં બિલ 2020 મુજબની જોગવાઈ અનુસાર) આપેલ નહીં હોવાથી એવું ધારી લઈશું કે તેની આવક ₹ 15,00,000 થી વધુ નહિ હોય.

જો એમ ધારવામાં આવે તો, વ્યક્તિ 'જ'ને ફક્ત શરત - 'અ' જ લાગુ પડશે

| **શરત નં.** | **શરત** | | **પ્રશ્ન મુજબની ગણતરી** | **શરતની મંજૂરી** |
|---|---|---|---|---|
| 'અ' | પા.વ. 2020-21માં ભારતમાં 182 કે તેથી વધુ દિવસ હાજર રહી હોય. | = | 170 દિવસ | ના |
| વ્યક્તિ 'જ' 182 દિવસ થી ઓછા દિવસ હાજર રહી હોય. | | | | |
| ઉકેલ : | **વ્યક્તિ 'જ' તેનો રહેઠાણનો દરજ્જો** | | **'બિનરહીશ'** | |

Ex. 4.7.5 : નીચેની માહિતી પરથી વ્યક્તિ "નૈતિક" જે ભારતીય મૂળ વંશજ છે. તે સામાન્ય રીતે દુબઈમાં રહે છે અને ત્યાં તે કરવેરા ભરવાને પાત્ર થતો નથી. તે ભારતમાં 15-11-2020ના રોજ પ્રથમવાર 200 દિવસ માટે આવે છે. તો આકારણી વર્ષ 2021-22 માટે તે શખ્સની આવક (વિદેશી સ્ત્રોત સિવાયની) ₹ 15 લાખથી વધુ હોય તો તેનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો.

**ઉકેલ : ધ્યાન રાખો**

(i) 200 દિવસ આવવાથી તે વ્યક્તિ 182 થી વધુ દિવસની શરત પૂરી કરી રહીશ બનતો નથી. કારણ કે 182 દિવસની શરત પા.વ. માટે છે.

(ii) નૈતિક એ ભારતીય મૂળ વંશજ છે ભારતીય નાગરિક નહીં. તેથી તેને કલમ 6 (1A)- 'માની લીધેલ રહીશ' લાગુ પડશે નહીં.

| **શરત નં.** | **શરત** | | **પ્રશ્ન મુજબની ગણતરી** | | **શરતની મંજૂરી** |
|---|---|---|---|---|---|
| 'અ' | પા.વ. 2020-21માં ભારતમાં 182 કે તેથી વધુ દિવસ હાજર રહી હોય. | = | (નવે.-16 + ડિસે.-31 + જાન્યુ.-31 + ફેબ્રુ.-28 + માર્ચ-31) = 137 દિવસ | | ના |
| 'બ' (1) | પા.વ.માં 120 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય (તે શખ્સની આવક (વિદેશી સ્ત્રોત સિવાયની) ₹ 15 લાખથી વધુ છે અને 120થી વધુ પરંતુ 182 થી ઓછા દિવસ માટે હાજર રહી છે) | | પા.વ. 2020-21<br>જે 120 થી વધુ છે. | = 137 | હા |
| 'બ' (2) | <u>અને</u> તેની અગાઉના ચાર પા.વ. માં કુલ 365 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય | = | પા.વ. 2019-20<br>પા.વ. 2018-19<br>પા.વ. 2017-18<br><u>પા.વ. 2016-17</u><br>કુલ દિવસ<br>જે 365 થી વધુ નથી. | = 0 (પ્રથમ વાર આવેલ હોવાથી) | ના |
| શરત 'અ' અને 'બ' એમ બંને શરતો નામંજૂર થઈ છે તેમ ગણાશે. | | | | | |
| ઉકેલ : | **શ્રી 'નૈતિક'નો રહેઠાણનો દરજ્જો** | | **'બિનરહીશ'** | | |

Ex. 4.7.5.1 : જો ઉપર્યુક્ત મૂળ ઉદાહરણમાં વ્યક્તિ "નૈતિક" ધારો કે પા.વ.ની અગાઉના 4 વર્ષમાં 370 દિવસ હાજર રહી હોય, તો રહેઠાણના દરજ્જામાં શો ફેરફાર થશે ?

**ઉકેલ :**

(i) ઉપર્યુક્ત ગણતરી પ્રમાણે વ્યક્તિ "નૈતિક" શરત 'બ'ની બન્ને પેટા શરતો પૂરી કરી લેશે અને તે રહીશ ગણાશે.

(ii) પરંતુ ધ્યાન રાખો : કે વ્યક્તિ "નૈતિક" શરત 'બ' (1)નો અપવાદ (3) - (120 થી વધુ પરંતુ 182 થી ઓછા દિવસ હજાર રહી હોય)

| ઉકેલ : | **શ્રી 'નૈતિક'નો રહેઠાણનો દરજ્જો** | **RNOR 'રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં'** |
|---|---|---|

Ex. 4.7.5.2 : જો ઉપર્યુક્ત મૂળ ઉદાહરણમાં વ્યક્તિ "નૈતિક"ની ધારો કે કુલ આવક (વિદેશી સ્ત્રોત સિવાયની) ₹ 15 લાખથી ઓછી હોય તો, તો રહેઠાણના દરજ્જામાં શો ફેરફાર થશે ?

**ઉકેલ :**

(i) ઉપર્યુક્ત મૂળ ઉદાહરણ ગણતરી પ્રમાણે વ્યક્તિ "નૈતિક"ને શરત 'બ' (1)નો અપવાદ (2) (એટલે કે તેને ફક્ત શરત 'અ' - 182 કે તેથી વધુ દિવસ) જ લાગુ પડશે. શરત 'બ' તેને લાગુ પડતી નથી.

(ii) પરતું, ઉપર્યુક્ત મૂળ ઉદાહરણ ગણતરી પ્રમાણે વ્યક્તિ "નૈતિક" પા.વ.માં 137 દિવસ જ હાજર રહી હોય તેનો રહેઠાણનો દરજ્જો "(NR) બિન-રહીશ" ગણાશે.

| ઉકેલ : | **શ્રી 'નૈતિક'નો રહેઠાણનો દરજ્જો** | **"NR 'રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં"** |
|---|---|---|

Ex. 4.7.6 : નીચેની માહિતી પરથી વ્યક્તિ "ખુશ્બુ" કે જે ભારતીય નાગરિક છે. તે સામાન્ય રીતે દુબઈમાં રહે છે અને ત્યાં તે કરવેરા ભરવાને પાત્ર નથી. તે ભારતમાં 10-11-2020ના રોજ પ્રથમ વાર 200 દિવસ માટે આવે છે. તો આકારણી વર્ષ 2021-22 માટે તે શખ્સની આવક (વિદેશી સ્ત્રોત સિવાય ની) ₹ 15 લાખથી વધુ હોય તો તેનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો.

**ઉકેલ : ધ્યાન રાખો**

(i) અહીં વ્યક્તિ "ખુશ્બુ" કલમ 6 (1/6)- 'માની લીધેલ રહીશ'ની 3 શરતો ચ(1) તે ભારતીય નાગરિક છે (2) અન્ય કોઈ દેશમાં તે કરવેરા ભરવાને પાત્ર નથી તેમજ (3) તેની કુલ આવક (વિદેશી સ્ત્રોત સિવાય ની) ₹ 15 લાખથી વધુ લાગુ પડશે, પરંતુ,

(ii) ધ્યાન રાખો કે જો તેને કલમ (1)ની મૂળભૂત શરત 'અ' કે 'બ'માંથી કોઈ પણ શરત જો તેને લાગુ પડતી હશે તો કલમ 6 (1A)- 'માની લીધેલ રહીશ' લાગુ પડશે નહીં.

| **શરત નં.** | **શરત** | | **પ્રશ્ન મુજબની ગણતરી** | | **શરતની મંજૂરી** |
|---|---|---|---|---|---|
| 'અ' | પા.વ. 2020-21માં ભારતમાં 182 કે તેથી વધુ દિવસ હાજર રહી હોય. | = | (નવે.-21 + ડિસે.-31 + જાન્યુ.-31 + ફેબ્રુ.-28 + માર્ચ-31) = 142 દિવસ | | ના |
| 'બ' (1) | પા.વ.માં 120 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય (તે શખ્સની આવક (વિદેશી સ્ત્રોત સિવાયની) ₹ 15 લાખથી વધુ છે અને 120થી વધુ પરંતુ 182 થી ઓછા દિવસ માટે હાજર રહી છે) | | પા.વ. 2020-21<br>જે 120 થી વધુ છે. | = 142 | હા |
| 'બ' (2) | <u>અને</u> તેની અગાઉના ચાર પા.વ. માં કુલ 365 કે તેથી વધુ દિવસ માટે ભારતમાં હાજર રહી હોય | = | પા.વ. 2019-20<br>પા.વ. 2018-19<br>પા.વ. 2017-18<br><u>પા.વ. 2016-17</u><br>કુલ દિવસ<br>જે 365 થી વધુ નથી. | = 0 (પ્રથમ વાર આવેલ હોવાથી) | ના |
| શરત 'અ' અને 'બ' એમ બંને શરતો નામંજૂર થઈ છે તેમ ગણાશે. | | | | | |
| ઉકેલ : | **શ્રી 'નૈતિક'નો રહેઠાણનો દરજ્જો** | | **'બિનરહીશ'** | | |

Ex. 4.7.6.1 : જો ઉપર્યુક્ત મૂળ ઉદાહરણમાં વ્યક્તિ ''ખુશ્બુ''ની ધારો કે પા.વ.ની અગાઉના 4 વર્ષમાં 370 દિવસ હાજર રહી હોય, તો રહેઠાણના દરજ્જામાં શો ફેરફાર થશે ?

**ઉકેલ :**

(i) ઉપર્યુક્ત મૂળ ઉદાહરણ ગણતરી પ્રમાણે વ્યક્તિ ''ખુશ્બુ'', શરત 'બ' પૂર્ણ કરી લેશે. અને તે 'રહીશ' બની જશે. તેથી તેને કલમ 6 (1A)- 'માની લીધેલ રહીશ' લાગુ પડશે નહીં.

(ii) પરંતુ અહી, વ્યક્તિ ''ખુશ્બુ'' કલમ 6 (1)માં આપેલ શરત 'બ'ના અપવાદ (3) - (120 થી વધુ અને 182 થી ઓછા દિવસ હાજર રહી હોય)

| ઉકેલ : | **શ્રી 'ખુશ્બુ''નો રહેઠાણનો દરજ્જો** | **'રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં'** |
|---|---|---|

4.7.7 : નીચેની માહિતીના આધારે શ્રી 'પ્રતીક'ની પાછલા વર્ષની કુલ આવક રહેઠાણના દરજ્જાને આધારે વર્ગીકૃત કરો.

| **ક્રમ** | **આવકની વિગત** | **₹** |
|---|---|---|
| (1) | અગાઉ ભારતીય કર્મચારી રહી ચૂકેલ વ્યક્તિને વિદેશમાં મળતું પેન્શન | 60,000 |
| (2) | ભારતીય કંપની દ્વારા કરવામાં આવેલ થાપણનું ભારત બહાર મળેલું વ્યાજ | 20,000 |
| (3) | વિદેશમાં મળેલ ભારતીય કંપનીના ડિબેન્ચરનું વ્યાજ | 3,000 |
| (4) | ભારતમાંથી નિયંત્રિત થતાં વિદેશમાં ચાલતા ધંધાનો નફો (જેમાંથી 50% રકમ ભારતમાં લાવ્યા) | 4,00,000 |
| (5) | વિદેશમાં મળેલ ખેતીની આવક જે ભારતમાં લાવ્યા | 2,00,000 |
| (6) | ભારત બહાર આવેલી મિલકતનું મળેલ ભારત બહાર મળેલ ભાડું | 3,00,000 |
| (7) | વિદેશની કંપનીનું વિદેશમાં મળેલ ડિવિડન્ડ | 8,000 |
| (8) | પા.વ.ની અગાઉના વર્ષમાં ઉપજેલી આવક પા.વ.માં ભારતમાં લાવ્યા કે જેના પર પહેલા કરવેરો ભર્યો નથી | 30,000 |

**ઉકેલ :**

| **રહેઠાણના દરજ્જાના આધારે શ્રી 'પ્રતીક'ની પાછલા વર્ષની કુલ કરપાત્ર આવક** | | | |
|---|---|---|---|
| **આવક** | **રહીશ પરંતુ સામાન્ય રહીશ (₹)** | **રહીશ (₹)** | **બિન-રહીશ (₹)** |
| ઉપર્યુક્ત ક્રમ (1)ની આવક | 60,000 | 60,000 | 60,000 |
| ઉપર્યુક્ત ક્રમ (2)ની આવક | 20,000 | 20,000 | 20,000 |
| ઉપર્યુક્ત ક્રમ (3)ની આવક | 3,000 | 3,000 | 3,000 |
| ઉપર્યુક્ત ક્રમ (4)ની આવક | 4,00,000 | 4,00,000 | 2,00,000 |
| ઉપર્યુક્ત ક્રમ (5)ની આવક | 2,00,000 | - | - |
| ઉપર્યુક્ત ક્રમ (6)ની આવક | 3,00,000 | - | - |
| ઉપર્યુક્ત ક્રમ (7)ની આવક | 8,000 | - | - |
| ઉપર્યુક્ત ક્રમ (8)ની આવ | - | - | - |
| **કુલ કરપાત્ર આવક** | **9,91,000** | **4,83,000** | **2,83,000** |

## 4.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **રહેઠાણના દરજ્જો :**

  જ્યારે કરદાતા, પાછલાં વર્ષની કુલ કરપાત્ર આવક નક્કી કર્યા બાદ કર ભરવાની જવાબદારી અદા કરવાની જરૂર પડે છે. તે શખ્સ, સૌપ્રથમ આવકવેરાની કલમ 6 (1)માં આપેલ શરતોની ચકાસણી કરવાની જે પ્રક્રિયા કરે છે તેને રહેઠાણનો દરજ્જો નક્કી કરવાની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.

- **રહીશ (Resident) :**

  આવકવેરાની કલમ 6માં દરેક શખ્સ ક્યારે ભારતીય 'રહીશ' બની શકે તેની શરતો આપેલી છે જો કોઈ શખ્સ તે શરતોની પૂરતી કરતો જણાશે તો તે ભારતીય 'રહીશ' છે તેમ ગણાય.

- **બિન-રહીશ (Non-Resident) :**

  જો કોઈ શખ્સ આવકવેરાની કલમ 6માં આપેલી શરતો મુજબ લાયક કોઈ પણ રીતે લાયક ઠરતો નથી. તો તે શખ્સ ભારતીય 'બિન-રહીશ' છે તેમ ગણાય.

- **માની લીધેલ રહીશ (Deemed to be Resident) :**

  'માની લેવામાં આવેલ રહીશ'નો ખ્યાલ ફક્ત કુદરતી વ્યક્તિ તેમજ HUFના કર્તા શખ્સને જ લાગુ પડે છે. જો તેઓ (i) ભારતીય નાગરિક હોય (ii)ની કુલ આવક (વિદેશી સ્ત્રોત સિવાયની) ₹ 15,00,000 થી વધુ છે અને (iii) જો તે વ્યક્તિ પોતાના રહેઠાણ અથવા કાયમી નિવાસ અથવા પ્રાદેશિક ક્ષેત્રના કારણે અથવા અન્ય કોઈ દેશમાં કરવેરા ભરવા માટે જવાબદાર ન હોય, તો તેઓ 'માની લેવામાં આવેલ રહીશ' છે તેમ ગણાશે. (કલમ કલમ 6 (1) મુજબ કે કલમ 6 (1)ની મૂળભૂત શરત (બ) ના અપવાદ (3) સિવાય)

- **રહીશ તેમજ સામાન્ય રહીશ (Resident and Ordinary Resident) :**

  રહીશ તેમજ સામાન્ય રહીશનો ખ્યાલ પણ ફક્ત કુદરતી વ્યક્તિ તેમજ HUFના કર્તા શખ્સને જ લાગુ પડે છે. જો તેઓ આવકવેરા કાયદાની કલમ 6 (1)માં આપેલ મૂળભૂત શરતો મુજબ 'રહીશ' બને અને તે ઉપરાંત તેઓ કલમ 6(6)(1)માં આપેલ વધારાની શરતોની પણ પૂર્તિ કરે ત્યારે તેઓ ભારતીય 'રહીશ તેમજ સામાન્ય રહીશ' છે તેમ ગણાશે.

- **રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં (Resident but Not Ordinary Resident) :**

  'રહીશ તેમજ સામાન્ય રહીશ નહીં'નો ખ્યાલ પણ ફક્ત કુદરતી વ્યક્તિ તેમજ HUFના કર્તા શખ્સને જ લાગુ પડે છે. જો તેઓ ઉપર્યુક્ત જણાવ્યા મુજબ 'રહીશ તેમજ સામાન્ય રહીશ' ન બની શકે તો અને આવકવેરા કાયદાની કલમ 6(6)(c) તેમજ (d) મુજબ 'રહીશ તેમજ સામાન્ય રહીશ નહીં' ગણાશે.

- **Crew Member :**

  ભારતીય વહાણ પર કાર્ય કરનાર વ્યક્તિ એ લાંબી દરિયાઈ મુસાફરી કરવી પડતી હોય છે તેથી તેવા સંજોગોમાં રહેઠાણના દરજ્જા નક્કી કરવા માટે તે અંગેની વિગત રહેઠાણના દરજ્જો નક્કી કરતી વખતે આપવામાં આવેલ છે.

- **ભારતીય નાગરિક (Indian Citizen) :**

  જેનો પોતાનો જન્મ અને માતા-પિતામાંથી કોઈ પણ એકનો જન્મ ભારતમાં થયો હોય અથવા તો કોઈ વિદેશી વ્યક્તિ એ ભારતીય નાગરિક સાથે લગ્નની નોંધણી કરેલ હોય.

- **ભારતીય મૂળ વંશજ (A Person of an Indian Origin) :**

  ભારતીય મૂળ વંશજ એટલે એવી વ્યક્તિ કે જેનો, જેના માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની પૈકી કોઈનો જન્મ 'વિભાજન પહેલાના ભારત'માં થયો હોય.

- **વિદેશી સ્ત્રોતોથી થતી આવક (Income from Forigh Sources) :**

  એવી આવક કે જે પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ માનવામાં ન આવતી હોય; લેણી થયેલી કે ઉપજેલી ન હોય કે લેણી અથવા ઉપજેલી છે તેમ માનવામાં પણ આવતી ન હોય એવી બધી જ આવકો વિદેશી સ્ત્રોતોથી થતી આવક છે.

- **ઉપજેલી કે લેણી થયેલી આવક (Accrues or Arises Income) :**

  જે આવક મેળવવાનો હક્ક પ્રાપ્ત થઈ ગયો હોય તે આવક ઉપજેલી કે લેણી થઈ ગણાય.

## 4.9 બહુવિકલ્પ પ્રશ્નો (MCQs) :

**નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે. પરંતુ તે પૈકી ફક્ત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ નક્કી કરવાનો છે. તેમ જ તેના સમર્થનમાં જ્યાં જરૂર જણાય ત્યાં સમજૂતી રજૂ કરશો :**

(1) આવકવેરા કાયદાની કલમ 6(1) મુજબ કુદરતી વ્યક્તિ એ પાછલા વર્ષમાં કુલ કેટલા દિવસ હાજર રહેવું જરૂરી છે જેથી તે રહીશ બની શકે ?

(a) 182 (b) 60 (c) 120 (d) 365

(2) જો વ્યક્તિ પા.વ.માં 60 કે તેથી વધુ દિવસ ભારતમાં હાજર રહી હોય તો રહીશ બનવા માટે પા.વ.ની તરત અગાઉના 4 વર્ષમાં લઘુતમ કેટલા દિવસની હાજરી જરૂરી છે ?

(a) 365 (b) 60 (c) 120 (d) 365

(3) સામાન્ય રહીશનો દરજ્જો મેળવવા માટે રહીશ એસેસીને વધારાની કુલ કેટલી શરતોનું પાલન કરવું જરૂરી છે ?

(a) એક (b) બે (b) ત્રણ (d) ચાર

(4) નાણાં બિલ 2020 મુજબ એસેસી કુદરતી વ્યક્તિ હોય તો તેને રહેઠાણના કુલ કેટલા દરજ્જા પ્રાપ્ત કરી શકે છે ?

(a) એક (b) બે (b) ત્રણ (d) ચાર

(5) નાણાં બિલ 2020 મુજબ એસેસી કુદરતી વ્યક્તિ હોય તો તે રહીશ, બિનરહીશ ઉપરાંત કયો મૂળ દરજ્જો પ્રાપ્ત કરી શકે છે ?

(a) વિદેશનો રહીશ (b) દૂરનો રહીશ

(c) માની લીધેલો રહીશ (d) ઉપર્યુક્ત એક પણ નહી

(6) માની લીધેલ રહીશનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે એસેસીની કુલ આવક (વિદેશના સ્ત્રોત સિવાયની) કેટલા રૂપિયાથી વધુ હોવી જોઈએ ?

(a) 5 લાખ (b) 10 લાખ (c) 15 લાખ (d) 20 લાખ

(7) માની લીધેલ રહીશનો દરજ્જો નીચેનામાંથી કયા એસેસીને જ લાગુ પડે છે ?

(a) ભારતીય નાગરિક (b) ભારતીય મૂળ વંશજ
(c) બિન રહીશ (d) સામાન્ય રહીશ

(8) જો કોઈ ભારતીય નાગરિક એસેસી જેની કુલ આવક (વિદેશી સ્ત્રોત સિવાયની) ₹ 15 લાખ થી વધુ હોય અને તે ભારતની મુલાકાતે પા.વ.માં 181 દિવસ માટે આવે તો તે વ્યક્તિ -

(a) મૂળભૂત શરત 'અ' મુજબ બિનરહીશ ગણાશે.
(b) મૂળભૂત શરત 'બ'(1) મુજબ 60 કે તેથી વધુ દિવસ હાજર હોય રહીશ બની શકે.
(c) મૂળભૂત શરત 'બ'(1)ના અપવાદ મુજબ 120 કે તેથી વધુ પરંતુ 182 થી ઓછા દિવસ હાજર હોય રહીશ બની શકે.
(d) રહીશ ઉપરાંત સામાન્ય રહીશ પણ બની શકે.

(9) માની લીધેલ રહીશનો ખ્યાલ નાણાં બિલ 2020ની દરખાસ્તથી આવકવેરા કાયદાની કઈ કલમમાં ઉમેરવામાં આવ્યો છે ?

(a) કલમ 6(6) (b) કલમ 6(6A) (c) કલમ 6(1A) (d) કલમ 6(B)

(10) આવકવેરા કાયદાની કલમ 6 (6) મુજબ લાયક ઠરતો એસેસી ફક્ત -

(a) રહીશ બની શકે
(b) બિન રહીશ જ રહેશે
(c) રહીશ પરંતુ સામાન્ય રહીશ બની શકે.
(d) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં જ બની શકે.

(11) રહેઠાણના આધારે આવકની કર પાત્રતા નક્કી કરતી વખતે આવકને મૂળ કેટલા પ્રકારમાં વહેચવામાં આવી છે.

(a) ત્રણ (b) ચાર (c) એક (d) બે

(12) પાછલા વર્ષમાં ભારતમાં મળેલી કે મળી છે તેમ ગણાતી આવક નીચેમાંથી કયા પ્રકારના એસેસી માટે લાગુ પડે છે ?

(a) રહીશને (b) સામાન્ય રહીશને
(c) બિન રહીશને (d) દરેકને

(13) જે ધંધા કે વ્યવસાયની સ્થાપના ભારતમાં થઈ હોય પરંતુ પાછલા વર્ષ દરમિયાન તેમાંથી મળેલ આવક ભારત બહારથી ઉપજેલી કે લેણી થયેલ હોય તો તેવી આવક કોના માટે કરપાત્ર નથી ?

(a) રહીશને (b) સામાન્ય રહીશને
(c) બિન રહીશને (d) ઉપર્યુક્ત એક પણને નહીં.

(14) પાછલા વર્ષની અગાઉના વર્ષમાં વિદેશમાં લેણી થયેલી આવકને જો પા.વ. દરમિયાન ભારતમાં લાવવામાં આવે તો તે -

(a) ફક્ત સામાન્ય રહીશ માટે કરપાત્ર છે.

(b) ફક્ત રહીશ માટે જ કરપાત્ર છે.

(c) ફક્ત બિન રહીશ માટે જ કરપાત્ર છે.

(d) કોઈ પણ એસેસી માટે કરપાત્ર ગણાય નહીં.

(15) નીચેનામાંથી કયા પ્રકારના એસેસી માટે રહીશ અથવા બિન-રહીશ એમ ફક્ત બે જ પ્રકારનો રહેઠાણનો દરજ્જો હોય છે ?

(a) પેઢી (b) AOP (c) કંપની (d) ઉપર્યુક્ત દરેક

(16) જો કોઈ શખ્સ એ પોતાની કુલ આવક પર કરનું ભારણ ઘટાડવું હોય તો તેના માટે નીચેનામાંથી કયા પ્રકારનો દરજ્જો સૌથી વધુ સારો રહેશે.

(a) રહીશ (b) સામાન્ય રહીશ

(c) બિન-રહીશ (d) માની લીધેલ રહીશ

(17) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) કરવેરાના બોજનું ભારણ એસેસીની આવકની રકમ પર આધારિત છે.

(b) વિદેશમાં સ્થિત મકાન-મિલકતની આવક ફક્ત ''બિન-રહીશ'' માટે જ કરપાત્ર છે.

(c) રહીશ બનવા માટે ભારતીય મૂળ વંશજ એસેસીની પાછલા વર્ષ દરમિયાન ભારતમાં ઓછામાં ઓછા 60 દિવસની હાજરી હોવી જરૂરી છે.

(d) બિન-રહીશને વિશ્વના કોઈ પણ ભાગમાંથી મળેલી આવક સંપૂર્ણ પણે કરમુક્ત છે.

(18) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) આવકવેરો ભરવાની જવાબદારી કરભરનારના રહેઠાણના દરજ્જાને આધારે નક્કી થાય છે.

(b) બધા જ શખ્સ માટે રહેઠાણના દરજ્જા ત્રણ પ્રકારના છે.

(c) કોઈ પણ બિન-નાગરિક શખ્સ સામાન્ય રહીશ ગણાય તે માટે પાછલા વર્ષ દરમિયાન તેનો ઓછામાં ઓછા 182 દિવસ ભારતમાં રહેવું જરૂરી છે.

(d) ભારતમાંથી જેનું નિયંત્રણ થતું હોય તેવી વિદેશી કંપની ''સામાન્ય રહીશ'' બની શકે નહીં.

(19) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) વિદેશમાં ઉપજેલી કે લેણી થયેલી આવક બારોબાર ભારતમાં મળી હોય તો પણ 'બેન-રહીશ' એસેસી માટે કરપાત્ર ગણાય નહીં.

(b) વિદેશમાં ઉપજેલી કે લેણી થયેલી પગારની આવક જો વિદેશમાં મેળવવામાં આવે તો પણ 'સામાન્ય રહીશ' માટે કરપાત્ર ગણાય.

(c) ભારતમાં જે રહીશ હોય તે શખ્સ તે જ આકારણી વર્ષ માટે અન્ય કોઈ પણ દેશમાં રહીશ બની શકે નહીં.

(d) જો કોઈ શખ્સ એક પા.વ. માટે 'રહીશ' બની જાય તો ત્યાર પછીના પા.વ. માટે પણ તે 'રહીશ' જ માનવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (19) | B | વિદેશમાં ઉપજેલી કે લેણી થયેલી પગારની આવક જો વિદેશમાં મેળવવામાં આવે તો પણ 'સામાન્ય રહીશ' માટે કરપાત્ર ગણાય. |
| (20) | D | એક વિદેશી કંપની હંમેશા ભારતમાં બિન-રહીશ' ગણાય. |

## 4.10 ટૂંકા પ્રશ્નો

Ex. 4.10.1 નીચેની માહિતી પરથી વ્યક્તિ ભારતીય મૂળ વંશજ (Person of Indian Origin) છે કે કેમ તે નક્કી કરો.

| | |
|---|---|
| (1) | જો વ્યક્તિનો જન્મ 1975માં ફ્રાંસમાં થયો હોય, તેના પિતાનો જન્મ 1945માં બાંગ્લાદેશમાં થયો હોય. |
| (2) | જો વ્યક્તિનો જન્મ 1980માં ઈંગ્લેન્ડમાં થયો હોય, તેના પિતાનો જન્મ 1950માં અમેરિકામાં થયો હોય અને તેના દાદાનો જન્મ 1925માં લાહોરમાં થયો હોય. |
| (3) | જો વ્યક્તિનો જન્મ 1988માં ઓસ્ટ્રેલીયામાં થયો હોય, તેના પિતાનો જન્મ 1960માં અમેરિકામાં થયો હોય અને તેના દાદાનો જન્મ 1935માં રશિયામાં થયો હોય પરંતુ તેના નાનાનો જન્મ 1940માં કરાચીમાં થયો હોય. |

**ઉકેલ :** વ્યક્તિ દરેક કેસમાં ભારતીય મૂળ વંશજ ગણાશે.

Ex. 4.10.2 શ્રી "નિરાલી" કે જે ભારતીય રહીશ છે પરંતુ ભારતીય મૂળ વંશજ નથી. હાલમાં તે જર્મની સ્થિત એક કંપનીમાં કાર્ય કરે છે.તે પાછલા વર્ષ 2020-21માં ભારતની ફક્ત 20 દિવસ માટે જ મુલાકાતે આવે છે. પરંતુ તેની વિદેશના સ્ત્રોત સિવાયની કુલ આવક ₹ 18 લાખ છે. જો કે તે જર્મનીમાં કર ભરવાને જવાબદાર થતી નથી તો તેનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો તેમજ કારણ જણાવો.

**ઉકેલ :**

(i) કલમ 6(1A)ની ત્રણે શરતો મુજબ, તે "માની લીધેલ રહીશ" અને કલમ 6(6)(d) હેઠળ તે RNOR - રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ" ગણાશે.

Ex. 4.10.3 નીચેની માહિતીના આધારે આપેલ દરેક એસેસી પાછલા વર્ષ 20-21માં ભારતની મુલાકાતે આવેલ છે તેમ ગણીને દરેકનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો.

| ક્રમ નં. | શરતો | મુલાકાતી વ્યક્તિ | | | |
|---|---|---|---|---|---|
| | | જય | અજય | નિલય | અભય |
| (1) | શું તે ભારતીય નાગરિક છે ? | હા | ના | ના | હા |
| (2) | શું તે ભારતીય મૂળ વંશજ છે ? | ના | હા | ના | હા |
| (3) | શું તેની કરપાત્ર આવક ₹ 15,00,000 થી વધુ છે ? | હા | હા | હા | ના |
| (4) | શું તે પા.વ. દરમિયાન ભારતમાં 120 કે તેથી વધુ પરંતુ 182થી ઓછા દિવસ માટે હાજર રહી છે. તેમજ પાછલા વર્ષની તરત અગાઉના 4 વર્ષમાં તે 365થી વધુ દિવસ ભારતમાં હાજર રહી છે ? | હા | ના | હા | હા |

ઉકેલ :

| જય | અજય | નિલય | અભય |
|---|---|---|---|
| રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં. | બિન-રહીશ | બિન-રહીશ | બિન-રહીશ |
| શરત 'બ' અપવાદ (3) મુજબ | શરત 4ની અપૂર્તિ | શરત 1 અને 2 ની અપૂર્તિ શરત 'અ' ની અપૂર્તિ | શરત 'બ' લાગુ પડશે નહીં અને |

## 4.11 વિસ્તારપૂર્વકના પ્રશ્નો

Ex. 4.11.1 નીચેની માહિતીના આધારે નાણાં બિલ 2020ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને પાછલા વર્ષ દરમિયાન ભારતની મુલાકાતે આવનાર દરેક એસેસીનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો.

| ક્રમ નં. | શરતો | વ્યક્તિઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નિમેશ | રમેશ | સુરેશ | પ્રિતેશ | રાકેશ | દિપેશ | જયેશ | નિલેષ |
| (1) | ભારતીય મૂળ વંશજ છે ? | હા | હા | હા | હા | હા | હા | ના | ના |
| (1) | ભારતીય નાગરિક છે ? | હા | ના | હા | હા | ના | ના | ના | ના |
| (3) | વિદેશી સ્ત્રોત સિવાયની પાછલા વર્ષની કુલ આવક ₹ 15 લાખથી વધુ છે ? | હા | હા | ના | હા | હા | હા | ના | ના |
| (4) | પાછલા વર્ષે 2020-21માં ભારતમાં વિતાવેલ દિવસો | 23 | 33 | 43 | 53 | 128 | 186 | 189 | 119 |
| (5) | અન્ય કોઈ દેશમાં કોઈપણ કારણસર કર ભરવાને જવાબદાર થાય છે ? | ના | ના | ના | હા | ના | ના | ના | ના |
| (6) | પાછલા વર્ષની અગાઉના 4 વર્ષમાં 365 કે તેથી વધુ દિવસ ભારતમાં રહી છે ? | 409 | 410 | 411 | 412 | 413 | 250 | 250 | 365 |
| (7) | પાછલા વર્ષની તરત અગાઉના 10 વર્ષ દરમિયાન તે ભારતીય રહીશ બનેલ છે. | 2 | 3 | 4 | 4 | 5 | 5 | 5 | 3 |
| (8) | પાછલા વર્ષની તરત અગાઉના 7 વર્ષ દરમિયાન હાજર દિવસની સંખ્યા | 740 | 750 | 750 | 750 | 750 | 750 | 750 | 750 |

ઉકેલ :

| નિમેશ | રમેશ | સુરેશ | પ્રિતેશ | રાકેશ | દિપેશ | જયેશ | નિલેષ |
|---|---|---|---|---|---|---|---|
| માની લીધેલ રહીશ | બિન-રહીશ | બિન-રહીશ | બિન-રહીશ | રહીશ પરંતુ સામાન્ય રહીશ નહીં. | રહીશ તેમજ સામાન્ય રહીશ | રહીશ તેમજ સામાન્ય રહીશ | રહીશ તેમજ સામાન્ય રહીશ |
| શરત 3,4,6 મુજબ | માની લીધેલ રહીશની શરત 3,4,6માંથી એકની અપૂર્તિ તેમજ 60થી ઓછા દિવસની હાજરી | | | શરત ''બ''ના અપવાદ (3) મુજબ | મૂળભૂત શરત 'અ' અને વધારાની બન્ને શરતોની પૂર્તિ | | મૂળભૂત શરત 'બ' અને વધારાની બન્ને શરતોની પૂર્તિ |

Ex. 4.11.2 નીચેની માહિતીના આધારે શ્રી માલવની પાછલા વર્ષની કુલ આવક રહેઠાણના દરજ્જાને આધારે વર્ગીકૃત કરો.

| ક્રમ | આવકની વિગત | ₹ |
|---|---|---|
| (1) | સિંગાપુરમાંથી નિયંત્રણ કરતાં ધંધામાંથી થયેલ આવક જે ભારતમાં મળેલ છે. | 1,00,000 |
| (2) | ભારત બહાર આવેલી મિલકતનું મળેલ ભાડું જે ભારત બહાર આવેલી ભારતીય બૅંકમાં જમા કરેલ તે ભારતમાં લાવ્યા | 1,20,000 |
| (3) | ભારત બહાર રહેલા ભારતીય રહીશને વિદેશમાં મળેલ લોન પરનું વ્યાજ જે ભારતમાં લાવવામાં આવ્યું હોય. | 18,000 |
| (4) | ભારતમાં પૂરી પાડવામાં આવેલ સેવાઓનું વળતર કે જે ભારત બહાર ઉપજેલ હોય | 80,000 |
| (5) | ભારતમાં રહેતા બિન-રહીશ વ્યક્તિને મળેલ રોયલ્ટીની આવક | 20,000 |
| (6) | વિદેશી કંપનીનું ભારતમાં મળેલ વ્યાજ | 2,00,000 |
| (7) | વિદેશી કંપનીનું વિદેશમાં મળેલ વ્યાજ | 50,000 |
| (8) | ભારતીય કંપનીનું વિદેશમાં મળેલ વ્યાજ | 30,000 |
| (9) | હોલેન્ડ સ્થિત મિલકતમાં વેચાણથી મળેલ નફો કે જેનો 75% હિસ્સો ભારતમાં મળેલ હોય | 40,000 |
| (10) | અમદાવાદથી નિયંત્રિત બર્મા સ્થિત ધંધાનો નફો (જેમાંથી ₹ 1,00,000 ભારતમાં મળેલ) | 1,90,000 |

ઉકેલ :

| રહીશ પરંતુ સામાન્ય રહીશ | રહીશ | બિન-રહીશ |
|---|---|---|
| ક્રમ નં. (1) થી (10)ની બધી જ આવક, [(9)મી આવકની 75% રકમ] | ક્રમ નં. (2) અને (7) સિવાયની બધી જ આવક, [(9)મી આવકની 75% રકમ] | ક્રમ નં. (2) અને (7) સિવાયની બધી જ આવક, [(10)મી આવકમાં ફક્ત ભારતમાં મળેલ રકમ] |
| કુલ કરપાત્ર આવકઃ ₹ 8,38,000 | કુલ કરપાત્ર આવકઃ 6,68,000 | કુલ કરપાત્ર આવકઃ ₹ 5,88,000 |

# એકમ 10 કપાતો અને રાહતો

## : રૂપરેખા :

**10.1** પ્રસ્તાવના

**10.2** અર્થ

**10.3** ફાળા / ચુકવણી અંગેની કપાતો

- **10.3.1** કલમ **80 C**
- **10.3.2** કલમ **80 CCC**
- **10.3.3** કલમ **80 CCD**
- **10.3.4** કલમ **80 D**
- **10.3.5** કલમ **80 DD**
- **10.3.6** કલમ **80 DDB**
- **10.3.7** કલમ **80 E**
- **10.3.8** કલમ **80 EE**
- **10.3.9** કલમ **80 GG**

**10.4** આવક અંગેની કપાતો

- **10.4.1** કલમ **80 QQB**
- **10.4.2** કલમ **80 RRB**
- **10.4.3** કલમ **80 TTA**

**10.5** દાન અંગેની કપાતો

- **10.5.1** કલમ **80 G**
- **10.5.2** કલમ **80 U**

**10.6** રાહતો

- **10.6.1** બાકી પગારની આવક અંગે રાહત
- **10.6.2** બેવડા કર અંગેની રાહત

- સ્વાધ્યાય

## 10.1 પ્રસ્તાવના

ભારતની ટેક્સ પ્રણાલીનું સૌથી સામાન્ય અને બહુચર્ચિત પાસું આવકવેરો છે. સામાન્યતઃ એવું માનવામાં આવે છે કે આવકવેરો વર્તમાન સમયની ઘટના છે, પરંતુ પ્રાચીન સમયમાં પણ ભારતમાં કરવેરા ઉઘરાવવામાં આવતા હતા. પ્રાચીન ગ્રંથો મનુસ્મૃતિ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. કરવેરાના માધ્યમથી

સરકારને ખૂબ મોટા પ્રમાણમાં આવક મળે છે. દેશના આર્થિક વિકાસ માટે કરવેરાનો એક મહત્ત્વના સાધન તરીકે ઉપયોગ થાય છે. કરવેરા લાદવાથી

- સરકારની આવક વધારી શકાય.
- આર્થિક વિકાસને વેગ મળે છે.
- નિયંત્રણની કામગીરીમાં સુગમતા રહે છે.
- આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડી શકાય છે.
- કિંમત - સ્થિરતાને જાળવી શકાય.

સામાન્યતઃ આવકવેરા જેવા કેન્દ્રીય કરવેરા અસરકારક ગણાય છે. હાલમાં આવકવેરા અંગે સમગ્ર ભારતમાં 'આવકવેરા ધારો, 1961' (Income Tax Act 1961) અમલમાં છે. ભારતના બંધારણની કલમ 270માં જણાવ્યું છે કે ખેતીની આવક સિવાયની આવક પર કર નાખવાની અને વસૂલ કરવાની સત્તા કેન્દ્ર સરકારને સોંપવામાં આવી છે.

## 10.2 અર્થ

આવકવેરા કાયદાની સૌથી વિસ્તૃત કલમ 80 હેઠળ કરદાતાઓની એકંદર ગ્રોસ આવકમાંથી કપાતો બાદ આપવાની જોગવાઈઓ કરવામાં આવેલી છે. આવી જોગવાઈઓ કલમ 80-C થી 80-U સુધી સમાવી લેવામાં આવી છે.

ઉપરોક્ત કલમો હેઠળ કપાત બાદ આપવા કેટલીક મહત્ત્વની બાબતો નીચે પ્રમાણે છે.

- કોઈપણ કલમ હેઠળની કપાત રકમ કોઈપણ સંજોગોમાં કરદાતાની કુલ ગ્રોસ આવક કરતાં વધી શકશે નહીં.
- આવકવેરા ધારામાં કુલ ગ્રોસ આવકમાંથી કેટલીક કપાતો બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આવી કપાતો બે પ્રકારની છે.
  - → રોકાણો અંગે કપાત આપવામાં આવે છે. જેમકે પી.પી.એફ. ખાતામાં રકમ ભરી હોય કે કોઈ સંસ્થાને દાન કર્યું હોય તો તે ચુકવણી કહેવાય. અમુક ચુકવણી એસેસીએ ફરજિયાત કરવી પડે છે. તેથી તેને રાહત આપવા માટે આવી કપાતો આપવામાં આવે છે.
  - → બીજી કેટલીક કપાતો એસેસીની આવક અંગે મળે છે. ઉદાહરણ તરીકે સાહિત્ય કે વિજ્ઞાનનાં પુસ્તકોના લેખકોને મળતી રોયલ્ટીની આવક અંગે નિયત મર્યાદામાં કપાત તરીકે બાદ મળે છે. આમ, આવા લેખનકાર્યમાંથી મળતી આવક પર ઓછો આવકવેરો ભરવો પડે છે.

કરવેરા એ એક એવી બાબત છે કે જે ભરવાનું કોઈ પસંદ કરતું નથી. દરેક વ્યક્તિને લાગે છે કે પોતાની મહેનતનું ફળ સરકાર લઈ જાય છે. કોઈપણ પ્રામાણિક નાગરિકને કર ભરતાં પોતાને અન્યાય થતો હોય એમ લાગે છે. છતાં દરેક સરકારે કરવેરા તો ઉઘરાવવા જ પડે અને દરેક નાગરિકે કરવેરા ભરવા જ પડે છે.

## 10.3 ફાળો / ચુકવણી અંગેની કપાતો

### 10.3.1 કલમ 80 C : વીમા પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફંડ, ડિફર્ડ એન્યુઈટી વગેરેની ચુકવણી સંબંધી કપાત :

કલમ 80 C હેઠળ અમુક ચુકવણીઓ / રોકાણો સંબંધી વ્યક્તિ તેમજ હિન્દુ અવિભક્ત કુટુંબનો દરજ્જો ધરાવનાર કરદાતાને તેમની ગ્રોસ આવકમાંથી સીધી કપાત બાદ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. રોકાણો / ચુકવણીઓ કરપાત્ર આવકમાંથી થાય તે જરૂરી નથી. કલમ 80 C હેઠળ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે છે.

☞ **જીવન વીમા પોલિસીના પ્રીમિયમની ચુકવણી (L.I.P.) - વ્યક્તિ કરદાતાએ -**

A) પોતાની જીવન વીમા પોલિસી

B) પોતાના લગ્નસાથીની (પતિ કે પત્નીની) જીવન વીમા પોલિસી

C) પોતાના બાળકો (પુખ્ત કે સગીર)ની જીવન વીમા પોલિસીનું ભરેલ પ્રીમિયમ કલમ 88 હેઠળ રિબેટને પાત્ર ગણાય છે.

☞ **પ્રોવિડન્ટ ફંડમાં રોકાણ :**

વ્યક્તિ કરદાતા કે જેઓ કર્મચારી હોય તેમણે પગારમાંથી માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કપાત કરાવીને તેમજ સુપર એન્યુએશન ફંડમાં જમા કરાવેલી ફાળાની રકમ કલમ 80 C હેઠળ કપાતને પાત્ર ગણાય છે.

☞ **ડિફર્ડ એન્યુઈટી** :

ડિફર્ડ એન્યુઈટીમાં કરાર હેઠળ એન્યુઈટીની જગ્યાએ રોકડ ચુકવણીનો વિકલ્પ આપવામાં આવતો નથી.

**10.3.2 કલમ 80 CCC : અમુક ચોક્કસ પેન્શન ફંડ અંગેની ચુકવણી કપાત :**

આકારણી વર્ષ 1997-98થી રજૂ કરવામાં આવેલી આ નવી કલમ અનુસાર જો કોઈ વ્યક્તિગત કરદાતા લાઈફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન દ્વારા સ્થાપિત થતાં સરકાર માન્ય પેન્શન ફંડમાં પોતાની કરપાત્ર આવકમાંથી ચુકવણી કરે તો આવી ચુકવણીની રકમ વધુમાં વધુ 1,50,000 સુધી આવકમાંથી બાદ મળે છે.

કરદાતાઓએ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે પેન્શન ફંડમાં કરેલ ચુકવણીની રકમ જ્યારે પણ પાછી મેળવે (વ્યાજ તથા બોનસ સહિત) ત્યારે આવી સંપૂર્ણ રકમને કરદાતાના હાથમાં અથવા નોમિનીના હાથમાં આપવામાં આવે ત્યારે કરપાત્ર આવક તરીકે ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત જો કુલ કરપાત્ર આવક શૂન્ય હોય તો કપાત બાદ માગી શકાય નહીં.

**10.3.3 કલમ 80 CCD : કેન્દ્ર સરકારની પેન્શન સ્કીમમાં આપેલ ફાળા અંગે કપાત :**

વર્ષ 2004થી નવી કલમ 80 CCD આવકવેરા કાયદામાં દાખલ કરવામાં આવેલી છે. કોઈપણ વ્યક્તિ એસેસી તેમજ નવા જોડાનાર કર્મચારીઓને આ નવી પેન્શન યોજનામાં દાખલ કરવામાં આવ્યા છે. અટલ પેન્શન યોજના સહિત આ પ્રકારની યોજનામાં રોકાણ કર્યા બાદ 10% સુધી જ કુલ ગ્રોસ આવકમાંથી કપાત તરીકે બાદ મળે છે. કપાતની મહત્તમ રકમ કર્મચારી (પગારદાર) કરદાતાના કેસમાં પગારના 10% લેખે અને અન્ય વ્યક્તિના કેસમાં તેમની કુલ ગ્રોસ આવકના 10% લેખે બાદ મળવાપાત્ર ગણાશે.

'પગાર'ના અર્થમાં મોંઘવારી ભથ્થું, જો નોકરીની શરતો માટે નક્કી કરેલ હોય તો ઉમેરાશે. પરંતુ બીજા તમામ ભથ્થાં તેમજ સવલતોનો પગારમાં સમાવેશ થશે નહીં.

નિવૃત્તિ વખતે કે સ્વેચ્છાએ આ યોજનમાંથી ઉપાડ વખતે કર્મચારીના પેન્શન ફંડની એકત્રિત રકમ એસેસીને પરત કરવામાં આવે ત્યારે નીચેની રકમ કરપાત્ર ગણીને કુલ ગ્રોસ આવકમાં ઉમેરવામાં આવે છે.

☞ આ પેન્શન ફંડમાં જમા થયેલ કુલ વ્યાજ

☞ અગાઉનાં વર્ષોમાં જમા થયેલ ફાળા પૈકી જે રકમ અંગે કપાત મંજૂર થઈ હતી તે રકમ

☞ એસેસીના અવસાનને પરિણામે તેના નોમિનીને મળતી રકમ નોમિનીની આવક ગણાય નહીં, તેથી તે કરમુક્ત ગણાશે.

### 10.3.4 કલમ 80 D : મેડીકલ ઇન્શ્યોરન્સ પ્રીમિયમની ચુકવણી (મેડીક્લેઈમ) :

કલમ 80 Dની કપાત વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબ કરદાતાના કેસમાં બાદ કરવામાં આવે છે. આ કલમ અનુસાર વ્યક્તિ કરદાતાઓ પોતાના તેમજ પોતાના લગ્નસાથી તથા પોતાના માતા-પિતા તેમજ બાળકોના સ્વાસ્થ્ય માટે મેડીકલ ઇન્શ્યોરન્સ યોજના હેઠળ પોતાની કરપાત્ર આવકમાંથી ચુકવેલા પ્રીમિયમની રકમમાંથી પ્રીમિયમની રકમ બાદ મળે છે.

આ કપાત પાછલા વર્ષ દરમિયાન જનરલ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (GIC) કે અન્ય કોઈ સરકાર કે IRDAમાન્ય વીમા કંપનીને કરેલ ચુકવણી અંગે જ બાદ મળે છે. આવી ચુકવણી એસેસીની પોતાની તંદુરસ્તીના વીમા પ્રીમિયમ તરીકે અથવા કુટુંબ (પતિ / પત્ની, માતા-પિતા અને આશ્રિત સંતાન)ની તંદુરસ્તીના વીમા પ્રીમિયમ તરીકે કરેલી હોવી જોઈએ. પ્રીમિયમ એસેસીના કરપાત્ર આવકમાંથી જ ચુકવેલ હોવું જોઈએ. એસેસીનાં માતા-પિતા તેના પર આશ્રિત હોય તે જરૂરી નથી. આ પ્રકારની ચુકવણી રોકડ સિવાયના અન્ય કોઈપણ સાધન જેમકે ચેક, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, બેંક ટ્રાન્સફર વગેરે. પ્રિવેન્ટિવ હેલ્થ ચેક-અપ અંગે કોઈપણ માન્ય યોજના હેઠળ રોકડ સહિત કોઈપણ સાધન દ્વારા ચુકવણી કરવામાં આવી હોય તો જ માન્ય ગણવામાં આવશે. અનઇન્શ્યુર્ડ સુપર સિનિયર સિટિઝન કરદાતા કે તેવા તેમના કુટુંબના સભ્ય અથવા તેવા કરદાતાના માતા-પિતાના મેડિકલ ખર્ચની રકમ રૂ. 30,000ની મર્યાદામાં બાદ મળશે. આકારણી વર્ષ 2019-20 માટે રૂ. 30,000ની વરિષ્ઠ નાગરિક વ્યક્તિ બાબતની કપાતની મહત્તમ મર્યાદા રૂ. 30,000 થી વધારીને રૂ. 50,000 કરવામાં આવી છે.

### 10.3.5 કલમ 80 DD : દિવ્યાંગ આશ્રિતની તબીબી સારવાર અંગે મળતી કપાત :

આકારણી વર્ષ 2004-05થી નવી કલમ 80 DD દાખલ કરવામાં આવી છે. આ કલમ હેઠળ જો કોઈ રહીશ વ્યક્તિ અથવા H.U.F. પોતાની ઉપર નિર્ભર કે આશ્રિત એવા વ્યક્તિની શારીરિક ખામી માટે વૈદકીય સારવાર, તાલીમ તેમજ પુનર્વસવાટ સહિત માટે ખર્ચ કરે અથવા લાઈફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન કે તેવા કોઈ અન્ય ઇન્સ્યોરર કે નિર્દિષ્ટ કંપની અથવા એડમિનિસ્ટ્રેટર દ્વારા નક્કી કરેલ યોજના હેઠળ કોઈ રકમ ચુકવે કે ડિપોઝિટ કરે તો કરદાતાને પોતાની કુલ કરપાત્ર આવકમાંથી રૂ. 75,000ની નિશ્ચિત રકમની કપાત બાદ મળે. જો આવી વ્યક્તિ Severe disability (80% થી વધુ અપંગતા) વાળી હોય તો રૂ. 1,25,000ની કપાત બાદ મળશે. કલમ 80 DD હેઠળ કપાત મેળવવા માટે મેડીકલ ઓથોરિટીએ આપેલ પ્રમાણપત્ર પુરાવા તરીકે રજૂ કરવું જરૂરી છે.

**10.3.6 કલમ 80 DDB : તબીબી સારવાર અંગે કરેલ ખર્ચની કપાત :**

આ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ રહીશ વ્યક્તિ પોતાના ઉપર નિર્ભર વ્યક્તિ માટે અને હિન્દુ અવિભક્ત કુટુંબના કેસમાં કોઈપણ સભ્ય માટે અમુક નિર્દિષ્ટ રોગોના ઉપચાર માટે વૈદકીય સારવારના હેતુસર ખર્ચ કરે તો તેઓને ખરેખર કરેલ ખર્ચ અથવા રૂ. 40,000, બેમાંથી ઓછી રકમ હોય તે કપાત તરીકે કુલ આવકમાંથી બાદ મળી શકે છે. જો 60 વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિ માટે તબીબી સારવાર અંગે નિયમ મુજબ ખર્ચ કર્યો હોય તો રૂ. 60,000ની નિશ્ચિત કપાત બાદ મળે છે. અતિ વરિષ્ઠ નાગરિક ( 80 વર્ષની ઉપર) વ્યક્તિ માટે આવો ખર્ચ કરેલ હોય તો રૂ. 80,000ની નિશ્ચિત કપાત બાદ મળી શકે છે. આ કપાત મેળવવા માટે એસેસીએ નિયત ફોર્મમાં યુરોલોજિસ્ટ, હેમેટોજિસ્ટ, ન્યુરોલોજિસ્ટ, ઓન્કોલોજિસ્ટ, ઇમ્યુનોલોજિસ્ટ જેવાં નિયત વિશેષજ્ઞ કે જેઓ સરકારી હોસ્પિટલમાં કાર્યરત હોય તેમનું પ્રમાણપત્ર પણ હોવું ખૂબ જ જરૂરી છે.

આવા નિર્દિષ્ટ રોગોમાં હેમોફેલિયા, કેન્સર, એઈડ્ઝ, મગજના રોગો, કિડની નિષ્ફળ જવી, થેલેસેમિયાનો સમાવેશ થાય છે.

**10.3.7 કલમ 80 E : ઉચ્ચતર અભ્યાસક્રમ માટે લીધેલ લૉનની ચુકવણીની કપાત :**

આકારણી વર્ષ 1995-96થી આવકવેરા કાયદામાં નવી ઉમેરવામાં આવેલી કલમ 80 E હેઠળ ઉચ્ચ શિક્ષણ જેમકે મેડીકલ, આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અર્થે લીધેલી લૉનના વ્યાજની ચુકવણી કરી હોય તો તે રકમ કપાત તરીકે બાદ મળે છે. આ પ્રકારની કપાત જે વર્ષથી સૌપ્રથમ વખત વ્યાજની ચુકવણી કરી હોય તે સહિત કુલ આઠ આકારણી વર્ષ સુધી કે લૉન પરત થઈ જાય ત્યાં સુધી (જે સમય પહેલો હોય તે) દર વર્ષે કુલ ગ્રોસ આવકમાંથી બાદ મળી શકે છે. આ પ્રકારની કપાત મેળવવા માટે નીચે દર્શાવેલા મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લેવા જરૂરી છે.

- ☞ આ કપાતનો લાભ માત્ર વ્યક્તિ એસેસીને જ મળે છે.
- ☞ એસેસીએ પાછલાં વર્ષ દરમિયાન વ્યાજની ચુકવણી કરી હોવી જોઈએ.
- ☞ આ પ્રકારની શૈક્ષણિક લૉનના અભ્યાસક્રમ જેવાકે, મેડિસિન, મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર એપ્લાઈડ સાયન્સ, પ્યોર સાયન્સ, મેથેમેટિક્સ અને સ્ટેટિસ્ટિકલ વગેરેનો સમાવેશ થાય છે.
- ☞ એસેસીએ કોઈપણ બેંક અથવા માન્ય સખાવતી સંસ્થા પાસેથી લૉન લીધી હોવી જોઈએ.
- ☞ આવી લૉન એસેસીનાં પોતાનાં બાળકો માટે જ હોવી જોઈએ. આ પ્રકારની લૉન એસેસી પોતાના સગાનાં બાળકો માટે પણ લઈ શકે છે. જો એસેસી પોતે જ કાયદેસરનો સંરક્ષક (Guardian) હોય.
- ☞ આ પ્રકારનું વ્યાજ એસેસીની કરપાત્ર આવકમાંથી ચુકવવામાં આવ્યું હોવું જરૂરી છે.

**10.3.8 કલમ 80 EE : હાઉસિંગ લૉનના વ્યાજની કપાત :**

આકારણી વર્ષ 2014-15થી કલમ 80 EE દાખલ કરવામાં આવી છે. આ કલમ મુજબ વ્યક્તિ કરદાતાએ હાઉસિંગ ફાઈનાન્સ કંપની અથવા બેંકમાંથી રહેણાકના મકાન માટે લીધેલી લૉનનું ચુકવેલ વ્યાજ એક લાખ રૂપિયા સુધી બાદ મળવાપાત્ર રહે છે.

હાઉસિંગ લૉનના વ્યાજની કપાત મેળવવા માટેની શરતો નીચે મુજબ છે :

☞ આ પ્રકારની લૉનની મહત્તમ રકમ રૂપિયા પચ્ચીસ લાખ સુધીની હોવી જોઈએ.

☞ હાઉસિંગ લૉન પાછલા વર્ષ 2013-14માં ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યૂશને (નાણાકીય સંસ્થા)એ મંજૂર કરેલ હોવી જરૂરી છે.

☞ જે તારીખે હાઉસિંગ લૉન મંજૂર થાય તે દિવસે કરદાતા કોઈ રહેણાકની મિલકતના માલિક ના હોવા જોઈએ.

☞ રહેણાંકની મિલકતની કિંમત રૂપિયા 40 લાખથી વધુ ન હોવી જોઈએ.

આ કલમ હેઠળ મળતી કપાત બાદ તેવા વ્યાજની અન્ય કોઈ કાયદાની જોગવાઈ હેઠળ કપાત મળશે નહીં.

### 10.3.9 કલમ 80 GG : ઘરભાડાં અંગેની ચુકવણીની કપાત :

કરદાતાએ રહેઠાણ માટે ભાડે રાખેલ મકાનનું મકાન ભાડું ચુકવેલ હોય, તો તેવા ભાડાની ચુકવેણી કુલ ગ્રોસ આવકમાંથી કપાત મળી શકે છે. એસેસીએ ભાડે રાખેલ મકાન Income Tax Rules, 1962ના નિયમ 11Bમાં જણાવેલ શહેર પૈકીના કોઈ શહેરમાં હોય તો જ કપાતનો લાભ મળે છે.

ચુકવેલ ઘરભાડા અંગેની કપાત માટેની શરત :

✍ એસેસીને ઘરભાડા ભથ્થું ન મળતું હોય.

✍ એસેસીએ આ હેતુ માટે નિયત કરેલ ફોર્મ 10 BAમાં તેણે ચુકવવાના ભાડાની તથા જેને ભાડું ચુકવ્યું છે, તેનું નામ તથા સરનામું જણાવવું જરૂરી છે.

✍ કરદાતા કર્મચારી હોય તો તેના માલિક પાસેથી તેને આવકવેરા કાયદાની કલમ 10 (13A) હેઠળ કરમુક્ત ઘરભાડા ભથ્થું મળતું હોવું જોઈએ નહીં.

✍ કર્મચારી કરદાતાની માલિકીનું કે તેના લગ્નસાથી, સગીર બાળક કે તેના હિન્દુ અવિભક્ત કુટુંબની માલિકીનું અન્ય કોઈ મકાન હોવું જોઈએ નહીં.

✍ અન્ય કોઈપણ સ્થળે એસેસીની માલિકીનું અંગત રહેઠાણનું એવું કોઈ મકાન ન હોવું જોઈએ કે જે અંગે તે કલમ 23 (2) (4) હેઠળ લાભ મેળવતો હોય.

✍ જે રહેઠાણના મકાન અંગે આ કલમ હેઠળ કપાત મેળવવી હોય તો તે મકાનનો તેણે પાછલા વર્ષ દરમિયાન પોતાના રહેઠાણ માટે ખરેખર ઉપયોગ થયો હોય તે જરૂરી છે.

**આ કલમ હેઠળ મળતી કપાતની રકમ**

✍ માસિક રૂ. 5,000 લેખે થતી રકમ

અથવા

'એડજસ્ટેડ કુલ આવક'ના 10%થી વધુ ચુકવેલ ભાડું

અથવા

'એડજસ્ટેડ કુલ આવક'ના 25% લેખે થતી રકમ

## 10.4 આવક અંગેની કપાત

આ પ્રકારની આવકનો સમાવેશ કોઈપણ શીર્ષક હેઠળ થાય છે. કરદાતાની કુલ ગ્રોસ આવકમાંથી બાદ કરી શકાય છે.

### 10.4.1 કલમ 80 QQB : લેખકોને મળતી રોયલ્ટીની આવકમાંથી મળતી કપાત

આ પ્રકારની કલમ હેઠળ સાહિત્યિક, કલા અને વિજ્ઞાન સંબંધિત પુસ્તકોના લેખકને રૂ. ત્રણ લાખ સુધીની કોપીરાઈટ / રોયલ્ટીની આવક કપાત તરીકે મળી શકે છે.

આ કલમ હેઠળ કપાત મેળવવાની શરત નીચે મુજબ છે.

- ⇨ આ પુસ્તક સાહિત્ય, કલા કે વિજ્ઞાનના ક્ષેત્રને લગતું હોવું જોઈએ.
- ⇨ પુસ્તકોનું લેખનકાર્ય કરનાર વ્યક્તિ ભારતના રહીશ હોવા જોઈએ.
- ⇨ જ્યારે કોપીરાઈટ / રોયલ્ટી ઉચ્ચક ધોરણે નહીં, પરંતુ વેચાણ કિંમતની ટકાવારી પ્રમાણે મળતી હોય ત્યારે 15%થી વધુ કોપીરાઈટ / રોયલ્ટીની આવક બાદ મળશે નહીં.
- ⇨ જ્યારે કોપીરાઈટ / રોયલ્ટીની આવક વિદેશમાંથી મળતી હોય ત્યારે તેટલી જ રકમની કપાત મળશે. પરદેશમાંથી મળતી રોયલ્ટીની આવકનો જેટલો ભાગ પાછલા વર્ષની છેલ્લી તારીખથી 6 માસના ગાળામાં કન્વર્ટિબલ ફોરેન એક્ષચેન્જના રૂપમાં ભારતમાં લાવે તો તે રકમ અંગે પણ કપાતનો લાભ મળશે.
- ⇨ લેખકની વ્યાવસાયિક કામગીરી આ સાથે મળતી હોવી જોઈએ.
- ⇨ રોયલ્ટી ચુકવનાર પાસેથી આ પ્રકારની આવક અંગેના નિયત ફોર્મમાં પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી છે.
- ⇨ રોયલ્ટીની આવકના 100% કે રૂ. 3,00,000 (ત્રણ લાખ) પૈકી જે રકમ ઓછી હોય તે કુલ ગ્રોસ આવકમાંથી કપાત તરીકે બાદ મળશે.
- ⇨ 'પુસ્તક'ની વ્યાખ્યામાં શાળા-કોલેજનાં પાઠ્યપુસ્તકો, ગાઈડ, મેગેઝિન્સ, જર્નલ્સ વગેરેનો સમાવેશ થતો નથી.

### 10.4.2 કલમ 80 RRB : પેટન્ટ્સ અંગે મળતી રોયલ્ટી માટે કપાત :

આ કલમ હેઠળ વર્ષ 01-04-2003 પછી નોંધાયેલ પેટન્ટ પરની રોયલ્ટીની આવક રૂ. ત્રણ લાખ સુધીની ફક્ત વ્યક્તિ - એસેસીને કપાત તરીકે બાદ મળી શકે છે. જેમની પાસે પેટન્ટ હક હોય તેવી વ્યક્તિ ભારતમાં રહીશ તરીકે હોવી જોઈએ. આ વ્યક્તિની પાછલા વર્ષની કુલ ગ્રોસ આવકમાં પેટન્ટને લગતી રોયલ્ટીનો સમાવેશ થયેલો હોવો જરૂરી છે. પેટન્ટ અંગે રોયલ્ટી ચુકવનાર પાસેથી આ આવક અંગેના નિયત ફોર્મમાં પ્રમાણપત્ર રજૂ કરવું આવશ્યક છે.

આ પ્રકારની રોયલ્ટીની આવકના 100 % કે રૂ. ત્રણ લાખ પૈકી જે રકમ ઓછી હોય તે કુલ ગ્રોસ આવકમાંથી કપાત તરીકે બાદ મળી શકે છે. આ પ્રકારના પેટન્ટ ધારા હેઠળ પેટન્ટ અંગે ફરજિયાત લાઈસન્સ આપવામાં આવ્યું હોવું ખૂબ જ જરૂરી છે. લાઈસન્સની શરતો મુજબ થતી રોયલ્ટીની રકમ કરતાં વધુ મળેલ રોયલ્ટી અંગે કપાત બાદ મળશે નહીં. વિદેશમાંથી મળતી પેટન્ટની રોયલ્ટી અંગેની આવક 6 માસના ગાળામાં કન્વર્ટિબલ ફોરેન એક્ષચેન્જના રૂપમાં ભારતમાં લાવે તો તે રકમ અંગે પણ કપાતનો લાભ મળી શકે છે.

### 10.4.3 કલમ 80 TTA : સેવિંગ્સ ખાતાની ડિપોઝિટના વ્યાજ અંગે કપાત :

આકારણી વર્ષ 2013-14થી વ્યક્તિ તેમજ H.U.F. કરદાતાને બેન્કિંગ કંપની, સહકારી મંડળી, સહકારી લેન્ડ મોર્ગેજ બેંક અને સહકારી લેન્ડ ડેવલપમેન્ટ બેંક તેમજ પોસ્ટ ઓફિસમાંથી બચતખાતા ઉપર મળેલ વ્યાજની (ટર્મ ડિપોઝિટ નહીં) કપાત બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ કપાતનો લાભ નીચે દર્શાવેલી સેવિંગ્સ ખાતાની ડિપોઝિટ પરના વ્યાજ અંગે બાદ મળશે.

⇨ પોસ્ટ ઓફિસ એક્ટ 1898 હેઠળ આવતી પોસ્ટ ઓફિસ

⇨ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 હેઠળ સ્થાપવામાં આવેલી બેંકો

⇨ કો-ઓપરેટિવ બેંક અથવા કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ બેંક સહિત.

આ કલમ હેઠળ ખરેખર વ્યાજની રકમ અથવા રૂ. 10,000 પૈકી જે રકમ ઓછી હોય તે વ્યક્તિ / એચ. યુ. એફ. ની કુલ ગ્રોસ આવકમાંથી કપાત તરીકે બાદ મળી શકે છે. જો કોઈ બચતખાતું પેઢી, AOPકે BOIના નામે હોય તો પેઢીના ભાગીદારોની કે AOP / BOIના સભ્યની કુલ આવકની ગણતરી વખતે આ અંગે કપાત બાદ મળે નહીં. પોસ્ટ ઓફિસ સેવિંગ્સ ખાતાનું વ્યાજ એક જ વ્યક્તિના નામે હોય તો રૂ. 3,500 સુધીનું વ્યાજ અને જો સંયુક્ત નામે હોય તો રૂ. 7,000 સુધીનું વ્યાજ કલમ 10 (15) (i) હેઠળ કરમુક્ત હોવાથી તેનો કુલ ગ્રોસ આવકમાં પણ સમાવેશ થાય નહીં. આ કલમ હેઠળ મહત્તમ કપાત રૂપિયા દસ હજાર જેટલી બાદ મળશે.

## 10.5 દાન અંગેની કપાતો

### 10.5.1 કલમ 80 G : દાનમાં આપેલી રકમ અંગેની કપાત :

આ કલમ હેઠળ કરદાતાએ પાછલા વર્ષ દરમિયાન નિર્દિષ્ટ કરવામાં આવેલ સરકાર, સ્થાનિક સંસ્થા અથવા કોઈ માન્ય ધર્માદા કે સખાવતી સંસ્થા કે ફંડ, યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ તથા માન્ય રમત-ગમત માટેના મંડળને કરેલા દાનની રકમ શરતોને આધીન બાદ મળી શકે છે. દાન આપ્યું છે તે અંગેનો પુરાવો આપવાની જવાબદારી એસેસીની છે. દાન માન્ય સંસ્થા કે ફંડને આપેલું હોવું જોઈએ. રૂ. 2,000થી વધુ દાનમાં આપેલી રકમ રોકડ સિવાય અન્ય કોઈપણ રીતે થઈ હોવી જોઈએ. નહીં તો તે અંગે આ કલમ હેઠળ કપાતનો લાભ મળશે નહીં.

☞ દાનની 'કપાતને પાત્ર' રકમ આ હેતુ માટેની એડજસ્ટેડ કુલ આવકના 10%થી વધુ ન હોવી જોઈએ.

☞ નીચે મુજબની દાનની રકમો અંગે ઉપર જણાવેલી મહત્તમ મર્યાદા લાગુ પડતી નથી.

**(i) ખરેખર કપાતનો દર દાનની પૂરેપૂરી રકમના 100%**

1] નેશનલ ડિફેન્સ ફંડમાં દાન

2] રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી માન્ય શૈક્ષણિક સંસ્થા / માન્ય યુનિવર્સિટીને દાન

3] ડિસ્ટ્રિક્ટ કલેક્ટરના પ્રમુખપદે સ્થપાયેલ જિલ્લા સાક્ષરતા સમિતિને આપેલ દાન

4] વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત ફંડમાં દાન

5] ‘નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યૂનલ હાર્મની’ને દાન

6] ગંગા શુદ્ધિકરણ ફંડમાં આપેલ દાન

7] મહારાષ્ટ્ર ચીફ મિનિસ્ટર રિલિફ ફંડમાં દાન

8] સ્વચ્છ ભારત કોષમાં આપેલ દાન

9] કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત નેશનલ સ્પોર્ટ્સ ફંડ

10] નેશનલ ઈલનેસ આસિસ્ટન્સ ફંડમાં આપેલ દાન

11] ચીફ મિનિસ્ટર રિલિફ ફંડ અથવા કોઈપણ રાજ્ય કે યુનિયન ટેરીટરીના લેફ્ટેનન્ટ ગવર્નર્સ રિલિફ ફંડમાં આપેલ દાન. (કોઈપણ રાજ્ય કે યુનિયન માટે ફક્ત એક જ ફંડમાં આપેલ દાન અંગે કપાત મળશે.)

12] વડાપ્રધાન આર્મેનિયા ધરતીકંપ રાહત ફંડમાં દાન

13] આફ્રિકા (પબ્લિક કોન્ટ્રીબ્યૂશન - ઇન્ડિયા) ફંડમાં દાન

14] ગુજરાતમાં આવેલ ધરતીકંપથી અસરગ્રસ્ત લોકોને રાહત આપવા માટે ગુજરાત રાજ્ય સરકારે સ્થાપેલ કોઈપણ ફંડમાં આપેલ દાન

15] અમુક ખાસ રોગથી ત્રસ્ત જેમકે, ઓટિઝમ, સેરીબ્રલ પાલ્સી (મગજનો લકવો), મેન્ટલ રિટાર્ડેશન અને મલ્ટિપલ ડિસેબિલિટીઝ જેવા રોગોથી પીડાતા લોકોના કલ્યાણ માટેના રાષ્ટ્રીય ટ્રસ્ટમાં દાન

16] આંધ્રપ્રદેશ ચીફ મિનિસ્ટર્સ સાઈક્લોન રિલિફ ફંડમાં આપેલ દાન

17] થળ સેના (Army), વાયુસેના (Air force) અને નૌસેના (Navy) દ્વારા સ્થાપિત સેન્ટ્રલ વેલફેર ફંડમાં દાન

18] રાજ્ય સરકાર દ્વારા ગરીબોને તબીબી સહાય માટે સ્થપાતા ફંડમાં આપેલ દાન તથા સંરક્ષણ કલ્યાણ ફંડમાં દાન

19] નેશનલ કે સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુશન કાઉન્સિલને આપેલ દાન

20] કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત ટેક્નોલૉજી અને એપ્લિકેશન માટેના ફંડમાં આપેલ દાન

21] રાષ્ટ્રીય બાળ ભંડોળમાં આપેલ દાન

22] નેશનલ કલ્ચરલ ફંડ કે ફંડ ફોર ટેક્નોલૉજી ડેવલપમેન્ટ એન્ડ એપ્લિકેશનમાં આપેલ દાન

**(ii) ખરેખર કપાતનો દર દાનની પૂરેપૂરી રકમના 50%**

1] વડાપ્રધાન દુષ્કાળ રાહત ફંડમાં આપેલ દાન

2] જવાહરલાલ નેહરુ મેમોરિયલ ફંડમાં આપેલ દાન

3] ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટમાં આપેલ દાન

4] રાજીવ ગાંધી ફાઉન્ડેશનમાં આપેલ દાન

દાનની રકમ નાણા સ્વરૂપે હોવી જરૂરી છે. એટલે કે વસ્તુના સ્વરૂપના દાન સંબંધી કપાત બાદ મળશે નહીં.

નીચે મુજબની દાનની રકમો અંગે અગાઉ જણાવેલી મહત્તમ મર્યાદા (કુલ આવકના 10%ની મર્યાદા) લાગુ થાય છે.

**ખરેખર કપાતનો દર 'દાનની સુધારેલી રકમ'ના 100% :**

- ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશન કે અન્ય માન્ય સંસ્થાને આપેલ દાન કે જેનો ઉદ્દેશ રમત-ગમત માટે જરૂરી માળખાકીય સવલતો ઊભી કરવાનો હોય અથવા રમત-ગમતને પ્રોત્સાહન પૂરું પાડવાનો હોય.
- સરકાર કે માન્ય સ્થાનિક સ્વરાજ્ય સત્તા કુટુંબ નિયોજનના પ્રચારના હેતુ માટે આપેલ દાન

**ખરેખર કપાતનો દર 'દાનની સુધારેલી રકમ'ના 50% :**

- કોઈ મંદિર, મસ્જિદ, દેવળ, ગુરુદ્વારા અથવા ઐતિહાસિક કળાના મહત્ત્વનાં સ્થળોના પુનરોદ્ધાર અથવા સમારકામ માટે આપવામાં આવેલ દાન
- સખાવતી હેતુઓ માટે ભારતમાં સ્થાપેલ અને નક્કી કરેલ શરતોનું પાલન કરનાર ફંડ કે સંસ્થાઓને આપેલ દાન
- કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત કોઈપણ કોર્પોરેશનને આપેલ દાન
- ભારતમાં વસવાટની સગવડ પૂરી પાડવા માટે સ્થપાયેલ સત્તા મંડળને આપેલ દાન

નોંધ : જો દાન બીજા વર્ષની આવકમાંથી આપવામાં આવ્યું હોય અથવા તો એવી આવકમાંથી કરવામાં આવ્યું હોય જે ચાલુ વર્ષની આકારણીમાંથી ન હોય તો પણ કરદાતાને કલમ 80 G હેઠળ દાન જે આપેલ હોય તે બાદ મળી શકે.

### 10.5.2 કલમ 80 U : કાયમી શારીરિક અશક્ત કે અંધ વ્યક્તિની બાબતમાં કપાત :

આવકવેરા કાયદાની કલમ 80 U હેઠળ અંધ, અપંગ તથા મંદબુદ્ધિના કરદાતાને એવી ભારતીય રહીશ વ્યક્તિને કુલ ગ્રોસ આવકમાંથી નાણાકીય ધારા, 2003થી આ કલમમાં થયેલ સુધારા અનુસાર શારીરિક ખોડખાપણ ધરાવતી વ્યક્તિને તેની આવકમાંથી રૂ. 70,000ની કપાત મળશે. (આકારણી વર્ષ 2016-17થી રૂ. 75,000ની કપાત મળે છે.)

- ⇨ આવી વ્યક્તિ ભારતની રહીશ હોવી જોઈએ.
- ⇨ આવી વ્યક્તિ ભારતીય નાગરિક ન હોય તો પણ કપાત બાદ મેળવી શકે.
- ⇨ આવી વ્યક્તિ સંપૂર્ણ અંધ કે શારીરિક અશક્ત હોવી જોઈએ, તે સંપૂર્ણ અંધ કે શારીરિક અશક્ત છે એવા મતલબનું મેડીકલ પ્રેક્ટિશનર પાસેથી સર્ટિફિકેટ આવકવેરા અધિકારી સમક્ષ રજૂ કરવું જરૂરી છે.

'પર્સન્સ વિથ ડિસેબિલિટી એક્ટ' હેઠળ નીચેનાનો સમાવેશ થાય છે.

1] મગજનો લકવો

2] ઓટિઝમ

3] બહુવિધ અપંગતા

4] માનસિક રોગ

5] અંગ સંચાલનની મર્યાદા

6] મંદબુદ્ધિ

7] કાયમી બહેરાશ

8] કોઢ

9] અલ્પ દૃષ્ટિ

10] અંધત્વ

આવી વ્યક્તિઓને કુલ ગ્રોસ આવકમાંથી રૂ. 75,000ની કપાત બાદ મળશે. પરંતુ જ્યારે વ્યક્તિ વધુ અપંગતાવાળી એટલે કે કોઈપણ એક કે વધુ અંગમાં 80% કે વધુ અપંગતા હોય તો તેમને રૂ. 1,25,000ની સામાન્ય કપાત બાદ આપવામાં આવશે.

## 10.6 રાહતો

કરદાતા કે કર ભરનાર વ્યક્તિ પર કરનો બોજો વધી ન જાય તે માટે કરદાતાને નીચે દર્શાવેલા સંજોગોમાં રાહત આપવામાં આવે છે.

(1) બાકી પગારની આવક અંગે રાહત

(2) બેવડા કર અંગેની રાહત

### 10.6.1 બાકી પગારની આવક અંગે રાહત :

ઘણીવાર કર્મચારીને ચાલુ વર્ષ દરમિયાન પાછલા કેટલાંક વર્ષો સંબંધી પગાર તફાવત એટલે કે એરિયર્સ પગાર મળતો હોય છે. પગાર વધારાનો તફાવત એક સામટો ચાલુ વર્ષમાં કરપાત્ર થાય તો કર્મચારીને આવકવેરાનું ભારણ વધી જાય છે. આ પ્રકારના સંજોગોમાં કલમ 89 (1) અને નિયમ 21-A હેઠળ રાહતદાયક જોગવાઈ કરવામાં આવી છે.

આ પ્રકારના કિસ્સામાં કરદાતાએ આવકના પત્રક સાથે કલમ 89 (1)ની રાહત મેળવવા અરજીપત્રક સામેલ કરવું આવશ્યક છે. સરકારી કર્મચારી, કંપની, સહકારી મંડળી, યુનિવર્સિટી સંસ્થા અથવા મંડળીના કર્મચારીઓ નિયમ અનુસાર એરિયર્સની વિગત ફોર્મ નં. 10-Eમાં ભરીને માલિકને આપે તો તેમના કેસમાં કલમ 89 (1) મુજબ મળવાપાત્ર રાહતની ગણતરી તેમના પગારમાંથી અધિકૃત વ્યક્તિ ધ્યાનમાં લઈને રાહત આપી શકે છે. જેથી તેમનો વેરો રાહત ધ્યાનમાં લઈને કાપવામાં આવે છે. તેમને આવકવેરા અધિકારીને કલમ 89 (1)ની અલગ અરજી કરવી પડતી નથી.

નિયમ 21-A હેઠળ એરિયર્સ કે અગાઉથી મળતા પગાર સંબંધી રાહતની ગણતરી દર્શાવેલી છે. C.B.D.T. દ્વારા નિયમ 26-C હેઠળ ફોર્મ નં. 12 BB દાખલ કરેલ છે. જે અનુસાર કર્મચારીએ માલિકને પગારમાંથી ટેક્ષ કપાતો સંબંધી જે કપાતો દર્શાવી છે તેના આધાર (પુરાવા) પૂરા પાડવાના હોય છે.

### 10.6.2 બેવડા કર અંગેની રાહત : (કલમ 90, 90 A અને 91)

ડબલ ટેક્સેશન રિલિફ (બેવડા કર નિવારણ કરાર હેઠળ રાહત) - આ પ્રકારની રાહતમાં 'સામાન્ય રહીશ'ના કેસમાં ભારતમાં મેળવેલી ઉપજ તેમજ પરદેશમાં મેળવેલી ઉપજ કરપાત્ર થાય. આવા સામાન્ય રહીશ કરદાતાએ પરદેશમાં મેળવેલ આવક ઉપર તે દેશમાં આવકવેરો ભર્યો હોય તો પણ તેને ભારતમાં ફરીવાર તે આવક ઉપર આવકવેરો ના ભરવો પડે તે માટે કલમ 90 અને 91 હેઠળ આ પ્રકારના 'બેવડા કરની ઉપર રાહત' આપવામાં આવે છે.

આ કલમ અનુસાર ભારત સરકારે જુદા-જુદા દેશની સરકાર સાથે સમજૂતી કરાર કર્યા છે. આ કરારોની શરત અનુસાર જે દેશ સાથે સમજૂતી કરવામાં આવી હોય તો તે મુજબ ત્યાં જે આવકવેરો કરદાતાને ભરાવવામાં આવ્યો હોય કે ભરવાનો થતો હોય તેની ઉપર રાહત આપવામાં આવે છે. પરિણામે એક જ કરદાતાને તેની એક જ આવક ઉપર બે દેશમાં બે વાર ટેક્સ ભરવાનો ન થાય.

પરંતુ ભારત દેશે અન્ય દેશો સાથે કર અંગે સમજૂતી ન કરેલી હોય તેવા કેસમાં પણ જો કરદાતાએ તે દેશમાં ફરીવાર ભારતમાં એમ બેવડો કર ભર્યો હોય તો કલમ 91 હેઠળ બે દેશમાં જે દેશમાં ઓછો કર ભરવાનો થતો હોય તે રકમની મર્યાદામાં ડબલ ટેક્સેશન રિલિફનો લાભ આપવામાં આવે છે.

---

**સ્વાધ્યાય**

---

**નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. કલમ 80 G હેઠળ કપાતને સમજાવો.
2. તબીબી વીમા પ્રીમિયમ અંગેની કપાત કલમ 80 D સમજાવો.
3. એસેસીને મળતી રાહતો વિશે સમજાવો.
4. બેંક બચત ખાતાના વ્યાજની આવક અંગેની કલમ 80 TTA હેઠળની કપાત સમજાવો.
5. આશ્રિત દિવ્યાંગ વ્યક્તિની સારવાર માટેના ખર્ચની જોગવાઈ સમજાવો.
6. ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસ માટે લીધેલી લૉનના વ્યાજની ચુકવણી સમજાવો.
7. રહેઠાણના મકાન અંગે લીધેલી લૉનના વ્યાજ માટેની કલમ 80 EE વિશે સમજાવો.
8. પેટન્ટ્સ અંગે મળતી કલમ 80 RRB વિશે સમજાવો.
9. કલમ 80 C હેઠળ અંગે કપાત બાદ મળી શકે છે. - તે વિશે સમજાવો.
10. અશક્ત / દિવ્યાંગ વ્યક્તિને મળતી કપાત કલમ 80 U સમજાવો.

**ટૂંકનોંધ લખો.**

1. કલમ 80 DDB સમજાવો.
2. કલમ 80 G સમજાવો.
3. કલમ 80 U સમજાવો.
4. કલમ 80 RRB સમજાવો.
5. કલમ 80 CCB સમજાવો.
6. કલમ 80 EE સમજાવો.

7. કલમ 80 D સમજાવો.
8. કલમ 80 CCC સમજાવો.
9. કલમ 80 DD સમજાવો.
10. બેવડા કર અંગેની રાહત સમજાવો.
11. કલમ 80 TTA સમજાવો.
12. બાકી પગારની આવક અંગે રાહત સમજાવો.

**નીચે જણાવેલ બાબતો અંગે એસેસીને મળવાપાત્ર કપાતોની જોગવાઈ જણાવો.**

1. ખરેખર કપાતનો દર દાનની પૂરેપૂરી રકમના 100% કલમ 80 G હેઠળ
2. ખરેખર કપાતનો દર દાનની સુધારેલી રકમના 50% કલમ 80 G હેઠળ
3. આવક અંગેની કપાતો કલમ 80 QQB હેઠળ અને કલમ 80 RRB હેઠળ
4. સેવિંગ્સ ખાતાની ડિપોઝિટના વ્યાજ અંગે કપાત કલમ 80 TTA હેઠળ
5. ચુકવેલ ઘરભાડા અંગેની કપાત કલમ 80 GG હેઠળ
6. રહેઠાણના મકાનની લૉનના વ્યાજ અંગે કપાત કલમ 80 EE હેઠળ
7. ઉચ્ચ શિક્ષણ માટે લીધેલી લૉનના વ્યાજની ચુકવણી અંગે કપાત કલમ 80 E હેઠળ
8. વિશિષ્ટ રોગની સારવાર માટે કરેલ ખર્ચ અંગે મળતી કપાત કલમ 80 DDB હેઠળ
9. દિવ્યાંગ - આશ્રિતની તબીબી સારવાર અંગે મળતી કપાત કલમ 80 DD હેઠળ
10. તબીબી સારવારના ખર્ચ અંગે લીધેલ વીમા પોલિસીના પ્રીમિયમ અંગે કપાત કલમ 80 D હેઠળ
11. કેન્દ્ર સરકારની પેન્શન સ્કીમમાં આપેલ ફાળા અંગે કપાત કલમ 80 CCD હેઠળ
12. જિંદગીના વીમા પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફંડ ફાળા વગેરે અંગે કપાત કલમ 80 C હેઠળ

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. ભારતના બંધારણની ..................... કલમમાં દર્શાવવામાં આવ્યું છે કે ખેતી સિવાયની કોઈપણ આવક પર કર નાખી શકાય છે ?

    (અ) કલમ 270 (બ) કલમ 271

    (ક) કલમ 272 (ડ) કલમ 273

2. વીમા પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફંડ, ડિફર્ડ એન્યુઈટી વગેરેની ચુકવણી અંગેનો સંબંધ ...................... કલમ હેઠળ દર્શાવવામાં આવે છે.

    (અ) કલમ 80 U (બ) કલમ 80 CCC

    (ક) કલમ 80 C (ડ) કલમ 80 D

3. પોતાનાં બાળકો (સગીર કે પુખ્ત)ની જીવન વીમા પોલિસીનું ભરેલ પ્રીમિયમ .......... હેઠળ રીબેટને પાત્ર ગણાય છે.

    (અ) કલમ 78 (બ) કલમ 88

    (ક) કલમ 88 B (ડ) કલમ 88 D

4. દિવ્યાંગ આશ્રિતની તબીબી સારવાર અંગે મળતી કપાતની જોગવાઈ માટેની કલમ ........ છે.

(અ) કલમ 80 D (બ) કલમ 80 C

(ક) કલમ 80 U (ડ) કલમ 80 DD

5. ઉચ્ચતર અભ્યાસક્રમ માટે લીધેલ લૉનની ચુકવણીની કપાત અંગેની જોગવાઈ ...................... કલમમાં દર્શાવવામાં આવી છે.

(અ) કલમ 80 C (બ) કલમ 80 E

(ક) કલમ 80 EE (ડ) કલમ 80 D

6. કલમ 80 DDB હેઠળ નિર્દિષ્ટ રોગોમાં નિયમ મુજબ અતિ વરિષ્ઠ નાગરિક માટે ............... નિશ્ચિત કપાત બાદ મળી શકે છે.

(અ) રૂ. 90,000 (બ) રૂ. 80,000

(ક) રૂ. 85,000 (ડ) રૂ. 95,000

7. જ્યારે કોપીરાઈટ / રોયલ્ટી ઉચ્ચક ધોરણે નહીં પરંતુ વેચાણ કિંમતની ટકાવારી પ્રમાણે મળતી હોય ત્યારે ............... થી વધુ કોપીરાઈટ / રોયલ્ટીની આવક બાદ મળી શકશે નહીં.

(અ) 10 % (બ) 15 %

(ક) 20 % (ડ) 25 %

8. સેવિંગ્સ ખાતાની ડિપોઝિટના વ્યાજ અંગેની કપાત માટેની જોગવાઈ ................ કલમમાં દર્શાવવામાં આવે છે.

(અ) કલમ 80 TTA (બ) કલમ 80 BBA

(ક) કલમ 80 DDA (ડ) કલમ 80 CCA

9. વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત ફંડમાં આપેલ દાન ...................... કલમ હેઠળ દર્શાવવામાં આવે છે.

(અ) કલમ 80 B (બ) કલમ 80 G

(ક) કલમ 80 U (ડ) કલમ 80 D

10. બેવડા કર અંગેની રાહત હેઠળ .................. કલમોનો સમાવેશ થાય છે.

(અ) કલમ 90 (બ) કલમ 90 A

(ક) કલમ 91 (ડ) ઉપર્યુક્ત બધા જ

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (ક) 3. (બ) 4. (ડ) 5. (બ) 6. (બ) 7. (બ)

8. (અ) 9. (બ) 10. (ડ)

❖ ❖ ❖

# એકમ 11 વ્યક્તિની કુલ આવકની ગણતરી

-: રૂપરેખા :-

**11.1 પ્રસ્તાવના**

**11.2 કુલ આવકની ગણતરી**

**11.3 વ્યક્તિની કુલ આવકમાં સમાવેશ**

**11.4 ચુકવણી અંગેની કપાતો**

**11.5 આવકો અંગેની કપાતો**

**11.6 દાન વગેરે અંગે કપાતો**

**11.7 અન્ય વ્યક્તિઓની આવકો**

**11.8 છૂપી કે ખુલાસા વગરની આવક**

**11.9 નુકસાન માંડી વાળવું અને આગળ ખેંચી જવું**

**11.10 સભ્ય તરીકે મળતી આવક**

**11.11 વ્યક્તિની કુલ કરપાત્ર આવક પર આવકવેરાના દર**

**11.12 સ્વાધ્યાય**

## 11.1 પ્રસ્તાવના

કર ભરનારના રહેઠાણ ના દરજ્જાના આધારે ''કુલ આવકની ગણતરી'' કરવામાં આવે છે. તે માટે સંપૂર્ણ કરમુકત આવકો ધ્યાનમાં લેવાતી નથી. આ પાઠમાં કુલ આવકની ગણતરીની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે. જોછેવટે ખોટ રહેતી હોય તો મોટા ભાગના કિસ્સાઓમાં તે ખોટ આગળ ખેચી લેવામાં એટલે કે ખેંચી લેવા જવામાં આવે છે અને ભવિષ્યમાં થનાર આવક અથવા નફા સામે તેની માંડવાળની છૂટ લેવામાં આવે છે.

જયારે પણ કુલ આવકની ગણતરી કરવામાં આવે છે ત્યારે અને કરવાપાત્રતાની ગણતરી કરવામાં આવે છે ત્યારે ઘણી બાબતો ધ્યાનમાં લેવી પડે એમ અનેક મુદ્દા ઓનું અનુસરણ કરવું પડે છે. તે વિગતવાર સમજવા બહુ જરૂરી છે.

## 11.2 નીચે આપેલ મુદ્દાઓ કુલ આવકની ગણતરી માટે ધ્યાનમાં લેવી જરૂરી છે.

1. રહેઠાણના દરજ્જાનું નિર્ધારણ
2. આવકની પાંચ શીર્ષક હેઠળ આવકનું વર્ગીકરણ
3. આવકવેરા ધારા મુજબ દરેક આવકના શીર્ષક હેઠળ આવકની ગણતરી
4. જે આવક કરપાત્રના હોય એવી આવકનો સમાવેશ ના કરવો
5. પતિ/પત્ની, સગીર સંતાન વગેરેની આવકનો એસેસીની આવકમાં સમાવેશ કરવો
6. નુકસાન માંડવાળ કરવી અથવા ભવિષ્યમાં માંડવાળ ના હેતુથી નુકસાન આગળ ખેંચી જવું
7. કુલ આવકની ગણતરી (જી.ટી આઈ.)
8. કુલ ગ્રોસ આવકમાંથી કપાતો બાદ કરવી

9. કુલ આવક કે કુલ કરપાત્ર આવક નક્કી કરવી
10. આવકવેરા મુજબ કુલ આવક પર નિર્ધારિત દરે આવકવેરાની ગણતરી કરવી.
11. વળતર તથા રાહત ની રકમો અગર હોય તો બાદ કરવી
12. સરચાર્જની ગણતરી કરીને એ કર માં ઉમેરવો
13. શિક્ષણ ઉપકાર અને સેકન્ડરી તથા હાયર એજ્યુકેશન વેરો ગણવો અને ઉમેરવો
14. અગાઉથી ચૂકવેલ કર અને મૂળ સ્થાને કપાયેલ કર અગર હોય તો એ બાદ કરવો
15. આવકનું વિગતવાર પત્રક તૈયાર કરવું

## 11.3 નીચે બતાવેલ આવક વ્યક્તિની કુલ આવકમાં સમાવેશ કરે છે.

1. વ્યક્તિ પોતે જે આવક કમાય છે
2. અન્ય વ્યક્તિની આવકનો વ્યક્તિની કુલ આવકમાં સમાવેશ થાય છે.
3. હિન્દુ અવિભક્ત કુટુંબની આવકમાં વ્યક્તિનો ભાગ
4. પેઢીના ભાગીદાર તરીકે મળેલ આવક
5. વ્યક્તિઓના સમૂહ તથા શખસોના મંડળ ના સભ્ય તરીકે એને મળેલ આવક

**આકારણી વર્ષ 2020-21 માટે વ્યક્તિ એસેસી માટે નીચે આપેલ કપાતો તેની કુલ ગ્રોસ આવકમાંથી મેળવવાને પાત્ર ગણાય છે.**

## 11.4 ચુકવણી અંગેની કપાતો

1. 80સીઃ
   - કલમની વિગતઃ પાછલા વર્ષ દરમિયાન ભરેલ જિંદગીના વીમાના પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફંડ માં આપેલ ફાળા તેમજ અન્ય માન્ય રોકાણો અને કપાત
   - કપાતની રકમઃ વધુમાં વધુ ₹ 1,50,000
2. 80 સીસીસી :
   - કલમની વિગતઃ પાછલા વર્ષ દરમિયાન ભરેલ એન્યુઈટી પ્લાન હેઠળ ભરેલ પ્રીમિયમ અંગે કપાત
   - કપાતની રકમઃ વધુમાં વધુ ₹ 1,50,000
3. 80 સીસીડી :
   - કલમની વિગતઃ કેન્દ્ર સરકારની પેન્શન સ્કીમમાં આપેલ ફાળા અંગે કપાત
   - કપાતની રકમઃ પોતાના પગારના 10% સુધીનો + માલિકનો ફાળો પગારના 20% સુધીનો કુલ ગ્રોસ આવકમાંથી બાદ મળશે
4. 80ડી :
   - કલમની વિગતઃ તબીબી સારવાર અંગે લીધેલ વીમા પ્રીમિયમની કપાત (મેડીક્લેમ)
   - કપાતની રકમઃ ₹ 25,000 સુધીનું પ્રીમિયમ પૂરેપૂરું કપાત તરીકે બાદ મળે. પ્રીમિયમ એસેસીની પોતાની, પતિ કે પત્ની કે આશ્રિત સંતાનોની વીમા પોલીસી

પર ચૂકવેલ હોવું જોઈએ. આવી કોઈ પણ વ્યક્તિ પાછલા વર્ષ માટે રહીશ અને વરિષ્ઠ નાગરિક હોય તો વધુમાં વધુ ₹ 50,000 સુધીનું પ્રીમિયમ બાદ મળે. આ ઉપરાંત માતા પિતાની વીમા પોલીસી પર ચૂકવેલ પ્રીમિયમ અંગે વધારાની ₹ 25,000 ની કપાત બાદ મળે.

5. 80 ડીડી

- કલમની વિગતઃ અપંગ આશ્રિતની તબીબી સારવાર અંગે મળતી કપાત
- કપાતની રકમઃ ₹ 75,000 ની નિર્ધારિત રકમની કપાત બાદ મળે. વ્યક્તિ કે એચ યુ એફ એ તેમના પર આશ્રિત કાયમી અપંગ કે અંધ વ્યક્તિની તબીબી સારવાર જે ખર્ચ કર્યો હોય તે અંગે ₹ 75,000 ની નિર્ધારિત બાદ મળે છે.આવી વ્યક્તિની સારવાર માટે એલ.આઈ.સી. આપવા યુ.ટી.આઈ. ની માન્ય યોજના હેઠળ રકમ ભરી હોય તો પણ આ નિર્ધારિત કપાત બાદ મળે છે.વધુ અપંગત્વ ધરાવતી વ્યક્તિની સારવાર અંગે આવો ખર્ચ કર્યો હોય તો ₹ 1,25,000 ની સામાન્ય કપાત બાદ મળે છે.

6. 80 ડીડીબી

- કલમની વિગતઃ એસેસીના પોતાના માટે કે આશ્રિત સગા માટે કરેલ તબીબી ખર્ચ અંગે આ વાત કરે છે.
- કપાતની રકમઃ ₹75,000 ની નિર્ધારિત રકમની કપાત બાદ મળે. વ્યક્તિ કે એચ યુ એફ એ તેમના પર આશ્રિત કાયમી અપંગ કે અંધ વ્યક્તિની તબીબી સારવાર માટે જે ખર્ચ કર્યો હોય તે અંગે ₹75,000 ની નિર્ધારિત બાદ મળે છે.આવી વ્યક્તિની સારવાર માટે એલ.આઈ.સી. આપવા યુ.ટી.આઈ. ની માન્ય યોજના હેઠળ રકમ ભરી હોય તો પણ આ નિર્ધારિત કપાત બાદ મળે છે.વધુ અપંગત્વ ધરાવતી વ્યક્તિની સારવાર અંગે આવો ખર્ચ કર્યો હોય તો ₹1,25,000 ની સામાન્ય કપાત બાદ મળે છે.

7. 80 ઈ

- કલમની વિગતઃ એસેસીના પોતાના કે પત્ની કે બાળકોના અભ્યાસ અંગે લીધેલી લોનનું પાછલા, વર્ષ દરમિયાન ચૂકવેલ વ્યાજ કપાત તરીકે બાદ મળે.
- કપાતની રકમઃ આ કપાત શરૂઆતના આકારણીવર્ષ અને ત્યાર પછીના સાત આકારણી વર્ષ સુધી કુલ આવકની ગણતરી વખતે બાદ મળે છે. જો વ્યાજની ચૂકવણી વહેલી પૂરી થાય તો પછીથી કપાત બાદ મળશે નહિ.

8. 80 ઈઈ

- કલમની વિગતઃ રહેઠાણના મકાન માટે લીધેલી લોનના વ્યાજ અંગે
- કપાતની રકમઃ વધુમાં વધુ ₹ 50,000 સુધીની કપાત બાદ મળે; આ કપાત આ.વ- 2017-18 અને ત્યાર પછીના વર્ષમાં બાદ મળશે; મંજૂર થયેલ લોન ₹ 35 લાખથી વધુ ન હોવી જોઈએ તથા મકાનનું ભાડાખરીદ મૂલ્ય ₹ 50 લાખથી વધુ ન હોવું જોઈએ તથા સેક્શન તારીખે તેની માલિકીનું અન્ય કોઈ રહેઠાણનું મકાન ન હોવું જોઈએ.

9. 80જીજી

- કલમની વિગતઃ ચૂકવેલ ભાડા અંગે કપાત (ઘરભાડા ભથ્થુ ન મળતું હોય તો જ)

- કપાતની રકમઃ નીચેની ત્રણ રકમો પૈકી સૌથી ઓછી રકમ કપાત તરીકે બાદ થાય : માસિક ₹ 5,000 લેખે થતી રકમ અથવા /Adjusted કુલ આવકના 10% થી વધુ ચૂકવેલ ભાડું અથવા /Adjusted કુલ આવકના 25% લેખે થતી રકમ

## 11.5 આવકો અંગેની કપાતો

**1) 80 (કયુ ક્યુબી)**

- કલમની વિગતઃ સાહિત્ય, કળા કે વિજ્ઞાનને લગતાં પુસ્તક (પાઠયપુસ્તકો સિવાય)ના લેખન કાર્યમાંથી મળતી એકસામટી કે બીજી કોઈ રીતે મળતી રોયલ્ટીની આવક અંગે કપાત.
- કપાતની રકમઃ રોયલ્ટીની રકમના 100% કે ₹ 3,00,000 પૈકી ઓછી રકમ કુલ ગ્રોસ આવકમાંથી બાદ મળશે. (એકસાથે નહિ મળેલ રોયલ્ટીની પાછલા વર્ષની આવક પુસ્તકની વેચાણ કિંમતના 15% થી વધુ હોય તો વધારાની રકમ અંગે કપાત મળશે નહિ.

**૨) 80 (આરઆરબી)**

- કલમની વિગતઃ 1970ના પેટન્ટ એકટ હેઠળ તા. 1-4-2003 કે ત્યાર પછી રજિસ્ટર થયેલ પેટન્ટની રોયલ્ટીની આવક અંગે કપાત .
- કપાતની રકમઃ પેટન્ટની રોયલ્ટીની રકમના 100% કે ₹ 3,00,000 પૈકી ઓછી રકમ કુલ ગ્રોસ આવકમાં ઓછી રકમ આવકમાંથી બાદ મળશે

**(3) 80 (ટીટીએ)**

- કલમની વિગતઃ અમુક સેવિંગ્સ ખાતાના વ્યાજ અંગે કપાત.
- કપાતની રકમઃ વ્યાજની ખરેખર આવક અથવા વધુમાં વધુ ₹ 10,000 સુધીની કપાત બાદ મળશે.

**(4) 80 (ટીટીબી)**

- કલમની વિગતઃ વરિષ્ટ નાગરિકને મળતી બેંક / કો- ઓપરેટિવ બેંક/ પોસ્ટ ઓફિસમાં મૂકેલી ડિપોઝિટ (ફિક્સ ડિપોઝિટ , અને અન્ય ડિપોઝિટ સહિત) પર મળતી વ્યાજની આવક અંગે.
- કપાતની રકમઃ ખરેખર વ્યાજની આવક અથવા ₹ 50,000 પૈકી જે રકમ ઓછી હોય તેટલી રકમ કપાત તરીકે બાદ મળશે.

**નોંધ :** કલમ 80ટીટીએ હેઠળની મળતી વ્યાજની આવક અંગે અલગથી કપાતનો લાભ વરિષ્ઠ નાગરિકોને મળશે નહી.

## 11.6 દાન વગેરે અંગે કપાતો

**(1) 80 (જી)**

- કલમની વિગતઃ દાન (સખાવત) અંગે આપેલી રકમ અંગેની કપાત
- કપાતની રકમઃ આપેલ દાનના 50% કપાત બાદ મળે. કુટુંબ નિયોજન, શૈક્ષણિક સંસ્થા, વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળ, નેશનલ ફાઉન્ડેશન ફોર કૉમ્યુનલ હારમની વગેરેને આપેલ દાન અંગે 100 ટકા કપાત બાદ મળે.સામાન્ય રીતે

કપાત માટે દાનની રકમ સુધારેલી કુલ ગ્રોસ આવકના 10% કરતાં વધવી ન જોઈએ. પરંતુ કેટલાંક ફંડ માટે આ મર્યાદા લાગુ પડતી નથી.

**(2) 80 (યુ)**

- કલમની વિગતઃ કાયમી શારીરિક અશક્ત (વિકલાંગ), મંદબુદ્ધિ અથવા અંધ
- કપાતની રકમઃ વાર્ષિક ર. 75,000 કપાત બાદ મળે. એસેસી કાયમી ખોડખાંપણવાળી કે અંધ હોવી જોઈએ. વધુ નિર્બળતા (Severe disability) વાળા એસેસીને આ કપાત ₹ 1,25,000 લેખે બાદ મળે.

## 11.7 અન્ય વ્યક્તિઓની આવકો જેનો કર ભરનાર શખ્સની કુલ આવકમાં સમાવેશ થાય છે. (Clubbing of income) (કલમ 60 થી 65)

**(1) ફક્ત આવકની ફેરબદલી (કલમ 60) :**

જે કોઈ વ્યક્તિએ પોતાની મિલકતની બીજી વ્યક્તિની તરફેણમાં ફેરબદલી કરી ન હોય, પરતુ ફક્ત તેની આવકની જ ફેરબદલી કરી હોય તો તે આવક ફેરબદલી કરનાર ની કુલ ગ્રોસ આવકમાં ગણી તેના પર કર વસૂલ કરવામાં આવશે. દા.ત કોઈ પિતા પોતાના પુત્રને મકાનની માલિકીના હકની ફેરબદલી કર્યા વગર તેમાંથી મળતી આવક મળવાનો હક તેને આપે તો તે ભાડાની આવક પિતાની આવક ગણાશે.

**કલમ 60 નો સારઃ**

(1) એસેસી જે તે મિલકતનો માલિક હોવો જોઈએ.

(2) એસેસી જે તે મિલકતનો માલિકી હક પોતાની પાસે જ ચાલુ રાખે છે.

(3) એસેસીએ જે તે મિલકતમાંથી થતી આવક મેળવવાનો હક તબદીલ કરેલ છે.

(4) આવી ફેરબદલી રદ થવાને પાત્ર ફેરબદલી પણ હોઈ શકે.

(5) આવી ફેરબદલી ગમે તે સમયે કરી શકાય છે.

**(2) રદ થવા પાત્ર ફેરબદલી (કલમ 61):**

જો કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિની તરફેણમાં પોતાની મિલકતની ફેરબદલી કરે, પરતું તે ફેરબદલી રદ થવાને પાત્ર હોય તો તે મિલકતમાંથી ઊપજતી આવક ફેરબદલી કરનાર પ્રથમ વ્યક્તિની આવક ગણાશે રદ થવાને પાત્ર ફેરબદલીના સંજોગો :

(1) ટ્રસ્ટ કરીને મિલકતની ફેરબદલી કરી હોય અથવા

(2) લાભ મેળવનારા (Beneficiary)ના જીવનકાળ દરમિયાન તે ફેરબદલી રદ થવાને પાત્ર હોય અથવા

(3) આવી ફેરબદલી તા. 1-4-1961 પહેલા કરી હોય અને તે ફેરબદલી 6 વર્ષ દરમિયાન રદ થવાને પાત્ર હોય અથવા

(4) જો તે મિલક્તની ફેરબદલીની જોગવાઈ મુજબ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અથવા સંપૂર્ણપણે કે અંશતઃ) તેની પુનઃ ફેરબદલી કે તેની આવકની પુનઃફેરબદલી થઈ શકે તેમ હોય અથવા

(5) જો ફેરબદલી કરનારે (પ્રત્યક્ષ કે પરોક્ષ રીત અથવા સંપૂણપણે કે અંશત :) તે મિલકતપર (કે તેમાંથી થતી આવક પર) ફરી અધિકાર સ્થાપિત કરવાનો હક રાખ્યો હોય.

**(3) પત્ની કે સગીર સંતાનની આવકનો ઉમેરો (કલમ 64) :**

કોઈ પણ વ્યક્તિની કુલ ગ્રોસ આવક ગણતા તેમાં નીચેના સંજોગોમાં તેની પત્ની (કે પતિની) તેમજ સંતાનની આવક પણ ઉમેરાય છે.

(i) પેઢીમાંથી મળતી અમુક આવક : જે પેઢી કંપની વ્યક્તિનું સંગીન હિત હોય (ઓછામાં ઓછો 20% નફો કે 20% મતાધિકાર હોય) તે પેઢીમાંથી પત્ની (કે પતિ) ને મળતો પગાર, કમિશન. ફી કે બીજુ કોઈ પણ મહેનતાણું (રોકડમાં કે અન્ય કોઈ પણ સ્વરૂપે) તે વ્યક્તિની કુલ, આવકમાં ઉમેરાશે. પરતુ આવું મહેનતાણું પત્ની (કે પતિ)ની ટેક્નિકલ વ્યવસાયિક સેવાઓ મેળવવા ચુક્વેલ હોય તો તે વ્યક્તિની આવકમાં ઉમેરાશે નહિ.

**અપવાદઃ** પરંતુ જો કોઈ વ્યાવસાયિક પેઢીમાં (દા.ત. ચાર્ટડ એકાઉન્ટન્ટ, ડોક્ટર વગેરે)પતિ-પત્ની બંને ભાગીદાર હોય તો દરેકની આવક જુદી આકારવામાં આવશે. કલમ 64 (1) (ii) મુજબ ઉમેરવાપાત્ર આવક પતિ કે પત્ની પૈકી જેની અન્ય આવકો વધુ હોય તેની આવકમાં ઉમેરાશે.

(ii) પત્નીની તરફેણમાં મિલકતની ફેરબદલી : તે વ્યક્તિએ પોતાની પત્નીને (કે પતિને પૂરતા અવેજ વગર (પ્રેમ કે લાગણી પૂરતો અવેજ નથી) કે અલગ રહેવા માટેના કરાર સિવાય મિલક્તની ફેરબદલી કરી હોય તો તે મિલકતની આવક [કલમ 64 (1) (5)]

**નીચે જણાવેલ સંજોગોમાં કલમ 64 (1) (5) ની જોગવાઈનો અમલ થઈ શકશે નહિ :**

(અ) જો લગ્ન પહેલા મિલકતની ફેરબદલી થઈ હોય

(બ) જો પૂરતો અવેજ લઈને મિલકતની ફેરબદલી થઈ હોય

(ક) જો અલગ રહેવાના કાયદેસરના કરાર હેઠળ મિલકતની ફેરબદલી થઈ હોય

(ડ) જો આવક લેણી થયા તારીખે મિલકત મેળવનાર વ્યક્તિ મિલકતની તબદીલી કરનાર વ્યક્તિની પત્ની (કે પતિ) ન હોય

(ઈ) જો આવી મિલક્ત ઘર ખર્ચ માટે મળેલી રકમમાંથી બચત કરીને ખરીદવામાં આવી હોય

(ફ) હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તા દ્વારા તેની પત્નીને સહિયારી (Co-Parcenary મિલકતોની બક્ષિસ કરવામાં આવેલી હોય.

(iii) પુત્રવધૂને (મિલકતની ફેરબદલી : તા. 1-6-1973 કે ત્યાર પછી જે કોઈ વ્યક્તિ પુત્રવધૂના નામે. પુરતો અવેજ લીધા વગર, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મિલકતની કેરબદલી કરે તો તે મિલકતમાંથી ઉદ્દભવતી આવક ફેરબદલી કરનારની આવકમાં જ ઉમેરાશે, (કલમ 64(1) (૫))

**અપવાદઃ** ટ્રાન્સફરની તારીખે તેમ જ આવક લેણી થાય તે તારીખે એટલે કે બંને તારીખોએ પુત્રવધૂ અને સાસુ/સસરાનું સગપણ હોવું જરૂરી છે. એનો અર્થ એમ થયો કે પુત્રના લગ્ન અગાઉ ભાવી પુત્રવધૂના નામે મિલકતની ફેરબદલીને આ જોગવાઇ લાગુ પાડી શકાય નહિ.

(iv) પત્ની કે પુત્રવધૂના લાભ માટે ફેરબદલીઃ જો કોઈ વ્યક્તિ અન્ય કોઈ શખ્સને કે શખ્સોના મંડળને, પુરતો અવેજ લીધા વગર, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મિલકતની ફેરબદલી કરે અને તે મિલકતની આવકનો તે વ્યક્તિની પત્ની (કે પતિ) કે પૂત્રવધૂના તાત્કાલિક (કે પ્રસારિત) લાભ માટે ઉપયોગ થવાનો હોય તો પણ તે મિલકતની આવક ફેરબદલી કરનારની આવકમાં ઉમેરાશે, (કલમ 641) (vii) અને (viiii).

(v) સગીર સંતાનને મળતી આવક : વ્યક્તિની કુલ આવકમાં સગીર સંતાન અને અપરિણીત સગીર પુત્રી, સાવકા સંતાન કે એડોપ્ટેડ સંતાન સહિત ની તમામ આવકોનો સમાવેશ કરવામાં આવે છે.

**પરંતુ તેમાં -**

(1) સગીર સંતાને પોતે શારીરિક શ્રમ દ્વારા કમાયેલ આવક

(2) સગીર સંતાને પોતાની બુદ્ધિ કોશલ્ય કે વિશિષ્ટ અનુભવ દ્વારા કમાયેલ આવકનો સમાવેશ થશે નહિ તથા .

(3) જે સગીર સંતાન કલમ 80Uમાં જણાવેલ અપંગતા પૈકીની કોઈ એક અથવા વધુ અપંગતાથી પીડિત હોય તો તેની આવક પણ તેનાં માતા-પિતાની આવકમાં ઉમેરાશે નહિ.

સગીરની જે આવકોનો સમાવેશ કરવાનો છે તે તેના માતા-પિતા પૈકી જેની અન્ય આવકો વધુ હોય તેની આવકમાં ઉમેરાશે. પરતુ માતા-પિતા અલગ રહેતાં હોય તો જેની સાથે સગીર સંતાન હોય તેની આવકમાં ઉમેરાશે, [કલમ 64 (1A)] જ્યારે કોઈ વ્યક્તિની આવકમાં સગીર, સંતાનની (કલમ 80યુમાં જણાવેલ કાયમી શારીરિક અપંગતા ધરાવનાર સંતાન સિવાય) આવકનો પણ સમાવેશ થતો હોય ત્યારે તે પૈકી ₹ 1,500 સુધીની રકમ (સગીરદીઠ) કલમ 10(3ર) હેઠળ કરમુક્ત ગણાય.

(vi) પોતાની મિલકતનું HUF માં રૂપાંતર : કોઈ હિન્દુ અવિભક્ત કુટુંબનો સભ્ય તા. 31-12- 1969 પછી પોતાની માલિકીનો મિલકત H.U.F. માં ફેરવી દે તો તે HUFની સંપૂર્ણ આવક તેની આવકમાં ઉમેરાશે. (કલમ 64 [2])

**અપવાદ :** જે કોઈ વ્યક્તિએ સગીર પરણિત પુત્રીના નામે મકાન-મિલક્તોની ફેરબદલી કરી હોય તો તે મકાન મિલકતની આવક તેનાં માતા-પિતાની આવકમાં ઉમેરાશે નહિ.

**બીજાનો કર પોતે ભરવા :** ઉપર જણાવ્યા મુજબ કોઈ મિલકતમાંથી કે ભાગીદારી પેઢીના સભ્યપદમાંથી જે વ્યક્તિને આવક મળતી હોય અને તેની આવક બીજા કર ભરનાર શખ્સની આવકમાં આવી હોય તો ઈન્કમટેક્ષ ઓફિસર માંગણી કરે ત્યારે તે વ્યક્તિએ પોતાની આવકને લગતો કર જે ''કર ભરનાર શખ્સે' ભરવાનો હતો , તે પોતે ભરવો પડશે (કલમ 65)

**નોંધ :** (અ) આવી અન્ય વ્યક્તિઓની આવકને બદલે નુકસાન હોય તો તે નુકસાન પણ એસેસીની આવક્માંથી બાદ થાય.

(બ) અન્ય વ્યક્તિની જે આવકો એસેસીની આવકમાં સમાવેશને પાત્ર છે. તેવી આવકો સૌ પ્રથમ આવક મેળવનારી દ્રષ્ટિએ કયા શીર્ષક હેઠળ આકારણીને પાત્ર થતી તે નક્કી થશે અને તે અંગે જે કપાતો, કરમુક્તિઓ કે અન્ય લાભ મળ્યા હોય તે પણ બાદ થશે, છેવટે જે રકમ ખરેખર આવક મેળવનારી દ્રષ્ટિએ કરપાત્ર રહે તે જ રકમ એસેસીની કુલ આવકની ગણતરી વખતે જે તે શીર્ષક હેઠળ જ દર્શાવવામાં આવશે.

## 11.8 પત્ની કે ખુલાસા વગરની આવક

**(અ) ખુલાસા વગરની જમા રકમ (કલમ 68 ) :** જ્યારે કર ભરનાર શખ્સના પાછલા વર્ષના હિસાબી ચોપડામાં કોઈ રકમ જમા હોય અને તે અંગે ખુલાસો કરી ન શકે અથવા તે રકમ કેવી અને ક્યાંથી મળી છે. તે અંગેનો ખુલાસો સંતોષકારક ન હોય તો તે રકમ તેની આવક ગણાશે અને કરપાત્ર બનશે.

(બ) **ખુલાસા વગરના રોકાણો કલમ 69 :** જો કર ભરનાર શખ્સે પાછલા વર્ષમાં રોકાણો કર્યા હોય અને

(i) તેની નોધ તેના હિસાબી ચોપડામાં ન હોય

(ii) તેમજ તે અંગે કોઈ ખુલાસો ન કરે અથવા

(iii) ઈન્કમટેક્ષ ઓફિસરના મત પ્રમાણે તે ખુલાસો સંતોષકારક ન હોય તો તે રોકાણોની કિંમત કર ભરનાર શખ્સની પાછલા વર્ષની આવક ગણાશે.

(ક) **ખુલાસા વગરના નાણા (કલમ 69 અ) :** જ્યારે કર ભરનાર શખ્સ નાણાકીય વર્ષ દરમિયાન

(i) કોઈ નાણાં સોના-ચાંદી ઝવેરાત કે બીજી કિમતી વસ્તુનો માલિક જણાય અને (ii) તેની નોંધ હિસાબી ચોપડામાં ન હોય.

(ii) તેમ જકર ભરનાર તે અંગે કોઈ ખુલાસો ન કરે કે તેનો ખુલાસો સંતોષકારક ન હોય તો તે નાણું તેની તે નાણાકીય વર્ષની આવક ગણાશે.

(ડ) **ચોપડે પૂરી કિંમત ન દર્શાવી હોય તેવાં રોકાણો (કલમ 69 બ) :** જો કોઈ એસેસીએ પાછલાવર્ષમાં :

(i) કોઈ રોકાણો કર્યા હોય કે સોના-ચાંદી જેવી કિંમતી વસ્તુઓની માલિકી ધરાવે છે તેવું માલૂમ પડ્યું હોય અને

(ii) આવકવેરા અધિકારીને એમ જણાય કે આવી વસ્તુઓ / રોકાણો અંગે ચોપડે નોંધેલ રકમ કરતાં વધુ ખર્ચ કર્યો હોય અથવા

(iii) એસેસી આવા વધારાના ખર્ચ અંગે કોઈ ખુલાસો ન આપે અથવા.

(iv) એસેસીએ આપેલ ખુલાસો સંતાષકારક ન જણાય તો આવી ખુલાસા વગરની વધારાની રકમ જે તે નાણાકીય વર્ષની આવકમાં ઉમેરાશે.

(ઈ) **ખુલાસો ન થયો હોય તેવા ખર્ચા (કલમ 69 ક ) :** જ્યારે કર ભરનાર શખ્સ કોઈ નાણાકીય વર્ષ દરમિયાન (i) તેણે કરેલ ખર્ચ અંગે (ii) રકમ ક્યાંથી મેળવી તેનો સંતોષકારક ખુલાસો ન કરી શકે અથવા (iii) તેણે આપેલ ખુલાસો સંતોષકારક ન હોય તો તે ખર્ચની બધી રકમ કે-તેનો ભાગ તે વર્ષની કરપાત્ર આવક ગણાશે.

(ઈ) **હૂંડી દ્વારા નાણાંની લેવડદેવડ (કલમ 69 ડ) :** જ્યારે કોઈ એસેસીએ એકાઉન્ટ-પેઈના ક્રોસિંગવાળા ચેક સિવાય હૂંડી દ્વારા લેવડદેવડ કરી હોય તો તેના પર વ્યાજ સહિતની તમામ રકમ નાણાં ઉછીનાં લેનારની આવકમાં ઉમેરાશે,

**નોંધ :** ઉપર જણાવેલી રકમો એસેસીના કુલ આવકની ગણતરી વખતે ''અન્ય સાધનોની આવકના'' શીર્ષક હેઠળ આકરવામાં આવશે.

## 11.9 નુકસાન માંડી વાળવું અને આગળ ખેંચી જવું

નુકસાનની માંડવાળ અને તે આગળ ખેંચી જવા અંગેની જોગવાઈઓ આવકવેરા ધારાની કલમ 70 થી 80માં જણાવવામાં આવી છે. આ જોગવાઈઓ ત્રણ પ્રકારની છે :

(i) એક જ શીર્ષક હેઠળની આવક સામે (આંતર-સ્રોત) માંડવાળ

(ii) અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ

(iii) ભવિષ્યમાં માંડવાળના હેતુથી પછીના આકારણી વર્ષમાં નુક્સાન આગળ ખેંચી જવું (જો ચાલુ વર્ષની આવકો સામે તે પૂરી રીતે માંડી વાળવાનું શક્ય ન થયું હોય તો જ).

## (અ) નુક્સાન માંડી વાળવું

(1) **એક જ શીર્ષક હેઠળ માંડવાળ (કલમ 70) :** આવક વેરો કર ભરનાર શખ્સની કુલ આવક પર વસૂલ કરવામાં આવે છે. મૂડીનફા સિવાયના કોઈ પણ એક જ શીર્ષક હેઠળ એક સાધન(સ્રોત)માં ગયેલી ખોટ બીજા સાધન (સ્રોત)ની આવક સામે માંડી વાળી શકાય.

**અપવાદ :** (i) સટ્ટાના ધંધાની ખોટ અન્ય કોઈ પણ બિન-સટ્ટાકીય ધંધાની આવક સામે માંડી વાળવાની છૂટ નથી, આવી ખોટ ફક્ત સટ્ટાના ધંધાના નફા સામે જ માંડી વાળી શકાય.

**(ii) વિશિષ્ટ ધંધાની ખોટ :** વિશિષ્ટ ધંધાની ખોટ અન્ય કોઈ પણ ધંધાની આવક સામે માંડી વાળવાની છૂટ નથી આવી ખોટ ફક્ત અન્ય કોઈ પણ વિશિષ્ટ ધંધા ની આવક સામે માંડી વાળવાની છૂટ છે.

(iii) ઘોડાદોડ માટેના ઘોડાના માલિકોને તે ધંધામાં થતું નુકસાન અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળની બીજી કોઈ પણ આવક સામે માંડી વાળવાની છૂટ નથી.

(iv) લોટરીના ઈનામ, શબ્દ-રચના હરીફાઈના ઈનામ, પત્તાની રમતની આવક વગેરે સામે કોઈ પણ ખર્ચ માંડી વાળવાની કે અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળની કોઈ પણ ખોટ માંડી વાળવાની છૂટ નથી.

(v) જો કોઈ એક સ્રોત હેઠળ એસેસીને નુકસાન થયું હોય (કે જે સ્રોત આવક કરમુક્ત ગણાય છે) તો તે નુકસાન અન્ય કોઈ પણ સ્રોતની આવક સામે માંડી વાળવાની છૂટ નથી.

(vi) મૂડીનફાના શીર્ષક હેઠળ ટૂંકા ગાળાની મૂડીખોટ હોય તો તે ખોટ લાંબા ગાળાના મૂડી નફા સામે માંડી વાળવાની છૂટ છે. પરંતુ લાંબા ગાળાની મૂડીખોટ ટૂંકા ગાળાના મૂડીનફા સામે માંડી વાળવાની છૂટ નથી.

(2) અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ (Inter-head adjustment) (કલમ 71): કોઈ શીર્ષક હેઠળ નુક્સાન હોય તો બીજા શીર્ષક હેઠળની તે જ વર્ષની આવકમાંથી તે માંડી વાળી શકાય.

**અપવાદ :** (i) મૂડીનફાના શીર્ષક હેઠળનું નુકસાન અન્ય કોઈ પણ શીર્ષક હેઠળની આવક સામે માંડી વાળવાની છૂટ નથી. પરંતુ અન્ય શીર્ષક હેઠળની ખોટ મૂડીનફાના શીર્ષક હેઠળની આવક સામે વાળવાની છૂટ છે.

(ii) મકાન-મિલકતની આવકના શીર્ષક હેઠળની ખોટ (કલમ 71બ) : ₹ 2,00,000 સુધીનું અંગત રહેઠાણ માટે ઉપયોગમાં લેવાતા મકાન સહિતની મકાન-મિલકતોની આવકની ગણતરીને પરિણામે છેવટે રહેતું નુક્સાન તે જ વર્ષની અન્ય કોઈ પણ શીર્ષક હેઠળની આવક સામે માંડી વાળવાની છૂટ છે. જો અન્ય શીર્ષકો હેઠળ પૂરતી આવક ન હોય તો આવું બાકી રહેતું નુકસાન-વધુમાં વધુ આગામી 8 વર્ષ સુધી આગળ ખેંચી જવાની

અને તે સમય દરમિયાન ફક્ત મકાન-મિલક્તોની આવક સામે જ માંડી વાળવાની છૂટ છે.

**ટૂંકમાં સમજ:**

1. **નુકસાનનો પ્રકાર : સટ્ટા ધંધાની ખોટ**

   **એ જ શીર્ષક હેઠળની અન્ય આવક સામે માંડવાળ થઈ શકે ? :** બિનસટ્ટાકીય ધંધાના નફા સામે માંડવાળ થઈ શકે નહિ. ફક્ત સટ્ટાના ધંધાના નફા સામે જ માંડી વાળી શકાય.

   **અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ થઈ શકે ? :** બીજી આવકો સામે માંડવાળ થઈ શકે નહિ

2. **નુકસાનનો પ્રકાર : બિનસટ્ટાકીય ધંધાની ખોટ**

   એ જ શીર્ષક હેઠળની અન્ય આવક સામે માંડવાળ થઈ શકે ? : સટ્ટાના ધંધાના નફા સામે પણ માંડી વાળવાની છૂટ છે.

   અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ થઈ શકે ? : બીજી આવકો સામે (પગારની આવક સિવાય) માંડી વાળવાની છૂટ છે.

3. **નુકસાનનો પ્રકાર : વિશિષ્ટ ધંધાની ખોટ**

   એ જ શીર્ષક હેઠળની અન્ય આવક સામે માંડવાળ થઈ શકે ? : ફક્ત અન્ય કોઈ વિશિષ્ટ ધંધા સામે જ માંડી વાળવાની છૂટ છે.

   અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ થઈ શકે ? : બીજા કોઈ પણ ધંધાના નફા સામે કે અન્ય કોઈ પણ આવક સામે માંડી વાળવાની છૂટ નથી.

4. **નુકસાનનો પ્રકાર : મૂડી ખોટ :** (i) ટૂંકા ગાળાની મૂડી ખોટ (ii) લાંબા ગાળાની મૂડી ખોટ એ જ શીર્ષક હેઠળની અન્ય આવક સામે માંડવાળ થઈ શકે ? : લાંબા ગાળાના મૂડીનફા સામે પણ માંડી વાળવાની છૂટ છે. ટૂંકા ગાળાના મૂડીનફા સામે માંડી વાળવાની છૂટ નથી.

   અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ થઈ શકે ? : અન્ય શીર્ષક હેઠળની આવકો સામે માંડી વાળવાની છૂટ નથી.

5. **નુકસાનનો પ્રકાર : રેસ માટેના ઘોડાના માલિકોને તે પ્રવૃત્તિમાંથી થતી ખોટ**

   એ જ શીર્ષક હેઠળની અન્ય આવક સામે માંડવાળ થઈ શકે ? : ''અન્ય સાધનોની આવક''ના શીર્ષક હેઠળની બીજી કોઈ પણ આવક સામે માંડી વાળવાની છૂટ નથી.

   અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ થઈ શકે ? : બીજી આવકો સામે માંડી વાળવાની છૂટ નથી.

6. **નુકસાનનો પ્રકાર :** મકાન-મિલકતો ની આવકના શીર્ષક હેઠળની ખોટ(અંગત રહેઠાણના મકાન સહિત).

   એ જ શીર્ષક હેઠળની અન્ય આવક સામે માંડવાળ થઈ શકે ? : એ જ શીર્ષક હેઠળ અન્ય મકાનોની આવક સામે માંડવાળની છૂટ છે.

   અન્ય શીર્ષક હેઠળની આવક સામે માંડવાળ થઈ શકે ? : બીજી આવકો સામેપણ માંડી વાળવાની છૂટ છે.

**નોંધ:** આ. વ. 2018-19થી અમલમાં આવેલ સુધારા મુજબ જો આ શીર્ષક હેઠળની ખોટ ₹ 2 લાખથી વધુ હોય તો ફક્ત ₹ 2 લાખની ખોટ અન્ય આવકો સામે માંડી વાળવાની છૂટ છે અને બાકીની ખોટ આગળ ખેંચી જવામાં આવશે.

**<u>નુકસાન આગળ ખેંચી જવું:</u>**

(1) **ધંધાની ખોટ (કલમ 72) :** કોઈ પણ આકારણી વર્ષમાં ''ધંધા કે વ્યવસાયનો નફો કે લાભ''ના શીર્ષક હેઠળ આવકની ગણતરી કરતાં નુકસાન માલૂમ પડે (સટ્ટાના ધંધાની ખોટ સિવાય) અને આ નુકસાન બીજા બધાં શીર્ષક હેઠળની આવક સામે માંડી વાળતાં પૂરું થતું ન હોય, તો બાકી નુકસાન બીજા વર્ષોમાં આગળ ખેંચી જઈ શકાશે. આવું નુક્સાન વધુમાં વધુ 8 વર્ષ સુધી આગળ ખેંચી જવાની છૂટ છે. આવું આગળ ખેચેલું નુકસાન જે ધંધાને લગતું હોય તે ધંધો બંધ કરી દેવામાં આવ્યો હોય તો પણ અન્ય કોઈ પણ ધંધાની આવક સામે માંડી વાળવાની છૂટ છે.

(૨) **આ રીતે થતું ધંધાનું નુકસાન ત્યાર પછીનાં આઠ વર્ષ સુધી આગળ ખેંચી જઈ શકાય. [કલમ 72 (3)]**

સટ્ટાના વેપારમાં ગયેલું નુકસાન સટ્ટાના નફા સામે જ માંડી વાળી શકાય. જો કોઈ આકારણી વર્ષમાં આવું નુક્સાન માંડી વાળી શકાય એમ ન હોય તો તે આકારણી વર્ષ પછીનાં તરતનાં ચાર વર્ષ સુધી જ આગળ ખેંચી જઈ શકાશે. (કલમ 73)

(3) **મૂડીનફાના શીર્ષક હેઠળનું છેવટનું નુકસાન અન્ય કોઈ પણ શીર્ષક હેઠળની આવક સામે માંડી વાળવાની છૂટ નથી :** લાંબા ગાળાની મૂડી ખોટ પછીનાં 8 વર્ષ સુધી આગળ ખેંચી જવાની છૂટ છે અને આ રીતે આગળ ખેંચેલી લાંબા ગાળાની મૂડી ખોટ ભવિષ્યમાં ફક્ત લાંબા ગાળાના મૂડીનફા સામે માંડી વાળવાની છૂટ રહેશે. ટૂંકા ગાળાની મૂડીખોટ પણ વધુમાં વધુ 8 વર્ષ સુધી આગળ ખેંચી જવાની છૂટ છે. આગળ ખેંચેલી ટૂંકા ગાળાની મૂડીખોટ ભવિષ્યમાં થનાર કોઈ પણ પ્રકારના મૂડીનફા સામે માંડી વાળવાની છૂટ રહેશે.

(4) **મકાન-મિલકતોની આવકના શીર્ષક** હેઠળની આગળ ખેંચેલી ખોટ વધુમાં વધુ 8 વર્ષ સુધી આગળ ખેંચી જવાની અને ભવિષ્યમાં થનાર મકાન-મિલકતોની આવક સામે જ માંડી વાળવાની છૂટ છે.

(5) **અન્ય સાધનોની આવકના શીર્ષક** હેઠળ આવરી લેવાયેલ કેટલીક વિશિષ્ટ આવકો અંગે નુકસાન થતું હોય તો તે અન્ય કોઈ પણ આવકના સાધન સામે માંડી વાળવાની કે આગળ ખેંચી જવાની છૂટ નથી. આવી વિશિષ્ટ આવકોનાં સાધનો નીચે મુજબ છે :

(i) લોટરીની આવક, (ii) શબ્દ-રચના હરીફાઈનું ઇનામ, (iii) દોડ અને ઘોડદોડની આવક (iv) પત્તાની રમતો અને અન્ય કોઈ પણ રમત, (v) જુગાર, દાવ વગેરે.

વિવિધ પ્રકારના નુકસાન આગળ ખેંચી જવા અંગેની જોગવાઈ.

| **નુકસાનનો પ્રકાર** | **કેટલા વર્ષ સુધી આગળ ખેંચી જઈ શકાય ?** | **પછીના વર્ષની કઈ આવક સામે માંડવાળ થઈ શકે ?** |
|---|---|---|
| 1. ધંધાનુ નુકસાન (બિન સટ્ટાકીય)<br>(1) નહિ સમાયેલ ઘસારો વૈજ્ઞાનિક સંશોધન અંગેનો મૂડીખર્ચ અને કુટુંબ નિયોજન અંગેનો ખર્ચ<br>(2) નહિ સમાયેલ રોકાણ ભથ્થુ વિકાસ ભથ્થુ<br>(3) બાકીની ધંધાકીય ખોટ (1) અને (2) સિવાય | અનિશ્ચિત મુદ્દત સુધી<br>8 વર્ષ સુધી<br>8 વર્ષ સુધી | કોઈ પણ આવક સામે (પગારની આવક સિવાય) ફક્ત ધંધાના નફા સામે<br>ફક્ત ધંધાના નફા સામે (સટ્ટાકીય નફા સામે) |
| 2. સટ્ટાના ધંધાનું નુકસાન | 4 વર્ષ સુધી | ફક્ત સટ્ટાના ધંધાના નફા સામે |
| 3. મૂડી નફાના શીર્ષક હેઠળની ખોટ | | ભવિષ્યમાં મળનાર કોઈ પણ 8 વર્ષ સુધી મૂડી નફા સામે |
| (1) ટૂંકા ગાળાની છેવટની મૂડી ખોટ | 8 વર્ષ સુધી | ભવિષ્યમાં મળનાર ફક્ત લાંબા ગાળાની મૂડી નફા સામે |
| (2) લાંબા ગાળાની છેવટની મૂડી ખોટ | 8 વર્ષ સુધી | ભવિષ્યમાં મળનાર ફક્ત લાંબા ગાળાની મૂડી નફા સામે |
| 4. ઘોડાદોડ માટેના ઘોડાના માલિકને તે પ્રવૃત્તિમાંથી થયેલ ખોટ | 4 વર્ષ સુધી | ફક્ત તે પ્રવૃત્તિમાંથી થનાર આવક સામે |
| 5. મકાન મિલકતોની આવકના શીર્ષક હેઠળનું નુકસાન | 8 વર્ષ સુધી | ફક્ત મકાન મિલકતોની આવક સામે. |

## 11.10 સભ્ય તરીકે મળતી આવક

(1) **હિન્દુ વિભક્ત (HUF) કુટુંબના સભ્ય તરીકે મળતો હિસ્સો :** હિન્દુ અવિભક્ત કુટુંબના સભ્ય તરીકે કુટુંબની આવકમાંથી એસેસીને મળતો ભાગ તેની દૃષ્ટિએ કરપાત્ર ગણાય નહિ. તેમ છતાં જો તેણે તા. 31મી ડિસેમ્બર, 1969 પછી સ્વપાર્જિત મિલકતો HUF ના નામે તબદીલ કરી આપી હોય તો તેવી મિલકતોની આવકમાંથી તેને મળેલ ભાગ તેની દૃષ્ટિએ કરપાત્ર ગણાશે. જો આવા HUF માં અન્ય સભ્યો HUFના વિભાજનનો હક્ક ન ધરાવતા હોય તો HUF ની આવકો એસેસીની દૃષ્ટિએ વ્યક્તિની આવક તરીકે આકારણીને પાત્ર ગણાય.

(2) **ભાગીદારી પેઢીમાંથી મળતું વ્યાજ, નફામાં ભાગ વગેરે :** પેઢીમાંથી ભાગીદારને મળતું વ્યાજ, પગાર, બોનસ, કમિશન વગેરે તે વ્યક્તિની "ધંધા કે વ્યવસાયની આવક" તરીકે કરપાત્ર ગણાય. પેઢીના નફામાંથી મળતો ભાગ તેની આવકમાં ઉમેરાશે નહિ, સિવાય કે પેઢીએ તેના નફા પર ટેક્સ ચૂકવવાનો થતો ન હોય."

(3) **વ્યક્તિઓના મંડળ (AOP)ની આવકમાંથી મળતો ભાગ :** કેટલીક શરતોને આધીન વ્યક્તિઓના મંડળમાંથી સભ્ય તરીકે મળતો હિસ્સો તે વ્યક્તિની ''ધંધા કે વ્યવસાયની આવક''ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય.

## 11.11 આકારણી વર્ષ 2020-21 માટે ''વ્યક્તિની કુલ કરપાત્ર આવક પર આવકવેરાના દર નીચે મુજબ છે''

| સામાન્ય કરદાતા માટે કે જેમની ઉંમર <u>60 વર્ષથી ઓછી હોય</u> (જેમાં સ્ત્રી એસેસીનો પણ સમાવેશ થાય છે) | | વરિષ્ઠ નાગરિક માટે (કે જેમની ઉંમર <u>60 વર્ષ કે વધુની હોય પરંતુ 80 વર્ષથી ઓછી</u> હોય) | | વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક માટે (કે જેમની ઉંમર <u>80 વર્ષ કે</u> તેથી વધુ હોય.) | |
|---|---|---|---|---|---|
| **આવકનો સ્લેબ** | **આવક વેરાનો; દર** | **આવકનો સ્લેબ** | **આવક વેરાનો દર** | **આવકનો સ્લેબ** | **આવક વેરાનો દર** |
| પ્રથમ ₹2,50,000 સુધી | શૂન્ય | પ્રથમ ₹3,00,000 સુધી | શૂન્ય | પ્રથમ ₹ 5,00,000 સુધી | શૂન્ય |
| રૂ 2,50,001 થી ₹ 5,00,000 સુધી | 5% | ₹ 3,00,001 થી રૂ 5,00,000 સુધી | 5% | | |
| રૂ 5,00,001 થી રૂ 10,00,000 સુધી | 20% | રૂ 5,00,001 થી રૂ 10,00,000 સુધી | 20% | ₹ 5,00,001 થી રૂ 10,00,000 સુધી | 20% |
| રૂ 10,00,000 થી વધારાની આવક પર | 30% | રૂ 10,00,000 થી વધારાની આવક પર | 30% | રૂ 10,00,000 થી વધારાની આવક પર | 30% |

**ખાસ નોંધ:**

(1) વરિષ્ઠ નાગરિકઃ વ્યક્તિ જો ભારતમાં રહીશ હોય તો. ₹ 3,00,000 સુધીની આવક સંપૂર્ણપણે કરમુક્ત છે. જે રહીશ વ્યક્તિની તા. 1-4-2019 થી તા. 31-3-2020 દરમિયાન કોઈ પણ તારીખે 60 વર્ષની ઉંમર પૂરી થઈ હોય પરંતુ 80 વર્ષ કે તેથી વધુ ઉંમર ન થઈ હોય તે વ્યક્તિ આવકવેરા ધારા મુજબ વરિષ્ઠ નાગરિક ગણાય છે.

(2) વિશિષ્ટ વરિષ્ઠ નાગરિકઃ વ્યક્તિ જો ભારતમાં રહીશ હોય તો ₹ 5,00,000 સુધીની આવક સંપૂર્ણપણે કરમુક્ત છે. જે રહીશ વ્યક્તિની તા. 1-4-2019 થી તા. 31-3-2020 દરમિયાન કોઈ પણ તારીખે 80 વર્ષની ઉંમર પૂરી થઈ હોય તે વ્યક્તિ આવકવેરા ધારા મુજબ વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક ગણાય છે.

(3) ઉપર જણાવ્યા સિવાયની અન્ય કોઈ પણ વ્યક્તિની (સ્ત્રી એસેસી સહિત) ₹ 2,50,000 સુધીની આવક સંપૂર્ણપણે કરમુક્ત છે.

**સરચાર્જ :** ઉપર જણાવેલ કરવેરાના દરના આધારે ગણેલ આવકવેરો અને કલમ 111A હેઠળ (માન્ય શેરબજારમાં વેચેલ શેરોમાંથી ઉદ્ભવતા ટૂંકા ગાળાના મૂડીનફા અંગે) તેમજ કલમ 112 હેઠળ (લાંબા ગાળાના મૂડી નફા અંગે) ગણેલ આવકવેરાની કુલ રકમના 15% લેખે સરચાર્જ ઉમેરાશે.

| ક્રમ | આવક | દર |
|---|---|---|
| 1 | કુલ આવક ₹50 લાખથી વધુ હોય તો | શૂન્ય |
| 2 | કુલ આવક ₹50 લાખથી વધુ હોય પરંતુ ₹1 કરોડથી વધુ ન હોય તો | 10% |
| 3 | કુલ આવક ₹1 કરોડથી થી વધુ હોય પરંતુ ₹2 કરોડથી વધુ ન હોય તો | 15% |
| 4 | કુલ આવક ₹2 કરોડથી થી વધુ હોય પરંતુ ₹5 કરોડથી વધુ ન હોય તો | 25% |
| 5 | કુલ આવક ₹5 કરોડથી થી વધુ તો | 37% |

(3) સરચાર્જ (જો હોય તો ) સહિતની આવકવેરાની કુલ રકમના 4% લેખે હેલ્થ અને શિક્ષણ ઉપકર (Health and Education Cess) ઉમેરાશે.

## 11.12 સ્વાધ્યાય

**1. ટૂંક નોંધ લખો**

1. મૂડી નુક્સાન આગળ ખેંચવાના નિયમો
2. મૂડી ખોટ મજરે લેવી અને આગળ ખેંચવા અંગેની જોગવાઈ
3. નુકસાન માંડી વાળવા અંગે અને આગળ ખેંચી જવા અંગે આવકવેરાની જોગવાઈઓ
4. વ્યક્તિ એસેસી માટેની ચુકવણી અંગેની કપાતો
5. વ્યક્તિ એસેસી માટેની આવકો અંગેની કપાતો
6. છૂપી કે ખુલાસા વગરની આવક
7. વરિષ્ઠ નાગરિક અને વિશિષ્ટ વરિષ્ઠ નાગરિક

**2. નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો**

1. ‘‘આવકના એક શીર્ષક હેઠળની ખોટ આવકના બીજા કોઈ પણ શીર્ષક હેઠળની આવક સામે માંડી વાળી શકાય.’’ આ વિધાન સમજાવો અને અપવાદો જણાવો.
2. વ્યક્તિની આવકની આકારણી અંગે ક્યા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ ?
3. આકારણી વર્ષ 2020-21 માટે ‘‘વ્યક્તિની કુલ કરપાત્ર આવક પર આવકવેરાના દર જણાવો.
4. વિવિધ પ્રકારના નુકસાન આગળ ખેંચી જવા અંગેની જોગવાઈ સમજાવો.

**3. નીચે આપેલ વિધાન સાચા કે ખોટા એ જણાવો**

1. સટ્ટા ધંધાની ખોટ બિનસટ્ટાકીય ધંધાના નફા સામે માંડવાળ થઈ શકે નહિ. ફક્ત સટ્ટાના ધંધાના નફા સામે જ માંડી વાળી શકાય.
2. બિનસટ્ટાકીય ધંધાની ખોટ સટ્ટાના ધંધાના નફા સામે પણ માંડી વાળવાની છૂટ છે.
3. બિનસટ્ટાકીય ધંધાની ખોટ બીજી આવકો સામે (પગારની આવક સિવાય) માંડી વાળવાની છૂટ છે.
4. વિશિષ્ટ ધંધાની ખોટ ફક્ત અન્ય કોઈ વિશિષ્ટ ધંધા સામે જ માંડી વાળવાની છૂટ છે.

એકમ 12

# આકારણીની કાર્યવાહી અને કરની વસૂલાત

## : રૂપરેખા :


**12.1** પ્રસ્તાવના

**12.2** આકારણી એટલે શું ?

**12.3** આવકનું પત્રક

**12.4** આવકના પત્રકના પ્રકાર

**12.5** કાયમી ખાતા નંબર

**12.6** આકારણીના પ્રકાર

**12.7** કરની વસૂલાત

**12.8** ઉદાહરણો

**12.9** ચૂકવવાપાત્ર વ્યાજ

**12.10** આકારણીની કાર્યવાહી અને કરની વસૂલાતના સંદર્ભમાં અગત્યની કલમો

● સ્વાધ્યાય


## 12.1 પ્રસ્તાવના

આકારણી કાર્યવાહી અને કરની વસૂલાતના સંદર્ભમાં જાણકારી રાખવી મહત્ત્વની બાબત છે. કરની આકારણીની કાર્યવાહીની જાણકારી ખૂબ મહત્ત્વની છે. આવકવેરાનું રિટર્ન ક્યારે અને કેવી રીતે ભરવું ?, તેના પર કોણ સહી કરે ?, કાયમી ખાતા નંબર શું છે?, આકારણીની કાર્યવાહી તથા ચૂકવણી કેવી રીતે થાય છે ? અને એડવાન્સ ટેક્ષ, સ્વયં આકારણી ટેક્ષ વગેરે વિગતોની માહિતી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે આ પ્રકરણ રજૂ થયેલ છે.

## 12.2 આકારણી એટલે શું ?

કર ભરનારે પાછલા વર્ષની આવકને આધારે ભરેલા આવકવેરા પત્રકના આધારે આવકવેરા અધિકારી તેની કુલ આવક નક્કી કરે છે. આ ક્રિયાને આકારણી કહેવામાં આવે છે. આકારણી ઈન્કમટેક્ષ ઓફિસર કરે છે, પરંતુ આવક અંગેનું રિટર્ન (પત્રક) ભરવાની જવાબદારી કર ભરનાર શખસની છે. જે વ્યક્તિની પાછલા વર્ષની આવક કરને પાત્ર નહિ એવી વધુમાં વધુ મર્યાદાથી વધે તેણે પોતે જ પોતાની આવકનું પત્રક ભરીને આવકવેરા અધિકારીને મોકલી આપવું જોઈએ.

આકારણી એટલે કર ભરનાર શખસની કુલ આવક નક્કી કરવી, તેમજ તેણે ભરવાની કરની રકમ નક્કી કરવા અથવા તો તેને આપવાના રિફંડની રકમ નક્કી કરવી. આ રીતે કુલ આવક, તેના ભરવાપાત્ર કર, પાછી આપવા યોગ્ય રકમ વગેરે નક્કી કરવાની ક્રિયાને આકારણીની કાર્યવાહી કહેવાય છે.

## 12.3 આવકનું પત્રક

એવી દરેક વ્યક્તિની (જે કંપની કે પેઢી હોય અથવા કંપની કે પેઢી સિવાયની અન્ય કોઈ વ્યક્તિ હોય) પોતાની વાર્ષિક આવક અથવા અન્ય કોઈપણ વ્યક્તિ વતી તે પોતે આવકવેરો

ભરવા માટે જવાબદાર હોય, તેની આવક લઘુત્તમ કરમુક્ત મર્યાદા કરતાં વધુ થાય તો તેણે કાયદામાં નિયત કરેલ પત્રકમાં આવકની વિગતો ભરીને આવકવેરા અધિકારી સમક્ષ રજૂ કરવી પડે છે. જો કોઈ વ્યક્તિ કે એચ.યુ.એફ.ની કુલ આવક (કલમ 10A, 10B, 10BA, 10C, 80C થી 80U અને 10 (38) હેઠળની કપાતો બાદ કર્યા પહેલાંની) મહત્તમ કરમુક્ત મર્યાદાથી વધુ હોય તો તેણે આવકવેરાનું રિટર્ન ભરવું જરૂરી છે.

**આવકવેરાના પત્રક માટેનાં ફોર્મ્સ :**

આકારણી વર્ષ 2020-21 માટેના નિયત થયેલા નવા ફોર્મ્સની વિગતો :

| ફોર્મ નં. | વિગત |
|---|---|
| ITR 1 (SAHAJ) | પગાર મેળવનાર વ્યક્તિ એસસી (કુલ આવક રૂ. 50 લાખથી વધુ ન હોય) કે જેમની અન્ય આવકોમાં એક મકાન મિલકત (અગાઉના પાછલા વર્ષની આગળ ખેંચેલી તે ખોટ સિવાય) તથા ફક્ત "અન્ય સાધનો" શીર્ષક હેઠળ લૉટરી તથા ઘોડદોડ સિવાયની આવક હોય અને રૂ. 5,000 સુધીની ખેતીની આવક |
| ITR 2 | વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબ કે જેઓ "ધંધા કે વ્યવસાયની આવક"ના શીર્ષક હેઠળ કોઈ આવક ન મેળવતા હોય |
| ITR 3 | વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબ કે જેઓ ધંધો કે વ્યવસાયની આવક મેળવતા હોય |
| ITR 4 (SUGAM) | વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબ કે મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢી સિવાયની પેઢી કે જેમની રૂ. 50 લાખ સુધીની કુલ આવક હોય અને જેમની ધંધા કે વ્યવસાયની આવકની કલમ 44 AD, 44 ADA કે 44 AE ની ખાસ જોગવાઈઓ હેઠળ ગણતરી કરવામાં આવી હોય |
| ITR 5 | પેઢી, હિન્દુ અવિભક્ત કુટુંબ, કંપની અને અન્ય શખ્સ કે જેઓ ITR - 7 નું ફોર્મ ભરવાપાત્ર છે તેમના સિવાયની અન્ય વ્યક્તિ માટેનું ફોર્મ |
| ITR 6 | કલમ 11 હેઠળ કરમુક્તિ મેળવતી કંપની સિવાયની કંપનીઓની આવક માટેનું ફોર્મ |
| ITR 7 | કંપની સહિત તમામ શખ્સો કે જેઓ કલમ 139 (4 A) થી (D) સુધીની કોઈપણ કલમ હેઠળ આવકનું પત્રક ભરવા માટે જવાબદાર ગણાય તેમના માટે આવકનું ફોર્મ |
| ITR V | આવકવેરાનું રિટર્ન કે જે ડિજિટલ હસ્તાક્ષર વગર ઇલેક્ટ્રોનિક્લી ભર્યું છે તેની સ્વીકૃતિનું ફોર્મ (Acknowledgement) |

જો એસેસીના પાછલા વર્ષ 2019-20ની કુલ ગ્રોસ આવક કરમુક્ત મર્યાદાથી વધુ હોય તો તેણે નીચે મુજબની નિયત મુદતમાં રિટર્ન ભરવું જરૂરી છે.

**આવકનું પત્રક ભરવાની સમય મર્યાદા કલમ 139 (1)**

| | | | |
|---|---|---|---|
| કંપની એસેસી માટે | | | |
| 1) | (i) | જો કોઈ કંપનીએ આંતરરાષ્ટ્રીય વ્યવહારો અંગે કલમ 92 E હેઠળ અહેવાલ રજૂ કરવાનો હોય | આકારણી વર્ષની નવેમ્બર 30 સુધીમાં |
| | (ii) | અન્ય કોઈપણ કંપનીએ (કે જેણે કોઈ આંતરરાષ્ટ્રીય કે નિર્દિષ્ટ ડોમેસ્ટિક વ્યવહાર ના કર્યો હોય) | આકારણી વર્ષની નવેમ્બર 30 સુધીમાં |
| જ્યારે એસેસી કંપની સિવાયના અન્ય કોઈપણ શખ્સ હોય | | | |
| 2) | (A) | જેના હિસાબોનું કાયદા હેઠળ ઓડિટ કરાવવું જરૂરી હોય એવા શખ્સો માટે | આકારણી વર્ષની નવેમ્બર 30 સુધીમાં |
| | (B) | એવી પેઢીનો વર્કિંગ પાર્ટનર જેના હિસાબો કાયદા મુજબ ઓડિટ કરાવવા જરૂરી હોય | આકારણી વર્ષની નવેમ્બર 30 સુધીમાં |
| | (C) | અન્ય કોઈપણ એસેસી માટે | આકારણી વર્ષની નવેમ્બર 30 સુધીમાં |

**આવકનું પત્રક ભરવામાં થયેલ વિલંબ અંગેની ફી :**

આકારણી વર્ષ 2018-19થી અમલમાં આવેલ કલમ 234 Fની જોગવાઈ નીચે મુજબ છે.

1) જો કોઈ એસેસી કલમ 139 હેઠળ આવકનું પત્રક ભરવા માટે જવાબદાર હોય અને તે કલમ 139 (1)માં જણાવેલ સમય મર્યાદામાં તેનું પત્રક ભરવામાં વિલંબ કરે તો તેણે આકારણી વર્ષ 2020-21ની 31મી ડિસેમ્બર, 2020 કે તે પહેલાં રૂ. 5,000ની ફી સાથે આવકનું પત્રક ભરવાનું રહેશે.

2) અન્ય કોઈપણ કિસ્સામાં આ ફી રૂ. 10,000ની છે. પરંતુ જે શખસની કુલ આવક રૂ. પાંચ લાખથી વધુ ન હોય તે વ્યક્તિએ ચૂકવવા પાત્ર ફી રૂ. 1,000થી વધશે નહિ.

3) આકારણી વર્ષ 2018-19 કે ત્યાર પછીના કોઈપણ આકારણી વર્ષ માટેનું આવકનું પત્રક તેની છેલ્લી તારીખ પછી પરંતુ જે-તે આકારણી વર્ષની આખર તારીખ સુધીમાં ભરવામાં આવ્યું હશે. તો કોઈ પેનલ્ટી ફી ચૂકવવાની રહેશે નહિ, પરંતુ બાકી ટેક્ષ અંગે વ્યાજ ચૂકવવાનું રહેશે.

4) જાણી જોઈને રિટર્ન ન ભર્યું હોય તો તે અંગે સજાની પણ જોગવાઈ છે. (કલમ 276 CC)

## 12.4 આવકના પત્રકના પ્રકાર

**1) ખોટનું રિટર્ન (Return of Loss) :**

જો કોઈ એસેસીને પાછલા વર્ષ દરમિયાન (i) ધંધા કે વ્યવસાયની આવક કે (ii) "મૂડી નફા"ના શીર્ષક હેઠળ ખોટ થઈ હોય કે (iii) દોડ માટેના ઘોડા રાખવાની પ્રવૃત્તિમાંથી ખોટ થઈ હોય અને તે નુકસાન પછીનાં વર્ષોમાં માંડી વાળવા (set-off) માટે આગળ ખેંચી જવું (carry forward) હોય તો તેણે કલમ 139 (3) મુજબ રિટર્ન ભરવું જોઈએ.

**2) વિલંબિત રિટર્ન** (Belated Return)

ઉપર જણાવેલ મુદ્દત દરમિયાન જો કોઈએ રિટર્ન ભર્યું ન હોય અને તેની આકારણી થઈ ન હોય તો કોઈપણ આકારણી વર્ષને લગતું વિલંબિત રિટર્ન (Belated Return) તે આકારણી વર્ષની આખર તારીખ સુધી અથવા તેની આવકવેરા આકારણી પૂરી થાય તે પહેલાં બે માંથી જે તારીખ વહેલી હોય ત્યાં સુધીમાં ભરી શકશે. (કલમ 139 (4))

**3) સુધારેલું રિટર્ન (Revised Return)**

(1) ફક્ત કલમ 13 (1) હેઠળ રજૂ કરેલ રિટર્ન અંગે સુધારેલું રિટર્ન ભરી શકાય.

(2) ક્ષતિ કે ખોટા નિવેદનની સુધારણા માટે : જો રિટર્ન ભર્યા પછી તે ભરનાર શખસને એમ લાગે કે તેમાં કંઈ ભરવાનું રહી ગયું છે અથવા ખોટું નિવેદન થઈ ગયું છે તો આકારણી વર્ષના અંત સુધી અથવા તેની આવકવેરા આકારણી પૂરી થાય તે પહેલાં બેમાંથી જે તારીખ વહેલી હોય ત્યાં સુધીમાં ફરીથી સુધારેલું રિટર્ન ભરી શકે છે. દા.ત. આકારણી વર્ષ 2018-19 માટે એસેસીએ તા. 2-9-2018ના રોજ આવકનું પત્રક ભર્યું હોય અને પછીથી તેને તેમાં કોઈ ખામી લાગે તો તે એસેસી સુધારેલું રિટર્ન ભરી શકે છે અને તે માટેની મુદ્દત તા. 31-3-2019 અથવા તેની આવકની આકારણી પૂરી થતાં પહેલાં બેમાંથી જે તારીખ વહેલી હોય) સુધીની છે. (કલમ 139 (5))

**4) ખામીવાળું કે અધૂરું રિટર્ન (Defective or Incomplete Return)**

જ્યારે આવકવેરા અધિકારીને એમ લાગે કે એસેસીએ રજૂ કરેલ આવકનું પત્રક ખામીવાળું છે. ત્યારે તે આ ક્ષતિ દૂર કરી આપવા માટે એસેસીને જાણ કરી શકે છે અને એસેસીએ આવી નોટિસ મળ્યા તારીખથી 15 દિવસમાં અથવા આવકવેરા અધિકારીએ લંબાવી આપેલી મુદ્દતમાં તે ક્ષતિ સુધારી આપવી જોઈએ. જો આમ કરવામાં કસૂર થાય તો આવકવેરા અધિકારી એમ માનીને જરૂરી કાર્યવાહી કરવાની સત્તા ધરાવે છે કે એસેસીએ કોઈ રિટર્ન ભર્યું નથી એટલે કે તે અમાન્ય (invalid) રિટર્ન છે. (કલમ 139 (9))

આવકવેરાના નવા રિટર્નના ફોર્મ સાથે કોઈપણ પ્રમાણપત્ર, સ્ટેટમેન્ટ્સ, એકાઉન્ટસ વગેરે રજૂ કરવાનું શક્ય નથી તેથી એસેસીએ આવા તમામ દસ્તાવેજી પુરાવા સાચવવા જરૂરી છે કે જેથી જ્યારે પણ આકારણીની કાર્યવાહી દરમિયાન કે અન્યથા આવકવેરા અધિકારી તરફથી તેની ચકાસણી કરવાની જરૂર ઊભી થાય ત્યારે તે રજૂ કરી શકાય.

## 12.5 કાયમી ખાતા નંબર (Permanent Account Number - PAN)

કલમ 139 (A) હેઠળ દરેક એસેસીની ઓળખ (identity) માટે આ નંબર આપવામાં આવે છે. કરદાતાની ઓળખના હેતુસર અપાનાર કાયમી ખાતા નંબર દસ આલ્ફાન્યુમેરિક કેરેક્ટર ધરાવે છે. અગાઉ જેમને કાયમી ખાતા નંબર આપવામાં આવ્યા હોય તેવા એસેસીએ પણ નવી શ્રેણીનો નંબર મેળવવા માટે અરજી કરવી જરૂરી છે. અરજી અંગેની અગત્યની જોગવાઈઓ નીચે જણાવેલ છે :

1) એવા દરેક શખસ કે જે કોઈપણ પાછલા વર્ષમાં પોતાની કે અન્ય શખસની કરપાત્ર

આવક અંગે આકારણીને પાત્ર છે, પરંતુ કાયમી ખાતા નંબર મળેલ નથી, તેણે આવકવેરા અધિકારીને આવો નંબર મેળવવા માટે સંબંધિત આકારણી વર્ષની 31મી મે સુધીમાં ફોર્મ નં. 49માં અરજી કરવી જોઈએ.

2) એવા દરેક શખસ કે જેના ધંધાના પાછલા વર્ષની કુલ વેચાણ કે કુલ પ્રાપ્તિ રૂ. 5,00,000થી વધી જવાની શક્યતા હોય તેણે પણ કાયમી ખાતા નંબર મેળવવા માટે આવકવેરા અધિકારીને અરજી કરવી પડે છે. (ધંધાની આવક કરપાત્ર મર્યાદા કરતાં ઓછી હોય તો પણ અરજી કરવી પડે.)

3) એવા દરેક શખસ કે જે કલમ 139ની પેટા કલમ 48 હેઠળ આવકનું પત્રક ભરવા માટે જવાબદાર છે. ચેરિટેબલ ટ્રસ્ટને પણ કાયમી ખાતા નંબર મેળવવા માટે અરજી કરવી જરૂરી છે.

4) એવી દરેક શખસ કે જે માલિક તરીકે fringe benefits અંગે રિટર્ન ભરવા માટે જવાબદાર હોય

5) એવો દરેક શખસ કે જે નાણાકીય વર્ષ દરમિયાન કોઈપણ રકમ કે આવક મેળવવા માટે અધિકૃત હોય કે જે અંગે મૂળ સ્થાને આવકવેરો કાપવો ફરજિયાત હોય તેણે નાણાકીય વર્ષની આખર તારીખ પહેલાં કાયમી ખાતા નંબરની ફાળવણી માટે અરજી કરવી જરૂરી છે.

6) એવો દરેક શખસ (કે જે રહીશ છે પરંતુ વ્યક્તિ નથી કે જેણે નાણાકીય વર્ષ દરમિયાન એકંદરે રૂ. 2,50,000થી વધુ રકમના નાણાકીય વ્યવહારો કર્યા હોય

7) કેન્દ્ર સરકારે નીચે જણાવેલ શખસોની યાદી નક્કી કરેલી છે કે જેમણે કાયમી ખાતા નંબરની ફાળવણી માટે અરજી કરવી જરૂરી છે.

   (i) આયાતકાર અને નિકાસકાર

   (ii) કેન્દ્રીય આબકારી (excise) નિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવા માટે

   (iii) 1994ના સેવા કર નિયમો હેઠળ રજિસ્ટ્રેશન મેળવવા માટે

   (iv) કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, રાજ્યોના વેચાણવેરાના કાયદાઓ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવા માટે

8) કોઈપણ શખસને તેણે અરજી ન કરી હોય તો પણ આવકવેરા અધિકારી દ્વારા કાયમી ખાતા નંબરની ફાળવણી થઈ શકે છે.

નોંધ : જે વ્યક્તિની કુલ આવક કરપાત્ર નથી અથવા જે વ્યક્તિ કલમ 139 A હેઠળ કાયમી ખાતા નંબર મેળવવા માટે જવાબદાર નથી તે વ્યક્તિએ ફોર્મ 156 કે 15 H ભરીને આવક ચૂકવનાર સમક્ષ રજૂ કરવાનું જરૂરી છે.

દરેક શખસ કે જેને કાયમી ખાતા નંબર ફાળવવામાં આવેલ હોય તેને માટે આવકવેરાના સત્તાવાળાઓ સાથે પત્રવ્યવહારમાં કે રિટર્ન ભરતી વખતે આ નંબર લખવો જરૂરી છે.

1લી સપ્ટેમ્બર, 2019ના રોજથી અમલમાં આવેલા સુધારા મુજબ એવી દરેક વ્યક્તિ કે જેણે PAN જણાવવો જરૂરી છે, પરંતુ તેને હજી સુધી PANની ફાળવણી થઈ નથી તેવી વ્યક્તિ PANને બદલે આધાર નંબર જણાવી શકે છે. આ ઉપરાંત એવી દરેક વ્યક્તિ કે જેણે પ્રત્યેક ડોક્યુમેન્ટની સાથે છે.

**વ્યવહારો કે જેમાં એસેસીએ તેનો કાયમી ખાતા નંબર જણાવવો જરૂરી છે.**

1) રૂ. 10 લાખથી વધુ કિંમતની અથવા સ્ટેમ્પ ડ્યુટીના હેતુ માટે જેનું મૂલ્યાંકન રૂ. 10 લાખથી વધુ હોય તેવી સ્થાવર મિલકતની ખરીદી વખતે.

2) દ્વિચક્રી વાહનો (સાઈડ કાર હોય કે ન હોય) સિવાયનાં જે વાહનોનું આર.ટી.ઓ.-માં Motor Vehicles Act, 1988 હેઠળ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત હોય તેવા કોઈપણ વાહનની ખરીદી કે વેચાણ વખતે.

3) કોઈપણ બેન્કમાં કે પોસ્ટ સેવિંગ્સ બેન્કમાં (કો. ઑ. બેન્ક સહિત) એકંદરે કુલ રૂ. 50,000 થી વધુ રકમની અથવા નાણાકીય વર્ષ દરમિયાન એકંદરે કુલ રૂ. પાંચ લાખથી વધુ રકમ થતી હોય તેવી ડિપોઝીટ મૂકતી વખતે.

4) Securities Contract (Regulation) Act, 1956માં જણાવ્યા મુજબની જામીનગીરીઓની રૂ. 1,00,000 થી વધુ રકમની ખરીદી કે વેચાણના કરાર વખતે.

5) બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ લાગુ પડતો હોય તેવી કો. ઑ. બેન્ક સહિતની બેન્કમાં (ટાઈમ ડિપોઝીટ ખાતા સિવાય) ખાતું ખોલાવતી વખતે સગીરનું ખાતું ખોલાવવા માટે માતા-પિતાનો PAN જણાવવો પડે.

6) ડિમેટ એકાઉન્ટ ખોલાવતી વખતે

7) કોઈપણ સમયે રૂ. 50,000થી વધુ રકમનું હોટલ / રેસ્ટોરન્ટનું બિલ ચૂકવતી વખતે.

8) કોઈપણ એક દિવસમાં રોકડ ચૂકવીને કુલ રૂ. 50,000 કે તેથી વધુ રકમનો બેન્ક ડ્રાફ્ટ / પે ઓર્ડર / બેન્કર્સ ચેક કઢાવતી વખતે.

9) કોઈપણ દિવસે રૂ. 50,000 કે વધુ રોકડ રકમ (વિદેશી ચલણ સહિત) બેન્કમાં ભરતી વખતે.

10) કોઈપણ એક વખતે રૂ. 50,000 થી વધુ રોકડ રકમના વિદેશ પ્રવાસ ખર્ચ (અમુક અપવાદ સિવાય) માટે ચૂકવણી વખતે.

11) કોઈપણ બેન્ક (કો. ઑ. બેન્ક સહિત) કે અન્ય કંપની કે સંસ્થાના ક્રેડિટ કે ડેબિટ કાર્ડ માટેના જૂના અરજી કરતી વખતે.

12) નીચેની બાબતો અંગે રૂ. 50,000 કે વધુ રકમની ચૂકવણી અંગે :

   (i) મ્યુચ્યુઅલ ફંડના યુનિટ્સની ખરીદી

   (ii) કંપની કે અન્ય કોઈ સંસ્થાએ બહાર પાડેલ ડિબેન્ચરના ભરણા અંગે

   (iii) RBI દ્વારા બહાર પાડેલ બોન્ડમાં રોકાણ અંગે

   (iv) કોઈ એક વર્ષમાં રૂ. 50,000 કે તેથી વધુ જીવન વીમા પ્રીમિયમની ચૂકવણી

13) શૅરબજારમાં નહિ નોંધાયેલ કંપનીના શૅરોની ખરીદી કે વેચાણની કિંમત જો રૂ. 1,00,000 થી વધુ હોય તે અંગે

14) બેન્ક / કો. ઑ. બેન્ક / અન્ય કોઈ કંપની કે સંસ્થાને Pre-paid payment instruments ક્રમ અંગે રોકડમાં કે બેન્ક ચેક / પે ઓર્ડર / બેન્કર્સ ચેકથી નાણાકીય

વર્ષ દરમિયાન રૂ. 50,000 થી વધુ રકમની ચૂકવણી થઈ હોય.

15) ઉપર્યુક્ત વ્યવહારો સિવાયના માલ કે સેવાઓની ખરીદ / વેચાણના વ્યવહારો કે જે અંગે વ્યવહાર દીઠ મૂલ્ય રૂ. 2,00,000 થી વધુ હોય.

કાયમી ખાતા નંબર ફાળવવામાં આવેલ હોય અને ત્યાર પછી સરનામામાં, ધંધાના નામમાં કે ધાની પ્રકૃતિમાં કોઈ પરિવર્તન થાય તો તે અંગે આવકવેરા અધિકારીને જાણ કરવી જરૂરી છે.

કાયમી ખાતા નંબર મેળવવા માટે અરજી કરવામાં કસૂર થાય કે નિયત વ્યવહારોમાં તેનો ઉલ્લેખ ન કર્યો હોય તો દરેક કસર માટે રૂ. 10,000ના દંડની જોગવાઈ છે.

**આવક પત્રક પર કોણ ચકાસણી અંગે સહી કરી શકે :**

કલમ 139 હેઠળ આવકનું પત્રક (કલમ 115 WD હેઠળ Fringe Benefits અંગેના રિટર્ન સહિત) સહી કરીને પ્રમાણિત કરવા માટે નીચેની વ્યક્તિઓ અધિકૃત ગણાય છે.

1) વ્યક્તિ એસેસીનું આવકનું પત્રક હોય ત્યારે

   (i) વ્યક્તિ પોતે અથવા

   (ii) તેણે અધિકૃત કરેલ અન્ય કોઈ વ્યક્તિ જ્યારે વ્યક્તિ એસેસી પરદેશમાં હોય અથવા

   (iii) વાલી અથવા અન્ય કોઈ સક્ષમ વ્યક્તિ જ્યારે વ્યક્તિ એમેસી માનસિક રીતે અયોગ્ય હોય અથવા

   (iv) તેણે અધિકૃત કરેલ અન્ય કોઈ વ્યક્તિ જ્યારે અન્ય કોઈ કારણસર વ્યક્તિ એસેસી પોતે સહી ન કરી શકે તેમ હોય.

2) હિન્દુ અવિભક્ત કુટુંબ એસેસી વતી તેના કર્તા અથવા તેમની ગેરહાજરીમાં કુટુંબના કોઈપણ વયસ્ક સભ્ય (જ્યારે કર્તા અનિવાર્ય સંજોગોને લીધે સહી કરી શકે તેમ ન હોય.)

3) કંપની એસેસીનું આવકનું પત્રક તેના મેનેજિંગ ડાયરેક્ટર દ્વારા અથવા અનિવાર્ય સંજોગોને લીધે તેઓ સહી ન કરી શકે તેમ હોય તો અન્ય કોઈપણ ડાયરેક્ટર દ્વારા અથવા અન્ય કોઈપણ અધિકૃત કરેલ વ્યક્તિ હોય.

4) પેઢીની આવકનું પત્રક તેના મેનેજિંગ ભાગીદાર દ્વારા અથવા અનિવાર્ય સંજોગોને લીધે તેઓ સહી ન કરી શકે તેમ હોય તો અન્ય કોઈપણ ભાગીદાર દ્વારા

5) મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢી વતી તેના નિયુક્ત કરેલ ભાગીદાર દ્વારા

6) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની આવકનું પત્રક તેના મુખ્ય અધિકારી દ્વારા

7) રાજકીય પક્ષની આવકનું પત્રક તેના મુખ્ય વહીવટી અધિકારી દ્વારા

8) અન્ય કોઈપણ એસોસિયેશન : કોઈપણ સભ્ય કે મુખ્ય અધિકારી દ્વારા

9) અન્ય કોઈપણ શખસ તે શખસ અથવા અન્ય અધિકૃત શખસ દ્વારા

## 12.6 આકારણીના પ્રકાર

એસેસીની આવકની આકારણી નીચેના પૈકી કોઈપણ એક રીતે થઈ શકે :

1) જ્યારે કોઈ એસેસી કલમ 139 (1) હેઠળ પોતાની આવક અંગેનું રિટર્ન (અને પોતે ગણેલા ટેક્ષ) ભરીને મોકલી આપે ત્યારે તેને સ્વયં-આકારણી (Self-assessment) કહેવાય.

2) નિયમિત આકારણીમાં (Regular assessment) -

   (i) એસેસીને રૂબરૂ બોલાવ્યા વગર તેની આવકની આકારણી

   (ii) એસેસીને રૂબરૂ બોલાવીને થતી તેની આવકની આકારણી અને

   (iii) ઉત્તમ ન્યાયબુદ્ધિથી થતી આકારણીનો સમાવેશ થાય છે.

**સ્વયં આકારણી :**

કલમ 140 A મુજબ એસેસીએ પોતાની આવક પર જે કરની રકમ થતી હોય તે રકમ રિટર્ન ભરતાં પહેલાં જ ભરી દેવી પડશે. આવી ગણતરી કરતી વખતે તેણે ભરવાપાત્ર કુલ આવકવેરામાંથી ટી.ડી.એસ. અને એડવાન્સ ટેક્ષની રકમ બાદ કરતાં જે રકમ ખૂટે તે વ્યાજ સાથે ભરવાની હોય છે. આ માટે દરેક માસ દીઠ બાકી કરના 1% લેખે વ્યાજ ચૂકવવું પડશે. એસેસી દ્વારા કરની ચૂકવણી કરીને આવકનું પત્રક ભરવાની આ એક સાદી રીત છે. આવકવેરા વિભાગ આ અંગે કલમ 143 (1) મુજબ તેની સ્વીકૃતિ આપે છે. સ્વયં-આકારણીની રીત મુજબ એસેસી કલમ 139 હેઠળ નિયત મુદ્દત સુધીમાં અથવા વિલંબિત મુદ્દતમાં કે ખોટ અંગે આવકનું પત્રક અથવા કલમ 141 (1) હેઠળ નોટિસના અમલરૂપે કે કલમ 148 કે 153 હેઠળ રિટર્ન ITR ફાઈલ કરી શકે છે. સ્વયં-આકારણી હેઠળ કર વ્યાજ સહિત સંપૂર્ણપણે કે અંશતઃ બાકી હોય તો પણ તે અંગે વધુમાં વધુ બાકી કર અને વ્યાજની રકમ જેટલો દંડ થઈ શકે છે.

કલમ 142 (1) કે 148 કે 153 A હેઠળ આવકવેરા અધિકારી કોઈપણ વ્યક્તિને નીચે જણાવેલ આકારણીના હેતુથી નોટિસ બજાવી શકે છે :

1) આવકનું પત્રક રજૂ કરવા માટે (અગાઉ રજૂ ન કર્યું હોય તો) હિસાબો, દસ્તાવેજો વગેરે રજૂ કરવા માટે

2) કોઈપણ તપાસ / પૃચ્છા માટે, પરંતુ આ માટે એસેસીને પૂરતો સમય આપવામાં આવશે.

3) એસેસીને તેના હિસાબો ઓડિટ કરાવવા માટે નિર્દેશ આપવા માટે

4) વેલ્યુએશન અધિકારી પાસેથી અંદાજિત મૂલ્ય મેળવવા માટે

**નિયમિત આકારણી :**

**1) એસેસીને રૂબરૂ બોલાવ્યા વગર આવકની આકારણી (કલમ 143 (1))**

કલમ 139 હેઠળ અથવા કલમ 141 (1) હેઠળ મોકલેલ નોટિસના જવાબમાં એસેસીએ ભરેલું રિટર્ન જો આવકવેરા અધિકારીને બરાબર લાગે તો તે શખસને બોલાવશે નહિ કે હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજ જોવા માગશે નહિ. રિટર્નને આધારે જ તેમાં યોગ્ય ફેરફાર કરીને ગાણિતિક ભૂલો સુધારવી કે એસેસીએ રજૂ કરેલ પરંતુ દેખીતી રીતે જમા ન થાય તેવો દાવો વગેરે આકારણી કરી મોકલી આપશે.

આવી આકારણી (Summary assessment) ના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

(i) એસેસીએ રજૂ કરેલ આવકના પત્રકના આધારે આકારણીનું કામ પૂરુ

કરવામાં આવે છે. આ અંગે નીચે મુજબ ફેરફારો (adjustment) કરવામાં આવે છે.

⇨ ગાણિતિક ભૂલો સુધારવામાં આવે છે.

⇨ એસેસીએ કરેલ ખોટા દાવાઓ નામંજૂર રાખવામાં આવે છે.

⇨ પાછલા વર્ષનું આવકનું પત્રક મોડું ભર્યું હોય તો નુકસાનની માંડવાળ ધ્યાનમાં લેવાશે નહિ.

⇨ જો રિટર્ન તેની નિયત તારીખથી મોડું ભરવામાં આવ્યું હોય તો કલમ 10 AA, 80 IA, 80 IB, 80 IC, 80 ID અથવા 80 IE હેઠળની કપાતો મજરે રાખવામાં આવશે નહિ.

⇨ જે આવકો ફોર્મ નંબર 16, 16A કે 26ASમાં દર્શાવેલ હોય પરંતુ આવકનું પત્રક ભરતી વખતે ધ્યાનમાં ન લીધી હોય તેવી આવકો ઉમેરવામાં આવશે. આ ઉપર્યુક્ત ફેરફારો કર્યા પછી જે સુધારેલી આવક નક્કી થાય તેને આધારે ટેક્ષ અને વ્યાજની ગણતરી થશે.

(ii) જો એસેસી પાસે કર વ્યાજની રકમ લેવાની નીકળતી હોય તો તે અંગે તેને લેખિત જાણ કરવામાં આવે છે. આ આવકવેરા અધિકારી દ્વારા સૂચિત ફેરફારો અંગે 30 દિવસની અંદર એસેસીને ખુલાસો આપવાની, સુધારવાની તક પૂરી પાડવામાં આવશે. એસેસી દ્વારા રજૂ કરવામાં આવેલ ખુલાસા ધ્યાનમાં લઈને પછી જ આવકની ગણતરીમાં સુધારા-વધારા અમલમાં મૂકાય છે. જો એસેસી કોઈપણ ખુલાસો ન કરે તો આવકવેરા અધિકારી સૂચિત સુધારા-વધારાનો અમલ કરીને કરપાત્રતા નક્કી કરી શકશે.

(iii) જો એસેસીને તેણે વધુ ભરેલ કરની રકમ પરત કરવાની થતી હોય તો પણ તે અંગે તેને લેખિત જાણ કરવામાં આવે છે.

(iv) જો એસેસી પાસે કર વ્યાજની રકમ લેવાની નીકળતી ન હોય તેમજ તેને રિફંડ પણ આપવાનું થતું ન હોય તો તે અંગે જે નાણાકીય વર્ષમાં પત્રક ભર્યું હોય તેની આખર તારીખથી 1 વર્ષનો સમય પૂરો થઈ ગયા પછી તેને કોઈ લેખિત જાણ કરવામાં આવશે નહિ. આવકના પત્રકની સ્વીકૃતિ જ તેની આવકની આકારણી પૂરી થઈ ગઈ છે એમ માનવામાં આવશે.

**2) એસેસીને લેખિત કે રૂબરૂ સાંભળીને ખુલાસો મેળવ્યા પછી આવકની આકારણી (કલમ 143 (3)):**

પરંતુ જો આકારણી અધિકારીને નીચેની બાબતો અંગે સંતોષ ન થાય તો કલમ 143 (2) હેઠળ નોટિસ દ્વારા તે કર ભરનાર શખસને બોલાવી શકશે અને પુરાવાઓ રજૂ કરવાનું જણાવી શકશે. (1) એસેસીએ કોઈ આવક ઓછી બતાવી નથી કે (2) વધુ ખોટની ગણતરી કરી નથી કે (3) ઓછો ટેક્ષ ભર્યો નથી - એવી બધી બાબતો ધ્યાનમાં લઈ ઇન્કમટેક્ષ ઓફિસર હુકમ દ્વારા તેની આવક કે નુકસાન નક્કી કરશે અને એ આકારણીને આધારે લેણી રકમ કે રિફંડની રકમ નક્કી કરશે. પરંતુ આવી આકારણી સામે એસેસીને અપીલનો હક છે. આવી નોટિસ જે નાણાકીય વર્ષમાં રિટર્ન ભર્યું હોય તેની આખર તારીખ થી છ માસમાં બજાવી શકાય.

3) ઉત્તમ ન્યાયબુદ્ધિથી આવકની આકારણી (કલમ 144) :

(i) જો કોઈ શખસ કલમ 139 (1) હેઠળ કે 139 (G) કે 139 (5)હેઠળ જરૂરી નોટિસ મળી હોવા છતાં રિટર્ન કે સુધારેલું રિટર્ન કે વિલંબિત રિટર્ન નહિ ભરે અથવા

(ii) ઓડિટ કરેલ હિસાબો રજૂ ન કરી શકે અથવા

(iii) જો કોઈ શખસ હિસાબો ઓડિટ કરાવવાની સૂચનાનું પાલન કરે અથવા

(iv) કલમ 143 (2) હેઠળ નોટિસ બજાવી હોવા છતાં જાતે હાજર થવાનું કે વધુ પુરાવાઓ આપવાનો અમલ નહિ કરે અથવા

(v) આવકવેરા અધિકારીને રજૂ કરેલ હિસાબો અધૂરા કે અસંતોષજનક લાગે તો આવકવેરા અધિકારી મળી શકતી બધી માહિતી ધ્યાનમાં લઈ કર ભરનાર શખસની આવક કે નુકસાન વિશે ઉત્તમ ન્યાયબુદ્ધિથી આકારણી (Best Judgement Assessment) કરશે. આને એકપક્ષીય આકારણી (Ex-parte assessment) પણ કહેવાય છે. જો કે આમ કરતાં તે ન્યાયી રીતે અને પ્રામાણિકપણે વર્તશે. (કલમ 144) આ અંગે એસેસીને Show cause notice મોકલવામાં આવે છે. અને એસેસીને રજૂઆત કરવાની તક પણ આપવામાં આવે છે.

**ભૂલ સુધારણા (કલમ 154) :**

આ કલમની જોગવાઈ મુજબ એવી ભૂલો સુધારી શકાય છે કે જે દેખીતી રીતે ભૂલ હોય, અસ્પષ્ટ હોય અને જે દલીલો પર આધારિત ન હોય. રેકોર્ડ પરથી દેખીતી રીતે જ ભૂલ હોય તો આવકવેરા કાયદાની કોઈપણ કલમ હેઠળ કરેલ ઓર્ડર કે કલમ 143 (1) હેઠળ મોકલેલ કે મોકલાવેલ છે એમ ધારી લીધેલ ઇન્ટીમેશન (મોકલેલ માહિતી)માં સુધારો કરવાની આવકવેરા અધિકારીની સત્તા છે. જે ઓર્ડર અંગે અપીલ થઈ ચૂકી હોય અને તેની પ્રક્રિયા ચાલુ હોય તે સુધારવાની આવકવેરાના અધિકારીને કોઈ સત્તા નથી. ભૂલ સુધારણા અંગેનો ઓર્ડર લેખિત હોવો જરૂરી છે. ભૂલ સુધારણાને પરિણામે ટેક્ષની જવાબદારીમાં વધારો થતો હોય કે રિફંડની રકમમાં ઘટાડો થતો હોય તો તે અંગે સૌ પ્રથમ નોટિસ બજાવીને એસેસીને રજૂઆત કરવા માટેની તક આપવી જરૂરી છે. ભૂલ સુધારણાનો ઓર્ડર મંજૂર કર્યા પછી આવકવેરા અધિકારી એસેસીને ડિમાન્ડ નોટિસ મોકલાવશે. જો કોઈ આવકવેરા સત્તાધીશે આકારણીનો હુકમ મંજૂર કરતી વખતે કે અપીલ અથવા ફેર વિચારણાની અરજી અંગે ઓર્ડર આપવામાં કોઈ ભૂલ કરી હોય તો આવી ભૂલ તે પોતે અથવા એસેસીની રજૂઆતના આધારે સુધારવાની સત્તા ધરાવે છે. કોઈપણ આવકવેરા સત્તાધીશ બીજા કોઈ આવકવેરા સત્તાધીશે કરેલી ભૂલ સુધારી શકશે નહિ.

## 12.7 કરની વસૂલાત (Recovery of Tax)

**પ્રાપ્તિ સ્થાનેથી કપાયેલો આવકવેરો : (Deduction of Tax at source) :**

નીચેના કિસ્સાઓમાં જ કર ભરનાર શખસોને નાણા ચૂકવતી વખતે કરની રકમ કાપી લેવામાં આવે છે.

1) પગાર

2) જામીનગીરીઓ પર વ્યાજ

3) અન્ય વ્યાજની આવક

4) લોટરી કે શબ્દ રચના હરીફાઈના ઇનામની આવક

5) ભારતમાં રહીશ હોય તેના કોન્ટ્રાક્ટર અને સબ-કોન્ટ્રાક્ટર ચૂકવણી

6) ઘોડ દોડમાં ઇનામની આવક

7) વીમા કમિશન

8) બિનરહીશને ચૂકવણી

9) નેશનલ સેવિંગ્સ સ્કીમ હેઠળ જમા રકમની ચૂકવણી

1) જે વ્યક્તિ ‘પગાર’ શીર્ષક હેઠળ ગણાતી રકમ ચૂકવવાને જવાબદાર છે તેણે પગાર ચૂકવતી વખતે કલમ 192ની જોગવાઈ મુજબ સરેરાશ દરે ઇન્કમટેક્ષની રકમ કાપી લેવી જોઈએ. જે નાણાકીય વર્ષમાં પગાર ચૂકવવામાં આવે ત્યારે અમલમાં હોય તે દરે કરની રકમ કાપી લેવી જોઈએ. આ માટેની નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

   a) મૂળસ્થાને કર કપાતના હેતુથી પગારની આવકને નજીકના રૂ. 10ના આંકમાં ફેરવવામાં આવે છે.

   b) પગારની રકમમાંથી આવકવેરો કાપવાની જવાબદારી માલિકની જ ગણાય. તેથી જો કોઈ કિસ્સામાં કર્મચારીઓને કર ચૂકવવાની બીજી કોઈ વ્યવસ્થા કરી છે એવી ખાતરી મેળવ્યા પછી માલિક મૂળ સ્થાને કર કાપવામાં કસૂર કરે તો કાયદાની દૃષ્ટિએ માલિક જ કસૂરવાર ગણાય.

   c) પગારમાંથી કાપવાની કરની રકમ વધારવાનો કે ઘટાડવાનો માલિકને હક છે કે જેથી અગાઉ ઓછો ગણેલ કે વધુ કાપેલ કર એડજસ્ટ કરી શકાય.

   d) આમ કરતી વખતે માલિકે કલમ 80C, 80 CCC, 80 CCD, 8OD, 80DD, 80 CCB, 8OE, 80, 80 GG અને 80 U હેઠળ મળવાપાત્ર કપાતો પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે. માલિકે કર્મચારી પાસેથી નિયત ફોર્મમાં જરૂરી પુરાવા સાથે માહિતી મેળવ્યા પછી જ કપાતોની રકમ બાદ કરવાની હોય છે.

   e) માન્ય પ્રોવિડન્ટ ફંડના ટ્રસ્ટીએ જ્યારે કર્મચારીને તેનું ભેગું કરેલું ફંડ ચૂકવે ત્યારે જો એ કરમુક્ત ન હોય તો તેમાંથી 10% ના દરે (જો ચૂકવણીની રકમ રૂ. 50,000 કે તેથી વધુ હોય તો જ) કર કાપી લેવો જોઈએ. તે જ પ્રમાણે માન્ય નિવૃત્તિ ફંડમાં માલિકે આપેલો ફાળો અને તેના પરનું વ્યાજ ચૂકવતી વખતે જો એ કરમુક્ત ન હોય તો તેમાંથી કર કાપી લેવો જોઈએ.

   f) કર્મચારીએ સ્વૈચ્છિક રીતે જાહેર કરેલ પગાર સિવાયની અન્ય આવકો અંગે પણ માલિક મૂળ સ્થાને કર કાપી શકે છે.

   g) સરકાર સિવાયના અન્ય માલિકો જેઓ પગારની આવકમાંથી કર કાપી લે છે, તેમણે આવકવેરા અધિકારીને ફોર્મ નં. 21માં કરની કપાત અંગેના માસિક પત્રકો મોકલવાં પડે છે. આ ઉપરાંત કર્મચારીને ફોર્મ નં. 16 કે 16 AAમાં કર કપાતની વિગતો દર્શાવીને આપવી જરૂરી છે.

2) કલમ 193ની જોગવાઈ મુજબ જામીનગીરીઓ પર વ્યાજની આવકમાંથી મૂળ

સ્થાને 10% લેખે આવકવેરો કાપી લેવો ફરજિયાત છે. તે જોગવાઈ કેટલીક માન્ય ડિપોઝીટ અને સરકારી જામીનગીરીઓને લાગુ થતી નથી. જેમાં નોંધાયેલ ડિમેટ ફોર્મમાં મૂકેલી જામીનગીરીઓ, ગોલ્ડ બોન્ડ, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ વગેરેનો સમાવેશ થાય છે. જે વ્યક્તિ જામીનગીરીનું વ્યાજ ચૂકવવાને જવાબદાર છે તેણે વ્યાજની રકમ પર રૂ. 10,000 કે તેથી વધુ હોય તો અમલમાં હોય તે દરે ઈન્કમટેક્ષ કાપી લેવો જોઈએ. પરંતુ ડિબેન્ચર હોલ્ડરને ચૂકવવાપાત્ર વાર્ષિક વ્યાજ રૂ. 5,000થી વધુ ન હોય તો મૂળસ્થાને ટેક્ષ કપાશે નહિ.

3) અન્ય વ્યાજની આવક (કલમ 1947) : જામીનગીરીના વ્યાજ સિવાય અન્ય રીતે ચૂકવેલ વ્યાજની રકમ ચૂકવનારે વ્યાજ પર 10% ના દરે આવકવેરો કાપી લેવો જોઈએ. વ્યાજ પર નીચે મુજબની શરતોએ આવકવેરો કાપી લેવાનો છે.

a) વ્યાજ આપનાર વ્યક્તિ કે હિન્દુ સંયુક્ત કુટુંબ હોય તો તેને આ જોગવાઈ લાગુ પડતી નથી.

b) કંપની કે પેઢી સિવાયની વ્યક્તિ જેને આ વ્યાજ મળવાનું હોય છે તે એમ જણાવે કે તેની આવક કરપાત્ર મર્યાદા કરતાં ઓછી છે તે અંગે સોગંદનામું આપે અથવા કોઈ ગેઝેટેડ ઓફિસર સમક્ષ આવા જાહેરનામા પર સહી કરે ગેઝેટેડ ઓફિસરે તેમાં જણાવવાનું હોય છે કે એસેસીને તે ઓળખે છે તો વ્યાજની આવક પર મૂળસ્થાનેથી આવકવેરો કાપી લેવાનો રહેશે નહિ.

c) જો વ્યાજની વાર્ષિક આવક રૂ. 40,000 કે તેથી ઓછી હોય તો પણ આ રીતે મૂળ-સ્થાનેથી આવકવેરો કાપવાનો રહેશે નહિ. વરિષ્ઠ નાગરિકો અંગે એવી જોગવાઈ છે કે તેમણે મૂકેલ બેન્ક ડિપોઝીટ (કો. ઑ. બેન્ક સહિત) અને પોસ્ટ ઓફિસમાં મૂકેલ ડિપોઝીટનું વ્યાજ રૂ. 5,000 થી વધુ થતું હોય તો જ 10% લેખે મૂળસ્થાને આવકવેરો કાપવામાં આવે છે.

d) વળી નીચે મુજબની સંસ્થાને ચૂકવાતા વ્યાજની આવક પર આ રીતે મૂળસ્થાનેથી આવકવેરો કાપવાનો રહેશે નહિ. બેન્કિંગનો ધંધો કરતી સહકારી મંડળી, કાયદા મુજબ સ્થાપેલ નાણા કોર્પોરેશનો, જીવન વીમા કોર્પોરેશન, યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, વીમા કંપની કે સહકારી મંડળી વગેરે.

e) આ રીતે વ્યાજની આવક પર મૂળસ્થાનેથી કાપી લેવાનો આવકવેરો આ મુજબ છે. વ્યક્તિઓ માટે આવકના 10%, જ્યારે ડોમેસ્ટિક કંપનીઓ માટે દર 20% રહેશે.

f) કોઈપણ રહીશ કોન્ટ્રાક્ટરને તેણે કરેલ કામ અંગે એક વખતમાં રૂ. 30,000 અથવા એકંદરે કુલ રૂ. 1,000થી વધુ રકમની ચૂકવણી કરવાની હોય તો 1%ના દરે (જાહેરાત સંબંધિત કામ હોય તો) અથવા 2%ના દરે અન્ય કોઈ કામ હોય તો, મૂળસ્થાને આવકવેરો કાપી લેવાનો હોય છે.

4) લોટરીની આવક : લોટરી, ક્રોસવર્ડ પઝલ, પત્તાની રમત વગેરેના ઇનામની રકમ રૂ. 10,000થી વધુ હોય તો ઇનામની કુલ રકમના 30% લેખે મૂળસ્થાને

આવકવેરો કાપી લેવામાં આવે છે. ઘોડ દોડનું ઈનામ પણ રૂ. 10,000થી વધુ હોય તો ઉપર જણાવેલ દરે ટી.ડી.એસ. જરૂરી છે.

5) બિનરહીશને ચૂકવણી : બિનરહીશ વિદેશી નાગરિક ખેલાડીઓને ચૂકવેલ રકમમાંથી 10% લેખે મૂળસ્થાને આવકવેરો કાપી લેવામાં આવે છે. આવી જ જોગવાઈ બિનરહીશ સ્પોર્ટ્સ એસોસિયેશન સંસ્થાને પણ લાગુ પડે છે.

**અગાઉથી કર ચૂકવવો : (Advance payment of Tax) :**

અમુક સંજોગોમાં ઈન્કમટેક્ષ ઓફિસર આકારણી વર્ષના અગાઉના વર્ષમાં કરની વસૂલાત હપ્તેથી કરી શકે છે. આ અંગે નીચે મુજબ જોગવાઈ છે. (કલમ 208 થી 209) :

1) જ્યારે કોઈ કર ભરનાર શખસે ચાલુ નાણાકીય વર્ષની આવકના પોતાના અંદાજ મુજબ (મૂડી-નફા અને આકસ્મિક આવક સહિત) તેણે ભરવાનો આવકવેરો રૂ. 10,000 કે તેથી વધુ થતો હોય ત્યારે તેણે એડવાન્સ ટેક્ષ ભરવો ફરજિયાત છે.

2) 60 વર્ષ કે વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકને (કે જેની ધંધા કે વ્યવસાયની આવકના શીર્ષક હેઠળ કોઈ કરપાત્ર આવક નથી) એડવાન્સ ટેક્ષ ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

3) દરેક એસેસીએ એડવાન્સ ટેક્ષની રકમ 15મી જૂન, 15મી સપ્ટેમ્બર, 15મી ડિસેમ્બર અને 15મી માર્ચના રોજ ચાર હપ્તાઓમાં ભરવાની હોય છે.

4) ચૂકવણી માટેની છેલ્લી તારીખ અને ભરવાપાત્ર રકમની ટકાવારી

| સંબંધિત પાછલા વર્ષમાં ભરવાની હપ્તાની છેલ્લી તારીખ | તમામ પ્રકારના એસેસીએ ભરવાપાત્ર ઓછામાં ઓછી રકમ |
|---|---|
| 15 મી જૂન કે તે પહેલાં | ચૂકવવાપાત્ર કુલ એડવાન્સ ટેક્ષના 15% |
| 15 મી સપ્ટેમ્બર કે તે પહેલાં | ચૂકવવાપાત્ર કુલ એડવાન્સ ટેક્ષના 45% (એટલે કે બીજા 30%) |
| 15 મી ડિસેમ્બર કે તે પહેલાં | ચૂકવવાપાત્ર કુલ એડવાન્સ ટેક્ષના 75% (એટલે કે બીજા 30%) |
| 15 મી માર્ચ કે તે પહેલાં | ચૂકવવાપાત્ર કુલ એડવાન્સ ટેક્ષના 100% (એટલે કે બાકીના 25%) |

5) તા. 15મી માર્ચ પછી પરંતુ 31મી માર્ચ સુધીમાં એડવાન્સ ટેક્ષ અંગે ચૂકવેલ રકમ સંબંધિત પાછલા વર્ષ માટે એડવાન્સ ટેક્ષ ગણી લેવાશે.

6) એડવાન્સ ટેક્ષ ભરવાની છેલ્લી તારીખે બેન્ક હોલિડે હોય તો ત્યાર પછી જે સૌ પ્રથમ વર્કિંગ ડે હોય તે દિવસ એડવાન્સ ટેક્ષ ભરવા માટેની છેલ્લી તારીખ ગણાશે.

7) રહીશ એસેસીએ જાતે જ ગણતરી કરીને એડવાન્સ ટેક્ષ ભરવાનો હોય છે અને તે એસેસી કોઈપણ આગળનો હપ્તો ચૂકવતી વખતે પોતાની અંદાજિત ચાલુ આવકની ફેર ગણતરી કરી શકે છે.

## 12.8 ઉદાહરણો

ઉદા.1 શ્રી નારાયણ સ્વામીની આકારણી વર્ષ 2020-21 માટે જેઓ રહીશ વરિષ્ઠ નાગરિક નથી. કુલ કરપાત્ર આવક રૂ. 9,90,000 છે. પગારની આવક અંગે રૂ. 14,920ની મૂળસ્થાને આવકવેરાની કપાત (TDS) થયેલી છે. એમની એડવાન્સ ટેક્ષના હપ્તાની રકમો ગણતરી કરી આપો.

જવાબ :

| | | |
|---|---|---|
| પ્રથમ રૂ. 2,50,000 પર શૂન્ય દરે | રૂ. | - |
| પછીના રૂ. 2,50,000 પર 5%ના દરે | રૂ. | 12,500 |
| બાકીના રૂ. 4,90,000 પર 20%ના દરે | રૂ. | 98,000 |
| | રૂ. | 1,10,500 |
| + હેલ્થ એન્ડ એજ્યુકેશન (રૂ. 1,10,500 ના 4%) | રૂ. | 4,420 |
| ભરવાપાત્ર કુલ આવકવેરો | રૂ. | 1,14,920 |
| બાદ : પગારમાંથી મૂળસ્થાને કપાયેલ આવકવેરો | રૂ. | 14,920 |
| **ચૂકવવાપાત્ર કુલ એડવાન્સ ટેક્ષ** | **રૂ.** | **1,00,000** |

| | | |
|---|---|---|
| તા. 15-6-2019ના રોજ કે તે પહેલાં ચૂકવવાપાત્ર પ્રથમ હપ્તો (15%) = | રૂ. | 15,000 |
| તા. 15-9-2019ના રોજ કે તે પહેલાં ચૂકવવાપાત્ર દ્વિતીય હપ્તો (30%) = | રૂ. | 30,000 |
| તા. 15-12-2019ના રોજ કે તે પહેલાં ચૂકવવાપાત્ર તૃતીય હપ્તો (30%) = | રૂ. | 30,000 |
| તા. 15-3-2020ના રોજ કે તે પહેલાં ચૂકવવાપાત્ર અંતિમ હપ્તો (25%) = | રૂ. | 25,000 |
| **કુલ** | **રૂ.** | **1,00,000** |

ઉદા.2 આકારણી વર્ષ 2020-21 માટે શ્રી મનજીભાઈ બાબરિયા કે જે ભારતના રહીશ નાગરિક છે અને એમની કુલ કરપાત્ર આવક રૂ. 58,65,000 છે. આ અંગે મૂળસ્થાને કપાયેલ આવકવેરો રૂ. 1,98,170 હતો. એમની આવકવેરાના દર મુજબ એડવાન્સ ટેક્ષના હપ્તાની રકમો અને છેલ્લી તારીખો નક્કી કરો.

જવાબ :

| | |
|---|---|
| રૂ. 2,50,000 સુધીની આવક પર આવકવેરાનો દર | શૂન્ય |
| રૂ. 2,50,001 થી રૂ. 5,00,000 સુધીની આવક પર આવકવેરાનો દર | 5% |
| રૂ. 5,00,001 થી રૂ. 10,00,000 સુધીની આવક પર આવકવેરાનો દર | 20% |
| રૂ. 10,00,000થી વધારાની આવક પર આવકવેરાનો દર | 30% |

જો એસેસીની કુલ આવક રૂ. 50 લાખથી વધુ હોય, પરંતુ રૂ. 1 કરોડથી વધુ ન હોય તો ઉપર ગણ્યા મુજબના કુલ આવકવેરાના 10% લેખે સરચાર્જ ઉમેરાય છે અને હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસનો દર સરચાર્જ સહિતના આવકવેરાની રકમના 4%

**કુલ આવકવેરાની ગણતરી :**

| | |
|---|---|
| પ્રથમ રૂ. 2,50,000 પર શૂન્ય દરે | રૂ. - |
| પછીના રૂ. 2,50,000 પર 5%ના દરે | રૂ. 12,500 |
| પછીના રૂ. 5,00,000 પર 20%ના દરે | રૂ. 1,00,000 |
| બાકીના રૂ. 48,65,000 પર 30%ના દરે | રૂ.14,59,500 |
| | રૂ.15,72,000 |
| + સરચાર્જ (રૂ. 15,72,000ના 10%) | રૂ. 1,57,200 |
| | રૂ.17,29,200 |
| + હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસ (રૂ. 17,29,200ના 4%) | રૂ. 69,168 |
| ચૂકવવાપાત્ર કુલ આવકવેરો (નજીકના રૂ. 10 સુધી) | રૂ.17,98,368 |
| બાદ : મૂળસ્થાને કપાયેલ આવકવેરો (TDS) | રૂ. 1,98,170 |
| **ચૂકવવાપાત્ર કુલ એડવાન્સ ટેક્ષ** | **રૂ.16,00,198** |

**એડવાન્સ ટેક્ષના હપ્તા :**

| | | |
|---|---|---|
| i) | તા. 15-6-2019 સુધી (15%) = | રૂ. 2,40,000 |
| ii) | તા. 15-9-2019 સુધી (30%) = | રૂ. 4,80,000 |
| iii) | તા. 15-12-2019 સુધી (30%) = | રૂ. 4,80,000 |
| iv) | તા. 15-3-2020 સુધી (25%) = | રૂ. 4,00,000 |
| | **કુલ** | **રૂ. 16,00,000** |

## 12.9 ચૂકવવાપાત્ર વ્યાજ (Levy of Interest)

- જો ઉપર્યુક્ત તારીખોએ ચૂકવવાપાત્ર એડવાન્સ ટેક્ષની રકમ ન ભરાય કે ઓછી રકમ ભરાય તો તફાવતની રકમ પર પ્રતિ માસ કે કોઈ માસના ભાગ માટે 1% લેખે સાદું વ્યાજ ઉમેરાશે. (કલમ 234 B) પરંતુ જો કર ભરનારે પોતાના અંદાજ મુજબ અગાઉથી કર ચૂકવ્યો હોય અને તે રકમ નિયમિત આકારણી વખતે જે કર ભરવાનો થાય તે તેના 90થી ઓછો હોય તો એડવાન્સ ટેક્ષ ભરવાની તારીખોએ ઓછો ભરેલ ટેક્ષ ધ્યાનમાં લઈ તેના પર માસિક 1%ના દરે (આકારણી વર્ષની 1લી એપ્રિલથી શરૂ કરીને તેની કુલ આવકની આકારણી થાય ત્યાં સુધીના સમય માટે અધૂરા મહિનાને પણ આખો મહિનો ગણીને) વ્યાજ વસૂલ કરવામાં આવશે.

- કલમ 234 C હેઠળ એડવાન્સ ટેક્ષના હપ્તા ચૂકવવામાં વિલંબ થાય તો નીચે મુજબ વ્યાજ ચૂકવવાપાત્ર છે.

  (i) જો 15મી જૂન સુધીમાં ચૂકવવાપાત્ર પ્રથમ હપ્તા અંગે ચૂકવેલ રકમ કુલ એડવાન્સ ટેક્ષના 12%થી ઓછી હોય તો માસિક 1%ના દરે સાદું વ્યાજ ચૂકવવાનું રહેશે.

(ii) જો 15મી સપ્ટેમ્બર સુધીમાં ચૂકવવાપાત્ર બીજા હપ્તા અંગે ચૂકવેલ રકમ કુલ એડવાન્સ ટેક્ષના 36%થી ઓછી હોય તો માસિક 1%ના દરે સાદું વ્યાજ ચૂકવવાનું રહેશે.

(iii) જો 15મી ડિસેમ્બર સુધીમાં ચૂકવવાપાત્ર ત્રીજા હપ્તા અંગે ચૂકવેલ રકમ કુલ એડવાન્સ ટેક્ષના 75%થી ઓછી હોય તો માસિક 1%ના દરે સાદું વ્યાજ ચૂકવવાનું રહેશે.

(iv) જો 15મી માર્ચ સુધીમાં કુલ એડવાન્સ ટેક્ષના 100%થી ઓછી રકમ ચૂકવી હોય તો માસિક 1%ના દરે સાદું વ્યાજ ચૂકવવાનું રહેશે.

જો એસેસીએ આ રીતે અગાઉથી ભરેલો કર નિયમિત આકારણી વખતે નક્કી થયેલ રકમથી વધુ હોય તો આકારણી વર્ષની શરૂઆતથી રિફંડ મંજૂર કરવાની તારીખ સુધી સરકાર માસિક 0.5% (= વાર્ષિક 6%) લેખે સાદું વ્યાજ આપશે.

➮ આવકનું પત્રક ભરવામાં થયેલ વિલંબન અંગેની ફી :

જો કોઈ એસેસી, કે જેણે કલમ 139ની જોગવાઈ મુજબ, નિયત સમય મર્યાદામાં તેની આવકનું પત્રક ભરવામાં વિલંબ કરે તો તેણે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

(a) જો તે જ આકારણી વર્ષની 31મી ડિસેમ્બર સુધીમાં રિટર્ન ભરી દીધું હોય તો રૂ. ...... ની ફી ચૂકવવાની રહેશે.

(b) અન્ય કોઈપણ સંજોગોમાં રૂ. 10,000ની ફી ચૂકવવાની રહેશે. પરંતુ જો કસુરવાર એસેસીની કુલ કરપાત્ર આવક રૂ. પાંચ લાખથી વધુ ન થતી હોય તો તેણે ચૂકવવાની ફી રૂ. 1,000થી વધશે નહિ.

## 12.10 આકારણીની કાર્યવાહી અને કરની વસૂલાતના સંદર્ભમાં અગત્યની કલમો

- કલમ 139 : આવકનુ પત્રક
- કલમ 139 A : કાયમી ખાતા નંબર
- કલમ 139 AA : કાયમી ખાતા નંબરની ફરજિયાત જાણ
- કલમ 140 : આવકના પત્રક પર કોણ ચકાસણી કરી શકે
- કલમ 140 A : સ્વયં-આકારણી
- કલમ 142 : આકારણી પહેલાં પૂછપરછ
- કલમ 143 : આકારણી
- કલમ 144 : ઉત્તમ ન્યાયબુદ્ધિથી આકારણી
- કલમ 145 : હિસાબી પદ્ધતિ
- કલમ 147 : આકારણીમાંથી છટકી ગયેલ આવક
- કલમ 148 : આકારણીમાંથી છટકી ગયેલ આવક અંગેની નોટિસની બજવણી

એકમ 14

# માલ અને સેવાકર – II (GST II)

## : રૂપરેખા :

14.1 માલ

14.2 સેવાઓ

14.3 શખસ

14.4 એકંદર વેચાણ અથવા કુલ વેચાણ (Aggregate Turnover)

14.5 કરપાત્ર શખસ

14.6 ધંધો

14.7 ધંધાનું સ્થળ

14.8 પરવઠો, કરપાત્ર બનાવ, પૂરવઠાનું સ્થળ, પૂરવઠાનો સમય

14.9 કરપાત્ર પ્રદેશ અને બિનકરપાત્ર પ્રદેશ

14.10 વિપરિત ચાર્જ

14.11 પતાવટ કે સમાધાન વેરો (ઉચ્ચક વેરો)

14.12 કરમુક્તિઓ

14.13 માલ અને સેવા કરના દર

14.14 ઈનપુટ વેરા અને ઈનપુટ વેરાશાખનો ખ્યાલ

14.15 વેરાભરતિયું

14.16 જમા અને ઉધાર નોંધ

14.17 માલ અને સેવા કર અંતર્ગત વિવિધ રિટર્ન

14.18 ઈ-વે બિલ

14.19 માલ અને સેવા કરનું ઓડિટ માળખું

14.20 આકારણી (ગુનો, દંડ, લેઈટ ફી)

14.21 સ્વયં આકારણી

14.22 ઈ-કૉમર્સ વ્યવહારોની કરપાત્રતા

14.23 શૂન્યદરનો પુરવઠો

◆ સ્વાધ્યાય

### 14.1 માલ કલમ 2 (52), GST એક્ટ

'માલ' એટલે મની અને સિક્ટોરિટીઝ સિવાયની દરેક પ્રકારની જંગમ (Movable) મિલકત અને તેમાં કાર્યવાહીપાત્ર દાવાઓ, વધતા પાકો, ઘાસ અને જમીનના ભાગ સાથે જોડાયેલા અથવા બનેલા વસ્તુઓનો સમાવેશ થાય છે જે પૂરવઠો પૂરો પાડતા પહેલાં કરવા માટે સંમતિ થયેલ થે.

માલમાં શામેલ છે :

– દરેક પ્રકારની જંગમ મિલકત

– કાર્યવાહીપાત્ર દાવાઓ (Actionable Claims)

